અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર

સમાજના હિતમાં

સમાજ ભક્તિની સચ્ચાઈ



સાંપ્રદાયિક તુફાનની સમસ્યામાં સમાજરૂપી
આ હોડી ક્યારે પાર ઉતરશે?

લેખક તથા સંપાદક : દેવજીભાઈ એમ. લીંબાણી

You can resize and move this box in any PDF Application like Adobe Acrobat Reader.

Use the Bookmarks facility in the PDF to directly go to the pages containing Highlights.

For Reference See Pages: 3, 5, 9, 13, 14, 15, 16, 17, 18, 19, 20, 30, 31, 32, 34, 40, 43, 45, 46, 54, 61, 66, 69, 70, 76, 78.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર

સમાજના હિતમાં

સમાજ ભક્તિની સચ્ચાઈ



સાંપ્રદાયિક તુફાનની સમસ્યામાં સમાજરૂપી
આ હોડી ક્યારે પાર ઉતરશે?

લેખક તથા સંપાદક : દેવજીભાઈ એમ. લીંબાણી


કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી

અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર
સમાજના હિતમાં

સમાજ ભક્તિની સચ્ચાઈ

This book was distributed in Aug 2015, especially during the week of AGM dt 30-Aug-2015 of ABKKP Samaj.

Many people have received the book by post also.

લેખક તથા સંપાદક

દેવજીભાઈ માવજીભાઈ લીંબાણી

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦૦ સને. ૨૦૧૫
મુદ્રક : સ્વસ્તિક ઓફસેટ, ભુજ

અનુક્રમણિકા

પ્રસ્તાવના

આ પુસ્તિકા લખવી કે કેમ તેની અવઢવમાં હતો. સમાજના જવાબદાર કાર્યકર હોઈ સમાજમાં ચાલતી અંગત વાતોની જાણકારી મને હોય તે સ્વાભાવિક છે. પરંતુ તેને પ્રગટ કરવાનું સમાજના હિતમાં છે કે કેમ તેવા નિષ્કર્ષ પર આવવાનું કઠિન હતું. સમાજના હિતને ધ્યાને રાખી ઘણી બધી રાહ જોઈ. આપણા દીર્ઘદૃષ્ટા વડીલોએ પ.પૂ. સંતશ્રી ઓધવરામજીના આશીર્વાદથી ૫૪ વર્ષ પહેલાં સમાજની રચના જે ઉદ્દેશ્યો માટે કરેલ તે મહદ્અંશે સિધ્ધ થયા છે. તેનાં પરિપાકરૂપે સમાજે સાર્વત્રિક વિકાસની હરણફાળ ભરી છે તેના આપણે સૌ સાક્ષી છીએ.

પરંતુ છેલ્લા થોડા વર્ષોથી વર્તમાન સમાજના આગેવાનોની અણઘડ અથવા અણ આવડતભરી કામગીરી, નીતી રીતી તથા અમુક બેજવાબદાર વ્યક્તિઓની દખલગીરીથી સમાજની ગરીમાને જબરદસ્ત નુકશાન થયું છે. જે સતત ચાલુ છે. સમાજના અમુક શાણા, સમજુ અને હિતેચ્છુ મિત્રોની સલાહ લીધી, તેમજ આચાર્ય ચાણક્યના કથન મુજબ કોઈ પણ સમાજ કે દેશમાં દુર્જનોની સક્રીયતા કરતાં સજ્જનોની નિષ્ક્રીયતા વધુ નુકશાનકર્તા હોય છે તેવું સમજાયા બાદ સમાજ હિતમાં આ પુસ્તિકા લખવા પ્રેરાયો છું. વળી જ્ઞાતિના દરેક સભ્યોને સત્ય જાણવાનો અધિકાર તો છે જ.

આજના વૈશ્વિકરણના યુગમાં સમસ્ત પાટીદાર સમાજ દરેક ક્ષેત્રોમાં પ્રગતિના શિખરો સર કરી રહ્યો છે. કડવા-લેઉઆ આજણા, રેડી, કુર્મી, પાટીલ વિ.ના ભેદ ભુલાવી સમગ્ર પાટીદારો એકત્ર થઈ વિશાળ સમાજની સ્થાપના કરવાનું વિચારી રહ્યા છે. આપ જાણતા જ હશો કે ગુજરાતમાં કડવા-લેઉઆ પાટીદારો લવ-કુશના બેનર હેઠળ સમસ્ત પાટીદાર સમાજ રચી સંમેલનો ભરે છે. સુરતમાં અદ્યતન સમાજવાડી ઉભી થયેલ છે, તથા ૧૧માળની એક અદ્યતન હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. તેવી જ રીતે અમદાવાદમાં પણ સરદાર ધામ તથા વિદ્યાર્થી સંકુલ ઉભું થઈ રહ્યું છે. ત્યારે આજે આપણે કચ્છ કડવા પાટીદાર સમાજ સંકુચિત મનોવૃત્તિ રાખી સંપ્રદાયવાદના નામે ભુટકાયને ભટકી રહ્યા છીએ. જેની કલ્પના આપણા દીર્ઘદ્રષ્ટા વડીલોએ કયારેય કરી નહીં હોય. સમાજની વર્તમાન હાલતથી આપણા વડીલોનો આત્મા જરૂરથી પીડા અનુભવતો હશે. કારણ કે આપણા સમાજની સ્થાપના સંપ્રદાયવાદથી પર રહી, સૌને સાથે રાખી શિક્ષણ પર વધુ ભાર મુકી આગળ વધવાના ઉદ્દેશ્યથી કરવામાં આવેલ હતી. હા, સાંપ્રદાયિક વિવાદ આપણા સમાજમાં છે અને તેના નિરાકરણ માટે ભૂતકાળમાં અનેક વિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. જેની સકારાત્મક અસર પણ થઈ છે. સમાજની રચના વખતે સતપંથ સંપ્રદાયમાં માનતા અનુયાયીઓની બહુમતી હતી જેઓ આજે લઘુમતીમાં છે. જે દર્શાવે છે કે આપણાં વડીલોએ કરેલ નિયમો ખરેખર સાચા જ હતા. આ નિયમોથી સંગઠિત કરી વિવાદ નિવારવાના પ્રયાસ રૂપે સતપંથના ભાઈઓ સાથે જે તે વખતના ટ્રસ્ટીઓ હોદ્દેદારોની અનેક મીટીંગ પણ મળેલ જેના પરિણામ સ્વરૂપ સત્તપંથના આગેવાનો સમાજના ધારા ધોરણ પાળવા સંમત થયેલ એટલું જ નહીં પણ સમાજના ધારાધોરણ ન પાળે તેઓને તેમનાથી પણ અળગા કરવા સુધીનું આશ્વાસન આપેલ જેથી સમાજની એકતા જળવાઈ રહે. સમાધાનોની આ ચળવળ પૂર્ણ થાય. તે પહેલાં આપણા અમુક આગેવાનોના અહમ કે પછી અંગત હોદ્દાઓની મહત્ત્વાકાંક્ષાના કારણે સમાધાનો થઈ શકયાં નથી આ પુસ્તકમાં તમામ અગત્યની થયેલ કામગીરીની માહિતી પુરાવા સહિત આપવાની કોશીશ કરેલ છે.

Language of Maval

False statement

False Statement

એક સમયે આપણા સમાજની શિસ્ત, એકતા અને ભાવના પ્રસંશા પાત્ર અને પ્રેરણા લેવા જેવી હતી. હવે આપણા સમાજોમાં વિવાદો શમવાનું નામ નથી લેતા, વિકાસ વિસરાઈ ગયો છે. અવિશ્વાસનું આવરણ, શંકા-કુશંકાથી ગ્રસિત મનોદશા વ્હાલા-દવલાની નીતીરીતી જોતાં એમ લાગે છે કે આવા પવિત્ર સમાજમાં અમુક બેજવાબદાર વ્યક્તિઓની દખલગીરીથી સમાજે આખરે ''શું મેળવ્યું અને શું ખોયું'' તેનું આત્મમંથન કરવાનો સમય હવે આવી ગયો છે.

સમાજે સ્વમાન, ગૌરવ, અભિમાન મેળવ્યું અને મવાળો ખોયા

આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો મારો ઈરાદો માત્ર ને માત્ર જ્ઞાતિજનોને સત્યથી વાકેફ કરવાનો છે. સમાજના જવાબદાર સભ્ય તરીકે અનુભવાતી વજઘાતી પીડાને કારણે વધુ લખાઈ ગયું હોય તો ક્ષમા ચાહું છું. આપણે સૌ મા ઉમિયાના સંતાનો છીએ. મા ઉમિયા આપણને સૌને સદ્‌બુધ્ધિ આપે અને સન્માર્ગે પ્રેરે તેવી પ્રાર્થના સાથે માના ચરણોમાં પ્રણામ સહ.

– દેવજીભાઈ માવજીભાઈ લીંબાણી
પૂર્વ ટ્રસ્ટી, અ.ભા.ક.ક.પા.સમાજ, નખત્રાણા
પૂર્વ ટ્રસ્ટી, ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય
પૂર્વ પ્રમુખ, કેન્દ્રીય ન્યાય સમીતી



નામ : દેવજીભાઈ માવજીભાઈ પટેલ
સરનામું : ૪, અમૃત ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
ફોન : મો. : ૯૮૨૫૬ ૬૨૨૯૨ ઓ. : ૦૨૮૩૨-૨૨૫૨૦૪

:: સામાજીક સંસ્થાઓમાં સેવાઓ ::

પ્રમુખ	૧૯૭૪ થી ૧૯૮૪	પાટીદાર નવ યુવક મંડળ, પાલનપુર (બાડી), કચ્છ
સેક્રેટરી	૧૯૯૨ થી ૨૦૦૧	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ન્યાયપંચ
સભ્ય	૧૯૯૩ થી ૨૦૧૦	શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ, વાંઢાય, દેશલપર-કચ્છ
ઉપપ્રમુખ	૧૯૯૩ થી ૧૯૯૭	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ
પ્રમુખ	૧૯૯૭ થી ૧૯૯૯	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ
સલાહકાર	૧૯૯૯ થી ૨૦૦૧	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ
મંત્રી	૧૯૯૦ થી ૨૦૧૦	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લીંબાણી પરિવાર
સભ્ય	૧૯૯૪થી સેવારત	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
પ્રમુખ	૨૦૦૧ થી ૨૦૦૭	અખિલ ભારયીત કચ્છ કડવા પાટીદાર ન્યાય પંચ (ચીફ જસ્ટીસ)
ટ્રસ્ટી	૨૦૦૭ થી ૨૦૧૩	અખિલ ભારયીત કચ્છ કડવા પાટીદાર સમાજ
ટ્રસ્ટી	૨૦૧૧થી ૨૦૧૪	શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય
ટ્રસ્ટી	૨૦૧૦થી સેવારત	શ્રી ભુજ કડવા પાટીદાર સમાજ, ભુજ-કચ્છ
સલાહકાર	૨૦૧૨થી સેવારત	શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ, ભુજ-કચ્છ

:: રાજકીય કારકિર્દી ::

સરપંચ	૧૯૮૪ થી ૧૯૯૪	પાલનપુર બાડી ગ્રામ પંચાયત
ડાયરેક્ટર	૧૯૯૨ થી ૧૯૯૪	ઓલ ઈન્ડીયા રેડીયો, ભુજ
પ્રમુખ	૧૯૮૩ થી ૧૯૯૩	પાલનપુર બાડી દુધ ઉત્પાદન સહકારી મંડળી
ડાયરેક્ટર	૧૯૯૧ થી ૧૯૯૩	કચ્છ ડેરી, માધાપર, તા. ભુજ (કચ્છ)
ઉપપ્રમુખ	૧૯૯૩ થી ૧૯૯૫	નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી
સભ્ય	૧૯૯૫ થી ૧૯૯૭	નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી
ઉપપ્રમુખ	૧૯૯૭ થી ૧૯૯૯	નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી
ડાયરેક્ટર	૧૯૯૮ થી ૨૦૦૧	ગુજરાત રાજ્ય ડેરી વિકાસ નિગમ લી.
પ્રમુખ	૧૯૯૯ થી ૨૦૦૧	નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી
પ્રમુખ	૨૦૦૦ થી ૨૦૦૫	નખત્રાણા તાલુકા પંચાયત (કચ્છ)
ઉપપ્રમુખ	૨૦૦૫ થી ૨૦૦૭	ભારતીય જનતા પાર્ટી, કચ્છ જિલ્લો
પ્રમુખ	૨૦૦૭ થી ૨૦૦૯	જિલ્લા કિસાન મોર્ચો, ભારતીય જનતા પાર્ટી, કચ્છ
ઉપપ્રમુખ	૨૦૦૯ થી ૨૦૧૨	ભારતીય જનતા પાર્ટી, કચ્છ જિલ્લો
કોષાધ્યક્ષ	૨૦૧૨થી સેવારત	ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કિસાન મોર્ચો

સમાજની પ્રગતિ અને વિકાસના પાંચ સિદ્ધાંતો

સમાજની પ્રગતિ અને વિકાસ પાંચ સિદ્ધાંતો પર આધારિત છે. (૧) સંસ્કૃતિ, (૨) શિક્ષણ, (૩) સંપત્તિ, (૪) શૌર્ય અને (૫) સંગઠન.ભારતનો ઈતિહાસ જોશો તો ખ્યાલ આવશે કે ભારતના હિંદુ રાજાઓ પાસે સંસ્કૃતિ અને સંસ્કાર હતા. તેઓ શિક્ષિત હતા. તેમના પાસે સંપત્તિ હતી અને તેઓ શૌર્યવાન હતા, પણ આ હિન્દુ રાજા સંગઠીત ના હોવાના કારણે મુસલમાનો સામે ટકી ન શક્યા અને તેઓ પરાજ્ય પામ્યા.

સામે પક્ષે મુસ્લમાનો પાસે સંસ્કાર ન હતા. શિક્ષિત ન હતા, તેમના પાસે સંપત્તિ ન હતી અને તેઓ શૌર્યવાન પણ ન હતા. ફક્ત સંગઠનની તાકાતથી હિન્દુપ્રજાઓ પર ૮૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. નાનકડો દેશ ઈંગ્લેન્ડ (અંગ્રેજો)એ સંગઠનની તાકાતથી દુનિયા પર રાજ કર્યું. માટે સમાજ માટે સૌથી અગત્યની વાત હોય તો તે છે સંગઠન. સમાજ કોઈપણ રીતે તૂટવો ના જોઈએ. નહિ તો આપણને જ સમાજના ખરાબ દિવસો જોવાનો વારો આવશે.

ભારતનો ઈતિહાસ એમ કહે છે કે, જ્યારે જ્યારે સુબાઓ સબળ થયા છે ત્યારે ત્યારે કેન્દ્ર નબળું પડ્યું છે. અત્યારે કેન્દ્રીય સમાજને બદલે ગામ, સંપ્રદાય અને પરિવારો બધા જ સમાજના છત્ર નીચે સંગઠીત થવાને બદલે પોતપોતાનું સંગઠન બળ વધારવા સ્પર્ધા કરે છે. ખરેખર તો એકતાની ભાવના, આધુનિકતા, સંસ્કારીતા, સુધારાવાદ, પરિવર્તનશીલતા, સમાનતા અને બંધુત્વ સાકાર કરીએ ત્યારે આપણું સમાજ જીવન સાર્થક થાય ફક્ત ડાહી ડાહી વાતો કરવાથી શું વળે?

વિકાસની ક્યાં વાત કરો જ્યાં અનિષ્ઠો અખૂટ છે. આદમીમાં નૂર નથી ને ભૂલો તો ભરપુર છે.
તેર તૂટે સાત સાંધે સ્વમાન ચકના ચૂર છે. જાગૃતિની જ્યોત જલે તો દિન સુખ ના ક્યાં દૂર છે?

સમાજ

સમાજ એટલે શું? સમાજ કોને કહેવાય? સમાજની વ્યાખ્યા શું? સામાજિક સમસ્યા કોને કહેવાય? સામાજિક જવાબદારી એટલે શું? સામાજિક પ્રસંગ કોને કહેવાય? સમાજના વિકાસની જવાબદારી કોની? સામાજિક દુષણ કોને કહેવાય? સામાજિક દુષણો દૂર કરવાની જવાબદારી કોની? સમાજને દિશા દેખાડવાની જવાબદારી કોની? સામાજિક હક્ક અને સામાજિક ફરજ કોને કહેવાય? સમાજ પ્રત્યેની આપણી જવાબદારી કેટલી? સામાજિક કાર્ય કોને કહેવાય?

સમાજશાસ્ત્રના વિદ્યાર્થી માટેનું આ પ્રશ્ન પત્ર નથી. સમાજશાસ્ત્રના આ તમામ પ્રશ્નોને સમાજના તમામ વ્યકિતએ જાણવા જોઈએ. અને આ તમામ પ્રશ્નોના સાચા જવાબ જાણવાનો પ્રત્યેક વ્યકિતએ પ્રયત્ન કરવો જોઈએ.

એક સૂત્ર અને એક તાંતણે બંધાયેલા લોકોનો સમૂહ એટલે સમાજ.
એકબીજાને સાથ અને સહકાર આપનાર લોકોનો સમૂહ એટલે સમાજ.
આપત્તિ અને વિપત્તિમાં સાથે રહેનારા લોકોનો સમૂહ એટલે સમાજ.
બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી એવી સમજ ધરાવનારા લોકોનો સમૂહ એટલે સમાજ.
વાદ-વિવાદ અને વિખવાદ નહીં, પરંતુ સંવાદ કરવાવાળા લોકોનો સમૂહ એટલે સમાજ.
બહુમતિ નહી પરંતુ સર્વ મતિ-સર્વસંમતિમાં માનવાવાળા લોકોનો સમૂહ એટલે સમાજ.
ભાવ-પ્રેમ અને સહાનુભૂતિનો સંગમ એટલે સમાજ.
સમાજની પ્રગતિ માટે પ્રવૃત્તિ કરનારા લોકોનો સમૂહ એટલે સમાજ.
કોઈ મોટું નહીં અને કોઈ નાનું નહીં. બધા જ સરખા આવું માનવાવાળા લોકોનો સમૂહ એટલે સમાજ.
શુભ હેતુથી સાથે મળીને સહિયારા પ્રયત્નો કરનારા લોકોનો સમૂહ એટલે સમાજ.
સૂર્ય કેટલો બધો પૂરૂષાર્થ કરે છે? એ નિરંતર પૂરૂષાર્થ કરતો રહે છે. તેમ માનવ તું પણ સૂર્ય જેવો બન, ફરિયાદ ન કર. નિરાશ ન થા.

આશાવાદી બન તો દુ:ખના ડુંગરો હશે તો પણ ખસી જશે. વિખરાઈ જશે. તો આપણે સૌ એ સાથે મળી સમાજને ઉજ્જવળ બનાવવા તથા સારા સંસ્કારોરૂપી આપણી પાછળની પેઢીને સુદ્રઢ બનાવવા કટીબદ્ધ બનવાનું છે જીવનમાં પ્રભુએ આપણેને કેવો સમાજ આપ્યો છે તે મહત્ત્વનું નથી. પણ આપણી પાછળ કેવો સમાજ મુકી જઈએ છીએ. તે અગત્યનું છે.

આપણે સંગઠીત હોઈશું તો જ આપણે તક્ષશિલા અને નાલંદા ઊભી કરી શકીશું.

આપણે સંગઠીત હોઈશું તો જ આપણે સમાજની પ્રગતિ કરી શકીશું. તો આના માટે જરૂરી શું છે? જરૂરી છે સક્ષમ માણસોને ભેગા થવાની. જરૂર છે યોગ્ય દિશામાં આપણી શકિતને વાળવાની. સંગઠનની શકિત બનાવવાથી આપોઆપ ક્રાન્તિ થઈ જશે. જો આપણે સંગઠિત ન હોઈએ તો આપણે પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા, કન્યા છાત્રાલય નખત્રાણા, કુમાર છાત્રાલય માંડવી અને ભવિષ્યમાં વલથાણ ખાતેના વિદ્યાર્થી સ્કૂલો બંધ કરવાનો વારો આવશે. માટે વિવાદો છોડી સંગઠિત બનીએ.

વારંવાર ઘસવા છતાં ચંદનની આહલાદ્દક સુગંધ જતી નથી. અનેકવાર છેદવા છતાં શેરડીનો સાંઠો એની મીઠાશ છોડતો નથી. તે જ રીતે વારંવાર તપાવવા છતાં સૂવર્ણ એની સુંદર ક્રાંતિને જેમની તેમ સાચવે છે. સારાંશ-અંત સુધી <u>ઉત્તમ પદાર્થો કે મનુષ્યો પોતાના ઉત્તમ ગુણોને વિકૃત થવા દેતા નથી. વીરતા મારવામાં નહીં પણ મરવામાં છે. કોઈની પ્રતિષ્ઠા તોડવામાં નહીં પણ બચાવવામાં છે.</u>

છેલ્લા વર્ષોમાં આપણે પ્રતિષ્ઠિત માણસોની પ્રતિષ્ઠા તોડવાનું જ કામ કર્યું હોય તેમ સમાજના આમ આદમીને લાગી રહ્યું છે.

આગેવાન

આગળની હરોળમાં બેસે તેને આગેવાન ના કહેવાય. બધાની આગળ ચાલે તેને આગેવાન ના કહેવાય. સમાજ વિકાસ માટે આગળ પડીને કામ કરે તેને આગેવાન કહેવાય. ફક્ત આજનું નહીં પણ આગળનું વિચારે તે આગેવાન. સામાજિક સુધારણા માટે જે આગળ આવે તે આગેવાન. સમાજને સાચી દિશા બતાવી સમાજની દશા બદલવાનો પ્રયત્ન કરે તેને આગેવાન કહેવાય.

નીડર બનીને સમાજના ભલા માટે નિર્ણયો લે તેને લીડર કહેવાય. વિચાર, વાણી અને વર્તન દ્વારા સમાજમાં દાખલો બેસાડે તેને જ સમાજ નેતા કહેવાય. 'મારું કહ્યું જ થવું જોઈએ', 'હું જે કહું છું તે જ સાચું,' ' તને ખબર ના પડે,' 'ચૂપચાપ બેસી જા' આવા બધા સુવાક્યો બોલનારને આગેવાન ના કહેવાય. બેચાર લોકો આપણી આગળ પાછળ ફરે એટલે આપણે આગેવાન... આવું માનવાની ભૂલ, ભૂલથી પણ ના કરવી જોઈએ. બધાને સાથે રાખીને ચાલે તેને સમાજ નેતા કહેવાય. પૈસાનો પ્રભાવ પાડીને બની બેઠેલા સમાજના નેતાઓને નેતા ના કહેવાય. ફક્ત પદ માટે, પ્રતિષ્ઠા મળે એટલા માટે, મોભો મળે, માન સન્માન મળે એટલા માટે જ પ્રયત્નો કરનારને સમાજના નેતા ના કહેવાય. સમાજની શોભા વધે તે માટે સતત પ્રયત્ન કરનારને આગેવાન કહેવાય. મંથરાને મહિલા મંડળની પ્રમુખ ના બનાવાય. શકુનીને સમાજનું સુકાન ના સોંપાય. શકુની અને મંથરા જેવી માનસિકતા ધરાવનારા લોકોને છેલ્લી પાટલીયે બેસાડવા જોઈએ. સમાજની સમસ્યાનો ઉકેલ લાવે તે સમાજનો સાચો નેતા. સમસ્યાઓ વધારે તેને સમાજનો નેતા ના કહેવાય. મંથરા અને શકુનીની જેમ નવી નવી સમસ્યાઓ ઊભી કરનારા લોકોને સમાજના નેતા ના કહેવાય.

વ્યકિત ગમે તેટલી મોટી હોય પરંતુ જો તેની વાત ખોટી હોય તો તેની સામે અવાજ ઉઠાવવાની હિંમત રાખો અને વ્યકિત ગમે તેટલી નાની હોય પણ તેની વાત જો સાચી હોય તો તેની વાત સ્વીકારવાની તૈયારી રાખો. કોઈના પ્રભાવથી અંજાઈ ના જઈએ અને આપણાં પ્રભાવથી કોઈ અંજાઈ જાય એવી આશા ના રાખીએ.

કોઈને ડરાવીએ નહીં અને કોઈનાથી ડરીએ પણ નહીં. ભગવાન સિવાય આપણું કોઈ બગાડી શકવાનું નથી અને ભગવાન સિવાય આપણું કોઈ સુધારી શકવાનું પણ નથી. નીડર, નિષ્પક્ષ અને નિ:સ્વાર્થી હોય તેને જ આગેવાન કહેવાય. તેને જ લીડર કહેવાય. નીડર, નિષ્પક્ષ અને નિ:સ્વાર્થી આગેવાનો જ સમાજમાં પરિવર્તન લાવી શકશે. પોતાની રોટલી શેકવા માટે સમાજનો આશરો લેનારા નેતાઓને સાચા નેતાઓની ઉપમા ના અપાય. પોતાની ખીચડી પકવવા માટે કાવા-દાવા કરનારા સમાજના નેતાઓ પાસેથી સમાજના ઉદ્ધારની આશા રાખવી એ મૂર્ખતા છે. તમે શું કર્યું? એવા પ્રશ્નો પુછવાને બદલે આપણે શું કર્યું એનો વિચાર કરવો જોઈએ. આગેવાનો અને આપણે બધાએ સાથે મળીને વિચારવું જોઈએ.

અત્યારે સમાજમાં જે શબ્દ વપરાય છે તેવા

જુના દુધ - દહીંવાળાનો ઈતિહાસ

False and misleading headline

આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી કે તે વખતે તેમણે કેટલાં કષ્ટો સહન કર્યાં હશે? પોતાની સંપૂર્ણ જિંદગી જ્ઞાતિ હિતમાં ખર્ચી નાખી આપણી જ્ઞાતિની સુધારણાનું કાર્ય કરવાની સાથે સાથે ગુજરાતના કડવા પાટીદારોની પરિષદોની દરેક બેઠકમાં હાજરી આપી આગેવાનીભર્યા ભાગ લીધેલ કાઠિયાવાડ ગુજરાતની સમગ્ર જ્ઞાતિને પોતાની શક્તિ અને જ્ઞાતિપ્રેમનો પરિચય કરાવ્યો, ગુજરાતી પરિષદોની સાથે સાથે નિમાળ માળવામાં પેટા વિભાગ પરિષદમાં કુવા ગામે ઈ.સ. ૧૯૧૭માં પોતે પ્રમુખ થયાં હતાં. આ રીતે કાઠિયાવાડ, ગુજરાત, નિમાળ, માળવામાં ખૂબજ પ્રસિદ્ધ થયા અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીમાં ગુજરાત વગેરેના કડવા પાટીદાર આગેવાનોને રસ લેતા કર્યા અને એમનો જ્ઞાતિ સુધારણાના કાર્યમાં ઘણો બધો સહયોગ પ્રાપ્ત કર્યો.

આપણી જ્ઞાતી સુધારણા માટે આટઆટલી જહેમત ઉઠાવી. જે કાર્ય પૂ. નારાયણજી બાપાએ કરેલું પરંતુ પોતાની જિંદગીના પાછલા દિવસોમાં પોતાના જ એક સમયના સાથીદાર દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના નક્કી કરેલ નીયમો બાબતે બાંધ છોડ કરી જ્ઞાતી સુધારવાનું કાર્ય કરવા માંગતા હતા. જયારે પૂ. નારાયણજી બાપા અને તેના સહયોગી ભાઈઓ નક્કી કરેલા નીયમોમાં બાંધ છોડ કરવા માંગતા ન હતા. જેથી શુધ્ધિવાળા ભાઈઓ અને મંદિરવાળા ભાઈઓ આ રીતે સુધારક ભાઈઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. મંદિરવાળા ભાઈઓની આગેવાનીમાં પ્રથમ પરિષદ કરાંચી ૧૯૨૦ના પ્રમુખ હતા તે ભીરુ હૃદયના ભાઈશ્રી રાજારામ શામજી ધોળુ અને રતનશી ખીમજી ખેતાણી વીરાણીવાળા કે જેઓ એ એક સમયે પૂ. નારાયણજી બાપા દેહશુદ્ધિ પ્રાયાશ્ચિત કરાવીને સતપંથ પિરાણા સાથે બધા સંબંધો કાપી નાખી સંપૂર્ણ સનાતન વૈદિક ધર્મનો અંગીકાર કરવાના પક્ષમાં હતા અને એ મુજબ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય જોશથી થઈ રહ્યું હતું. જો કે એથી જ્ઞાતીમાં બહુ જ મોટી ઉથલ પાથલ થઈ રહી હતી પરંતુ પૂ. નારાયણજી બાપાનું માનવું હતું. કે આ રીતે સતપંથ પીરાણામાંથી આપણી આખી જ્ઞાતી ધીરે ધીરે સતપંથ પીરાણાને છોડી એક સમયે સંપૂર્ણ પણે સતપંથ પીરાણા મૂક્ત થઈ જશે. આ સીવાય બીજો કોઈ ઉપાય નથી.

જયારે પૂજ્ય નારાયણજી બાપાના વિચારોથી અલગ પડીને અને ઉપર લખેલ બે વડિલો એને તેમનાં સહયોગીઓએ વિંચારેલ કે અત્યારે મહાત્માં ગાંધી જેવા પણ હરીજન ભાઈઓ સહિત બધાને સાથે લઈને કાર્ય કરવાનું કહી રહ્યાં છે ત્યારે આપણે આપણાં જ ભાઈઓ સાથે ખાવાપીવા જેવા સંબંધો કેમ બંધ કરી શકાય? એટલે એમણે પૂ. ઓધવરામ મહારાજ તેમજ બીજા હિંદુ સંપ્રદાયવાળાને સાથે લઈને લક્ષ્મીનારાયણના મંદિરો ઊભાં કરીને જ્ઞાતિ સુધારાનું કાર્ય પૂ. નારાયણજી બાપાથી અલગ રહીને કરવા લાગ્યા. અને સુધારાનું કાર્ય એ રીતે કરવા લાગ્યા કે જે ભાઈઓને સતપંથના ખાનામાં જવું હોય તો ભલે જાય અને જેમને મંદિરમાં જવું તે મંદિરમાં જાય અને સતપંથના ભાઈઓ સાથે રોટી, બેટી અને સામાજિક બધો વ્યવહાર ચાલુ રખાવ્યો. આ રીતે સુધારક ભાઈઓમાં બહુ મોટી તીરાડ પડી જેથી પૂજય નારાયણ રામજીએ આરંભેલુ સુધારાના કાર્યમાં બહુ મોટી અડચણો ઉભી થઈ. દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના વિરોધી સુધારક ભાઈઓ કે જેઓ એક સમયે દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય સાથે કરતાં હતાં. પાછળથી એમના વિરોધી થઈ જવાથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિતવાળા ભાઈઓને મંદિરની પ્રતિષ્ઠામાં સામાન્ય આમંત્રણ પણ આપતાં ન હતાં. અને મંદિર પ્રતિષ્ઠામાં શુદ્ધિવાળા ભાઈઓ આવે નહીં એવી પરિસ્થિતિ ઊભી કરતાં આવી પરિસ્થિતિને લઈને પૂ. નારાયણજી બાપાનો જે હેતુ અને ઉદ્દેશ મુજબ પોતાની જ્ઞાતીને સતપંથી પીરાણાથી સંપૂર્ણ પણે છોડાવવાની જે લાંબી ગણતરી હતી તે આપણી જ્ઞાતીના કમ ભાગ્યે પૂરી ન થઈ શકી. બન્ને સુધારક પક્ષોના ભાઈઓની ભાવના શુધ્ધ હતી. વિચારમાં મોટી તિરાડ પડવાથી અંતે જ્ઞાતિને જ નુકસાન થાય એ સ્વભાવિક હતું.

સ્રોત : કચ્છના કડવા પાટીદારનો ઈતિહાસ ૨૦૧૦ પેજ નં. ૧૦૩-૧૦૪માંથી.

ઘાટકોપર, તા. ૧૦-૦૪-૧૯૩૦
ચૈત્ર સુદી ૧૨ ગુરૂવાર ૧૯૮૬

સમાજ સુધારક પુ. નારાયણજી રામજી લીંબાણીનો પત્ર

પરમ સ્નેહી આત્મબંધુ ભાઈશ્રી પટેલ લાલજી શીવજી તથા વિશ્રામ રાજા સોમજીયાણી તથા ચિ. લધા વિશ્રામ તથા સવગણ લાલજી તથા અરજણ પબા વગેરે તથા ભાઈ વાલજી ભીમજી વિગેરે મિત્રમંડળની સેવામાં વિનંતી. સ્વસ્થાન વિરાણી (કચ્છ).

આશરે બે મહિના થયા હશે. ત્યારે ચિ. સવગણ લાલજી તથા લધા વિશ્રામના નામથી એક પત્ર પોસ્ટકાર્ડ આવેલ તે ફરી ફરીને બે ત્રણ વખત વાચેલ અને એ પત્ર ઉપર ખૂબ વિચાર પણ કરેલો. વેળાસર જવાબ લખાયો નથી તેના કારણમાં જણાવવાનું કે તમારા લખેલા પત્રમાં લખેલું કે વિગતવાર પત્ર પાછળથી લખીશું એ પત્રની આજ દિવસ સુધી રાહ જોઈ. પરંતુ જવાબ આપ્યો નહીં. ચિ. રામજી રાજાના પત્રથી જાણ્યું કે તેઓએ પત્ર લખી તૈયાર કરેલો. પરંતુ ત્યાંના મિત્ર મંડળે એ પત્ર ના મંજૂર કરવાથી તમો પત્ર લખી શક્યા નથી અને કદાચ ભવિષ્યમાં પણ પત્ર લખી શકશો નહીં, એવો પાકો બંદોબસ્ત થયો છે. એવા વર્તમાન અત્રે મળે છે. લાચાર !

અન્ય સ્થળોથી વિરાણી મામલાના સમાચારો અવારનવાર મળ્યા જ કરે છે. સિવદાસ કાનજી તથા મેઘજીભાઈ અને રતનશી ખીમજીના મોઢેથી પણ ત્યાંના ખબર સાંભળ્યા છે હકીકત સાંભળીને દિલગીરીને પાર રહ્યો નથી. પરંતુ થાય શું શીવદાસ કાનજી તથા મેઘજીભાઈની વાતો સાંભળી હૃદયમાં ઘણાં અવનવા વિચારો આવે છે. પરંતુ રતનશી ખીમજીની હજુ મમત ટળી નથી ત્યાં લગી મારાથી એક શબ્દ પણ તમને લખી શકાતો નથી.

આપણાં ગામનો વિરોધી પણ પીરાણા પંથીઓના શરણે ગયો છે. આપસ આપસમાં વેરઝેર પણ ખૂબ વધી ગયાં છે. ગામનાં મહાજન સાથે પણ બોલાચાલી કરી વિક્ષેપ ઉભો થયો છે. નખત્રાણા કોર્ટ પણ આપણી વિરોધી બની છે. આવા પ્રસંગે કુનેહથી કામ લેવાય તો સારૂં એ મારી તમોને માગ્યા વિનાની પણ સલાહ છે. અજાયબી તો એ લાગે છે કે આજ દિવસ સુધી કોઈપણ ગામનો આગેવાન વિરાણી ગામ ઉપર ઉંચી નજર પણ કરી શકતો ન હતો તેઓ આજે ટોળા બધ ગામ ઉપર ઘસી આવે છે. જ્ઞાતી સુધારકો એક સંપથી કામ કરતાં હતાં ત્યારે તે જુલમગાર આગેવાનો છાપાઓ દ્વારા તેમનાં ભયંકર ચરીત્રોના ઉલ્લેખથી થરથરી જતાં હતાં. પીરાણાં સૈયદો અને તેમનાં એજન્ટ કાકાઓ અને કચ્છ પીરાણાં પંથી જુલ્મગાર આગેવાન ઉપર આપણી સત્તા બરાબર જામી હતી. પણ દેવ યોગે કેટલાક આપણા માના ભાઈઓને પાછું હઠી જવું હતું એને કાંઈક કારણ જોઈતું હતું. તેમાં વિશ્રામભાઈ નીરખાયત બાયડિવાળો કિસ્સો હાથ આવ્યો. કુબુધ્ધિ સુઝી અને માંહોમાંહે ખોટી લડતો શરૂ કરી. જેના પરિણામે આજે આપણી આ દશા થઈ રહી છે.

રતનશી ખીમજીએ તમારી સાથે ખાવાપીવાનો સહકાર કર્યો અને અમોને હજુ નથી કર્યો. એ અમારો અપરાધ માની અત્યારના કામને ભારે નુકસાન પહોંચાડ્યું છે. અમોએ તમને સંવત ૧૯૮૫ના અષાઢ સુદ ૨ના દિવસે ૮ ગામ મળી જે ૮ ઠરાવ કર્યા ત્યારે પણ જાહેર કરેલ છે કે અમો એકાદ બે વર્ષમાં તમારી ખાતરી કરીશું. તમે અગ્નિસંસ્કાર તથા લગ્ન વિધીમાં બરોબર હિન્દુ રિતરિવાજ મુજબ વર્તશો. તો પછી તમને શુદ્ધિની જરૂર રહેશે નહીં. આવી ખાતરી આપેલી છતાં તમોએ ઉતાવળે અમારો બહિષ્કાર કરી આપણાં કાર્યને ભારે મુશ્કેલીમાં મૂકી દીધું છે. હું જાણું છું કે તમારા માના ઘણાં ભાઈઓ અંદરખાનેથી અમોને ચાહો છો. છતાં જાહેરમાં અમારો સતકાર કરતાં તમને ગમે તેવી ખોટી શરમ આડે આવે છે. વેલજી ખેતાણી, પટેલ વિશ્રામ સિવજી અને પટેલ વાલજી સિવદાસ આ ત્રણ ભાઈઓ તો અમારા ખાસ વિરોધી છે. આ ત્રણ જણાને સાચવી રાખવા તમારે અમારો વિરોધ કરવો પડે છે એ વાત પણ અમારા ધ્યાન બહાર નથી. છતાં કાર્ય સાધક પગલું ભરવું હોય ત્યારે બુધ્ધિબળથી કામ કરવું જોઈએ.

આપણાં ગામના વિરોધી ભાઈઓ છે તે આપણાં શત્રુ થઈ જાય એ વાત પણ આપણને પોષાય તેમ નથી. વધારામાં એ પક્ષ કે આપણો પક્ષ પૈસાની પાયમાલી કરે એ એથીયે વધારે નુકસાન કારક છે. તમો સૌ જાણો છો સમજો છો કે આપણે ખોંભડીના કિસ્સા વખતે કેવી યુક્તિથી કામ કર્યું હતું. આઠ ગામને કબજે રાખી આપણે ધારેલો કાર્યક્રમ પાર ઉતાર્યો હતો. ટીલાયત રામજીકાકો પણ આપણા હુકમ પ્રમાણે વર્તતો હતો. અંગીએથી એકદમ મથલ રાતોરાત ઉપડી જવામાં આપણી શક્તિનો આપણે ઉપયોગ કર્યો હતો. એટલું જ નહીં પણ ખોંભડીમાં મારા મારી જેવા પ્રસંગ ખડો થયો હતો ત્યારે પણ આપણે કુનેહથી કામ લીધું હતુ. એટલું જ

નહીં પણ તમામ આગેવાનો ને પરાસ્ત કર્યાં હતા. એ પ્રકારે આ કામ પણ થવું જોઈએ. હવે તો મનની મનમાં જ સમાઈ રહી છે. દરેક માનવીને પોતાનું સ્વમાન તો હોય જ છે. ભલે સેવા કરવી હોય પણ જ્યાં અપમાન થવા જેવા પ્રસંગ હોય કોઈ આપણો ભાવ પણ પૂછતું ન હોય ત્યાં જઈને શું કરીએ. માન ભંગ થઈ કોઈપણ માણસ કામ કરી શકે નહીં. હજુ પણ સમય છે યુક્તિ પ્રયુક્તિથી કામ લેવામાં સાર છે. માટે ખૂબ વિચાર કરીને કામ કરશો. દીલગીરી તો એ થાય છે કે ખૂદ હું વિરાણી ગામનો નિવાસી હોવા છતાં હૃદયમાં ગમે તેટલી ધગશ થતી હોય છતાં હું કાંઈ કરી શકું એવી સ્થિતિમાં નથી. તેમ જ તમો પણ મારા માટે ગમે તેટલું માન ધરાવતાં હોવા છતાં પણ તમે મને આ કામમાં ભાગ લેવાનું આમંત્રણ આપી શકવાની સ્થિતિમાં નથી. આ કાંઈ જેવું તેવું ધર્મ સંકટ નથી. ખરું પૂછો તો તમારી નબળાઈની પણ હદ થઈ. બેચાર માણસો અમારી સાથે દુશ્મનાવટ રાખે છે. તે ખાતર આખી નાત પાયમાલ થાય છે. પરંતુ અમારી યોગ્ય સેવા કે સલાહનો લાભ તમે લઈ શકતાં નથી. એ આપણાં નશીબનો વાંક છે. જેનો ઉપાય નહીં તેનું શું થાય? મારી જન્મભૂમી વિરાણી એ જ વિરાણીમાં કણબી જ્ઞાતીમાં હું જન્મ્યો સમજણો થતાં પીરાણા સતપંથના પાપી પંથનું નિકંદન કાઢવા માટે અનેક સંકટો અને અનેક સિતમો સહન કરી જ્ઞાતીમાં જાગૃતિ આણી. ઘણાં જ્ઞાતિના યુવાનોના હૃદયમાં આ પંથનું કાળું કલંક ધોઈ નાખવાની ધગશ પેદા કરી જ્ઞાતી સેવાના કાર્યમાં કામે લગાડ્યા. અનેક સભાઓ અને પરિષદો મેળવી જ્ઞાતિ મત કેળવ્યો અને તેના રૂડા પ્રતાપે ખૂદ વિરાણી જાગૃત થયું. આજે બાર પંદર વર્ષથી પીરાણા પૈસો મુકવાનું જે ગામે હરામ જાણ્યું એટલું જ નહીં પણ ગામના યુવાનોને જોકે ગામમાં મંદિર બંધાયું મૂર્તિઓ પધરાવી તે પ્રસંગે દરેક ગામોને આમંત્રણ આપ્યું. પરંતુ કેટલાક ભાઈઓની મમતથી જે ખરા સુધારકો હતા કે જેમણે આખું જીવન જ્ઞાતિના ભલા માટે ગાળેલું તેવા શુધ્ધિવાળા એકે ભાઈને આમંત્રણ આપવાની ચોખ્ખી મનાઈ થઈ. ખૂદ વિરાણી ગામમાં જે ભાઈઓ હાજર હતાં તેમના નામની રોકડ ભેટ સ્વીકારવા જેટલી ઉદારતા પણ ન બતાવવામાં આવી. એ ભૂલ તમને કદાચ અત્યારે નહીં સમજાતી હોય. પરંતુ ભૂલ તો બહુ ગંભીર થઈ છે. ખરૂં કહીએ તો ભૂલ નથી થઈ. પરંતુ મોટો ગુન્હો થયો છે. એ ભવિષ્યમાં તમને જરૂર જણાશે. જેઓ આજે વર્ષ ૨૨ થતાં તન, મન અને ધનથી અનેક જોખમો ખેડી પીરાણા સતપંથ ધર્મનું કાળું કલંક જ્ઞાતિમાંથી ધોઈ નાખવા સતત પ્રયાસો કરી રહ્યાં છે. તેવા ભાઈઓની જ યશસ્વિ સેવા કાળ પણ ભુંસી શકશે નહીં. દુનિયાના ઈતિહાસમાં ખોટા ઓપ આપે અથવા તો જ્ઞાતી સાથેતેમને કાંઈ લેવા દેવા નથી એવા વિશેષણો લગાડી ભોળા ભાઈઓને બહેકાવી મુકે તેથી કાંઈ તેમના કાર્યની કિંમત ઓછી થતી નથી.

આવા કટોકટીના પ્રસંગે તેમને મહેણું મારવા કે તમારી ભૂલો તમને યાદ કરી દઈ માઠું લગાડવાનો મારો પ્રયત્ન લેશ માત્ર પણ નથી. તમોએ ગમે તેવા પ્રકારનો વર્તાવ અમારી સાથે કર્યો તેની લેશ પણ ચિંતા કરશો નહીં. તેથી કાંઈ અમને તમારા માટે માઠું લાગવાનું નથી. ખરું કહીએ તો આવા કટોકટીના પ્રસંગે અમારે જીવન મરણને એક બાજુએ રાખી આ કાર્યમાં છેવટના કેસરિયા કરી યુધ્ધમાં ઉતરવું જોઈએ. તેવા પ્રસંગે તમોએ તેમજ ભાઈ રતનશી ખીમજીએ અમને ખાસ વિસામો આપ્યો છે અને ધર્મયુધ્ધના કામમાં કામધંધો છોડી દેશમાં આવી તમો બધા સાથે મળી યુધ્ધ ચલાવી રહ્યા છો. ખરેખર ધન્યવાદને યોગ્ય છે. અમારા સીવાય પણ આ કાર્ય સીધું પાર ઉતરે અને ભાઈ રતનશી ખીમજીને પૂર્ણ યશ મળે એવી મારા હૃદયથી પ્રભુ પ્રત્યે ખાસ પ્રાર્થના છે.

ગમે તેવો તોય એ રતનશી મારા હાથે તાલીમ પામ્યો છે એનો વિજય એ મારો જ વિજય હું માનીશ. મને તો એથીયે વધુ લાભ એ થયો છે કે આગેવાની લઈ આવા જોખમી કામોના સાહસ ખેડવામાં કેટલી મહેનત અને મુશ્કેલીઓ નડે છે તેનો અનુભવ તમને તેમજ ભાઈ રતનશીને થશે. એ લાભ પણ કાંઈ જેવો તેવો નથી. આ પત્ર લખવાની પ્રેરણા પણ મને એટલા માટે થઈ છે કે, થોડા દિવસ અગાઉ શિવદાસ કાનજી તથા ભાઈ રતનશી ખીમજી જેઓ દેશથી ફરી આવ્યાં પછી તેમની વર્તણુંકમાં કાંઈ ફેરફાર થયો હોય એમ મને લાગ્યું તેમના મનથી આ કાર્યમાં હું તેમને મદદગાર થાઉં તો સારૂં એવું વાતાવરણ તેમજ તેમની વર્તુણુક મારા જોવામાં આવી. એ અરસામાં વિરમગામવાળા આપણી જ્ઞાતીના શુભેચ્છક ભાઈ ચંદુલાલ મણીલાલ દેસાઈને ભાઈ રતનશી ખીમજી અચાનક મળેલ અને તેમની પાસે આપની સ્થિતિની તેમજ વિરાણીમાં અત્યારે જે પ્રવૃત્તિ ચાલી રહી છે તે સંબંધે વાત કરી તે ઉપરથી ચંદુલાલભાઈએ અમોને પોતાને ઘેર ભેગા કર્યા. અને હાલના વાતાવરણનો ઉકેલ કોઈપણ પ્રકારે આપણે સાથે મળીને કરીએ તો સારૂં પરંતુ રતનશીના હૃદયમાં પોતે આટલી હદ સુધી ખટપટો કરી કાર્યને જે મુશ્કેલ કર્યું છે તેની દીલગીરી જરાપણ ન દેખાઈ. છતાં જૂના વેરઝેર ભલે કાયમ રાખવાં હોય તો રહે પણ આ કાર્ય તો આપણે સાથે મળીને જ કરવું જોઈએ. એવી સારી અને

અસરકારક વાટાઘાટ થઈ. ત્યારપછી બે ત્રણ દિવસ રહીને ભાઈ શિવદાસ કાનજીના એક ઓળખીતા વૈદ્ય રાજ કે જેઓ ગોંડલના રાજ વૈદ્ય તરીકે ઓળખાય છે તેઓ ઘણાં જ સારા અને પ્રમાણિક માણસ છે, એટલું જ નહીં પણ ખાસ હિન્દુ આર્ય ધર્મના પ્રખર સુધારક પણ છે. અને તેઓ આપણી જ્ઞાતી પીરાણા સતપંથમાં ડૂબી ગઈ છે. તેને કોઈપણ પ્રકારે બહાર લાવી હિન્દુ આર્ય ધર્મના પ્રકાશિત તેજોમયમાં આપણે દેખતા થઈએ એ જોવાના તેમને ભારે કોડ છે. એટલું જ નહી પણ આપણી જ્ઞાતિ સુધારાની હીલચાલમાં તેઓ આનંદપૂર્વક રસ લઈ રહ્યાં છે એવા એ ધર્મ અને કર્મ વિર બંધુને પણ આપણામાં અંદર અંદર ફાટફુટ પડી ગઈ છે. તે કોઈપણ પ્રકારે સાંધી દેવી અને બધા ઐક્ય કરી કાર્ય કરે તો સારૂં એવી અભિલાષાવાળા આ ભાઈ પણ આપણને ગમે તે ભોગે અને જોખમે એક થઈ જઈએ તેમાં જ વધુ લાભ સમાયો છે એવું તેમને લાગવાથી તેમણે પણ અમોને ભેગા કરી ચાર કલાક સુધી આ પ્રકારની વાટાઘાટો ચલાવી. આપણું કાર્ય કેમ પાર ઉતારવું એની પણ ખૂબ ચર્ચા થઈ. છેવટના નિર્ણય ઉપર આવતાં એવું ઠર્યું કે વેરઝેર ન મટતાં હોય તો ભલે રહ્યાં. ત્યારે મેં કહ્યું કે ભલે રહ્યાં પરંતુ હું આગેવાન થઈ કામ કરી શકું એવી સ્થિતિમાં રહ્યો નથી. માટે રતનશીની સરદારી નીચે મને જે કામ સોંપાશે તે હું મારા સાચા હૃદયથી કરીશ. એ મારી વાત પણ બંધબેસતી ન થઈ કારણ કે હું કે રતનશી સિવાય હું એકલો દેશમાં જાઉં અને ત્યાંના ભાઈઓ મારી વાત કે સલાહનો સ્વીકાર ન કરે તો મારે શું કરવું. એવો મેં જયારે પ્રશ્ન કર્યો ત્યારે રતનશીએ ખુલાસો કર્યો કે દેશના ભાઈઓનો અંતિમ વિચાર એ છે કે જે મંદિર બંધાયું છે તે ભલે વિરોધીએ જમીન દોસ્ત કરે એટલું જ નહીં પણ મંદિરને માનનારાં ભાઈઓના ઘર અને ગરાશ ભલે ફના થઈ જાય તો પણ નારાયણભાઈની સલાહ તેઓ માંગતા નથી. આવી જયારે વાત થઈ ત્યારે મેં કહ્યું કે હવે મારે દેશમાં જઈને પણ શું કરવું? આવા પ્રકારનું જો વેરઝેર વિરાણીવાસી ભાઈઓના હૃદયમાં મારા માટે હોય તો બહેતર છે કે મારે તેમના મનની ખાતર દેશવટો ભોગવવો. ત્યારે રતનશીએ કહ્યું કે હું જો દેશવાળા ભાઈઓને લખું કે નારાયણભાઈને કામ કરવા દેવું તો તે વાંધો આવે નહીં. આ હકીકત જાણયા પછી મારે શું કરવું એ જ મને સમજ પડતી નથી. હું ખાતરી પૂર્વક માનું છું કે જે વાત રતનશી કરે છે તેવા વિચારના બધા ભાઈઓ તો નહીં જ હોય છતાં પણ તમોમાં ફાટફુટ પડે એ સારૂં નહીં એમ જાણી તમો પણ મૌન સેવી રહ્યા છો. એ હું સારી પેઠે જાણું છું. જે જ્ઞાતી મારૂં મોઢું પણ જોવા માગતી નથી એવો ભાઈ રતનશીનો ખુલાસો સાંભળ્યા પછી મારે હાલમાં દેશમાં આવવું હતું તે પણ મેં માંડી વાળ્યું છે. અને આપણી જ્ઞાતીનું કાર્ય હાલમાં તો મેં પરમેશ્વરને ભળાવ્યું છે.

ભાઈ રતનશી ખીમજી એકલા હાથે આ યશ સ્વીકારી પાર ઉતારે અને તેમને સંપૂર્ણ વિજય મળે એમ પરમાત્મા પાસે હું પ્રાર્થના કરું છું. આવા પ્રકારનું વાતાવરણ હોવા છતા તમોને તેમજ ભાઈ રતનશી ખીમજીને જયારે અને જે વખતે મારી સલાહ તેમજ સેવાની જરૂર પડશે ત્યારે મારા હૃદયમાં જરાપણ માઠું લગાડ્યા સિવાય માન અપમાનનો વિચાર કર્યા વગર તમારો હુકમ થતાં જ હું ઉઘાડા પગે તમારી સેવા કરવાને દોડી આવીશ. એની લગીરે ચિંતા ફિકર કરશો નહીં.

ધાર્યા કરતાં પત્ર વિશેષ લંબાયો છે તેથી તમને વાંચતા જરૂર કંટાળો તો આવશે પરંતુ મારે મારા હૃદયમાં ઘણા દિવસ થયાં ભરાયેલો વિચાર તમને જણાવ્યા સિવાય ચાલે તેમ ન હતું તેથી જ તમને લખ્યું છે. ગમે તેવો તોય હું તમારો છું. તમે મારા છો કારણ વસાત તમારી અત્યારે મારા તરફ અકૃપા હશે, તો વખત આવે એ રાગદ્વેષ નીકળી જતાં તમારી પાછી અમીદૃષ્ટિ જરૂર થશે એવી મને પાકી ખાત્રી છે. ત્યાં આપના મિત્રમંડળને આ સેવકના પ્રણામ કહેશો. ભૂલચૂક થઈ હોય તો ક્ષમા કરશો.

લી. આપનો કૃપાભિલાષી જ્ઞાતિ સેવક,
નારાયણજી રામજી ઘણાં સ્નેહપૂર્વક
પ્રણામ વાંચશો.

સ્રોત : કર્તવ્યના પંથે લેખક વાલજીભાઈ જીવરાજ લીંબાણી વિરાણીવાળા પેજ નં. ૧૨૭ થી ૧૩૮ સુધી તથા તૃત્ય આવૃતીના પેજ ૮૭ થી ૯૩ માંથી.

2015-08 -Samaj Bhaktini Sachchai (758)

કચ્છ કડવા પાટીદાર સમાજની સ્થાપના અને આજ

આપણા કેન્દ્રીય સમાજની રચનાને ૫૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે આપણા સમાજની રચનાના ઉદ્દેશ્યો અંગે અમુક લોકો દ્વારા મનઘડત તર્કવિતર્ક કરી ભ્રામક પ્રચાર ફેલાવવામાં આવી રહ્યો છે. કે કેન્દ્રીય સમાજની રચના સનાતની ભાઈઓ દ્વારા સનાતની ભાઈઓ માટે જ કરવામાં આવી છે. વાસ્તવમાં આ હકીકત સત્ય નથી.

False information.

આપણી સમાજ રચનાની પૃષ્ઠભૂમિમાં ડોકિયું કરતાં જણાય છે કે આજથી ૬૦ વર્ષ પહેલાં આપણા સમાજના કલકતા, મુંબઈ, નાગપુર વસતા ભાઈઓને પૂ. સંત ઓધવરામ મહારાજની પ્રેરણાથી લાગ્યું કે આપણા સમાજની ઉન્નતિ કરવી હશે તો શિક્ષણ જ ઉત્તમ માધ્યમ બની રહેશે. તેથી સંપ્રદાયવાદથી ઉપર ઉઠી સમગ્ર સમાજને એક તાંતણે બાંધી શિક્ષણનો વ્યાપ વધારવા માટે કોટડા (જ.) મધ્યે ૧૯૫૭ માં ભીમજીભાઈ કેશરાના ઘેર આગેવાનોની મીટીંગ મળી અને એડહોક સમિતિની રચના કરવામાં આવી.

ત્યારબાદ આ સમિતિએ સમગ્ર ભારતભરનો પ્રવાસ કર્યો, શિક્ષણ માટે જાગૃતિ ઉભી કરી નખત્રાણા મધ્યે વિદ્યાર્થી ભવનના નિર્માણ હેતુ ફંડ એકત્ર કરી પાટીદાર બોર્ડિંગનું નિર્માણ કર્યું. જેનો ઉદ્‌ઘાટન તા. ૧૧/૫/૧૯૬૦ ના શુભદિને પાટીદાર જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી કરવામાં આવ્યું. સાથે સાથે આ શુભ પ્રસંગે આપણા દીર્ઘદ્રષ્ટા વડીલોએ **"કચ્છ કડવા પાટીદાર સમાજ"** ની રચના કરી અને બંધારણ મુજબ ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો, કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી. સમાજની આ પ્રથમ કારોબારીમાં ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ તરીકે શ્રી અરજણ રામજી ભગત વડવા(કાંયા), ભુજને પણ લેવામાં આવ્યા જેઓ સતપંથ સંપ્રદાયમાં સક્રીયતાથી માનતા હતા. જેનો પરિવાર આજે ભુજમાં રહે છે અને અત્યારે જે ભુજની સમાજવાડી-કન્યા છાત્રાલય સ્કૂલ છે તે જમીન લેવામાં એનો મુખ્ય ફાળો હતો.

સમાજ રચના વખતે આપણી જ્ઞાતિના કચ્છમાં ૧૧૨ ગામોમાં ૬૩,૦૦૦ જેટલી, ગુજરાતના નાના-મોટા ૪૦૦ કંપાઓમાં ૬૦,૦૦૦ જેટલી અને તે સિવાયના ભારતભરના વિસ્તારમાં ૨૨,૦૦૦ જેટલી મળી કુલ્લે અંદાજીત ૧,૪૫,૦૦૦ જેટલી જનસંખ્યા હતી. આમાં દરેક સંપ્રદાયના લોકોને સામેલ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સમાજની કારોબારી રચનામાં વખતો વખત સતપંથ સંપ્રદાયના ભાઈઓનો સમાવેશ થતો રહ્યો છે. તથા આજે પણ ૯૦૦-૧૦૦૦ જેટલી સંખ્યામાં તેઓ સમાજના આજીવન સભ્યો પણ છે. એટલું જ નહીં પણ સમાજના વિકાસ કાર્યો માટે શરૂથી તેમનો ફાળો સ્વીકારવામાં આવ્યો છે. તે વખતના મહોત્સવ બાદ ૧૯૬૩માં સમાજે પ્રકાશિત કરેલ સુવેનિયરમાં તેનો ઉલ્લેખ સુધ્ધાં જોવા મળે છે. આજે પાટીદાર વિદ્યાર્થી ભવનના ગેટમાં પણ સતપંથ સમાજના નામે આપેલ ફાળાની તકતીઓ લાગેલ છે. ત્યારબાદ સમાજ વિકાસના અન્ય કાર્યોમાં પણ સતપંથ સંપ્રદાયના ભાઈઓનો ફાળો સમાજે સ્વીકારેલ છે. અત્યારે વિવાદનું કારણ બનેલી માંડવી વિદ્યાર્થી હોસ્ટેલના મુખ્ય દાતા શ્રી લખુ વીરજી ધોળુ પણ સતપંથ સંપ્રદાયના છે.

ઉપરોક્ત હકીકતોના આધારે એમ સ્પષ્ટ કરી શકાય કે આપણી કેન્દ્રીય સમાજ કચ્છના તમામ કડવા પાટીદારોના વિકાસ માટે બનેલ છે જેને આજે આપણે "શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ" તરીકે ઓળખીએ છીએ. આ ટાઈટલમાં સનાતન શબ્દ ઉમેરવાનો આગ્રહ સમાજને વિભાજીત કરવા માટે ઈરાદાપૂર્વકનું પાટીદાર સમાજને વિવાદમાં મૂકવા માટેનુ કૃત્ય હોય તેવું જણાય છે.

આપણી કેન્દ્રીય સમાજ બિનસાંપ્રદાયિક છે તેના અમુક પુરાવા આગળના પાને પુસ્તિકામાં આપવામાં આવેલ છે અને આપણી સમાજનું ૧૯૬૦નું બંધારણ બનાવેલ છે. તે જોઈ લેવું.

ખોટું એ ખોટું જ રહેવાનું - ભલે બધાજ લોકો માનતા હોય.
સત્ય એ સત્યજ રહેવાનું - ભલે બધાજ લોકો ના માનતા હોય.

He was Satpanthi but had promised to become Sanatani soon, which was fulfilled.

As per the then prevailing practice, such promises were accepted and hence he was made a member.

To know the nature of institution, see the inauguration report of KKP samaj and speeches made during that time.

This is half-truth. In the past some Satpanthis became members unknowingly because of the negligence of the leaders. Accepting donations does not give them membership

But in 2010 memberships of all people including Satpanthis were cancelled after release of White Paper.

Fresh applications for memberships were invited, after which no satpanthis are members.

All above loop-holes were used by Satpanthis and their agents like the author to give backdoor entry to Satpanthis in the organisation raised by Sanatanis.

વાસ્તવિક પુરાવા

The author has indulged in selective leakage of stolen copies of documents.

The author has never took any permission from ABKKP Samaj to make copies of documents which he came across while he was in the office on account of being a trustee

આપણી પાટીદાર સંસ્થાઓના ટેલીફોન નંબર

ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ	૦૨૮૩૨ - ૨૨૧૫૦૦
ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા	૦૨૭૬૭ - ૨૪૫૪૭૨
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાંઢાય	૦૨૮૩૨ - ૨૭૬૨૩૨
શ્રી ઉમિયા માતાજી મંદિર - સિદસર	૦૨૮૯૮ - ૨૭૪૪૭૪
ઉમિયા માતાજી વિશ્રાંતિ ગૃહ - ઊંઝા	૦૨૭૬૭ - ૨૪૬૪૭૪
શ્રી લક્ષ્મી નારાયણ કેન્દ્ર સંસ્થાન - દેશલપર	૦૨૮૩૨ - ૨૭૬૩૪૫
શ્રી નિષ્કલંકી નારાયણ ધામ - નખત્રાણા	૦૨૮૩૫ - ૨૨૨૦૮૪
દેવાશિષ હોસ્પિટલ - નખત્રાણા	૦૨૮૩૫ - ૨૨૧૫૪૭
ઉમાદર્પણ મસિક - ભુજ	૦૨૮૩૨ - ૨૫૧૪૮૪
પાટીદાર સંદેશ માસિક - અમદાવાદ	૦૭૯ - ૨૫૪૬૪૩૯૪
પાટીદાર સંદેશ માસિક - ભુજ	૦૨૮૩૨ - ૨૫૦૪૭૪
પાટીદાર સૌરભ માસિક - નખત્રાણા	૦૨૮૩૫ - ૨૨૨૪૦૦
શ્રી ઉમિયા માતાજી મંદિર - દયાપર	૦૨૮૩૯ - ૨૩૩૪૦૦
ગૌ રક્ષા કેન્દ્ર - મથલ	૦૨૮૩૫ - ૨૮૪૪૯૨
શ્રી ઉમિયા પથિક આશ્રમ - અંબાજી	૦૨૭૪૯ - ૨૬૨૧૬૯

નોંધ : ઉપરોક્ત માહિતી કેન્દ્રીય સમાજના હોદ્દેદારોની યાદીની પુસ્તીકામાંથી લેવામાં આવેલ છે. વર્ષ-૨

તમામ સંસ્થાઓના નામો તથા ટેલીફોન નંબર ઉપર દર્શાવેલ બોક્ષમાં નિષ્કલંકી નારાયણ ધામ પણ આપેલ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નખત્રાણા

ટ્રસ્ટી મંડળ

(૧) શ્રી પરબત લખુભાઈ (મથલ)
(૨) શ્રી અરજણ રામજી (ભુજ)
(૩) શ્રી ભીમજી કેસરા (કોટડા)
(૪) શ્રી નારાયણ શિવજી (વીરાણી)
(૫) શ્રી શિવજી જેઠાભાઈ (કોટડા)

કાર્યવાહક સમિતિ

૧. શ્રી શિવદાસભાઈ કાનજી (મુંબઈ)	પ્રમુખ વીરાણીવાળા
૨. શ્રી પૂરબત લખુભાઈ (મથલ)	ઉપપ્રમુખ
૩. શ્રી અરજણ રામજી (ભુજ)	ઉપપ્રમુખ
૪. શ્રી ભીમજી કેસરા (કોટડા)	ખજાનચી
૫. શ્રી ખીમજી નાગજી (મથલ)	મંત્રી
૬. શ્રી પ્રેમજી પુંજાભાઈ (વિથોણ)	સહમંત્રી
૭. શ્રી લધાભાઈ હીરજી (વીગોડી)	સહમંત્રી
૮. શ્રી નારાયણ શિવજી (વીરાણી)	સભ્ય
૯. શ્રી શિવજી જેઠાભાઈ (કોટડા)	સભ્ય
૧૦. શ્રી વિશ્રામ કાનજી (દેશલપુરવાળા)	સભ્ય
૧૧. શ્રી ખીમજી કચરાભાઈ (રવાપર)	સભ્ય
૧૨. શ્રી રામજી નારણ (નાગપુર) નખત્રાણાવાળા	સભ્ય
૧૩. શ્રી નારણ કાનજી (અંગીઆ)	સભ્ય
૧૪. શ્રી શિવદાસ કચરાભાઈ (નેત્રા)	સભ્ય

○ કચ્છના કડવા પાટીદ

પ્રથમ સમાજના ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ અરજણ રામજી ભગત.
સંદર્ભ : કચ્છના કડવા પાટીદારના ઈતિહાસના પેજ નં. ૧૯
પ્રકાશક : અ.ભા. ક. કડવા પાટીદાર સમાજ

KKP Gnati's history should not be confused with KKP Sanatan Gyanti's history and ABKKP Samaj history.

Bhumika is from Satpanth KKP Gyanti, thus can be said that she belongs to KKP Gyanti



૨૦૦૯માં જ્ઞાતિમાં પ્રથમ IRS થનાર ભૂમિકા પોકાર

કુ. ભુમિકા પોકારનો ઉલેખ. કચ્છના કડવા પાટીદારના ઈતિહાસના પા.નં. ૧૪૯/૧૫૦ ફોટા સહીત આપેલ છે તેમનાં પિયર અને સાસરા પણ સતપંથમાં છે તેમ છતાં આ ઈતિહાસની સમિતીના સભ્યોએ આ સંપ્રદાયની ચળવલ વખતે આ છાપવાનું કારણ શું? પોતાનું સારૂં લગાડવા માટે કે પાટીદારની દીકરી છે તે માટે.

દરેક સંસ્થામાં જાગૃતિ હોવી ખાસ જરૂરી છે, જ્યાં જાગૃતિ નહિ હોય ત્યાં દરેક સંસ્થામાં અનિષ્ટ તત્વો દાખલ થશે અને સજ્જન માણસો વિદાય લેશે...

વાસ્તવિક પુરાવા...



ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે આ બંને સંતોની ઉપસ્થિતિ અને જ્ઞાનપૂર્ણ પ્રવચનો જ્ઞાતિજનોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડતા. સંતશ્રી

રોનો ઈતિહાસ 146

ઓધવરામજી મહારાજ એવું માનતા કે જેઓ હજુ સનાતન ધર્મમાં નથી આવ્યા તેમને તરછોડવાને બદલે પ્રેમથી સમજાવવા જોઈએ તો ધીરે-ધીરે બધા જ સનાતન ધર્મ તરફ વળશે.

સાબરકાંઠાના ભાઈઓના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા અને જ્ઞાતિને એક નેજા હેઠળ સંગઠિત રાખવા સંતશ્રી ઓધવરામજી મહારાજે ઉધ્ધવ આશ્રમ વાંઢાયમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ કરાવ્યુ. જે સનાતન ધર્મ જાગૃતિનું કેન્દ્ર સ્થાન બન્યું.

Its a sound strategy to win Satpanthis over to bring them to Sanatan Samaj

Nothing to do with membership.

ઉપરોક્ત વાલદાસજીવાણીમાં સ્પષ્ટ લખેલ છે, હાલે કોઈ સંપ્રદાયન તરછોડવા કરતાં ભણતરમાં વધારે ધ્યાન આપવાથી સુધરી જશે, આ સંતોની વાણીનો આજે જાગતો જીવતો પૂરાવો છે, જે હવે તો ગણ્યાં ગાંઠ્યા સતપંથ સમાજમાં રહેલા છે.

કડવા પાટીદાર ઈતિહાસના પા. નં. ૧૪૬-૧૪૭ પરથી.

પ્રકાશક : શ્રી અ.ભા.ક. કડવા પાટીદાર સમાજ



ડાહ્યાભાઈ પટેલ
પ્રમુખશ્રી (યુથ સોસાયટી)

પાછળ થતો વધારાનો ખર્ચ જાહેરાત દ્વારા મેળવવામાં આવે છે.

મારે આ તબક્કે સ્પષ્ટ કરવું છે કે **"પાટીદાર સંદેશ"** શરૂઆતથી જ કેન્દ્રિય સમાજની નીતિને અનુસરતું આવ્યું છે.' આમ છતાં દુર્ભાગ્યે એકાદ આંગળીના વેઢે ગણી શકાય તેટલા મિત્રો દ્વારા **"પાટીદાર સંદેશ"** સામે દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જો કે અમે અમારા આ **"શુભેચ્છક મિત્રો"**ને જવાબ આપીને અમારી શક્તિનો વ્યય કરવાનું ઉચિત માનેલ નથી. **"પાટીદાર સંદેશ"**ના જાન્યુઆરી, ૨૦૧૦ના અંકમાં આપણી કેન્દ્રિય સમાજે એક નિવેદન છપાવીને **આપણી સમાજ બિનસાંપ્રદાયિક છે અને કચ્છ કડવા પાટીદાર સમાજનો કોઈપણ નાગરિક તેનો સભ્ય થઈ શકે તેવું જાહેર કરેલ.** આથી અમોએ પણ તેને અનુસરીને બિનસાંપ્રદાયિક વલણ લીધેલ અને ત્યાં સુધી સમાજમાં પ્રવર્તમાન તમામ સંપ્રદાયના સમાચારો અને જાહેરાત છાપવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ તેના બે માસ બાદ તા. ૨૫મી માર્ચ, ૨૦૧૦ના રોજ કેન્દ્રિય સમાજે શ્વેતપત્ર બહાર પાડ્યું. તેમાં તેમણે સનાતની વિચારધારા અનુસરવાનો નિર્ણય કર્યો. **"પાટીદાર સંદેશ"**એ કેન્દ્રિય સમાજના આ આદેશનો સૌ પ્રથમ અમલ કરીને માત્ર સનાતની વિચારધારાના સમાચારો જ પ્રકાશિત કરવાનું રાખેલ છે. આમ અમે અમારી નીતિને ખૂબ જ સ્પષ્ટ અને પારદર્શક રાખેલ હોવા છતાં અમારા **"શુભેચ્છક મિત્રો"**એ **"પાટીદાર સંદેશ"** સમાચાર પત્રને બદનામ કરવાન કોઈ પ્રયાસો બાકી રાખેલ નથી.

Patidar Sandesh, a new media group, too accepted the fact that Samaj is Sanatani. They did not raise any objection

નવેમ્બર - ૨૦૧૨ પાટીદાર સંદેશના અંકમાંથી

ડાહ્યાભાઈ પટેલના પ્રમુખસ્થાનેથી જાન્યુઆરી - ૨૦૧૦ના અંકમાં રામજી કરમસી અન્ય સમાજોની જેમ આ સમાજ પણ બિન સાંપ્રદાય છે. એવું જાહેર કરેલ છે. આ ટ્રસ્ટમાં પાટીદાર સમાજનો કોઈપણ વ્યક્તિગત સભ્ય બની શકશે. તો પછી બે મહિનામાં સંપ્રદાયીક સમાજ કેમ બન્યો.

It is accepted, on record, by Ramji Karamshi that his 2010 statement was erroneous and based on wrong facts.

He later release White Paper clarifying entire position.

કમેટીના પ્રમુખ શ્રી દુર્ગાપુરના મુખી શ્રી લાલજી કરશન તથા નીચે સહીઓ કરનારા કમેટીના મેહમ્બરો.

વિથોણ તા. ૨૨-૪-૧૯૬૦

આજે ગામશ્રી વિથોણ મધે સમસત કચ્છના પાટીદારો ભેગા મળ્યા હતા. અને તેમાં પાટીદાર ભાઈઓના બન્ને પક્ષના મતભેદોનું નિરાકરણ કરવા અંગે નીચે મુજબના ભાઈઓને ચુંટવામાં આવ્યા છે.

૧	શીવદાસ કાનજી	વિરાણી	૧૨	લાલજી કરશન	દુર્ગાપુર
૨	શીવજી રાજા.	દુર્ગાપુર	૧૩	ખેતા કરમશી	[illegible]
૩	હીરજી ગોપાલ	રસલીયા	૧૪	દાના વસ્તા	ખોંભડી
૪	વિશ્રામ કાનજી	દેસલપુર	૧૫	શીવદાસ સુનજી	રોડીયા
૫	માવજી જેઠા	નાગપુર-કોટડા	૧૬	પ્રેમજી કરમશી	કરબોઈ
૬	કરશન ભીમજી	કોટડા	૧૭	પ્રેમજી કુરસન	રાજપુર
૭	પરબત લખુ	મથલ	૧૮	બધીજી હંસરાજ	માધાપુર
૮	ખીમજી કચરા	રવાપર	૧૯	પ્રેમજી પુંજા	વિથોણ
૯	કરમશી હીરજી	મમાઈમોરા	૨૦	વિશ્રામ હીરજી	માનકુવા
૧૦	નથુભાઈ નાનજી	નખત્રાણા	૨૧	જીવરાજ રતના	કોટડા
૧૧	સેંગા દેવશી	કલ્યાણપુર			

એ રીતે ઉપર મુજબના ભાઈઓએ મુજબ ચર્ચા કરીને નીચે મુજબના ઠરાવો પસાર કર્યા છે.

ઠરાવ

1. ગામ નખત્રાણા મધે જે કાકાની પાઘડી લેવાના સંબંધે નખત્રાણાના એક ભાઈએ જે વેર વરતુણ કરેલ છે તેને આ સભ્યોએ દુઃખનો વિષય હોઈ અને ફરી આવુ ન બને તે માટે આ કમેટી ગામ શ્રી નખત્રાણાના આગેવાનોને વિનંતી કરે છે. અને કાકાની પાઘડીને નખત્રાણામાં છે તે નખત્રાણાના ભાઈઓએ મંજીકુવા સંતપથ પાટીદાર ભાઈઓને પોચાડી આવવી.

2. પાટીદાર સમાજમાં જે ધર્મ બાબતુમાં જુદા પંથો છે. તેમાં કોઈપણ પંથ વાળા એક બીજાના ધર્મ પ્રતે ખોટી દખલગીરી કરવી નહી તેમ કોઈપણ સાધુ આવે જાય તેને ખોટી રીતે કનડગત કરવી નહી.

3. કચ્છમાં આપણી નાતની પાટીદાર વાડીઓ છે તેમાં આપણી કોમના પાટીદાર ભાઈઓ સિવાયના કોઈપણ ભાઈઓને ઉતરવા આપવુ નહી તેમા કોઈ સાધુ પાટીદાર નાતીનો હોય તો તેને ઉતરવાની છુટ આપવી.

4. શ્રી નખત્રાણા મધે પાટીદાર બોર્ડીંગની ઉદઘાટન વિધી માસ મે. માં તારીખ ૯ થી ૧૦ તથા ૧૧-૫-૬૦ ના થવાની છે તેમાં આપણી જ્ઞાતીના ધારા ધોરણ તેમજ રીત રીવાજ નવેસરથી ઘડવાના છે. તે માટે જે નિર્ણય લેવાય તે આપણે માન્ય રાખવા અને દરેક ભાઈઓએ તન મન અને ધન નો ફાળો આપવો એ રીતે આજની આ કમેટી ઉપર મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરે છે.

This is not about ABKKP Samaj.
These decisions of local samajs of Nakhtrana, taken from time to time.

The author has smartly used "Nakhtrana" to confuse unknowing people by falsely creating a impression that Nakhtrana Samaj = ABKKP Samaj

તા. ૨૨-૪-૧૯૬૦ના વિથોણ ગામે બન્ને પક્ષોનું સમાધાન

॥ શ્રી ઉમિયાએ નમઃ ॥ (Trust Regd No A-828 Kutch Dt 6-4-1965)

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan NAKHATRANA - Kutch PIN 370615 Phone (02835) 222149, 292700, Fax : 221049

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ, પીન : ૩૭૦૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦, ફેક્સ : ૨૨૧૦૪૯

Web : www.kkpsamaj.org ⁘ E-mail kkpsamaj@in.com

પત્ર ક્રમાંક :

તારીખ :૩૧/૦૩/૨૦૧૦

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના જ્ઞાતિજનો જોગ

નમ્ર નિવેદન

વ્હાલા જ્ઞાતિજનો,

આપ સૌને જણાવવાનું કે આપણા સમાજમાં કેટલાક સમયથી અસમજતા પ્રર્વતતી હતી. આના માટે સમાજમાં થતા નિવેદનો અને સમાજમાં થયેલ કેસોને જવાબદાર ગણી શકાય.

આવા કારણોથી સમાજની સંગઠીતતા જોખમાતી હોય તેવું તથા વાતાવરણ બગડતું હોય એવું અમોને જણાયું અને સમાજનું વાતાવરણ ન બગડે તથા સમાજમાં એકવાયતા જળવાય એ માટે સમાધાન સમિતિ પ્રયત્નો કરી જ રહી હતી તેવા સમયે તા. ૨૭/૨/૨૦૧૦ ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન ઘટેલ અઘટીત ઘટનાના અનુસંધાને એક અગત્યની તાત્કાલીક કારોબારી સભા તા. ૨૫/૩/૨૦૧૦ રોજ બોલાવામાં આવેલ જેમાં સર્વાનુંમતે એક **શ્વેત પત્ર** જાહેર કરવામાં આવ્યું જે આપ સૌના ઘ્યાનમાં છે અને આ સાથે સામેલ છે.

સમાજ દ્વારા બહાર પાડવામાં આવલે શ્વેત પત્ર પ્રમાણે આપણે સૌએ અનુસરવાનું છે અને સમાજે નક્કી કરેલ જ્ઞાતીના બધાજ રીતરિવાજોનું પાલન આપણે સૌએ કરવાનું છે. સમાજમાં કોઈ પણ જાતના વાદ વિવાદ ના ઉભરે અને સાંપ્રદાયિક ભેદ ભાવ ભુલી આપણે સૌ ખંભેથી ખંભા મીલાવી સમાજે નક્કી કરેલા નિયમોનું પાલન કરવું અને કરાવવાનું છે.

આપ સૌને મારૂં નમ્ર નિવેદન છે કે આપ સૌ અફવાઓ થી સાવધાન થઈ સમાજના આદેશને ઘ્યાનમાં લઈ સ્વર્ણિમ મહોત્સવના કાર્યમાં જોડાઈ જવાનું છે અને આપની સમાજનો સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાનું ભગીરથ કાર્ય આપણે સૌ સાથે મળી ને કરવાનું છે.

સમાજમાં સ્થાનિક કક્ષાએ જે ઠરાવો કરી આપશ્રીઓએ કેન્દ્રીય સમાજને મોકલાવેલ છે તેને અમોએ ઘ્યાને લીધેલ છે. હવે તેવા ઠરાવોને રદબાતલ સમજી સૌ જ્ઞાતિજનોએ અનુસરવાનું છે.

સ્વર્ણિમ મહોત્સવ આયોજન સમિતિએ નક્કી કરેલા તેમજ આગોતરા આમંત્રણ પત્રિકામાં જેમનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવાં (સ્પોન્સર) દાતાશ્રીઓ લેવાના બાકી છે. સમાજના આવા અનમોલ અવશરે આપનો આર્થિક સહયોગ આપી સમાજ વિકાસમાં સહભાગી બનશો તેવી નમ્ર વિનંતી.

સાથે–સાથે દરેક ઝોનને રૂપીયા ૧૦૦૦ ની સ્વર્ણિમ સહયોગ નિધીની કુપનો મોકલાવેલ છે તેની યોગ્ય વિતરણ વ્યવસ્થામાં સહયોગ આપી વહેલી તકે દરેક ઝોન નખત્રાણા કાર્યાલયને જાણ કરશો. આપના વિભાગ માંથી મોટી સંખ્યામાં લોકો આપણા સ્વર્ણિમ મહોત્સવમાં ઉપસ્થિત રહે તેવા આપને મળેલા આગોતરા આમંત્રણનો પ્રતિસાદ શ્રી સમાજને મળે તેવા પ્રયાસ કરશો.

આપસૌ ઉત્સવમાં ભાગ લેવા ઉત્સુક છો તેની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. આપની અનુકુળતા મુજબની સેવા આપ તથા આપના વિભાગ માંથી મળી રહે તેવા સેવા ભાવી લોકોને પ્રસંગથી અગાઉ પધારવા આપના ઝોન અને સમાજોને વિશેષ વિનંતી.

રામજી કરમશી નાકરાણી

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી

પ્રમુખશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

According to Shwet Patra (White Paper) ABKKP Samaj is of Sanatanis.

"Sampraday" = sect of Hindu religion and not sect of Islam.

Satpanth is a sect of Islam.

Hence this letter is in order

Gangaram H. Patel
Mob. : 9311251090
9428565001

OFFI. : 1/34, W.H.S. KIRTI NAGAR,
NEW DELHI -110 015
TEL. : 25111022, 25421998, 4142038
FAX : 25467220
RESI. : C-123, Mansarover Garden,
New Delhi-110 015
TEL. : 41099494

This letter lacks any date. How can this be said as "proof"

વહાલા જ્ઞાતિ જનો,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ જેને આપણે કચ્છના કડવા પાટીદારો કેન્દ્રીય સમાજ તરીકે ઓળખીયે છીયેં. શ્રી સમાજનો સુવર્ણ જયન્તિ મહોત્સવ ઉજવવા જઈ રહયા છીયેં. મહોત્સવનો ઉદઘાટન સમારોહ તા. ૨-૪-૦૯ ના ઉમીયા માતાજીના સાનિધ્યમાં વાંઢાય મુકામે વિશાળ જન સમુદાયની હાજરીમાં ઉજવ્યો. આપણે શ્રી સમાજનો સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાજઈ રહયા છીયેં ત્યારે આપણા વડિલોએ કઈ પરીસ્થીતિમાં શ્રી સમાજની સ્થાપના કરી અને તેના ઉદ્દેશ્યો ને નજર સમક્ષ રાખી આપણે આગળના કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. સમાજમાં પ્રવર્તિત સમસ્યાઓ પર પણ ધ્યાન દેવું જોઈએ તેના ઉકેલ કરી ભવિષ્યના કાર્યક્રમ ગડવા જોઈએ. સૌ પ્રથમ શ્રી સમાજની સ્થાપના કેવા કપરા કાળમાં આપણા વડીલોએ કરી કરી તેના ઉપર નજર કરસું.

This means that the founders of ABKKP Samaj were revolutionaries who lead the movement against Satpanth Religion and built Laxminarayan Temples of Hindu Religion

શ્રી સમાજની રચના ૧૯૬૦ માં કરી તે વખતે અને તેના થી પહેલાં જ્ઞાતિમાં ધાર્મિક ચળવળ ચાલતી હતી, જેની શરૂઆત નારાણજી રામજી લીમ્બાણીએ કરી હતી. પાછળથી શ્રી ઓધવરામ મહારાજનાં આશીર્વાદથી શ્રી રતનસી ખીમજી વીરાણી વાળા ભગવાન લક્ષ્મી નારાયણના મંદિરોની સ્થાપના ની ચળવળ ચલાવતા હતા ગામોગામ ભગવાનનાં મંદિરોની સ્થાપના થવા લાગી. આ વખતે ઓધવરામ મહારાજને લાગ્યું કે પાટીદાર જ્ઞાતિમાં એજ્યુકેશનનો અભાવ છે, તો ભણતર માટે જાગૃતિ આવે અને ગામડાના વિદ્યાર્થીને સગવડ મળે તે માટે જ્યાં હાઈસ્કુલ હોય ત્યાં છાત્રાલયની સગવડ ઉભી કરવાની સલાહ આગેવાનોને આપી. સૌ પ્રથમ સાબરકાંઠા વિસ્તારના આપણા વડિલોએ મહારાજના વિચારોને અમલમાં મુકી ધનસુરા મુકામે વિદ્યાર્થી છાત્રાલય બનાવ્યું. ત્યાર બાદ કચ્છનાં આગેવાન વડિલોને પણ લાગ્યુંકે એજ્યુકેશન માટે કંઈક કરવું જોઈએ. સને ૧૯૫૭ માં શ્રીમાન પરબત લખુ પોકાર મથલ વાળાના પ્રમુખ પદે એક એડહોક સમિતિની રચના કરી નખત્રાણા ખાતે વિદ્યાર્થી છાત્રાલય માટે પ્રયત્ન કર્યા. સરકારશ્રી પાસેથી કે. વી. હાઈસ્કુલની પાસે જમીન મેળવી બોર્ડિંગ બનાવવાની શરૂઆત કરી. વડિલોએ ભારતભરની યાત્રા કરી ફંડ એકત્ર કર્યુ. આર્થિક ક્ષેત્રે આપણી જ્ઞાતિ તે વખતે પછાત હતી છતાં નાની નાની રકમ મેળવીને જ્ઞાતિમાં એજ્યુકેશન માટે જાગૃતિ આવે તેના માટે પ્રચાર કર્યો અને ૧૯૬૦ માં છાત્રાલયનું બાંધકામ પુરૂં થતાં ઉદઘાટન સમારોહનું આયોજન કર્યુ. બોર્ડિંગના ઉદઘાટન સાથે જ્ઞાતિનું અધીવેશન ભર્યુ. અધીવેશનમાં જ્ઞાતિના રીત રીવાજનું બંધારણ પસાર કરી જ્ઞાતિમાં સંગઠનની ભાવના ઉભી કરી તે સાથે એજ્યુકેશન વધારવાના ઉદ્દેશ્ય સાથે શ્રી સમાજનું બંધારણ પાસ કરી શ્રી સમાજની વીધીસર સ્થાપના કરી. તે સંસ્થાને આજે આપણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરીકે ઓળખીએ છીએ. આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય એજ્યુકેશન માટે જાગૃતિ આવે તે હતો. શ્રી સમાજના કાર્યકર્તા સાજ સુધી તે ઉદ્દેશ્યને ધ્યાનમાં લઈ કાર્ય કરતા આવ્યા છે. તેના પરીણામ સ્વરૂપે આજે આપણા પાસે નખત્રાણામાં વિદ્યાર્થી છાત્રાલય અને કન્યા છાત્રાલય, ભુજમાં વિદ્યાર્થી છાત્રાલય તથા કન્યા છાત્રાલય અને હાઈસ્કુલ, તથા જીલ્લા મથક અને રેલ્વેની અવરજવર માં સગવડ મળે તેના માટે સમાજવાડી છે. માંડવીમાં પણ દીકરા-દીકરી માટે અલગ છાત્રાલય અને સમાજવાડીની વ્યવસ્થા છે. ગાંધીધામમાં સમાજવાડી, વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાર્થી હોસ્ટેલ છે. આ પ્રવૃતિને વેગ આપવા ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરી. બોર્ડિંગની

Gangaram H. Patel
Mob. : 9311251090
9428565001

OFFI. : 1/34, W.H.S. KIRTI NAGAR,
NEW DELHI -110 015
TEL : 25111022, 25421998, 41420381
FAX : 25467220
RESI. : C-123, Mansarover Garden,
New Delhi-110 015
TEL. : 41099494

--: 2 :--

સાથે સ્કુલના સંકુલ બનાવવાનુ વિચાર્યુ. પ્રથમ સંકુલ સુરત ખાતે શરૂ પણ કરી દીધું છે. બીજા શહેરોમાં જમીન માટેના પ્રયત્નો ચાલુ છે. અમદાવાદ ખાતે ભાડાના મકાનમાં છાત્રાલય શરૂ થઈ ગયું છે. આ બધી કાર્યવાહી સાથે સામાજીક જાગૃતિ આવી ભારત ભરની સમાજોને જોડી સંગઠન વધારવા જોન પ્રથા અમલમાં મુકી. જ્ઞાતિના આર્થીક ક્ષેત્રે નબળા પરિવારોના બાળકો માટે ઉચ્ચ અભ્યાસમાં મદદ કરવા માટે શિક્ષણ નીધી ઉભી કરી આટલા સારા કાર્યક્રમ કરતાં કરતાં સમાજના પચાસ વરસ નીકળી ગયાં આજે આપણે શ્રી સમાજની સુવર્ણ જયંતી ઉજવવા જઈ રહયા છીએ અને સાથે આવતા પચાસ વરસમાં સમાજને કઈ દીસા તરફ લઈજવી છે તેના કાર્યક્રમ ઘડવા છે. આ પ્રસંગે આપણે સૌ સાથે મળી આપણા વડિલોની દુર દર્શીતા નજર સમક્ષ રાખી શ્રી સમાજની આવતા સમયની જરૂરીઆતો મુજબના કાર્યક્રમ બનાવી શ્રી સમાજને વિજય પથ પર આગળ ધપાવીએ. શ્રી સમાજનો વિકાસ થઈ રહયો છે પણ સમાજના આગેવાન કાર્યકર્તા અનુભવી રહયા છે કે અમુક ગેર સમજણના કારણે જોઈએ તેટલો વેગવંતો વિકાસ થતો નથી.

તો આવી ગેરસમજણો ઉપર આપણને વિચાર કરવો જોઈએ. શ્રી સમાજના આગેવાનો ને અનુભવના આધારેજે વિચારણીય વિષય લાગ્યા તેમાં મુખ્ય વિષય સંપ્રદાયવાદ લાગ્યો છે. તો ~~તેઓએ~~ તેની ઉપર ગંભીરતાથી વિચારવું જોઈએ. આપણા વડિલોએ જ્યારે આ સમાજની રચના કરી ત્યારે તેમાં કયાંય સંપ્રદાયને સ્થાન આપ્યું નથી, સમાજમાં પ્રવર્તતા કોઈ સંપ્રદાયને ધ્યાનમાં રાખી સમાજની રચના કરવામાં આવી નથી. કોઈ પણ સંપ્રદાય પાળતા કચ્છના કડવા પાટીદારના સ્ત્રી કે પુરૂષ ને શ્રી સમાજના સભ્ય બનવાનો અધીકાર છે. સમાજના ઉદેશ્યમાં પણ સંપ્રદાયને સ્થાન નથી આજસુધી જેટલા છાત્રાલયો કે સમાજવાડી બની તેનો ઉપયોગ પણ સમગ્ર કચ્છના કડવા પાટીદાર કરે છે તેમા પણ કયાંય સંપ્રદાય પૂછવામાં આવતો નથી. છતાં આજે આપણી જ્ઞાતિમાં પળાતા સંપ્રદાયોમાં બે મુખ્ય સંપ્રદાય લક્ષ્મીનારાયણના મંદિરને માનતા સનાતની ભાઈઓ અને નીષ્કલંકી નારાયણને માનતા સતપંથી ભાઈઓમાં આ સમાજ માટે ગેર સમજણ છે. સનાતની ભાઈઓ સમાજને સનાતની સમાજ સમજે છે. સાથે સતપંથી ભાઈ પણ ઓછી સંખ્યાને કારણે સમાજનાં કાર્યકર્તાઓમાં સખ્યાના હિસાબે ઓછું સ્થાન મળે છે તેથી તેઓ પણ આ સમાજ સનાતન વાળાનો છે એવું માનતા થયા છે, આના કારણે સમાજનો વિકાસ રૂધાય છે. થોડીક ગંભીરતાથી આ બાબત વિચારસું તો આપણે સાચી પરિસ્થિતી સમજી સકસું, આપણે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાં નજર કરસું તો ઘણા સંપ્રદાયમાં આપણે વિભાજીત છીએં અને બધા સંપ્રદાયના પોતાના સંગઠન સંસ્થાઓ છે, તે સંપ્રદાય માટે કાર્ય કરે છે અને બધાનો પોતાના સંપ્રદાય માટે કામ કરવાનો હક છે, તેના કાર્યમાં કેન્દ્રિય સમાજ કયારે પણ દખલ કરતો નથી. કેન્દ્રિય સમાજનો હેતુ એજ્યુકેશન અને સંગઠન નો છે, અને તેના આધારે સમાજ સંગઠન અને એજ્યુકેશનનો વ્યાપ વધારવાનો છે, આપણા વડિલોના ઉદેશ્યને પાર પાડવા સાથે મળી કાર્ય કરીએ છીએ. કેન્દ્રીય સમાજના જોન અને જોનમાં નાની મોટી સમાજોમાં કંયાય સંપ્રદાયવાદ નથી બધા હળી મળીને કાર્ય કરે છે અને વિકાસ પણ કરે છે. તો કેન્દ્રીય સમાજમાં વાદ સા માટે, આપણે સાથે મળી સંપ્રદાયવાદ કે પાંચાડા વાદ ને દુર કરી કાર્ય કરસું તો

See Page 17 of this book. Sampraday was never a problem. Religion was and is.

Satpanthis have misunderstanding

Later on when, Gangarambhai the writer of this letter, clarified his stand, that is ignored in this book.

Gangarambhai has clarified umpteen number of times that ABKKP Samaj is of Sanatanis Only. He infact was head of a delegation before Umiya Mataji Unjha on this matter.

Gangaram H. Patel
Mob. : 9311251090
9428565001

OFFI. : 1/34, W.H.S. KIRTI NAGAR,
NEW DELHI -110 015
TEL : 25111022, 25421998, 41420381
FAX : 25467220
RESI. : C-123, Mansarover Garden,
New Delhi-110 015
TEL. : 41099494

--: 3 :--

સમાજના વિકાસને વેગ મળસે તો આપણે સૌ સાથે મળી આ વિવાદોને તીલાંજલી આપી સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવીએ અને આવતા પચાસ વરસના વિકાસ અને સંગઠનના કાર્યક્રમ બનાવી સમાજને સાચી દીસા આપવાની આપણી ફરજ અદા કરીએ. વડિલો થી મળેલ સંસ્કૃતિ અને સંગઠનનો વારસો સાચવી આજ સુધી એક આદર્શ સમાજનો મોભો રહયો છે તેને ટકાવી રાખવા કટીબંધ થઈયે.

આજના કંપ્યુટર યુગ બહુ ફાસ્ટ ચાલી રહયો છે અને તેના કારણે જનરેશન ગેપ વધી રહયો છે આવા સમયે આપણે વડિલો અને યુવક સંઘના કાર્યકર્તા સાથે મળી ખુબજ ગંભીરતાથી આપણી સંસ્કૃતિનું જતન કરવાની વિચારણા કરવાની જરૂરત છે. આપણી સંસ્કૃતિમાં ભાગેડુ લગ્ન અને સગપણ સમસ્યા અને સમાજના જન્મથી મરણ સધી એકજેવા ધારાધોરણ તીરાડ પાડી રહયા છે. આ તીરાડ પાટવાની આપણી સામુહીક જવાબદારી છે, જે સમાજ પોતાની સંસ્કૃતિ નથી સાચવી શક્યો તે સમાજનું અસ્તીત્વ ટકી શક્યું નથી તો આ બધી બાબતો ગંભીરતાથી લઈ શ્રી સમાજને પ્રગતિના પંથે લઈ જઈએ, સંગઠન વધારવા આપણે સૌ કેન્દ્રીય સમાજના આજીવન સભ્ય બનીએ, સમાજની વસ્તી પ્રમાણે કેન્દ્રીય સમાજનું સભ્ય બળ ઓછું છે તો અવસરે આપણે ૧૮ વરસ થી ઉપરના બધા સ્ત્રી - પુરૂષ આદર્શ સમાજના જવાબદાર સભ્ય બનીએ. ભારતભરમાં ફેલાયેલ સમાજની જરૂરતો એજ્યુકેશન દ્વારા પુરી કરવા કટી બંધ થઈએ. વધારે વસ્તી ધરાવતા વિભાગોમાં એજ્યુકેશન સંકુલ ઉભા કરી તેના આધારે સંગઠીત રહીએ અને સંકુલો દ્વારા સંસ્કૃતિ સાથે એજ્યુકેશન આપી નવી પેઢી તૈયાર કરીએ. દુનિયામાં નજર કરસું તો ગણી સંસ્થાઓ પોતાની સંસ્કૃતિનો વ્યાપ વધારવા માટે વિધ્યા સંકુલોનો આસરો લીધો છે. ક્રીસ્થન સમાજ હોય કે પછી સનાતન ધર્મ સભા કે પછી શીખ સમુદાય જેવી સંસ્થાઓ હોય બધા પોતાની સ્કુલો અને કોલેજો દ્વારા પોતાનો વ્યાપ વધાર્યો છે. તો આપણે પણ એ રસ્તે અગ્રસર થવા કટીબંધ થઈએ. શ્રી સમાજ પાસે સીમીત સાધન હોવા છતાં સમાજના જરૂરતમંદ ભાઈ-બહેનોના સંકટમાં સહભાગી બનવાની કોશીસ કરી છે. સુવર્ણ મહોત્સવ પ્રસંગે સમાજને સમૃધ્ધ બનાવી વધારે જરૂરતમંદની જરૂરીયાત પુરી પાડવાના હેતુ પાર પાડીએ. સમાજની ત્રણ પાંખ શ્રી સમાજ, યુવાસંઘ અને મહીલા સંઘનું સંકલન સાધી સામુહીક વિકાસનો માર્ગ પકડી આગળ વધીએ. એજ અભ્યર્થના.

એજ લી. આપનો
ગંગારામભાઈ હીરાલાલભાઈ સાંખલા

This letter is not even signed.

સુવર્ણજયંતિ મહોત્સવ અંતર્ગત સમાજ સંપર્ક યાત્રા અને પછી

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તા.૩૦-૦૫-૨૦૦૯ના રોજ સુવર્ણજયંતિ મહોત્સવ સમીતીની મળેલ મીટીંગમાં લેવાયેલા નિર્ણય મુજબ સુવર્ણજયંતી મહોત્સવ ૨૦૧૦માં ઉજવવાનો હોવાથી ભારતભરમાં વસતા આપણાં સમાજના ભાઈઓની રૂબરૂ સંપર્ક કરવા સુવર્ણ જયંતિ મહોત્સવનો સંદેશ ઘેર ઘેર પહોંચતો થાય સુવર્ણ જયંતિ મહોત્સવ અંગેના સુચનો વિચારો જાણવા તથા માર્ગદર્શન મેળવવાના શુભ આશયથી સમાજની ૩ ટીમો બનાવવામાં આવી. (૧) શ્રી સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ નાકરાણી (૨) સુવર્ણ જયંતિ મહોત્સવ ચેરમેન શ્રી ગંગારામભાઈ સાંખલા (૩) શ્રી સમાજના માજી પ્રમુખશ્રી વાલજીભાઈ વાડિયાના નેતૃત્વમાં આવી ૩ ટીમોએ સમગ્ર ભારતભરનો પ્રવાસ ખેડી સમાજના સભ્યો પાસેથી સુવર્ણજયંતિ મહોત્સવ કેવી રીતે ઉજવવો તેવા વિચારો લીધા હતાં. અને સમાજે આ મહોત્સવ કઈ રીતે ઉજવવો જોઈએ તેની જાણકારી દરેક સભામાં આપતાં હતાં. સમગ્ર ભારતભરમાંથી કોઈપણ જગ્યાએથી સંપ્રદાયવાદ વિશેષ કરીને સતપંથ સનાતનવાદીની વાત ક્યાંય કરતાં ક્યાંય કરવામાં આવી નહોતી. આપણે સૌ સંગઠીત થઈ આપણો સૂવર્ણજયંતી મહોત્સવ ભવ્યાતીભવ્ય રીતે ઉજવવાનો છે. એવા વિચારો વચ્ચે સહેજે સવાલ થાય કે આ સમયે સતપંથ સનાતનનો ડખો આવ્યો ક્યાંથી.

આના કારણોમાં જઈશું તો જણાશે કે સૂવર્ણજયંતિ મહોત્સવ સુખરૂપ ભવ્યતાથી સારી રીતે ઊજવાઈ જાય અને તેનો યશ પ્રમુખશ્રી તેમજ તેમની ટીમને ફાળે જાય એવું અમુક વ્યક્તિઓને ગમતું નહિ હોય એટલે સૌથી હાથવગું સાધન જેનાથી માણસોને સહેલાઈથી ઉશ્કેરી શકાય એવા મુદ્દાને લઈ અમુક તત્વો સક્રીય થયા તેઓ યેનકેન પ્રકરણે શાંતિ તથા ભાઈચારાથી આ મહોત્સવ ઉજવાય તેવું ઈચ્છતા નહોતા. મારે સ્પષ્ટ માનવું છે કે અમુક વ્યક્તિઓ જેનો હંમેશા સ્વભાવ સમાજ તોડવાનો રહ્યો છે એમણે ક્યારેય જોડવાનું કામ કર્યું હોય એવું જણાતું નથી. તેઓએ છેલ્લા વર્ષોમાં સમાજના વડિલોને ઘણા બધા અપમાનીત કરવાનાં હંમેશાં બહાના શોધ્યા છે અને સમાજના વડિલોને જાહેરમાં અપમાનિત કર્યા છે. તેમની કાગડા જેવી વાણીથી ઘણાં વડીલો ને આવો, સંઘર્ષ ગમતો ના હોવા છતા ચૂપ રહેવાનું મુનાસીબ માન્યું હતું. તેથી સમાજને એક અંધકાર યુગમાં, વિવાદીપણામાં મુકી દીધો છે.

આજે સમાજોમાં અનેક વિવાદો ઉભરી રહ્યાં છે. સમાજ કોઈ વિકાસના કામો કરી શકતી નથી. ફક્ત કોર્ટ કેસોમાં અટવાઈ ગયા છે. અને તેમાં લાખો રૂપિયાના ખર્ચાઓ થઈ રહ્યા છે. સમય અને પૈસાનો બગાડ કરી સમાજની ગરીમાને ધુળધાણી કરેલ છે. છતાંય સમાજના આગેવાનો હંમેશાં સમાજમાં ભાઈચારો સંપ બની રહે, તે માટે સતત પ્રયત્નો કરતાં રહ્યાં હતાં. અને તે માટેની વિગતવાર આ બુકમાં પાછળના ભાગે પુરાવા સાથે સંપૂર્ણ અહેવાલ આપવામાં આવેલ છે જે શાન્તીથી, આ પુસ્તીકાને રાગદ્વેષથી જોવાં કરતાં સમાજહીતમાં જોવા અને વડીલોએ તરફથી કેટલા પ્રયત્નો કરવામાં આવ્યા છે, આવા પ્રયત્નો કરવાં છતાં શા માટે સમાજનો વિવાદ સમજવામાં આવ્યો નથી. તેના કારણો આપ બુદ્ધિજીવી વિચારજો, ક્યાંથી વિવાદનો ઉપાડો થયો છે, કોના થકી થયો છે, શા માટે થયો છે, શા કારણે આ સમાધાનો નથી થતાં. આ બધી બાબતો વિચાર માંગી લે એમ છે, આપણને વિચારવું પડશે અને સમાજ હિતમાં માણસોને બહાર આવી સાચી વાત કરવામાં કોઈ સમાજને નુકશાન ન થાય અથવા કોઈને કોઈ જાતની માનહાની ન થાય તેવો માર્ગ કાઢવો જ પડશે અને તે માર્ગ કાઢયા વગર કોઈ ઉપાય નથી. માર્ગ નીકળે અને નીકળે જ, આ બાબતમાં સમાજ કોઈપણ હોય વિવાદ ચાહે ગમે તે હોય પણ સમાજનો વિવાદ સમાધાનથી જ શોભે. બાકી તો સંપ્રદાયના એકજ હલેશારૂપી મોજાઓના તોફાનમાં કેન્દ્રીય સમાજ રૂપી નાવ ડૂબી જશે સમાજની નાવ તારવી હશે તો જલદીથી સાચી વાતો પ્રજાને સમજવી પડશે અને ત્યાર પછી પાપને પ્રકાશવું પડશે. સમાજના હિતમાં ભૂલ કબુલવી તે પાપ નથી, પણ પ્રકાશવું તો પડશે જ, મોડું કે વહેલું.

કોટડા ગામનું સમાધાન અને કોર્ટનો હુકમ

:: હુકમ ::

-૦ વાદગ્રસ્ત જગ્યા એટલે કે શ્રી કોટડા (જ.) લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ એ ૧૪૮૦ ની સ્વતંત્ર માલિકીની છે તે હકીકત પ્રતિવાદીઓ સ્વીકારતા હોઈ, પ્રતિવાદીઓએ કોર્ટમાં રજુ કરેલ દાવાઓ પરત ખેંચી લેવાં, જે અંગે ભવિષ્યનો કોઈ જ પ્રશ્ન રહેશે નથી. તેમજ ટ્રસ્ટ નં.૧૪૮૦ ની ઊમીયા ધામ સમાજવાડીમાં વાદી અને પ્રતિવાદીઓ ધાર્મિક અને સામાજિક તહેવારો સંયુકત રીતે ઉજવશે તે વાત વાદીએ સ્વીકાર કરેલી હોઈ, તેથી પ્રતિવાદીઓ તેમજ સતપંથ સમાજના અન્ય કોઈપણ વ્યક્તિઓ આ જગ્યા સમાજના કાર્યો પ્રસંગો પર ~~[illegible] તેમાં તેની~~ જંગમ મિલકતો ઠામ, વાસણો, ગાદલા, ગોદડા વિગેરે માટેનું જે ભાડું હાલે વાદી ટ્રસ્ટ લક્ષ્મીનારાયણ સમાજના ભાઈઓ પાસેથી વસુલ કરે તે જ રીતે ભાડાં ધારા-ધોરણ મુજબ સતપંથના ભાઈઓ પાસેથી વસુલ કરવા અને ભોગવટો કરવા આપવાં.

-૦ પક્ષકારોએ પોત પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

-૦ હુકમ અનુસાર હુકમનામું દોરવું.

૦૦ હુકમ આજ તારીખ ૧૬ મી માહે ડિસેમ્બર સને ૨૦૦૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

નખત્રાણા-કચ્છ.
તા. ૧૮/૧૨/૨૦૦૪.

(હબીબ એસ. મનસુરી)
સીવીલ જજ (જુ.ડી.)
નખત્રાણા-કચ્છ.

કુલ શબ્દો ૨,૫૦૦
કોપીંગ ચાર્જ રૂ. —
કંપેર ચાર્જ રૂ. ૨૬૫૦
સર ચાર્જ રૂ. —
પેપર ચાર્જ રૂ. —
કુલ રૂ. ૨૬૫૦

લખનાર.
ચુકાદો બીલ કરનાર

ખરી નકલ

રજીસ્ટ્રાર કમ નાઝીર
જુનીયર ડીવીઝન કોર્ટ
નખત્રાણા-કચ્છ.

શ્રી સિવિલ જજ (જુ.ડી.) ની કોર્ટ
सत्य मेव जयते
નખત્રાણા-કચ્છ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: મુખ્ય કાર્યાલય ::
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫

:: Head Office ::
Patidar Vidhyarthi Bhavan
Nakhatrana - Kutch. Pin : 370 615

પત્ર ક્રમાંક : તા. ૨૫/૨/૨૦૦૫

સામાન્ય સભા મિનીટ બુકની નોંધ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની વાર્ષિક સામાન્ય સભા તા.૧/૯/૨૦૦૪ ના પાટીદાર વિદ્યાર્થી ભવન - નખત્રાણા (કચ્છ) ખાતે કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રી વાલજીભાઈ શિવજી નાકરાણીના પ્રમુખસ્થાને મળેલ. જેમાં કોટડા(જ) ગામે સાંપ્રદાયિક વિવાદો ચાલતા હતા તેના અનુસંધાને તા.૩૧-૮-૨૦૦૪ના સમાધાન થયું અને પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું તે અંગે કેન્દ્રિય સમાજના ઉપપ્રમુખશ્રી નારણભાઈ રતનશી સાંખરાએ સભામાં નીચે મુજબની માંગણી અને પ્રસ્તાવ મુકેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ જે નીચે મુજબ છે:

(૧) કોટડા(જ) ગામના લક્ષ્મીનારાયણ સમાજે સતપંથ સંપ્રદાયના ભાઈઓ સામે અસહકાર કરેલ. જેને કેન્દ્રિય સમાજે સમર્થન આપેલ છે. તે ઠરાવો પાછા ખેંચવા અને 'પાટીદાર સંદેશ' 'પાટીદાર ગૌરવ' અને 'ઉમા દર્પણ'માં તે અંગેની જાણ કરવી.

(૨) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં આજ પછી ક્યારેય સંપ્રદાય વિશેના વિવાદો હોવા જોઈએ નહીં. અને ધર્મ સંપ્રદાય પાળવાની દરેકને છુટ હોવી જોઈએ અને આપણે સર્વે મા ઉમિયાના સંતાનો છીએ તો તેમાં સંપ્રદાયનો વાદ-વિવાદ ન હોવો જોઈએ તેવો ઠરાવ કેન્દ્રિય સમાજમાં થવો જોઈએ

(૩) કોટડા (જ.) ગામમાં દરેકને ગમે તે કોઈપણ સંપ્રદાય પાળવાની છુટ હોવી જોઈએ. અને દરેક પાટીદારે સંપ્રદાયના પ્રસંગો હળીમળીને કરવા અને તેનો ક્યારેય પણ કોઈએ વિરોધ ન કરવો. શ્રી કોટડા(જ) પાટીદાર સમાજે એક રહેવાનું છે અને તેની મિલકતોમાં દરેક પાટીદારનો હક્ક રહેશે.

(૪) કોટડા (જ.) લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજવાડીમાં યોજાતા જન્માષ્ટમી નવરાત્રી જેવા પ્રસંગોમાં સતપંથ સંપ્રદાયના ભાઈ-બહેનો પણ હળીમળીને પ્રસંગો ઉજવે તેમજ સમાજવાડીમાં લક્ષ્મીનારાયણ સમાજના ભાઈઓ જે ભાડુ ચુકવે છે એજ ધોરણે સતપંથના ભાઈઓ પાસેથી લેવાનું રહેશે. સતપંથ સંપ્રદાયના ભાઈઓએ ખરીદેલ જગ્યા ઉપર સતપંથના ભાઈઓ ધાર્મિક કાર્યક્રમો ઉજવે કે વિકાસ કરે તો લક્ષ્મીનારાયણ સમાજના આગેવાનોએ વાંધો લેવો નહી.

(૫) સોસાયટી કમિશ્નર, કોર્ટ, હાઈકોર્ટ કે પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ફરીયાદો કે દાવા અરજીઓ સંપુર્ણરીતે પાછી ખેંચાય ત્યાર બાદ ઉપરોક્ત મુદ્દાઓનું અમલી કરણ અમલમાં આવશે.

ઉપરોક્ત પ્રસ્તાવ અને બહાલી સમાજની મીનીટ બુક ઉપરથી લેવામાં આવેલ છે.

(સહી)
(હંસરાજભાઈ માવજી ભગત)
મહામંત્રી
શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ

કોટડા ગામમાં થયેલ સમાધાન

કોટડા ગામ સમાધન થયેલ તેનો આભાર

॥ શ્રી ઉમિયાય નમઃ ॥ ☎ (02835) (O.) 222149 (FAX) 221049

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ

(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: મુખ્ય કાર્યાલય ::
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫

:: Head Office ::
Patidar Vidhyarthi Bhavan
Nakhatrana - Kutch. Pin : 370 615

પત્ર ક્રમાંક : ૧૬૭૦ | તા. ૨૫/૨/૨૦૦૨

પ્રતિ,

કન્વીનરશ્રી,

શ્રી સતપંથ સમાજ સમાધાન પંચ

પ્રેરણાપીઠ - પિરાણા

જય ઉમિયા સહ જણાવવાનું કે કોટડા (જ) ગામના સાંપ્રદાયિક વિવાદો નું કેન્દ્રિય સમાજની ઉપસ્થિતિમાં સમાધાન થયેલ. તે મુદ્દાઓને કેન્દ્રિય સમાજની વાર્ષિક સામાન્ય સભામાં રજુ કરેલ. જેને સર્વાનુમતે બહાલી આપેલ. જે મીનીટ બુકની નોંધ આ સાથે આપની જાણકારી માટે મોકલાવેલ છે. જેની નોંધ લેવા વિનંતી. સમગ્ર સમાધાનમાં આપના દ્વારા તેમજ આગેવાનો દ્વારા જે સાથ અને સહકાર આપવામાં આવ્યો તે બદલ આપનો ખુબ-ખુબ આભાર.

આપનો વિશ્વાસુ

(ઈશ્વરભાઈ માવજી ભગત)
મહામંત્રી
શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ

(૪૪) ૧૦મી નવેમ્બર, ૨૦૦૯ પાટીદાર સંદેશ

કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીનું સમાજજનો જોગ નિવેદન

નખત્રાણા (કચ્છ) : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણીએ નૂતન વર્ષ નિમિત્તે સમાજજનો જોગ કરેલ નિવેદનમાં જણાવ્યું છે કે...

"આપ સૌના સાથ અને સહકારથી આપણી સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત બિઝનેશ સેમીનારો ગ્રહિણી તાલીમ શિબિરો, આરોગ્ય નિદાન કેમ્પ, સમાજ વસ્તી ગણતરી, શિક્ષણ શિબિર તથા વૃક્ષા રોપણના કાર્યક્રમો દરેક ઝોનમાં યોજાઇ રહ્યા છે. આગામી તા.૮/૧/૨૦૧૦ થી તા.૧૨/૦૧/૨૦૧૦ના રોજ હૈદરાબાદ મુકામે સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત યુવા મહોત્સવનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. તદઉપરાંત આગામી તા.૯,૧૦,૧૧ મે ૨૦૧૦ના રોજ નખત્રાણા મુકામે સુવર્ણ જયંતિ મહોત્સવ ભવ્યાતી ભવ્ય રીતે ઉજવાશે.

મહોત્સવના કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે ત્યારે સમાજમાં સાંપ્રદાયિક મતભેદો પણ ઉભરી રહ્યા છે. સમાજમાં જ્યારે કોઇ મોટો કાર્યક્રમ આવે ત્યારે આવા મતભેદ હંમેશા થાય છે અને આપણા વડિલો તેનું સમાધાન કરી કાર્ય કરતા આવ્યા છે.

નખત્રાણામાં સતપંથ સમાજના કાર્યક્રમમાં હાજરી આપતી વખતે સતપંથના આગેવાનો સાથે થયેલ ચર્ચાને અનુસંધાને સમાજમાં ચાલતા સાંપ્રદાયિક મતભેદ અને કોર્ટ કેસોના સુઃખદ ઉકેલ માટે સમાજના ઉપપ્રમુખ શ્રી નારાયણ રતનસી છાભૈયાને જવાબદારી સમાજ દ્વારા સોંપવામાં આવી હતી. તેઓ શ્રી પોતાના સાથે જેમની જરૂરત જણાઈ તેમનો સહયોગ લઈ કાર્યમાં આગળ વધતા હતા. પરંતુ તેમનું દુઃખદ અવસાન થતાં તેમના કાર્યને આગળ ચલાવવા તા.૦૬/૦૮/૨૦૦૯ના રોજ એક સમાધાન સમિતિની નિમણુંક સમાજ દ્વારા કરવામાં આવી છે. સમાધાન સમિતિ એ પોતાનું કાર્ય શરૂ પણ કરી દીધું છે. તો સમાજમાં ચાલતા બધા સંપ્રદાયના આગેવાનોને નમ્રનિવેદન કે સમાજના વરીષ્ઠ ટ્રષ્ટીશ્રી શીવદાસભાઈ ગોવિંદભાઈની આગેવાનીમાં કાર્યશીલ, સમાધાન સમિતિના કાર્યને સફળ કરવા સહભાગી થઈ સમાજના વિકાસમાં ભાગીદાર બનશો.

શ્રી સમાજના સુવર્ણ જયંતિ કાર્યક્રમ પુરતા નહીં પણ હંમેશ માટે સમાજમાં સાંપ્રદાયિક મતભેદ ન ઉભરે અને સૌ સંગઠીત થઈ સમાજ વિકાસનાં કાર્યો કરીએ, એવી મારી ભાવનાને સ્વિકારી સહકાર આપવા નમ્ર અપીલ "વિના સહકાર નહિ ઉધ્ધાર"ના સુત્રને યાદ રાખી સમાજ વિકાસમાં સહભાગી બનીએ એજ અપેક્ષા."

ખરેખર કાયરતા જેવું મોટું બીજું કોઈ પાપ નથી. કાયરોને કદી બચાવી શકાતા નથી, એ ચોક્કસ છે, એ સિવાય બીજું બધું હું સહી શકું છું, જે કાયરતાને છોડી ના શકે તેની સાથે મારે કશી નિસબત ના હોઈ શકે.

– સ્વામી વિવેકાનંદ

(૪૦) ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૦ પાટીદાર સંદેશ

કેન્દ્રિય સમાજના દ્વારેથી...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદારોં સનાતન ધર્મજાગૃતિ સમિતિ તરફથી આવેલ પત્રના ખુલાસાઓ

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યો જોગ

<u>નખત્રાણા-કચ્છ :</u> (મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણ દ્વારા)

સવિનય સાથે જણાવવાનું કે વર્તમાન સમયમાં આપણી સમાજને ૫૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તેની પૂર્વ તૈયારીરૂપે આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સમાજના દરેક ઝોનમાં સ્વર્ણિમ મહોત્સવ અંતર્ગત શિક્ષણ શિબિરો, બિઝનેશ શિબિરો, આરોગ્ય તથા ગૃહિણી તાલીમને લગતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આગામી તા. ૮-૧-૨૦૧૦ થી તા. ૧૨-૧-૨૦૧૦ સુધી હૈદ્રાબાદ મુકામે યુવા ઓલમ્પીયાડ સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત યોજાવા જઈ રહ્યો છે. સાથે સાથે સમાજમાં વૈચારિક મતભેદો ઉભરી રહ્યા છે. આવા વૈચારિક મતભેદો આપણી સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવના આયોજનમાં સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન છે. જેમાં મુખ્યત્વે સમાજના નામ અંગે તથા તેમના સભ્યપદ અંગે તથા કોર્ટ કેસો અંગેના છે.

આવા વૈચારિક મતભેદો માટે સમાજ દ્વારા એક સમાધાન સમિતિની નિમણૂંક કરવામાં આવી છે અને તેમને તેમની કાર્યવાહી શરૂ પણ કરી દીધી છે. સંપ્રદાયિક મતભેદો બાબતમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મજાગૃતિ સમિતિ, ધનસુરા દ્વારા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ભારતભરની સમાજો ઉપર પત્રો લખી અને મેગેઝીન દ્વારા જે કાંઈ પ્રચાર થઈ રહ્યો છે તેના અનુસંધાને જણાવવાનું કે આપણી સમાજના પૂર્વજોએ તા. ૧૧-૫-૧૯૬૦ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા મુકામે ઉદ્દઘાટન સમારંભ પ્રસંગે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની વિધિવત રચના કરવામાં આવી. જેમના પ્રથમ પ્રમુખ શ્રી શિવદાસભાઈ કાનજીભાઈ નાકરાણી (વિરાણી)ના અધ્યક્ષસ્થાને સમાજ ના પ્રથમ બંધારણને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તે સમયના વડીલોએ દીર્ઘદષ્ટિ રાખી કે આપણી સમાજ સંગઠિત બને શિક્ષણક્ષેત્રે આગળ વધે અને સમાજમાં ભાઈચારાની ભાવના વધે તેવા હેતુથી સમાજનું પ્રથમ બંધારણ પાસ કરવામાં આવ્યું. ત્યારબાદ જે તે વખતના હોદ્દેદારોશ્રીઓ તા. ૨૪-૮-૧૯૯૪ના રોજ મળેલ સમાજની સામાન્ય સભામાં આપણી સમાજનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ હતું તેમાં ઉમેરો કરીશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના નામથી સર્વાનુમતે બંધારણ પાસ કરવામાં આવ્યું ત્યારથી કરીને અત્યાર સુધી સમાજમાં ખૂબ જ સંપ્રદાયિક સુમેળભર્યું વાતાવરણ હતું પણ અમુક ગામોમાં સંપ્રદાયિક મતભેદો ઉભા થતા અને સતપંથ સમાજના ભાઈઓ દ્વારા કોર્ટ કેસો થવાથી તે ગામોમાં સામાજિક સુમેળભર્યું વાતાવરણ ડહોળાયું જેથી કરીને સમાજનું વાતાવરણ ન ડહોવાય તેના માટે સમાજના ભાઈઓમાં અરસ-પરસ સંપ અને સંગઠન જળવાઈ રહે તેના માટે સમાજના ઉપપ્રમુખ શ્રી નારણભાઈ રતનશીભાઈ છાભૈયા (મુંબઈ)ને સંપ્રદાયિક મતભેદોના સમાધાન માટે જવાબદારી સમાજ દ્વારા સોંપવામાં આવી. તેઓશ્રીએ કોટડા (જ.) ઘણા વર્ષોથી ચાલતા સંપ્રદાયિક મતભેદોનું સુખદ સમાધાન કરાવેલ.

તેઓશ્રીએ પોતાની સાથે જેમની જ્યાં જરૂર જણાઈ તેમને સાથે રાખી આવા મતભેદોના ઉકેલ માટે પ્રથમ મીટીંગ તા. ૧૬-૪-૨૦૦૯ના રોજ મુંબઈ મુકામે, બીજી મીટીંગ તા. ૧-૫-૨૦૦૯ના રોજ ભૂજ મુકામે, ત્રીજી મીટીંગ તા. ૨૫-૬-૦૯ના રોજ નરોડા, અમદાવાદ મુકામે બંને સંપ્રદાયના આગેવાનોને સાથે રાખીને સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા. સમાધાનની નજદીક પહોંચ્યા જ હતા તેવા સમયે આપણા કમનસીબે જે જવાબદારી નિભાવી રહ્યા હતા તેવા આપણી સમાજના ઉપપ્રમુખ શ્રી નારણભાઈ રતનશી છાભૈયાનું

(અનુ. પાના નં. ૩૭ ઉપર)

કેન્દ્રિય સમાજના દ્વારેથી... (અનુ. પાના નં. ૪૦ ઉપરથી ચાલુ)

દુ:ખદ અવસાન થયું પણ આવા મતભેદોના સમાધાનના પ્રયત્નો સમાજના વડીલો દ્વારા ચાલુ જ રહ્યા.

ત્યારબાદ તા. ૪-૮-૦૯ના રોજ અમુક સનાતની ભાઈઓ દ્વારા સંપ્રદાયિક મતભેદો અંગેનો પત્ર સમાજને મળ્યો. આ અંગે સમાજે ત્વરિત નિર્ણય લઈ તા. ૫-૮-૦૯ના રોજ સનાતની ભાઈઓ સાથે સમાજના આગેવાનોએ ખાસ મીટીંગ બોલાવી. આ અંગે યોગ્ય કરવાની સમાજના આગેવાનો તરફથી ખાતરી આપવામાં આવી.

તેના અનુસંધાને તા. ૬-૮-૦૯ના રોજ સમાજના વડીલ ટ્રસ્ટી શ્રી શિવદાસભાઈ ગોવિંદ છાભૈયાની અધ્યક્ષતામાં સમાધાન સમિતિની રચના કરવામાં આવી. તેમ થતાં તા. ૭-૮-૦૯ના રોજ સમાજની સામાન્ય સભામાં અમુક સનાતની ભાઈઓ દ્વારા પત્રનું વાંચવાનો આગ્રહ કરવામાં આવ્યો. પત્રના વાંચન પછી સનાતની ભાઈઓ તરફથી ઉગ્ર રજૂઆતો કરવામાં આવી. જેમાંથી કેટલાક ભાઈઓ તરફથી અશોભનીય ભાષા વાપરવામાં આવી. આ ઉપરાંત સમાજના આગેવાનોએ સમાધાનની ખાત્રી આપવા છતાં તેઓશ્રીના તરફથી ભારતભરની સમાજોને ટપાલો તથા મેગેઝીનો દ્વારા અહેવાલ મારફતે આપણી સમાજોમાં ગેરસમજણ ઉભી થઈ.

સમાજ તરફથી આના અનુસંધાને તા. ૮-૧૦-૦૯ના રોજ અમદાવાદ મુકામે સમાધાન સમિતિએ આવા મતભેદોનું સમાધાન થાય તેના માટે એક મીટીંગ બોલાવવામાં આવી, જેમાં સનાતની ભાઈઓને હાજર રહેવા જણાવેલ જેથી સમસ્યાઓનું સુખદ સમાધાન થઈ શકે. તેમને લેખિત તેમજ મૌખિક જાણ કરવા છતાં તેઓ અમદાવાદ ખાતે મળેલ તા. ૮-૧૦-૦૯ની મીટીંગમાં હાજર રહ્યા નહિ તે દરમ્યાન સનાતની ભાઈઓએ ધનસુરા મુકામે સનાતની ભાઈઓની મીટીંગ બોલાવેલ. તે મીટીંગમાં જે કાંઈ ઠરાવો થયા તે ઠરાવ સાથેનો પત્ર તા. ૧૨-૧૦-૦૯ના રોજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને મળેલ. તેના અનુસંધાને સમાજના આગેવાનોએ તા. ૩-૧૧-૦૯ના રોજ સુરત મુકામે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા સમાધાન સમિતિના સભ્યો સાથે મળી આ પત્રમાં જણાવેલ ઠરાવો બાબતમાં ખૂબ જ ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી.

ત્યારબાદ તા. ૧૧-૧૧-૦૯ના રોજ વિદ્યાર્થી ભવન, નખત્રાણા મધ્યે સનાતની આગેવાનો સાથે સમાધાન સમિતિની મીટીંગ મળી, જેમાં ધનસુરા મુકામે કરવામાં આવેલ ઠરાવોના ખુલાસાઓ કરવામાં આવ્યા, જેમાં પાંચ ઠરાવો પૈકી ચાર ઠરાવોમાં સંતોષકારક છણાવટ થયેલ. ફક્ત એક ઠરાવ પુરતા કોર્ટ કેસો થયા છે. તેના સુખદ સમાધાન થાય તેવા સહિયારા પ્રયત્નો કરવા તેવું નક્કી કરવામાં આવ્યું.

વિશેષમાં આપણા ઘણા બધા ગામની સમાજોમાં બંને સંપ્રદાયના મંદિરોના પ્રસંગોમાં, સમૂહ લગ્નોમાં, પરિવારના મિલનોમાં તથા ભારતભરની સમાજોમાં આવા પ્રસંગોએ સંપ્રદાયના ભેદભાવ ભુલી એક સંપથી સનાતન સમાજના ભાઈઓ તથા સતપંથ સમાજના ભાઈઓ પ્રસંગો ઉજવી રહ્યા છે. આવા દરેક પ્રસંગોમાં સંપ્રદાયિક મતભેદો નડતા નથી. પરંતુ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં સંપ સંગઠન અને સુમેળભર્યું વાતાવરણ ચાલી રહ્યું છે. તેમાં આવા સંપ્રદાયિક મતભેદો ઉભા કરી સમાજના સંગઠનને નબળું પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે તે બિલકુલ યોગ્ય નથી.

અમુક સનાતની ભાઈઓ સમાજના બંધારણના ખોટા અર્થઘટન કરીને સમાજના ભાઈઓને ગુમરાહ કરી રહ્યા છે. તેના ખુલાસા નીચે લખ્યા મુજબના છે. તે જાણવાથી આપ સૌને સમાજની વાસ્તવિકતાનો પુરો ખ્યાલ આવી જશે.

<u>બંધારણની કલમ નં. ૧ :</u> આ સમાજનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રહેશે.

<u>બંધારણની કલમ નં. ૪ :</u>સમાજના ઉદ્દેશો અને હેતુઓ - પેટા કલમ નં.-૧ સમાજના મુખ્ય ઉદ્દેશ કચ્છ તેમજ કચ્છ બહાર કોઈપણ જગ્યાએ રહેતા કચ્છ કડવા પાટીદારના ભાઈઓ તથા બહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, સંગઠન, સહકાર, શિક્ષણ અને ઐક્યતાની ભાવના વધે એવા પ્રયત્નો કરવા.

<u>બંધારણની કલમ નં. ૬ - પેટા કલમ નં. ૧ સમાજ :</u> સમાજ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

<u>પેટા કલમ નં. ૨ જ્ઞાતિ :</u> જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર અને તેના વંશજો.

<u>પેટા કલમ નં. ૩ સભ્ય :</u> સભ્ય એટલે કચ્છ કડવા પાટીદાર સમાજની પુખ્ત વયની વ્યક્તિ.

<u>બંધારણની કલમ નં. ૭ સભ્યપદ મેળવવા અંગેની યોગ્યતા અને શરતો :</u>સમાજની ૧૮ વર્ષ ઉપરની ઉંમરની કોઈપણ વ્યક્તિ ગમે ત્યાં રહેતી હોય તે આ સમાજની સભ્ય બની શકશે.

<u>બંધારણની કલમ નં. ૮ - પેટા કલમ નં. ૨ આજીવન સભ્ય :</u> એક સાથે અને એક સમયે રૂા. ૫૦૧/- આપી સમાજના આજીવન સભ્ય બની શકશે.

ઉપરોક્ત બંધારણની જોગવાઈ મુજબ ક્યાંય પણ સનાતની શબ્દ આવતો નથી જેથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજની કોઈપણ વ્યક્તિ સમાજનું સભ્યપદ મેળવી શકે છે.

નિયમ નં. ૧૯નો કેટલાક ભાઈઓ તરફથી વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. તે આ ૧૯ નંબરની બંધારણની કલમ નહિ પણ જ્ઞાતિ રીતરિવાજો અંગેના નિયમ છે. તેનું પાલન કરવું જે સમાજના દરેક સભ્યોની ફરજ બને છે. નિયમ નં.-૧૯માં જે કોઈ સામાજિક કે ધાર્મિક વાદ-વિવાદ માટે કોર્ટ કેસો ના કરવા પણ સમાજના માધ્યમથી ઉકેલવા જોઈએ પરંતુ સતપંથ સમાજના અમુક ભાઈઓ દ્વારા કોર્ટ કેસો કરવામાં આવે છે. તેને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સખત શબ્દોમાં વખોડે છે. આવા કેસોનું અરસ-પરસ સાથે બેસી સમાધાન થાય એજ સમાજ માટે ઉચિત ગણાય.

છેલ્લે આપણે સૌ સાથે મળી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો આવી રહેલ સ્વર્ણિમ મહોત્સવ ખૂબ જ ધામધૂમથી સંપ, સંગઠન અને સહકારથી ઉજવીએ. આપણી સમાજના દરેક પ્રશ્નો સૌના સહકારથી ઉકેલાતા હોય છે. વિના સહકાર નહિ ઉદ્ધારની વાતને સ્વીકારી શ્રી સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવ કાર્યક્રમ પુરતા જ નહીં પણ હંમેશ માટે સમાજમાં સાંપ્રદાયિક મતભેદો ન ઉભરે અને સૌ સંગઠિત થઈ સમાજ વિકાસના કાર્યો કરીએ.

લી.

શીવદાસ ગોવિંદભાઈ છાભૈયા
પ્રમુખશ્રી, શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
સમાધાન સમિતિ

કેન્દ્રીય સમાજે સતપંથ અને સનાતન સમાજના સમાધાન માટે નિમેલ પંચો અને કામગીરી

તા. ૦૬-૦૮-૨૦૦૯

કેન્દ્રીય સમાજમાં હાલે જે સુવર્ણજયંતિના પોગ્રામો આવે છે ત્યારે જ સાંપ્રદાયીક અસંતોષ આમને સામને ખૂબ જ વધ્યો છે. તેવા સંજોગોમાં હવે શું કરવું તેવું કેન્દ્રીય સમાજના હોદ્દેદારો તેમજ આગેવાનોએ એવું નક્કી કર્યું કે એક સમાધાન પંચની નિમણુંક કરીએ જે બન્ને પાર્ટીઓને બોલાવી અરસપરસ વાતોની આપલે કરી અને સમાધાન કરવા માટે કોશિષ કરે એવું નક્કી કરી અને એક પંચની નિમણુંક કરી, જે નીચેના નામો છે. ગંગારામભાઈ શાંખલા (ટ્રસ્ટી), શિવદાસભાઈ છાભૈયા (ટ્રસ્ટી), દેવજીભાઈ ભાવાણી (ઉપપ્રમુખ), દેવજીભાઈ માવજીભાઈ (ટ્રસ્ટી), લાલજીભાઈ ભાવાણી (ટ્રસ્ટી), દામુભાઈ ગોગારી (ઝોન પ્રમુખ-અમદાવાદ), કાન્તીભાઈ સેંગાણી (ચેરમેન, જ્ઞાતિ ટ્રસ્ટ, મુંબઈ), રવિલાલ રામજીયાણી (વાંઢાય પ્રમુખ). ઉપરોક્ત નામ વાળા સૌની એક સમિતિ કેન્દ્રીય સમાજે નિયુક્ત કરેલ અને તેઓને સતપંથ સનાતન સમાજના સમાધાન માટે જવાબદારી આપેલ.

તા. ૨૭-૦૯-૨૦૦૯ના રોજ નરોડા પ્રથમ મિટીંગ રાખેલ અને ચર્ચા કરેલ. કેવી રીતે કેમ ગોઠવવું ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું છે. આ આઠ જણાની સમિતિ સમાજની અને પાંચ જણા સનાતનના અને પાંચ જણા સતપંથના જે આથી જે તે પક્ષકારો પોતપોતાની પુરી જવાબદારી ઉપાડે, તે સમાધાનમાં નક્કી કરવામાં આવે તે તમામ સતપંથી અને સનાતનીઓને સમજાવવા અને ફેંસલો ગળે ઉતારવો અને પાલન કરાવવો. આવું કરાવી શકે તેવા જ આ બંને પક્ષોમાંથી જવાબદારો જવાબદારી ઉપાડી શકે તેવાને આપવું અથવા નિમણુંક કરી મોકલવા. આવું નક્કી કરી બંને પક્ષોને જણાવવું કે આ પંચોમાં કોઈ ઉપર કેસ હોય તે અથવા જેઓ કેસ કરવામાં સામેલ હોય તે બંને વ્યક્તિઓ પંચોમાં નહિં ચાલે આવું બંને પક્ષોને જણાવવું અને બીજી મિટીંગ નક્કી થાય ત્યારે હાજર રહેવું.

તા. ૦૮-૧૦-૨૦૦૯ નરોડા મિટીંગ બોલાવેલ જેમાં સતપંથના પંચો હાજર રહેલ અને સનાતનના એક મોડાસાના વસંતભાઈ અને પ્રેમજી કેસરાણી બે જણા હાજર રહ્યા જેમાં એક ઉપર કેસ થયેલ પંચ હતા. છતાં ધનસુરામાં સનાતનની સભામાં જે નક્કી થયું તે પાંચ ઠરાવો લઈ અને આવ્યા. આવું કરો તો જ વાત આગળ ચાલે, ઘણા સમજાવ્યા પણ સમજ્યા નહીં એટલે બીજી મિટીંગ રાખવી અને જવાબદારીવાળો પાંચ પંચો લઈ આવજો બીજી મિટીંગની ખબર આપશું આવું કરી આ મિટીંગ પૂર્ણ કરેલ. તા. ૩-૧૧-૨૦૦૯ના સુરત મિટીંગ બોલાવેલ પણ ત્યાં પંચોને બોલાવેલ નહીં. અને ત્યાં લાંબી ચર્ચા બાદ બીજી મિટીંગ બોલાવવી અને સનાતની લોકોનો વાંધો આવ્યો કે મિટીંગો નખત્રાણા બોલાવવી જોઈએ. મોટી ઓફિસે બીજી મિટીંગ બહાર ના બોલાવવી જોઈએ. બીજી વાત એ આવી કે આજે સમાજે પંચની નીમણુંક આઠ જણાની કરેલ છે. તેમાં ન્યાય સમિતિના પ્રમુખ અને મંત્રીને સામેલ રાખેલ નથી. તો તેઓને રાખવા જોઈએ એવી પ્રખર સનાતનીની માંગ હતી. માટે આ સમીતીએ ન્યાય સમીતીના પ્રમુખ-મંત્રીને આ પંચમાં સામેલ કરવા એવું નક્કી કરેલ જેની જાણ સમાજના આગેવાનોને કરવી અને ત્યારબાદ મિટીંગ પૂર્ણ કરેલ.

તા. ૧૯-૧૨-૨૦૦૯ નખત્રાણા મિટીંગ બોલાવેલ અને સભાગૃહમાં બેઠક ગોઠવેલ જેમાં મિટીંગ માટે સતપંથીઓના પંચો હાજર હતા. અને આ મિટીંગનાં સનાતન વાળાને બોલાવ્યા પણ આવેલ ગ્રુપમાં ૨૫ જણા માંથી પાંચ જણા જવાબદાર નક્કી કરી શકેલ નહીં. અને ૯ થી ૧૦ જણા મિટીંગમાં આવેલ. સતપંથવાળાએ પ્રશ્ન કર્યો કે જવાબદાર પાંચ જણાના નામ આપો. સનાતનીઓએ નામ આપ્યાં નહીં. એક બાજુથી હિંમતભાઈ ચાલુ થયાં શું સમાધાન કરવાના છો? આવા મવાલાથી સમાધાન ન થાય. પ્રમુખશ્રીને ત્રણેય વાલજીએ બગાડ્યા છે. આ શીવદાસ બાપા ખોટા છે. રવીલાલ પણ માતાજીનું નાક કપાવે છે. ઘણું બોલ્યા પછી ઘણી લાંબી ચર્ચા ચાલી, પણ સમાધાન લક્ષી ચર્ચા થવી જોઈએ તેવી ચર્ચા ના થઈ. પછી બીજી મિટીંગ રાખવી એવું નક્કી કરેલ અને નિમેલ પંચોને બોલાવવા.

તા. ૦૭-૦૨-૨૦૧૦ ના સુરતમાં દેવજીભાઈને ત્યાં પ્રોગ્રામ હતો ત્યાં ઓપચારિક મિટીંગ બોલાવી અને જે હાજર હતા તેમાં કઈ રીતે ઝડપી સમાધાનનો નિકાલ આવે એવું કરવું તેવું નક્કી કરી મિટીંગ પૂર્ણ કરેલ. તા. ૧૧-૦૨-૨૦૧૦ના નખત્રાણા મિટીંગ બોલાવી જેમાં સતપંથના પંચો પાંચે જણા હાજર હતા. પણ સનાતની પંચોમાં કોઈ નક્કી નહીં કરી શકવાથી હાજર રહેલ નહીં. માટે બીજી મિટીંગમાં કડક થઈ સનાતનીઓને કહેવું કે આગળની મિટીંગમાં હાજર રહે એવી વાત કહી મિટીંગ પૂર્ણ કરેલ.

તા. ૨૭-૦૨-૨૦૧૦ આજરોજ મિટીંગ બપોર પછી મળી જેમાં પંચોના ૧૦ જણાં હાજર રહેલ સતપંથી પણ પાંચજણા હાજર રહેલ. અને સનાતની માંથી રમેશ વાગડિયા, - વસંતભાઈ (મોડાસા) અને પ્રેમજી કેસરાણી આ ત્રણ જ હાજર રહ્યા અને તે પણ પંચના નિયમની વિરૂધ્ધ હતું. કારણ કે રમેશભાઈ અને વસંતભાઈ બંને ઉપર કેસ છે. અથવા કરેલ છે. તે પંચમાં ચાલે નહી. તેવું પંચમાં નક્કી થયેલું હતું. છતાં આ સનાતનની ભૂલ હોવા છતાં મિટીંગ ચલાવી જેમાં સમાજના પ્રમુખની હાજરી હતી, ખુબ ચર્ચાઓ થઈ અને સતપંથ સાથે પણ ચર્ચા કરવામાં આવી. આખરીમાં પ્રેમજીભાઈને ઘણું કહેવામાં આવ્યું બીજી તારીખે પાંચે પંચોને ગમે તેમ કરીને હાજર રાખવા ત્યાર પછી મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી. ત્યારબાદ અડધા કલાક પછી રમેશભાઈ વાઘડિયાની ધરપકડ થઈ. અને એમની સાથે રહેલ યુવાનોએ ખોટો હાહાકાર મચાવી હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ જે હાજર હતા તેઓને આડે હાથે લીધા કે જેની વાત ન પૂછો.

નારાણભાઈ રતનશીભાઈના કહેવાથી ભુજમાં લેકવ્યુ હોટલમાં મળેલ મિટીંગ

તા. ૦૧-૦૫-૨૦૦૯

આજરોજ ભુજ મધ્યે હોટલ લેકવ્યુમાં એક મિટીંગ રાખવામાં આવેલ, જેમાં નીચે મુજબના નામોવાળા સાથે મળી. પાટીદાર સમાજમાં સંપ્રદાય બાબતે અસંતોષને કારણે કેસ કબાલા થયેલ છે, તેના સમાધાન માટે જે રામજી કરમશીના આદેશથી નારણ રતનશીના કહેવાથી વાલજી કેસરા અને દામુભાઈએ ભેગા કરેલ હતા.

પ્રમુખ રામજી કરમશી નાકરાણી વિરાણી, પ્રમુખ રવિલાલ કેસરા રામજીયાણી (વાંઢાય) દેશલપર, અરજણ સામજી ભાવણી (આણંદસર), પ્રમુખ રતનશી લાલજી વેલાણી સતપંથ (નવાવાસ), દેવજીભાઈ ભાવાણી આણંદસર (મુંબઈ), દેવજીભાઈ લીંબાણી (દેવપર બિલીમોરા), પ્રમુખ દામુભાઈ ગોગારી (અમદાવાદ નરોડા), ચેરમેન કાન્તીભાઈ સોંઘાણી (દરશડી મુંબઈ), પ્રમુખ ગંગારામભાઈ રામાણી (ભુજ દેશલપર) ટ્રસ્ટી ગંગારામભાઈ સાંખલા (દિલ્હી રસલીયા), માજી મહા મંત્રી વાલજી કેસરા નાકરાણી (સાંયરા મોરબી), ટ્રસ્ટી દેવજીભાઈ માવજી લીંબાણી (પાલનપુર ભુજ)

કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યોએ સામાજીક રીતે રીવાજ અને આચાર સંહિતામાં હિન્દુ રીત રીવાજ મુજબ દરેકે પાલન કરવાનું રહેશે અને હિન્દુ રીત રીવાજો પ્રમાણે આચરણો હોવા જોઈએ તેવું બધા વચ્ચે વાતો થઈ.

- ગંગારામભાઈ સાંખલા : અઢારમાં નિયમના આધારે દરેક ઠરાવો નથી પણ પળાતા પણ જાહેરમાં કોઈ નથી કહેતું કે અમો નહિં પાળીએ.
- અરજણભાઈ સામજી : અઢારમાં નિયમના આધારે તે નિયમમાં ક્યાંય અગ્નિદાહ દેવો કે જમીનદાહ દેવો એવું લખેલ નથી.
- દેવજીભાઈ મુંબઈ : નિયમ - ૧૮માં જે લખેલ છે, તેમાં ક્યાંય કાંઈ ખોટું લખેલ નથી.
- દેવજીભાઈ બીલીમોરા : નારણજી બાપાએ જે સામાજીક સુધારા કર્યા અને કરાવ્યા છે તે ખૂબ જ સારૂ કરેલ છે તેમના આપેલ પ્રવચનમાં ધર્મનો પ્રચાર હોવો જોઈએ. સમાજના વિભાજન થાય અને અસંતોષ થાય તેવું પગલું ના લેવું જોઈએ.

આજની મિટીંગમાં ૧૮મો નિયમ જે સમાજનો છે, તેમાં સતપંથવાળાને ક્યારેય વિરોધ કરવો નહીં. અને સનાતન વાળાએ ભુમીદાગ વીસે સમજાવવા પણ જટીલ મુદ્દો અકડ થવું નહિ. આવું ઉપરોક્ત ભેગા મળેલ સભ્યોએ નક્કી કરેલ. અને આ બાબતે આવતા દિવસોમાં એક મોટી મિટીંગ રાખવી એવું નક્કી કરવામાં આવ્યું.

॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

(Trust Regd No A-828 Kutch Dt 6-4-1965)

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan, NAKHATRANA - Kutch. PIN : 370615. Phone : (02835) 222149, 292700, Fax : 221049
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦, ફેક્સ : ૨૨૧૦૪૯
Web : www.kkpsamaj.org ✻ E-mail : kkpsamaj@in.com

પત્ર ક્રમાંક :

તારીખ : 17/4/10

પ્રતિશ્રી,

....

....

સવિનય જણાવવાનું કે આજ રોજ તા. ૧૭/૪/૨૦૧૦ ના સમાજના માનનીય પ્રમુખશ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણીના અધ્યક્ષ સ્થાને મળેલ સભામાં સાંપ્રદાયિ. મતભેદને દુર કરવા અને સમાજનો સુવર્ણ જયંતી મહોત્સવ સંપ, સંઘઠન અને સહકારથી ઉજવાય તે માટે સનાતન અને સતપંથના ચાલતા વિવાદોનું સુખદ સમાધાન કરાવવા માટે આપશ્રીને સતા આપવામાં આવે છે.

This has never said that Satpanth is part of ABKKP Samaj

૧) ધનજીભાઈ. ગોવિંદ સેંઘાણી–રાજપર
૨) મનસુખભાઈ વિશ્રામ રૂડાણી–અમદાવાદ
૩) ગંગામભાઈ શીવદાસ રામાણી–ભુજ
૪) દેવજીભાઈ માવજી લીબાણી–ભુજ
૫) શામજીભાઈ નારણ નાકરાણી–મુંબઈ
૬) કરસનભાઈ વાલજી વેલાણી–ભુજ
૭) કૌશલભાઈ ગંગારામ લીંબાણી--અમદાવાદ
૮) વાલજીભાઈ નાકરાણી - [illegible]

આપનો વિશ્વાસુ

[illegible signature]

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

નોંધ :- સતપંથ સમાજ સાથે સમાધાન માટે પ્રમુખશ્રી રામજીભાઈ નાકરાણીએ લેખીતમાં સોંપેલી જવાબદારી

- જ્યાં સત્ય છે ત્યાં ધર્મની જરૂર નથી, જ્યાં ધર્મના નામના બફાટ છે ત્યાં સત્ય હોતું નથી.

અમદાવાદમાં કરેલ બન્ને પક્ષો દ્વારા સમાધાન.

The general body of ABKKP Samaj unanimously rejected this decision of the document.

Shri Devjibhai, author of this book, conveniently has hidden that fact.

This document was subject to approval of general body, which it never received.

૨

શ્રી જય ઉમીયા માતાય નમ:

આજ તા.૧૮/૪/૨૦૧૦ નારોજ અમદાવાદ મુકામે સાપ્રદાયીક મત ભેદોને દુર કરવા અને સમાજ માં સંપ.સગઠન અને એકતા જળવાઇ રહે તે માટે સનાતન અને સતપંથ ના ચાલતા વિવાદો નું સુખદ સમાધાન માટે કેન્દ્રીય સમાજ ના નિયુકત કરેલ પ્રતિનીધીઓ તેમજ સતપંથ સંપદાય ના પ્રતિનીધી વચ્ચે થયેલ સમાધાન બેઠકમાં બંને પક્ષના મોવડીઓ તરફ થી મંજુરી ની અપેક્ષાએ નીચે મુજબ ના સમાધાન ના મુદાઓ નક્કી કરેલ છે.

(૧)અખિલ ભારતીય ક.ક.પા. સમાજ ના દરેક સભ્ય એ મુળ હિન્દુ સનાતની છે. જે કોઇ પણ સંપ્રદાય પાળતા હોય જેમ કે લક્ષ્મીનારાયણ. સ્વામિનારાયણ. સતપંથ.ગાયત્રી પરિવાર તેમજ આર્યસમાજ અને અન્ય કોઇ પણ હિન્દુ ધર્મ માં માનતા હોય તેવા તમામ સમાજ ના સભ્યએ સમાજ ના તમામ કાર્યક્રમો તેમજ મહોત્સવો સાથે રહી ઉજવવાના છે.

(૨) તા.૨૫/૩/૨૦૧૦ નારોજ બહાર પાડવામાં આવેલ સમાજ ના સ્વેતપત્ર સતપંથ કે કોઇ પણ સંપ્રદાય વિરૂધ્ધ બહાર પાડવામાં આવેલ નથી.

(૩) શ્રી અ.ક.ક.પા. સમાજ ના ૧૮ વર્ષ થી ઉપર ની ઉંમર ની કોઇ પણ વ્યકિત ગમે ત્યાં રહેતી હોય તે સમાજ ના બંધારણ ના નિયમો મુજબ સમાજ નો સભ્ય થઇ શકે છે.

(૪) સમાજ ના રીતરિવાજ ના નિયમ ૧ થી ૧૯ નુ પાલન કરવુ તે સમાજ ના દરેક વ્યકિત ની ફરજ છે.

(૫) અ.ક.ક.પા. સમાજ ના દરેક ભાઇ બહેનો માં ઉમીયા ના સંતાનો છે. અને ગમેતે સંપ્રદાયમાં માનતા હોય તે સાથે મળી ને સમાજ નો સુવર્ણ જયંતી મહોત્સવતેમજ ભવિષ્ય માં સમાજ ના દરેક પ્રસંગો સોએ સાથે મળી ને ઉજવવાના રહે છે. જે માટે દરેક સમાજ ના ભાઇઓ દરેક કાર્ય માં વોલીન્ટર તરીકે જોડાઇ તમામ કાર્ય પાર પાડવામાં રહેછે.તેમજ પ્રચાર પ્રસાર માં પણ દરેક ભાઇઓ સાથે રહેવાનુ છે.

(૬) સમાજ તરફ થી બહાર પાડવામાં આવેલા સ્વેત પત્ર પહેલા કે પછી થી સમાજ/ઝોન ની કારોબારી માંથી દુર કરવામાં આવેલ સતપંથી ભાઇઓ ને તેમના સ્થાને તાત્કાલીક પુન: સ્થાપિત કરવા તેમજ સભ્યને દુર કરતા ઠરાવ રદ કરવા.

(૭) સમાજ ની એકતા ના વાતાવરણ ને દુષિત કરનાર કોઇ પણ સભ્ય સામે જે વ્યંકિત ની લાગણી દુભાઇ હોય તે વ્યકિત વ્યકિતગત રીતે જવાબ દાર સામે પગલા ભરી સકશે.

(૮) સુવર્ણ જયંતી પ્રસંગે બહાર પડાનાર ઇતિહાસ વિદ ગ્રંથ માં કોઇ પણ સંપ્રદાય ની લાગણી દુભાય તેવુ કોઇ લખાણ કે સાહિત્ય પ્રકાશીત કરવુ નહી.

(૯) સુવર્ણ જયંતી પ્રસંગે સ્ટેજ પરથી કે અન્ય સ્થળ કાઇ પણ સપ્રદાય ના લાગણી દુભાય તેવુ ભાષણ કે વર્તન કરવુ નહી.

(૧૦) કોઇ પણ મુખપત્રો કે છાપાઓ માં કોઇ પણ સંપ્રદાયની લાગણી દુભાય તેવા લેખો કે માહીતી છાપવી નહી.

(૧૧) આ સમાધાન આખરી મંજુર થયે થી તેની યોગ્ય પ્રસિધ્ધી કરવી જેથી આ સમાધાનની જાણકારી સમાજ ના દરેક સભ્ય ને થાય જેથી કોઇ પણ પ્રકાર ની ગેર સમજ રહે નહી તેમજ આ સમાધાન ની લેખીત જણકારી સમાજ ના દરેક ઝોન ને તાત્કાલીક કરવી.

ઉપરોક્ત [illegible] શ્રી [illegible]ભાઈ [illegible] ની [illegible] માં જણાવેલ છે.

૧. ડી. જી. પટેલ — ૨૫. જયંતિલાલ [illegible] J.M. [illegible]

૨. [illegible] — ૨૬. [illegible]

૩. [illegible] — ૨૭ [illegible]

૪. [illegible] — ૨૮ [illegible]

૫. [illegible]

૬. [illegible]

૭. [illegible]

૮. [illegible]

૯. [illegible]

૧૦ [illegible]

૧૧ [illegible]

૧૨ [illegible]

૧૩. [illegible]

૧૪. [illegible]

૧૫. [illegible]

૧૬. [illegible]

૧૭ [illegible]

નારણભાઈ રતનશીના પ્રયાસોથી નરોડા ખાતે મળેલી મિટીંગમાં ઉપસ્થિત ૯૧ - મહાનુભાવો

તા. ૨૫-૦૬-૨૦૦૯

(૧) રામજી કરમશી નાકરાણી, (૨) ગંગારામ હિરાલાલ સાંખલા, (૩) વાલજી શીવજી વાડિયા, (૪) દેવજી માવજી લીંબાણી, (૫) રવિલાલ કેસરા રામજીયાણી, (૬) મોહનલાલ શીવજીભાઈ ધોળું, (૭) કાન્તીલાલ શીવગણ, (૮) બી.કે. પટેલ, (૯) રતનશી લાલજી, (૧૦) દેવજી રામજી ભાવાણી, (૧૧) અરજણ સામજી ભગત, (૧૨) દેવજી કાનજી લીંબાણી, (૧૩) દેવજી કરસણ ભાવાણી, (૧૪) જ્યંતિલાલ કરમશી શમાણી, (૧૫) નરસિંહભાઈ નારણભાઈ સાંખલા, (૧૬) જેઠાલાલ કાનજી, (૧૭) ડાહ્યાભા ભાણજીભાઈ, (૧૮) પ્રેમજી ભાણજી કેસરાણી, (૧૯) મણીભાઈ એમ પટેલ, (૨૦) ધનજીભાઈ એચ. પટેલ, (૨૧) કનુભાઈ એમ. પટેલ, (૨૨) લક્ષ્મણભાઈ આર. પટેલ, (૨૩) છગનભાઈ કરમશી પટેલ, (૨૪) અંબાલા રામજી, (૨૫) અંબાલાલ જીવરામ પટેલ, (૨૬) હંસરાજ ગોવિંદ, (૨૭) ચંદુભાઈ ગોપાલ, (૨૮) વસંતભાઈ રાજાભાઈ, (૨૯) ખીમજી અરજણ, (૩૦) વિઠલભાઈ હરજીભાઈ, (૩૧) મગનભાઈ રામજીભાઈ, (૩૨) પ્રભુદાસ નાનજીભાઈ, (૩૩) નાથાભાઈ દેવજીભાઈ, (૩૪) હરિભાઈ કરશન, (૩૫) ભોગીભાઈ નાનજીભાઈ, (૩૬) પ્રભુદાશ નાનજીભાઈ, (૩૭) નંદુભાઈ કરશનભાઈ, (૩૮) કરસન ખીમજી, (૩૯) શન્નાભાઈ ખેતાભઆઈ, (૪૦) ખીમજીભાઈ, (૪૧) રવજી અરજણ, (૪૨) વિઠલભાઈ કાનજીભાઈ, (૪૩) અંબાલાલ રવજીભાઈ, (૪૪) જયંતીભાઈ ભાઈલાલભાઈ, (૪૫) રામજી કરમશી, (૪૬) મણીભાઈ વિશ્રામભાઈ, (૪૭) સુરેશભાઈ કે. પટેલ, (૪૮) બાબુલાલ મનજી મોકાણી, (૪૯) મગનભાઈ અજી ધોળું, (૫૦) બાબુલાલ કરસનદાસ અરજણભાઈ, (૫૧) મોહનલાલ કરસનભાઈ, (૫૨) રવજીભાઈ સોમજીભાઈ, (૫૩) ઈશ્વરભાઈ રતનશીભાઈ, (૫૪) તેજાભાઈ મનજીભાઈ, (૫૫) વસરામભાઈ ખીમજીભાઈ, (૫૬) વિઠલભા રામજીભાઈ, (૫૭) નાનજી હંસરાજભાઈ, (૫૮) જેવજી રામજી, (૫૯) હરીલાલ પરબત ગોગારી, (૬૦) પ્રવિણભા હરીભાઈ, (૬૧) અરવિંદભાઈ અબીજભાઈ, (૬૨) ગીરીશભાઈ અમૃતલાલ, (૬૩) વસંતભાઈ કેસરાભાઈ, (૬૪) વિઠલભાઈ ડાહ્યાભાઈ, (૬૫) આર.એન. પટેલ, (૬૬) હરીભાઈ ડાહ્યાભાઈ, (૬૭) માવીજ શામજી છાભૈયા, (૬૮) દુમાભાઈ દેવશીભાઈ ગોગારી, (૬૯) વાલજી કેસરા નાકરાણી, (૭૦) ડાહ્યાભાઈ ભાણજીભાઈ, (૭૧) રતનશીભાઈ લાલીજભાઈ, (૭૨) અરવિંદભાઈ વિ. પટેલ, (૭૩) ભોગીલાલ નારણભાઈ, (૭૪) મણીલાલ શામજીભાઈ, (૭૫) બિપીનભાઈ પુંજાભાઈ પટેલ, (૭૬) માવજીભાઈ શીવદાસભાઈ, (૭૭) છગનભાઈ પચાણભાઈ, (૭૮) શીવજીભાઈ દેવજીભાઈ ઘોઘારી, (૭૯) પટેલ જસુભાઈ કરશનભાઈ, (૮૦) પટલે કેશુભાઈ મણીભાઈ, (૮૧) જીવરાજભાઈ લધારામ પટેલ, (૮૨) પટેલ જયંતિભાઈ બી., (૮૩) હંસરાજભાઈ ગોવિંદભાઈ, (૮૪) કાંતિભાઈ ડી પટેલ, (૮૫) વાલજીભાઈ હીરજીભાઈ પટેલ, (૮૬) અબજીભાઈ કરમશીભાઈ ધોળું, (૮૭) નાનજીભાઈ એચ. પટેલ, (ચાર નામો અવાચ્ય છે.)

દુનિયા જો ખરાબ દુષણો ત્રાસ પામી રહી હોય તો, તેનું ખાસ કારણ દુષ્ટોની તાકાત નથી પણ સજ્જનોની નબળાઈ છે, આજે મોટે ભાગે ઈચ્છા શક્તિની સુસ્તી, સાચુ કહેવાનો ભય અને નિતી વિષયમાં બાયલાપણું આભારી છે.

તા. ૨૫-૦૬-૨૦૦૯ના રોજ મળેલી મિટીંગની મીનીટ્સ

ટેલીફોનીક સંદેશથી સમાજ સંગઠનના હિતેચ્છુઓની ઔપચારિક મિટીંગમાં હાજર રહેલ સભ્યો દ્વારા રજૂ થયેલ વિગતોનો અહેવાલ :-

માં ઉમિયા સમક્ષ દીપ પ્રાગટ્યથી આજની સભાની મંગળ શરૂઆત કરવામાં આવેલ.

સૌ પ્રથમ આવેલ પ્રતિનિધિઓને આવકારવામાં આવેલ. ત્યારબાદ આજની સભા બોલાવવા માટેની પ્રસ્તાવના શ્રી વાલજીભાઈ નાકરાણીએ રજૂ કરેલ. તેમના અનુસાર આજની સભાનો એક જ એજન્ડા છે. જે સમાજની સ્થાપનાનો ૫૦ વર્ષ પૂર્ણ થયાં છે ત્યારે તેમના લેખાજોખાં તેમજ સમાજના વિકાસને રોકતાં પરિબળો તથા હવે પછી સમાજના વિકાસ માટે અમૃતમંથન કરવા માટે અમો છેલ્લા ઘણાં દિવસોથી મનોમંથન ચાલી રહ્યું હતું. આ બાબતે શરૂ-શરૂમાં નાના ગ્રુપો બનાવી ભુજ, મુંબઈ, સાબરકાંઠા વગેરે સ્થળે આ વિચારોને વહેતા મૂક્યા. એના પરિપાકરૂપે હું અને શ્રી દામુભાઈ આ સભામાં સમાજના પ્રબુધ્ધ નાગરિકો સાથે મળીએ અને સમાજ વિકાશમાં નડતરરૂપ પરિબળોને સમાજના એક પ્રવાહમાં કેવી રીતે લાવી શકિએ આવા પ્રશ્નોને વાચા આપવા આ સભાનું આયોજન કરેલ છે. તો આપ સૌ અમારા આમંત્રણને માન આપી અત્રે પધાર્યા છો તો આપ સૌનું આયોજકો દ્વારા હાર્દિક અભીવાદન કરૂં છું. આ સભામાં આપશ્રી આપના અમૂલ્યો મંતવ્યો તેમજ સુજાવો રજૂ કરશો એવી અપેક્ષા અમો આયોજકો રાખીએ છીએ.

ત્યારબાદ પૂરક માહિતી શ્રી દામુભાઈએ રજૂ કરેલ :- તેમના અનુસાર આપણી સમાજની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થયાં છે અને આપણે સૌ સુવર્ણજયંતિ ઉજવવા જઈ રહ્યાં છીએ ત્યારે આપણે સૌએ ભૂતકાળ અને વર્તમાનકાળના લેખાં જોખાં કરી ભવિષ્યના આયોજનો ઘડવા પડશે. આજનો આપણો સમાજ સંપ્રદાયોમાં, પરિવારોમાં પ્રાંતવાદમાં એમ અનેક રીતે વિભાજીત થઈ રહ્યો છે. આપણી તાકાત નાના નાના ટૂકડાઓમાં વેરણ છેરણ થતી દેખાય છે. તો તેમને વહેલીતકે સમાજના એક પ્રવાહમાં જોડવા સૌએ ખભેખભા મિલાવી સંનિષ્ઠ પ્રયાસો કરવા પડશે. સંપ્રદાયો અને પરિવારોના વાડાથી ઉપર ઊઠી આપણે સૌ પ્રથમ મા ઉમિયાના સંતાનો છીએ તેથી આજે આપણે સૌ સમાજના વિકાસ તથા સંગઠન માટેની માત્ર નિખાલસ ચર્ચાઓ કરશું અને તેમના ઉપાયો માટેના પ્રયત્નો બાબતે વિચારીશું. શ્રી દામુભાઈએ આજની મિટીંગ '૨૫'મી તારીખે કેમ તેનો ખુલાસો કરતાં જણાવે છે કે સુવર્ણજયંતિ સંપર્ક યાત્રાની કેન્દ્રીય સમાજની ત્રણેય ટીમો છવીસ તારીખના રોજથી ભારત ભરનો પ્રવાસ કરવા જઈ રહી છે. ત્યારે આ સભાનું અમૃતમંથનની આવેલ વિચારોનુ ભાથું લઈને નીકળે જેથી સમગ્ર ભારતમાં આ ભાવનાનું મોજું ફરી વળે. અને સમાજ સંગઠનનો ઉદેશ્ય આ સુવર્ણ પર્વ ફળદાયી નિવડે સમાજને સંપ્રદાયોથી પર કરી સમાજની પરિકલ્પના સાકાર કરવાની છે.

(૧) શ્રી મણીભાઈ પોકાર :-

સમાજની વ્યાખ્યા એટલે સમાન સંસ્કાર તથા નિતિ રીતીથી જોડાયેલો સમૂહ સમાજમાં સડો ક્યાંથી આવ્યો તેનું સંશોધન જરૂરી છે. સમાજના સંગઠનમાં સંપ્રદાયોએ ક્યારેય દખલ કરવી ન જોઈએ ધર્મ એ માણસની આંતરીક ભાવના છે. સમાજને માત્ર માનવતાનો જ ધર્મ હોય છે. માટે સંપ્રદાયો તથા પરિવારોના વાડા મુક્ત સમાજ બનાવવા સૌએ કટીબધ્ધ થવું પડશે. જયાં પણ અઘટીત બનતું હોય ત્યાં અંગુલી નિર્દેશન કરવો જરૂરી છે. મારા સહ્યોગની આપને સંપૂર્ણ ખાતરી આપું છું.

(૨) શ્રી કનુભાઈ ચૌધરી :-

શ્રી મણીભાઈએ રજૂ કરેલ વીચારોને હું સંપૂર્ણપણે સમર્થન આપું છું. સ્થાનિક પરિવારોમાં કે રાજકીયક્ષેત્રે ક્યાંય સંપ્રદાયો નડતા નથી. તો સમાજના સંગઠનમાં આવો વિવાદ શા માટે, આ બધા વાડાથી પર સમાજના સંગઠન અને વિકાસના

કાર્યો માટે સૌએ આગળ આવવાની જરૂર છે.

(૩) શ્રી ધનજીભાઈ રામજીયાણી – ધર્મેડા કંપા :-

આજે આપણે સૌ સમાજની એકતા તથા વિકાસના વિચારો માટે ભેગા થયા છીએ.ત્યારે આપણે વિચારો દીલથી આપવા જોઈએ. ધનુસરામાં અત્યારે જે શિક્ષણ સંકુલ ચાલે છે તેમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ લખાય છે તે યોગ્ય નથી. આવા સામાજિક તથા શૈક્ષણિક સંકૂલો સંપ્રદાયોના વાડાથી પર હોવા જોઈએ. આના માટે સંનિષ્ઠ પ્રયાસો કરીશું. તો જરૂર આપણે સફળતા મેળવીશું.

(૪) શ્રી વસંતભાઈ – મોડાસા :-

આપણી સમાજમાં ઘણાં સંપ્રદાયો ચાલે છે. છતાં મહદ અંશે સતપંથ અને સનાતન આ બે વચ્ચે જ વિખવાદ શા માટે મોડાસા વર્તૂળ વરસોથી આદર્શ સમાજ રહેલો છે છેલા બે-ચાર વરસમાં દૂધમાં કોઈએ લીંબુ નિચોવી દીધું છે અને સમાજની એકતાને કલંકિત કરી છે. આ બાબતે મારે એટલું જ કહેવાનું છે કે વિવાદ સંપ્રદાયનો નહીં પણ વહીવટનો છે. અહમનો છે. આ વિવાદના મૂળ સૂધી કેન્દ્રીય સમાજે ઉંડા ઉતરવું પડશે. હું શ્રી ક.ક.પા. સમાજનો સભ્ય છું. એવું સૌ હૃદય પૂર્વક સ્વીકારશે તો આવા પ્રશ્નો ગૌણ બની રહેશે. સમાજ માટે નિઃસ્વાર્થ અભીગમ જરૂરી છે. જયારે આપણે સંપ્રદાયનું નેતૃત્વ કરતાં હોઈએ ત્યારે વાણી વર્તન ઉપર સંયમ રાખવો જોઈએ. આપણો અભિગમ હકારાત્મક રાખીશું તો આપણે જરૂર ઉન્નત સમાજનું નિર્માણ કરી શકીશું. ક્યાંય આપણે ગુણાકાર ભાગાકારની નીતિ ન અપનાવીએ તો આપણે ઉચ્ચ સામાજિક મૂલ્યો સ્થાપિત કરી શકીશું.

(૫) શ્રી છગનભાઈ – આનંદપૂરા કંપા :-

આપણે જો દામુભાઈના વિચારોની સાથે સંમત થશું તો મોડાશાનો પ્રશ્ન રહેશે જ નહીં સતપંથ સનાતનનુમ ઘર્ષણ ઘટાડવું હશે તો આપણે સામાજિકતા લાવવી પડશે.આપણી એકતાને ઉચ્ચ સ્થાને ટકાવી રાખીશું તો જ આપણો સુવર્ણજયંતિ પર્વ સાર્થક બનશે. સમાજની એકતા માટે મારા સહ્યોગની ખાતરી.

(૬) શ્રી વિઠ્ઠલભાઈ પટેલ – મોડાસા :-

કેન્દ્રીય સમાજની સ્થાપનાને ૫૦ વરસ થયાં છે. કેન્દ્રીય સમાજની વ્યાખ્યા શું છે. તેમની કાર્યસૂચિ શું છે. તે બાબતે અમારી પાસે જાણકારી નથી. તો આ બાબતે અમોને માહિતી મળે અને ભાવનાત્મક જોડાણ થાય તેવા પ્રયત્નો જરૂરી છે. મોડાસાના આદર્શ સમાજને છેલ્લા બે ત્રણ વરસથી કેમ રોગ લાગુ પડી ગયો તેના તથ્યો સુધી પહોંચવું પડશે. ઘીના ઠામમાં ઘી પડી રહે તેવા પ્રયાસો કરવા પડશે. અમારામાં મતભેદ હશે પણ આજ સુધી મન ભેદ નથી. સારા માઠા પ્રસંગોએ સૌ સાથે હોઈએ છીએ. માત્ર આવા નાનાં મન દુઃખનો જલદી નીવેડો આવે તો સૌ સારા વાના થશે.

(૭) શ્રી અંબાલાલ રામજીભાઈ – આનંદપુરા કંપા :-

આયોજકોના અભીગમને હૃદયપૂર્વક આવકારૂં છું. અત્યારે અમારા મોડાસા વિભાગમાં માત્ર સતપંથને જ ધ્યાનમાં રાખીને પ્રહારો થયાં છે. પત્રીકાઓ ચોપાનિયાઓ છાપીને દૂષપ્રચાર કરવામાં આવે છે. આ કેટલે અંશે વ્યાજબી છે? વડીલોએ અગાઉ બનાવેલી કારોબારી બરાબર હતી. સમય બદલાતાં તેમાં ફેરફારો ન થતાં અણબનાવ ઉભો થયો છે. વડિલો દરમિયાનગીરી ગીરી કરી સુખદ નિકાલ લાવે તો સોનામાં સુગંધ ભળે. આપણો સમાજ એક છે અને એક રહેવો જોઈએ.

(૮) શ્રી દામુભાઈ ઘોઘારી – પ્રમુખ અમદાવાદ ઝોન :-

આ આપણું અભિયાન માત્ર સુવર્ણજયંતિ પુરતું સિમિત નથી. ભૂતકાળમાં થયેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તે માટે વર્તમાન કાળમાં આગવો અભિગમ રાખવો પડશે. અને તેના ઉમદા પરિણામો આપણને ભવિષ્યમાં લાવી શકીશું. જેમ સ્પ્રીંગને

દબાવીને એકદમ છોડવાથી ઉછળે છે. પણ ધીમે ધીમે છોડવાથી ધાર્યું પરિણામ લાવી શકીએ તેમ વિચારોની ક્રાંતી ધીમે ધીમે લાવીશું તો જરૂર તાદાત્મ્ય કેળવી શકીશું. મારૂં માનવું છે કે સાબરકાંઠા વિભાગ કેન્દ્રીય સમાજમાં સક્રિયતા દાખવતો નથી. જેથી તે અલિપ્ત રહી જાય છે. કેન્દ્રીય સમાજે જ્યારે ઝોન પ્રથા દાખલ કરી તમોને સબળ પ્રતિનિધિઓ મોકલવાની તક આપી છે. તમો વધુમાં વધુ નજીક આવો તે માટે તમોને આહવાહન કરેલ છે. તમો કાર્ય કરવા આગળ આવો તમારા કામની અવશ્ય નોંધ લેવાશે. તમોને યોગ્ય કામગીરી પણ સોંપાશે. તમો સમરસ બનશો તો જરૂરથી સારાં પરિણામો લાવી શકાશે. કેન્દ્રીય સમાજની ગતીવિધિ બાબતો સૂપેરે તમારા વિસ્તારમાં ન્યાય અપાવી શકશો. આપણી સમાજ પાસે અપેક્ષા હોય તેમની સાથે આપણી નૈતિક ફરજ પણ બને છે કે તેમની કાર્ય વાહીથી માહિતગાર રહીએ. એકતા અને સંગઠન બાબતે હું બપોર પછી તમોને મારી યુનિયન કો-ઓપ-બેંક બતાવીશ અત્યારે તમારા મનમાં જે ઉભરો છે તે જરૂરથી ઠાલવો મન હળવું કરો. પણ હવેથી દ્રઢ સંકલ્પ કરો કે સમાજની અખંડિતા માટે પ્રગતિ માટે બનતું બધું કરવાની તૈયારી બતાવો. સમાજને જોડવાના પ્રયત્નોમાં ભાગીદાર બનો. મેં આ યજ્ઞ છેડ્યો છે. તો આપશ્રી તેમાં જોડાઈ જાવ. જરૂરથી ઉમદા પરિણામ આવશે. કેન્દ્રીય સમાજે બનાવેલ ઝોનમાં ખભેખભા મેળવી કામ કરશો તો જરૂરથી પ્રગતિના સોપાન સર કરી શકિશું.

(૯) શ્રી વિશ્રામભાઈ ખીમજીભાઈ - ટ્રસ્ટીશ્રી નરોડા સમાજ :-

ભૂતકાળને ભૂલી જઈ વર્તમાનમાં આગળ વધશું તો જરૂરથી આપણું ભવિષ્ય સુવર્ણમય હશે.

(૧૦) શ્રી રવજીભાઈ - ઉત્તર ગુજરાત ઝોન - નંદાસણ :-

આપણે સૌ સંપ્રદાયવાદ છોડી મન ઐક્ય કેળવશું તો જરૂર સફળ બનીશું પરિવારોના મિલનમાં સંપ્રદાયો નડતા નથી તો પછી સમાજમાં આ બાબત શા માટે? આવા પરિબળોને ખુલ્લાં પાડવાં જરૂરી છે. હું આ અભિગમને ઉત્તર ગુજરાત ઝોનમાં આગળ વધારીશ.

(૧૧) શ્રી તેજાભાઈ - પાલનપુર :-

સામાજિક વ્યવસ્થા ઋષિકાળથી ચાલી આવે છે. માટે સંપ્રદાયો કરતાં સમાજ મહાન છે. ધાર્મિક માન્યતા તામારી આંતરીક લાગણી છે. તેમને સમાજના પ્લેટફોર્મ પર પ્રદર્શિત ન કરવી જોઈએ.

(૧૨) શ્રી ભાઈલાલભાઈ (સી.એ.) અમદાવાદ :-

જે કોઈપણ સારૂંકામ કરતાં હોય તેને સાથ સહકાર આપવાનો સંકલ્પ કરીએ આપણે સૌ જોડવાની પ્રવૃત્તિમાં લાગી જઈએ.

(૧૩) શ્રી કરસનભાઈ - લક્ષ્મીપર કંપા :-

સાબરકાંઠા ઝોનમાં દરેક કંપાને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. માનવતાથી બીજો કોઈ મોટો ધર્મ નથી. દામુભાઈના વિચારોને ધન્યવાદ આપું છું.

(૧૪) શ્રી નાથભાઈ - હીંમતનગર :-

દામુભાઈના અભિયાનને બીરદાવું છું. સંપ્રદાયના બેનરને ગૌણ ગણી સમાજના બેનરને મજબૂત બનાવવાનું છે. આજ અહીંથી આપણે સૌએ સમાજની એકતા અને સંગઠનનો સંકલ્પ લઈને જવાનું છે.

(૧૫) શ્રી કે.કે. પટેલ - વડાલી :-

સંવેદના ઓછી અને સમજ વધારે એવા સંગઠીત વિચારો સમાજ આગળ મુકવા જોઈએ.

(૧૬) શ્રી રાજાભાઈ ખેતાભાઈ – દેત્રોલ કંપા :-

અમે અમારી સમાજોમાં બિન સાંપ્રદાયિકતાની રીતે જ કાર્યો કરીએ છીએ. અમારા વિસ્તારમાં આ અભિગમની મશાલ કાયમી સળગતી રહે તેવા પ્રયત્ન કરવા સંનિષ્ટતા દાખવશું.

(૧૭) શ્રી નંદલાલ કરશનભાઈ – ખેડબ્રહ્મા :-

અમારા વિભાગમાં સુમેળ ભર્યા વાતાવરણમાં સામાજિક પ્રવૃત્તિઓ ચાલે છે. બોલવા ચાલવામાં પરેજી આપવાથી તેમજ ધાર્મિક સહિષ્ણુતા દાખવવાથી સમાજના કાર્યો વગર નડતરે ચાલ્યા કરે છે.

(૧૮) શ્રી વાલજીભાઈ નાકરાણી – મોરબી :-

કેન્દ્રીય સમાજનું બંધારણ બીનસાંપ્રદાયીક છે. તે કોઈ સંપ્રદાયથી ચાલતી નથી. હવેથી કેન્દ્રીય સમાજે ઝોન પ્રથા દાખલ કરી છે. તો તમો તમારા વિભાગથી સક્ષમ પ્રતિનિધિઓ મોકલી શકો છો. તમો સારૂં કામ કરશો તો સમાજ તમારા કામની નોંધ લેશે. આપણું સ્થાનિક માળખું મજબૂત હશે તો આપણાં પ્રશ્નો સ્થાનિક જ ઉકલી જશે. હવે તો માત્ર જરૂર છે કામ કરવાની. તેમજ સારી દાનતની સમાજ એટલે કોણ, આપણે સૌ, સારા નિષ્ઠાવાન કાર્યકરો સમાજ પાસે હશે તો સમાજ પ્રગતિનાં પંથે ચાલવાનો જ છે.

(૧૯) શ્રી આર.એન. પટેલ (સી.એ.) :-

સામાજિક એકતાની તાતી જરૂરિયાત છે. ધાર્મિક વિવાદો મિટાવીને જ પ્રગતિ સાધી શકાય, કેન્દ્રીય સમાજની કારોબારીમાં લેવાતી વાતો કરો છો, તમો કામ કરશો તો જરૂરથી અંદર આવી શકશો. આપણા વાણી-વર્તનમાં સંયમની જરૂર છે. પાટીદાર સંદેશે એવો નિર્ણય કર્યો છે કે સાંપ્રદાયિક સમાચારો છાપશે નહીં.

(૨૦) શ્રી સુરેશભાઈ પટેલ એડવોકેટ – અમદાવાદ :-

સંપ્રદાયોના પ્રશ્નો બાબતે કેન્દ્રીય સમાજ રસ લેશે તો જરૂર ઉકલી જશે આજે અમદાવાદમાં આપણાથી નીચી કોમવાળા શિક્ષણ સારૂં લો. હોસ્ટેલો બનાવી શક્યા છે જેનાથી આપણે આજ સુધી વંચિત રહ્યા છીએ આ હાડમારી મેં જાતે અનુભવેલી છે. મારાથી બનતું કરી સદાય પ્રયત્નશીલ રહીશ.

(૨૧) શ્રી નરસિંહભાઈ નારણભાઈ સાંખલા – મંત્રીશ્રી કેન્દ્રીય સમાજ :-

આપણે ગમેતે સંપ્રદાયને માનતા હોઈએ અંતે આપણે સૌ મા ઉમિયાના સંતાનો છીએ આ વાત ધ્યાને રાખીશું તો આપણાં પ્રશ્નો પ્રશ્નજ નહીં રહે અને આપણે પ્રગતિના રસ્તે ચાલી શકીશું.

(૨૨) શ્રી કાંતિભાઈ મુંબઈ :-

દામુભાઈના વિચારને ધન્યવાદ આપું છું. શ્રી વાલજીભાઈ વાડિયાએ ભારત ભ્રમણ કરી ઝોન પ્રથા અમલી કરી સમાજને એક તાંતણે બાંધવા ધન્યવાદ ધાર્મિક લાગણીઓને કારણે મૂકી સમાજની એકતા અને પ્રગતી માટે સૌએ યથાશક્તિ લાગવું જોઈએ. આપણાં વિચારોમાં મતભેદ હોઈ શકે પણ મનભેદ ક્યારેય ન થાય એ બાબતે જાગૃત રહેવાનું છે.

(૨૩) શ્રી દેવજીભાઈ મુંબઈ :-

આજનો આ દિવસ સુવર્ણ અક્ષરે લખાશે જ્યાં પણ ધાર્મિક સર્જાય ત્યાં હું અને કાંતિભાઈ પહોંચી જઈ નિરાકરણના પ્રયત્નો આદરી દઈએ છીએ. આવા પ્રશ્નો જે પણ ઉભા થાય અમારી જાણમાં આવતાં જ અમો સુખદ ઉકેલ માટે લાગી જઈશું એવી ખાત્રી આપીએ છીએ. સમાજના હોદ્દેદારોને આપણે જ બેસાડીએ છીએ. ભવિષ્યમાં આપણે પણ તે સ્થાન પર હોઈએ. સમાજ સાથે આંતરિક લગાવ જોઈએ. આ લગાવ જ આપણને નજીક લાવશે. અને આપણું સંગઠન દીપી ઉઠશે.

(૨૪) શ્રી પ્રેમજીભાઈ કેશરાણી (ભુજ) :-

આજે આપણે સૌ બુદ્ધિજીવીઓ ભેગા થયા છીએ ત્યારે સંકલ્પ કરીએ કે આપણે સૌ નારાયણના જ સંતાનો છીએ. સંપ્રદાયોના વાડાથી પર સમાજનું માળખું ચલાવીએ. આપણી સંકુચીતતા છોડી વિશાળ બની ને વિચારશું તો જરૂર આપણે સફળતા મેળવી શકીશું.

(૨૫) શ્રી રતનશીભાઈ - દુર્ગાપુર :-

જેમ વાંઢાયના ઉમિયા મા પ્રાણ પ્રતિષ્ઠામાં એકતા દેખાડી તેવી જ એકતા સુવર્ણજયંતિમાં દેખાડવાની છે. વીસ રૂપિયા શું કરોડોના દાન મેળવી શકીશું. આ સભામાં યુવાનિયાએ બળાપો કાઢ્યો તે બાબતે વડિલો ખોટું લગાડશો નહિં. મને શ્રદ્ધા છે આજની આ સભાથી આપના મન દુઃખો વિચાર વિમર્સથી મિટાવી શકશું.

(૨૬) શ્રી દેવજીભાઈ ભાવાણી કેન્દ્રીય સમાજ ઉપપ્રમુખ :-

સમાજનું સુવર્ણજયંતિ પર્વ એકતાનું નિમિત બની રહે એવી સંગઠનની તાકાત ઊભી કરવાની છે. અને સૌ યથા શક્તિ સમાજને જોડવાના કામમાં લગાડે એવી અપેક્ષા સહ.

(૨૭) શ્રી દેવજીભાઈ - બીલીમોરા :-

આજે જેમણે સ્વેચ્છાએ આ કાર્યોનો ઝંડો ઉપાડ્યો છે તેને ધન્યવાદ. સાબરકાંઠા કેન્દ્રીય સમાજથી અલિપ્ત રહ્યો છે તો તમો સમાજના આજીવન સભ્ય બની નજીક આવી સંગઠનના કામમાં લાગી જાઓ. તમારા શક્તિનો લાભ આ વિશાળ સમાજને આપો. તો આપણે જરૂરથી બેનમૂન સમાજનું નિર્માણ કરી શકિશું.

(૨૮) શ્રી જ્યંતિભાઈ રામાણી યુવાસંઘ પ્રમુખ - નરોડા :-

આપણાં યુવાનોમાં આવા વાડા ક્યાંય નથી. આપણે નકારાત્મક વિચારો છોડી સકારાત્મક વિચારો અપનાવીશું તો જરૂરી પરિણામ લાવી શકીશું. અમો ખાત્રી આપીએ છીએ અમો વડિલોથી ઉપરવટ નહીં જઈએ. આપ જે માર્ગદર્શીકા આપશો તે પ્રમાણે યુવાનોને દોરવણી આપશું.

(૨૯) શ્રી અરજણભાઈ આણંદસર :-

આવા સંપ્રદાયિક વિવાદોથી અમારા ગામે ઘણું ગુમાવ્યું છે. આવતી પેઢીને આ ભોગવવું ન પડે માટે જાગ્યા ત્યારથી સવાર ગણી શરૂઆત કરશું. સમાજ સેવા કોઈપણ હોદ્દાની લાલચે નહીં. પણ નિઃસ્વાર્થ ભાવે કરીશું તો જરૂર ફળદાયી નીવડશે.

(૩૦) શ્રી વાલજીભાઈ વાડિયા - ટ્રસ્ટીશ્રી કેન્દ્રીય સામાજ - જામનગર :-

આજનું વાતાવરણ જોઈ મન ગદગદિત થાય છે. અમારૂં સ્વપ્ન સાકાર થતું દેખાય છે. જે માણસની કામ કરવાની તાકાત હોય તેમને સમયાનુસાર બિરદાવવી જોઈએ. આપણી સમાજમાં કોર્ટના ડખા હોય તે નિંદનીય છે. સમય અને સંજોગો ભેગા થાય ત્યારે જ સફળતા મળે છે. પણ પુરૂષાર્થતો ચાલુ જ રાખવાનો છે.

(૩૧) શ્રી રવિલાલભાઈ - પ્રમુખશ્રી ઉમિયા માતાજી વાંઢાય :-

સમાજમાં સમાજની એકતાનો જ વિચાર હોવો જોઈએ. સમાજ સર્વોપરી રહે તેવા પ્રયત્નો કરીએ. જેથી નવા વાદ ઊભા થાય નહીં. માતાજીના ઉત્સવમાં જેવી એકતા બતાડી તેનાથી વિશેષ સુવર્ણજયંતિમાં દેખાય તે માટે તન-મન-ધનથી લાગી જઈએ. માતાજીની પત્રિકા બાબતે કોઈ ગેર સમજૂતી હોય તે કાઢી નાખશો હવે પછીથી આ બાબતે વિશેષ કાળજીની ખાત્રી આપું છું.

(૩૨) શ્રી ગંગારામભાઈ સાંખલા સુવર્ણજયંતિ આયોજન સાત સમિતિના ચેરમેન :-

આજની આ સભામાં જે વિચારો રજૂ થયાં તેને આત્મસાત કરીશું તો આપણાં અલગ અલગ વાદનાં પ્રશ્નો મટી જશે. આ વિચારો સુવર્ણજયંતિ પર્વ પુરતા સિમિત રાખવા નથી આ સતત પ્રક્રિયામાં રહે તે બાબતે જાગરૂકતા કેળવવાની છે. સુવર્ણજયંતિ નિમિત્તે સંપર્ક સેતુ યાત્રાની ત્રણે ટીમો જઈ રહી છે ત્યારે આજના આ વિચારોને સમગ્ર ભારતભરમાં વ્યાપક વાચા આપી સમાજના છેવાડાના સભ્ય સુધી એકતા મંત્ર પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ કરીશું.

(૩૩) શ્રી રામજીભાઈ કરમશીભાઈ પ્રમુખશ્રી કેન્દ્રીય સમાજ :-

જે ભાઈઓએ જહેમત ભર્યું કામ કર્યું છે તેમને ધન્યવાદ. આ ભાઈઓ જે અથાક પ્રયત્ન કરે છે તે એળે ન જાય અને લેખે લાગે માટે સૌએ ખભે મીલાવી લાગી જવાનું છે. તમારા પ્રશ્નો અમારી સામે લાવશો તો જરૂરથી ઉકેલવા પ્રયત્ન કરીશું. સમાજ કોઈ પ્રત્યે ઓરમાયું વર્તન રાખતી નથી અને રાખશે પણ નહીં. તેવી હૈયા ધારણા આપું છું. તમો તમારૂં યોગ્યતા અનુસાર જરૂરથી સમાજ સંચાલનમાં આવી શકશો. સમાજ કોઈ વાદની નથી. આપણી મનો ગ્રંથી સાફ રાખો. સમાજ આપણાં સૌની છે. અમારી સંપર્ક યાત્રા જઈ રહી છે. ત્યારે સર્વત્ર એકતાનો તેમજ વિશ્વાસનો પ્રચાર પ્રસાર થાય તે માટે પ્રયત્નશીલ બનીશું.

(૩૪) શ્રી ભાઈલાલભાઈ (સી.એ.) અમદાવાદ :-

આજની સભાના અંતે શ્રી ભાઈલાલભાઈએ વિહંગાવલોકન રજૂ કરેલ અને સૌએ આવો સંકલ્પ લઈને નિકળીએ સમાજની એકતા ને આંચ આવે એવા કાર્યો કદીયે નહીં કરીએ સદાય જોડવામાં જ આપણી શક્તિ લગાવીશું.

(૩૫) શ્રી વાલજીભાઈ નાકરાણી – મોરબી – આભાર વિધિ :-

આપ અમારા ટેલેફોનિક આમંત્રણથી અત્રે પધાર્યા અને આપના અમૂલ્ય મંતવ્યો અત્રે રજૂ કર્યા તે બદલ આપ સૌનો હાર્દિક આભાર માનું છું. આપણાં ભાવી પ્રશ્નો સૌ સાથે બેસી વાટાઘાટોથી ઉકેલીશું એવો સંકલ્પ લઈ આજની સભા અધ્યક્ષશ્રીના અનુમોદનથી પૂર્ણ થયેલી જાહેર કરું છું.

મને ઈ નથી સમજાતું કે આવું કેમ થાય છે, ફુલડાં ડુબી જતાં પથરા તરી જાય છે.
છે ગરીબોના કુબામાં તેલ ટીપું દોયલું, શ્રીમંતોની કબરો પર ઘીના દીવા થાય છે.
કામધેનું ને મળે ના એક તલખણું ઘાસનું, લીલાં ખેતર આંખલાં ચરી જાય છે.
તરૂવર તરસ્યાં જ્યાં વાદલડી વેરણ થાય છે, તેજ રણમાં ભરપૂર વરસાદ વરસી જાય છે.

ક્રિમિનલ કેસ પાછા ખેંચવાનું સમાધાન

This has been the root cause of feud between Satpanth and Sanatan Samajs

આજરોજ તા. ૨૩.૦૩.૧૦ ના રાત્રે ૯.૦૦ કલાકે પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા મધ્યે ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા સતપંથ સમાજના આગેવાનો સાથેની મીટીંગ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી નાકરાણીના પ્રમુખ સ્થાને મળેલ તેમાં નીચે લખ્યા મુજબના ઠરાવો કરવામાં આવ્યા

સતપંથ સમાજના આગેવાનોમાં શ્રી રતનશીભાઈ લાખાજી વેલાણી તથા શ્રી અરજણભાઈ રામજી ભગત તથા શ્રી જ્યંતિભાઈ નાનજી લીંબાણી સાથે સનાતન સમાજના ભાઈઓ ઉપર થયેલ ક્રીમીનલ કોર્ટ કેશો તથા નોટીસો મોકલાવેલ તે બાબત ગંભીર સર્મા વિચારણા કરવામાં આવી

અંતે અરજણભાઈ ને સમાજ તરફથી કહેવામાં આવ્યું કે હવે સમાધાનની વાત પછીથી કરવામાં આવશે પણ પહેલાં કોર્ટ કેશ પાછા ખેંચવા માટે ક્રીમીનલ કોર્ટ કેશ તથા નોટીસો મોકલનાર ભાઈઓ સાથે ફોન પર વાત કરીને અત્યારેજ જણાવો કે ક્યારે અને કઈ તારીખે અમદાવાદ કોર્ટમાં કેશ પાછા ખેંચવા છે તે તારીખ આપો એટલે અરજણભાઈ તથા રતનશીભાઈ તથા જ્યંતિભાઈ વગેરે એ ફોન પર વાત કરીને આવેલ અને ફોન પર વાત થયેલ તે પ્રમુખશ્રી ને જણાવેલ કે નીચે લખ્યા પ્રમાણે કોર્ટ કેસ ખેંચવાની સહમતી સાથે પુરેપુરી જવાબદારી લીધેલ

ઉપરોક્ત વિગતે નક્કી કરવામાં આવેલ કે કોર્ટ કેશ પાછા ખેંચવા માટે જીવાડે રમેશભાઈ વાગડીયા ઉપર થયેલ ક્રિમીનલ કેશ તથા બીજા ક્રિમીનલ કેશો તથા સનાતની ભાઈઓ ઉપર આવેલ નોટીસો વગેરે પાછા ખેંચવાની જવાબદારી સતપંથ સમાજના આગેવાનો શ્રી રતનશીભાઈ લાખાજી વેલાણી તથા શ્રી અરજણભાઈ રામજી ભગત તથા શ્રી જ્યંતિભાઈ નાનજી લીંબાણી એ જવાબદારી લીધેલ તેમાં એવું નક્કી કરવામાં આવ્યું કે બન્ને પક્ષના વકીલો સાથે બેસીને બન્ને પક્ષને કોઈપણ જાતનું નુકશાન ન થાય તેમ અનુલક્ષીને કોઈપણ જાતની શરત વિના કેશો પાછા ખેંચવાના છે કોર્ટ કેશો પાછા ખેંચાઈ જાય અને સમાજમાં સંપ સંગઠન અને સહકારની ભાવના જળવાઈ રહે તેવું વર્તન બન્ને પક્ષે કરવાનું રહેશે

ભવિષ્યમાં આવા કોઈપણ જાતના પ્રશ્નો તથા વાદવિવાદો ઉભા થાય ત્યારે કોર્ટનો આશરો ન લઈ કોઈપણ પ્રશ્નનું સમાધાન શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા થાય તેવું નક્કી કરવામાં આવ્યું

સતપંથ સમાજના આગેવાનો તરફથી વિનંતી કરવામાં આવેલ કે ભવિષ્યમાં આપણી સમાજમાં કોઈપણ જાતના પ્રશ્નોથી વાતાવરણ દુષિત ન થાય તેની તકેદારી બન્ને પક્ષોએ રાખવાની રહેશે

રા. ક. નાકરાણી
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી ક.ક.પા. સતપંથ ... સમીતી
નખત્રાણા-કચ્છ.

ક્રિમિનીલ કેસો પાછા ખેંચવા સમાધાનની સહીઓ

(૨)

(૧)	શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી	રામજી કરમશી નાકરાણી
(૨)	શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા	ગંગારામ પટેલ
(૩)	શ્રી મનસુખભાઈ વિશ્રામ રુડાણી	[illegible]
(૪)	શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી	[illegible]
(૫)	શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર	[illegible]
(૬)	શ્રી લખમશીભાઈ લધા વાસાણી	લખમશી લધા પટેલ
(૭)	શ્રી વાલજીભાઈ શીવજી વાડીયા	[illegible]
(૮)	શ્રી વાલજીભાઈ નારાણ ભગત	[illegible]
(૯)	શ્રી દેવજીભાઈ માવજી લીંબાણી	[illegible]
(૧૦)	શ્રી લાલજીભાઈ શીવજી ભાવાણી	[illegible]
(૧૧)	શ્રી મોહનભાઈ શીવજી ધોળુ	[illegible]
(૧૨)	શ્રી વાલજીભાઈ હીરજી ચૌહાણ	[illegible]
(૧૩)	શ્રી માવજીભાઈ રામજી છાભૈયા	[illegible]
(૧૪)	શ્રી નરસિંહભાઈ નારાણ સાંખલા	[illegible]
(૧૫)	શ્રી લાલજીભાઈ હંસરાજ રામાણી	[illegible]
(૧૬)	શ્રી રતિલાલ અરજણ લીંબાણી	રતિલાલ અરજણ લીંબાણી
(૧૭)	શ્રી રામજીભાઈ નારાણ નાકરાણી	[illegible]
(૧૮)	શ્રી રતનશીભાઈ લાલજી વેલાણી	[illegible]
(૧૯)	શ્રી અરજણભાઈ રામજી ભગત	પટેલ અરજણ રામજી
(૨૦)	શ્રી જયંતિભાઈ નાનજી લીંબાણી.	[illegible]

રામજી કરમશી નાકરાણી.

પ્રમુખ / ~~મંત્રી~~

[illegible]

શ્રી ક. ક. પા. [illegible]

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી

પ્રમુખશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

સતપંથ અને સનાતની વચ્ચે સમાધાન માટે ઔપચારિક વાતો

વાંઢાય અને ભુજ

તા. ૧૨-૦૪-૨૦૧૦

આજ રોજ વાંઢાય ખાતે સતપંથ વાળા રતનસીબાપા અને સનાતની મંગલદાદાએ બંને વચ્ચે ચર્ચા કરી કે સમાજમાં હાલે સૂવર્ણ મહોત્સવ ઉજવવાનો છે અને આપણી સમાજમાં જે સંપ્રદાયનો વિવાદ વળી પાછો જાગ્યો છે. ત્યારે આ બાબતે કોઈ સમાધાન સંતોષકારક થાય તો આપણાં માટે તેમજ સમાજ માટે હિતમાં રહેશે. આ માટે નિચે મુજબના લોકો ભેગા થયા.

ધનજી ગોવિંદ સેંગાણી (રાજપર), નારણભાઈ ચૌહાણ (દુજાપર), કેશુભાઈ પારસિયા (ભરૈયા), સુરેશભાઈ ચૌહાણ (લુડવા), ગંગારામભાઈ રામાણી (દેશલપર), દેવજીભાઈ લીંબાણી (ભુજ), પરષોત્તમ વાસાણી (વિરાણી નાની), રતનશી લાલજી વેલાણી (નવાવાસ), અરજણ પચાણ (મોમાયમોરા), પુંજા સવગણ (દેશલપર), ધનજી રામજી (દુર્ગાપર), જયંતિલાલ લીંબાણી (દેવપર), ગોવિંદ કરસન (નવાવાસ), જેઠા કાનજી (મેરાઉ).

ઉપરોક્ત તમામ સાથે વાંઢાય સવારના ૯ વાગે મળ્યા. સમાજની સંપ્રદાયી સમસ્યાના નિરાકરણ માટે જે સમાજમાં કેસ ચાલે છે તે બીનશરતી પાછા ખેંચવા અને શ્વેતપત્ર વિશે ખૂબ ચર્ચા કરવામાં આવી. આ કોલમ કાઢી નાખો, આ શબ્દ કાઢી નાખો, આમાં થોડા સુધારા કરો. બે કલાક ખૂબ ચર્ચાઓ ચાલી અને સમાજના ૧, / ૧૯ નિયમો છે તે પાટીદાર સમાજના દરેક સભ્યોને પાલન સખત રીતે કરવાનો રહેશે એવી વાતો થઈ પછી દેવજીભાઈ ટ્રસ્ટીએ વાત કરી કે જો હાલના સંજોગોમાં સમાજના હિતતમાં જો સમાધાન કરવું હશે. તો શ્વેત પત્રમાં કોઈ કાના-મંતરનો ફેરફારને અવકાશ નથી. માટે બીજી વાતો છોડો અને સારા માટે વિચારો આખરે સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું. (૧) સતપંથ સનાતન વચ્ચે જે ક્રિમીનલ કેસો છે, તે પાછા ખેંચવા. (૨) સમાજના જે બધારણમાં ૧ થી ૧૯ નિયમોનું દરેકે દરેક ને ચુસ્ત પણે પાલન કરવું. (૩) શ્વેતપત્ર હાલે જે સમાજ તરફથી બહાર પાડવામાં આવેલ છે, તેનું પાલન કરવું. ઉપરોક્ત ત્રણે મુદ્દાનું પાલન કર્યા પછી તમારી ઈચ્છા શું છે તેવું સનાતની તરફથી પૂછવામાં આવતાં તો એમની ઈચ્છા ફક્ત આપણાં સ્વર્ણિમ જયંતિના પોગ્રામમાં સમાજના પ્રમુખ રામજીભાઈ અને રતનસીભાઈ લાલજી વેલાણી બંનેના નામથી કચ્છમિત્રમાં જાહેરાત આવે કે આ સામાજિક મહોત્સવ પાટીદારો સૌ સાથે હળીમળીને અંદરના મતભેદ ભુલી જઈ ઉજવીએ એવું નક્કી કરવામાં આવ્યું. ઉપરોક્ત ચર્ચા પૂર્ણ કરી અને દેવજીભાઈએ ગંગારામભાઈ શાંખલાને ફોન કરી અને વાંઢાય બોલાવ્યા, જેમાં ગંગારામભાઈ શાંખલા, મોહનભાઈ ધોળુ, લાલજીભાઈ રામાણી ત્રણે જણા વાંઢાય આવ્યા. ઉપરોક્ત બધી વાત કરી સમજાવ્યા ત્યારે ગંગારામભાઈએ કહ્યું કે ધી બેસ્ટ વેરીગુડ. આવા ઈંગ્લીસમાં શબ્દો વાપર્યા અને આનંદથી એમને કિધું કે બપોર પછી ભુજ સમાજવાડીમાં આપણે સૌ સતપંથવાળા અને સનાતનીઓ સાથે મળી આ બાબતે નક્કી કરી લઈએ એવી વાત કરવામાં આવી. પછી અમો મહોત્સવની પત્રીકાઓ ભુજમાં આપવા નિકળેલ ૧૨-૩૦ વાગે જીલ્લા વિકાસ અધિકારી ડી.એસ.પી. કલેક્ટર અને સૌ અન્યોને આપવા નિકળ્યા. તે પત્રીકાઓ બપોર પછી ૪-૦૦ વાગે પૂર્ણ કરી અને ભુજ સમાજવાડીમાં સૌ સનાતની/ સમાજવાળા / અને સતપંથી ભેગા મળેલ અને નવેસર જે વાતો વંઢાય થઈ હતી તે વાતો પાછી કરવામાં આવેલ. અને દરેકને સમજણ આપેલ તેમાં થોડી ઘણી ગંગારામભાઈ સાથે વાતો થઈ પણ છેલ્લે તે વાંઢાય વાળી વાત પર બધા સહમત થયા, અને જ્યારે આ તમામ પ્રશ્નોનું જ્યારે લખવાનું આવ્યું ત્યારે ગંગારામભાઈને કોણ જાણે કેમ થયું એમના સ્વભાવ પ્રમાણે ફરી ગયા. આ લખાણમાં હું સહી નહીં કરું. કારણ કે શ્વેત પત્ર રામજીભાઈએ કાઢેલ છે. આવું કઈ દીધું. પછીતો ઘણાં બધાએ સમજાવવાની કોશીષ કરેલ આવું બધું સમુસુતરું સમાધાન થાય છે. તો આમાં આપણાં સૌની જવાબદારી છે. તમારી એકલાની નથી. માટે આ કિસ્સાને આપણે પુર્ણ કરી એ, આખરે કોણે એમણે ના પાડી તે ના સમજાયું. તે ન જ સમજાયું. પછી અરજણ સામજીએ વાત કરી કે તો પછી આવતી કાલે રામજીભાઈને પુછા કરી જુઓ આવું થતું હોય તો અમોએ હવે કચ્છ વાળા સતપંથીઓ આ બાબતે તૈયાર છીએ. આવતી કાલે બપોર સુધી આપને છુટ છે. બીજા દિવસે ૧૨.૦૦ વાગે રામજીભાઈને પૂછા કરી તો મને કોઈ વાતની ખબર નથી. આ પ્રશ્ન નિર્ણય વગર અહીં અધુરો રહ્યો. આ ગંગારામભાઈ સાંખલાના નેગેટીવ વર્તનને કારણે આ બધી વાત સતપંથના હોદ્દેદારો તૈયાર હોવા છતાં આ પ્રશ્નનો વિવાદ અધુરો રહી ગયો. આ તમામ વાતો ઓપચારીક હોઈ લેખીતમાં થઈ શકેલ નથી પણ તમામ વાતો સત્ય છે. એ હકીકત છે.

પ્રમુખશ્રી રામજી કરમશીને ૧૬-હોદ્દેદારો તરફથી લખેલ ટપાલ

તા. ૨૫-૦૨-૨૦૧૧

પ્રતિશ્રી
રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પ્રમુખશ્રી,
શ્રી, અ.ભા. ક. કડવા પાટીદાર સમાજ

સહ વિનય સાથે જણાવવાનું કે આપણી કેન્દ્રીય સમાજમાં પ્રથમથી જ ધાર્મિક અસંતોષ સતત સંજોગો વસાત થતો રહયો છે. ધાર્મિક બાબતે ઘણી બધી ગુંચવણો સમય સમય પર ઉભરી આવતી હતી. અને વડીલો દવારા વિવેક પૂર્વક સમાધાન પણ થતાં રહયા છે.

ગત વર્ષે આપણી સમાજનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવાનું થતાં આ વિવાદ ઉગ્ર રૂપ ધારણ કરેલ છે તે બાબતે સમાધાનના ઘણાં પ્રયાસો સમાજ દવારા કરવામાં આવેલ પણ સંજોગોવસાત આપણને તે વિવાદને ઉકેલવામાં સફળતા મળી નહિ.

ત્યારબાદ સમાજે શ્વેતપત્ર દવારા અને તા. ૦૭-૦૫-૨૦૧૦ના રોજ અસાધારણ સભા દવારા બંધારણમાં જરૂરી ફેરફાર અને જ્ઞાતિના પંચમ અધિવેશનના જ્ઞાતિ રિવાજના ૧ થી ૧૯ નિયમોને મંજુરી આપવામાં આવી છે.

આપણે સૌએ શ્વેતપત્રનો અમલ બંધારણ તથા જ્ઞાતિના રિતીરિવાજ કલમ ૧ થી ૧૯ વિશેષ કરીને ૧૮ અને ૧૯ના નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું તથા કરાવવાનું ફરજ બને છે. એ નિર્વીવાદ વાત છે.

વર્તમાન સમયમાં આપણી સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓના માન સન્માન અને આત્મ ગૌરવનું હનન કરતાં અને તમને બદનામ કરતાં પ્રવચનો, ઠરાવો, ઈ મેઈલો, પત્રો પ્રસારીત થઈ રહયા છે. તથા સમાજની સભામાં સભાની માન મર્યાદાનું સતત ઉલ્લંઘન થઈ રહયું છે.

૨૫/૦૨/૧૧

કેન્દ્રીય સમાજ સર્વોપરી છે. માટે કોઈ ઝોન યુવા સંઘ કે સમાજના સભ્યો દવારા પોતાના મનસુફીથી મીટીંગો ભરી ભડકાઉ ભાષણો કરી મવાળની સામે જુવાળ, મવાળને તગડો, સતપંથના દલાલો અને અન્ય અભદ્ર ભાષમાં ઉચ્ચારણો કરી જ્ઞાતિજનોને ગેર માર્ગે દોરવાનું કામ અમુક વ્યકિતઓ દવારા થઈ રહયુ છે. તેમને રૂક જાવ કહેવાનો સમય આવી ગયો છે. સમાજની ગરિમાનું અપમાન કરતા આવા પરીબળોને રોકવામાં નહી આવે તો સમાજનો સજજન વર્ગ તથા દાતાશ્રીઓ સમાજનાં વિકાસના કાર્યથી અલિપ્ત રહેવાનું પસંદ કરશે. જે સમાજ માટે મોટુ નુકશાનકારક સાબિત થશે. સનાતન અને સતપંથી અમુક સભ્યો તરફથી આપણા સમાજને તથા સભ્યો માટે ઈમેલ મેસેજોમાં અપપ્રચાર કરી રહ્યા છે તેનાથી આપણી ગરીમા હણાય છે તેને રોકવા જરૂરી છે.

જો આપશ્રી તેમના આવા કૃત્યને રોકી શકવા સક્ષમ ના હો તો આપણાં સમાજનું નેતૃત્વ કરવાને યોગ્ય નથી. એમ અમો નીચે સહી કરનાર સૌનું માનવું છે.

અમો એ વાતની સ્પષ્ટતા કરવા માગીએ છીએ કે પ્રમુખશ્રી આપશ્રીએ કોઈ સાથે ચર્ચા વિચારણા કર્યા વગર અમદાવાદ ઝોનને વિધાર્થી હોસ્ટેલ બનાવવા માટે મંજૂરી આપેલી તે આપની પ્રથમ ભૂલ હતી.

ત્યારબાદ કારોબારીમાં જેની ચર્ચા પણ કરવામાં આવી નથી છતાં આપશ્રી (૧) પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી (૨) ટ્રસ્ટીશ્રી ગંગારામભાઈ હીરાલાલભાઈ સાંખલા (૩) મહામંત્રીશ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ આપ ત્રણ મહાનુભાવોએ જે તે વખતના અમદાવાદ ઝોનના પ્રમુખ શ્રી દામુભાઈ ગોગારીને અમદાવાદ પાટીદાર વિધાર્થી હોસ્ટેલ માટે ખરીદાયેલી જમીન તા. ૨૫-૦૩-૨૦૧૦ ના રોજ મળેલ કારોબારી ઠરાવ નં ૩ થી વેચવા અંગે સતા આપતો ઠરાવ તા. ૨૯-૦૩-૨૦૧૦ ના રોજ લખી આપી આપશ્રી ટ્રસ્ટીશ્રીઓને તથા અન્ય હોદેદારશ્રીઓ તથા કારોબારીને ગેરમાર્ગે દોરી છે. આ અંગે ભવિષ્યમાં કોઈપણ જવાબદારી ઉભી થશે તો તેમના માટે આપ ત્રણ મહાનુભાવો જવાબદાર છો.

ચેરિટેબલ કમિશ્નર રાજકોટ દવારા સમાજ ઉપર મનાઈ હુકમ હોવા છતાં સતત ગેર બંધારણીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં અમોને કોઈપણ જગ્યાએ વિશ્વાસમાં લેવામાં આવેલ નથી. તો સદર બાબતે કાયદાકીય કોઈપણ કાર્યવાહી થશે તો અમો નીચે સહી કરવા વાળાની જવાબદારી રહેશે નહી જેની ખાસ નોંધ લેશો.

૧. કેશવદાસ ગોવિંદ છાભૈયા
૨. લાલજી ખીમજી [illegible]
૩. [illegible]
૪. મનસુખભાઈ વી. રૂડાણી
૫. [illegible] પટેલ
૬. શામજીભાઈ નારાયણ નાકરાણી
૭. ગોવિંદભાઈ વાલજી ભાવાણી
૮. હીરજીભાઈ રામજીભાઈ ભાવાણી
૯. નારણભાઈ નારાણ સાંખલા
૧૦. લધાભાઈ વિશ્રામભાઈ પટેલ
૧૧. માવજીભાઈ ખીમજી [illegible]
૧૨. રતીલાલ રવજી લીંબાણી
૧૩ લાલજી ડુંગરશી રામાણી
૧૪ પ્રેમજી નારાયણ [illegible]
૧૪. શિવદાસ [illegible] છાભૈયા
૧૬ વાલજીભાઈ હીરજી [illegible]

શ્રી અ.ભા. ક. ક. પાટીદાર સમાજ

Twisted Facts and Half Truth mentioned here. Full disclosure is not given. Arbitration by Umiya Mataji Vandhay has clearly given the judgement that Mandvi Hostel is of ABKKP Samaj

માંડવી હોસ્ટેલ જમીન વિવાદ પ્રકરણ

જુન ૨૦૦૮ની અખિલ ભારતીય પાટીદાર સમાજની સામાન્ય સભા યોજવામાં આવેલ. ત્યારે નવી બોડીની રચના કરવાની હતી. તે રચના જેમાં રામજી કરમશીને પ્રમુખ બનાવવામાં આવેલ હતા તે વખતે માંડવીના જે ટ્રસ્ટી હતા તેને પડતા મુકવામાં આવ્યા હતા. તેને આપ સૌ જાણતા હશો તેઓએ મનદુઃખ રાખી માંડવી નિર્માણ સમિતીના સભ્યોને સહમત કરીને અને આપણે માંડવીવાળા આપણું નવું ટ્રસ્ટ અલગ બનાવીએ કેન્દ્રમાં આપણને દાદ આપતા નથી એક મીટીંગ અને બીજી મીટીંગ ૧૭-૧૧-૨૦૦૮ની માંડવી નિર્માણ સમીતીની મીટીંગમાં અલગ ટ્રસ્ટ બનાવાનો ઠરાવ કરવામાં આવ્યોને બંધારણ નવું બનાવવા માટેની જવાબદારી પણ જેતે વ્યક્તિઓને આપવામાં આવેલ.

જુન ૨૦૧૧ના રોજ કેન્દ્રીય સમાજની નવી કારોબારીની રચના વખતે જયારે જનરલ સભા બોલાવવામાં આવેલ અને તે સભામાં જયારે હોદ્દેદારો તરફથી અમુક વ્યક્તિઓને અસભ્યતાના વર્તનને રોકવામાં અસર્મથ અથવા રોકવામાં ના આવ્યા અને જે વાતાવરણ સભાનું દુષિત થયું અને હોદ્દેદારોની સભાને વચ્ચે જે બેઈજતિ કરવામાં આવી અને ટ્રસ્ટીઓની મુદત ૬વર્ષની હોવા છતાં એને કોર્ટનો મનાઈ હુકમ હોવા છતાં જે પદાધિકારીના રાજીનામાં લેવામાં આવ્યા તે સમાજમાં વડીલો કે પાટીદાર સમાજને શોભે તેવાં નહોતાં ત્યારબાદ જે પંચોની નિમણુંક માટે ઉઠાડવામાં આવ્યા તે પંચની માંડવીવાળાની અસહમતી હતી અને બધા માડંવીવાળા જયારે ઉઠી ગયા ત્યારથી આ બીજ રોપાયા છે તેમાં આ લોકો ઉઠીને વાંઢાય ગયા ત્યાંથી તમામ ભાઈઓએ નક્કી કર્યું કે હવે આ સમાજમાં આપણને હડધુત કરસે તો આપણે આપણું કરીએ આવું મનોમન નક્કી કર્યુ ત્યારપછી ઉપરોક્ત માંડવી વિસ્તારના કંઠી વિભાગમાં સમુહ લગ્ન સમિતીને સંપ્રદાય વિવાદ કરી વિખેરાઈ ત્યારબાદ વર્ષોથી ચલાવતા માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતીને એક તરફી કેન્દ્રીય સમાજ દ્વારા સસ્પેન્ડ કરી અને ત્યારબાદ માંડવી ઝોનની કારોબારીને સંપૂર્ણ સસ્પેન્ડ કરી એવું બધું કેન્દ્રીય સમાજ દ્વારા માંડવી વિસ્તારના આગેવાનો તેમજ દાતાઓને સતત એક તરફી બદનામ કરતા રહ્યા જે નવા ટ્રસ્ટમાં હોસ્ટેલને ફેરવવા મજબુર કરેલ. માંડવી નિર્માણ સમિતી મીટીંગ મળેલ તે પહેલાં સર્વોદય ટ્રસ્ટની જૂની નકલો હતી તેને સજીવન કરી અને રજીસ્ટર કરાવ્યો અને તા. ૧૮-૮-૨૦૧૧ની મીટીંગમાં તે ટ્રસ્ટને અંદર જમીન, હોસ્ટેલ અન્ય મીલકત, ફેરવવાનો ઠરાવ કરી લીધેલ છે અને પ્રોપર્ટી ફેરવવામાં પણ સહમત છે. તેના મીનીટની ઝેરોક્ષ કોપીઓ બંને મીટીંગની આ સાથે છે તે નિરાંતે વાંચશો આ બાબત કયાંથી બગડી છે તેનો આછો અહેવાલ આપ સૌને ખ્યાલ માટે આપેલ છે અને તે હોસ્ટેલ બાબતે જ્યારે કેન્દ્રીય સમાજના આગેવાનોને જાણ થઈ ત્યારે ઘણું મોડુ થઈ ગયું હતું. અને પછીથી જે કારસ્તાન કરવામાં આવ્યા તે કરવા જોઈએ તે ના કર્યા પણ બધાને એક તરફથી સસ્પેન્ડ કરવામાં આવ્યા અને સાથે સમાધાનની વાતો કરતા રહ્યા અને કાયદેસરની કાર્યવાહી પણ કરતા રહ્યા. પણ આજ દિવસ સુધી કોઈ સુખદ ઉકેલ આવ્યો નહિ. કોણ જાણે કેવું ભુત કોને વળગ્યું છે. ભગવાન જાણે આ બાબતે સમાધાનો માટેના ઉપાયો કરવામાં આવ્યાં છે. તારીખ વાર રીપોર્ટીંગ આગળ પેજ પર આપેલ છે.

આ પ્રકરણમાં માંડવીવાળા આગેવાનોએ જ તમામ કામગીરી સાથે મળીને પૂર્ણ કરેલ છે, પછી પોતામાં અંદરો-અંદર ન ભળવાથી પોતામાં ફોટ પડી ત્યારે આ કામ બગડ્યું છે અને પછી વ્યક્તિગત ઈરાદાપૂર્વક તમામ પ્રયત્નો કરવા છતાં ગાડી પાટે ચડી નથી, જેનું નુકશાન મોટે પાયે કેન્દ્રીય સમાજને આજે પણ ભોગવવું પડે છે અને ભોગવી રહ્યા છે.

સુખ એ મિત્ર નથી, આપણી સમજણ એ મિત્ર છે. દુઃખ એ દુષ્મન નથી, કોઈ વ્યક્તિ સાથે રાગદ્રેષ એ દુષ્મન છે.

માંડવી હોસ્ટેલ પ્રકરણે મળેલી સમાધાનની મિટીંગો

- તા. ૧૧-૦૧-૨૦૧૩ : સમાજ તરફથી નખત્રાણા બોર્ડીંગમાં મિટીંગ રાખેલ હતી પણ કાન્તીભાઈ મુંબઈ અને વાલજી દહાણુના સહયોગથી જેમાં શીવદાસ બાપા અને શામજીબાપા ત્યાં જઈ હાજર રહેલ જ્યારે માંડવીના બીજા ભાઈઓ સ્થળ નક્કી કરવાનાં સંકલનના અભાવથી હાજર રહ્યા ન હતાં.
- તા. ૨૩-૦૧-૨૦૧૩ : ડી.વાય.એસ.પી. પાસે પ્રથમ મિટીંગ મળેલ. ઘણી બધી ચર્ચાઓ થયેલ. છેલ્લે જયારે સાહેબ ઉપર છોડવાનું આવેલ ત્યારે ગંગારામભાઈએ કહ્યું કે અત્યારે જે હાજર છે તેમાં કોઈ જવાબદારીવાળા ટ્રસ્ટીઓ હાજર નથી માટે ફરી તારીખ આપો.
- તા. ૧૬-૦૨-૨૦૧૩ : ડી.વાય.એસ.પી. પાસે બીજી મિટીંગ મળેલ, જેમાં ખૂબ ચર્ચા વિચારણા થઈ. અને જયારે સાહેબે વાત કરી કે આ લોકોને હાઈસ્કૂલ બનાવવી છે, માટે આવું કરેલ છે, તો તમો હાઈસ્કૂલ સમાજ બનાવી આપવાની બાહેંધરી લ્યો તો એ રાજીનામા આપવાની હું જવાબદારી લઉં છું. ત્યારે ગંગારામભાઈએ કહ્યું કે મને બધા હોદ્દેદારોને પુછા કરવી પડે, સાહેબ કહે, પુછા કરીને કહેજો, પછી સાહેબને મળવા ગયા જ નથી.
- તા. ૦૩-૦૩-૨૦૧૩ : સમાજવાળાએ ત્રીજી મિટીંગ નખત્રાણા બોલાવી, પણ મિટીંગની તે જગ્યા માંડવીવાળાને ના મંજુર હોવાથી તમામ ગેરહાજર રહેલા.
- તા. ૨૯-૦૩-૨૦૧૩ : ભુજ સમાજવાડીમાં બંને ટ્રસ્ટના હોદ્દેદારો ટ્રસ્ટીઓ હાજર રહેલ જેનો મંગલદાદા અને માવજીભાઈ મંત્રી બંને પક્ષોએ જવાબદારી સોંપેલ. ત્યારબાદ જે સમાજે જવાબદારી મહામંત્રી અને મંગલભાઈને સોંપેલ છે તો બીજી મિટીંગ બંને ટ્રસ્ટના હોદ્દેદારોને ભેગા કરી મિટીંગ બોલાવી અને તે બંને પાસેથી અહેવાલ લેવો જોઈએ. જે આજ દિવસ સુધી લીધેલ નથી. છતાં સામસામા આક્ષેપ પ્રતિ આક્ષેપ કરવા યોગ્ય નથી તે સમાજના હિતમાં પણ નથી.
- તા. ૩૦-૦૪-૨૦૧૩ : સમાજના હોદ્દેદારો અમદાવાદ મંત્રીશ્રી ચુડાસમા પાસે કેસના બારામાં મળવા ગયેલ હતા.
- તા. ૦૫-૦૫-૨૦૧૩ : સમાજના હોદ્દેદારો ભુજ મધ્યે પંકજભાઈ મહેતાને કેસ બારામાં અને આ લોકોને સપોર્ટ ના કરવો અથવા સમજાવવા એવા ઈરાદાથી મળવા ગયેલ હતા.
- તા. ૨૮-૫-૨૦૧૪ના કેન્દ્રીય સમાજના માણસો માંડવી હોસ્ટેલમાં સવારના ૬ વાગે તાળા તોડી અંદર ઘુસ્યા હતા.
- તા. ૩૧-૦૫-૨૦૧૪ના રોજ ગુજરાત રાજ્યના મંત્રી તારાચંદભાઈ છેડાના મધ્યસ્થીમાં ભુજ મધ્યે એક મીટીંગ મળેલ હતી. જેમાં કેન્દ્રીય સમાજના હાજર આગેવાનોએ તારાચંદભાઈની વાતને સ્વિકારી નહોતી.
- તા. ૫-૬-૨૦૧૪ના સર્વોદય ટ્રસ્ટવાળાએ સમાજના માણસોને તગેડીને કબજો લીધેલ હતો. મોટી માથાકુટ થઈ હતી.
- તા. ૧૧-૬-૨૦૧૪ જીલ્લા કલેકટર હર્ષદભાઈ પટેલ પાસે માંડવી હોસ્ટેલનું સમાધાન થયું. જેમાં મંગલડાડા, કેસું પારસીયા, નારણ ચૌહાણ, કરસન વેલાણી, વાડીલાલ પોકાર, સુરેશ ચૌહાણ, રેવાલાલ પાટીદાર સમાજ તરફથી હંસરાજ ધોળું, શાંન્તી સેંધાણી, દામજી વાસાણી, મણીલાલ ભગત, માવજી કેસરા, ડાયાલાલ રંગાણી, ભરત સામજીયાણી મીટીંગમાં ભાગ લીધો અને બન્ને તરફથી પાંચ જણાની સમીતીની રચના કરવામાં આવી. આ સમિતીમાં ૩ જણાં સતપંથીને માન્યતા આપેલ છે.
- તા. ૮-૮-૨૦૧૪ના સંસ્કારધામ ખાતે જેઠાબાપાએ માંડવી હોસ્ટેલવાળો પશ્ન પૂરા કરાવી આપશું ૬ મહિનામાં એવી વાત કરેલ.
- તા. ૧૭-૯-૨૦૧૪ની સમાજની કારોબારીમાં તુસારભાઈએ ૨ મહિનામાં સમાધાન થઈ જશે તેવી જવાબદારી લીધી.
- તા. ૧૯-૯-૨૦૧૪ ભુજ શીવદાસબાપા અને મંગલડાડાને મળવા સંજય પટેલ, તુષારભાઈ, ડૉ. સેંગાણી, ડાહ્યાલાલ આવેલ વગેરે.
- તા. ૨૨-૯-૨૦૧૪ તુષારભાઈ, મુંબઈ ગયા ત્યાં મેઘજીભાઈ, શામજીભાઈ, રવીલાલભાઈ દેવશીભાઈ વચ્ચે મીટીંગ થઈ.
- તા. ૨૬-૯-૨૦૧૪ તુષારભાઈએ અમદાવાદ તેડાવેલ મંગલભાઈ, કેશુભાઈ, નારણભાઈ અને હું,જયંતીભાઈ પ્રમુખ ગીતા મંદિર
- તા. ૧૩-૧૦-૨૦૧૪ના તુષારભાઈ માંડવી આવેલ જયાં મંગલડાડાને કેશુભાઈ, નારણભાઈને મળ્યા અને રાત્રે મને રવાપર ફોન કર્યો હતો. કે મને હવે વાત ગળે ઉતરતી નથી.
- તા. ૧૫-૧૦-૨૦૧૪ મને ફોન આવ્યો કે હવે કેસ કરવો પડશે હવે કેટલા દિવસ રાહ જોવી. કેમેય સમજે તેમ નથી તુષારભાઈના છેલ્લા ફોન દ્વારા શબ્દો હતા.
- તા. ૧૩-૧૦-૨૦૧૪ના રોજ માંડવી પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ જેનો જવાબ હાઈકોર્ટને તેમજ ડૉ. સેંધાણીને લેખીતમાં માંડવી પોલીસ સ્ટેશન દ્વારા તા. ૨૦-૦૨-૧૫ના આપેલ છે જે આગળના પાના નં. ૫૨-૫૩ પર આપેલ છે.

માંડવી નૂતન ટ્રસ્ટની રચના થઈ તે મીટીંગ

તા. ૧૭/૧૧/૧૮

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી ટ્રસ્ટ નિર્માણ સમિતિ [illegible]

[illegible]

સહીઓ

આજ રોજે તા. ૧૭/૧૧/૦૮ ને સોમવારના બપોરના 3- કલાકે ના [illegible] : [illegible]
હોસ્ટેલ નિર્માણ સમીતી હોસ્ટેલ સંચાલન સમીતી તેમજ
હોસ્ટેલ બાંધકામ સમીતી ની મીટીંગ મળેલ હતી.
જે મીટીંગમાં હાજર રહેલ સભ્યશ્રીઓએ હાજરી પુરાવી સહી કરી

(૧) લખમશી ભગાભાઈ પાંચાણી પ્રમુખશ્રી
(૨) જેઠાભાઈ નારણ ચોપડા [illegible]
(૩) મેઘાભાઈ વિશ્રામ પોકાર ''
(૪) નારણભાઈ રામજી પોકાર ''
(૫) શામજી કરસન સેંઘાણી ઉપપ્રમુખશ્રી
(૬) ધનજીભાઈ ગોવિંદ સેંઘાણી ''
(૭) રવજીભાઈ જીવા રામજીયાણી ''
(૮) લખમણ લાલજી રામાણી મંત્રીશ્રી
(૯) નથુરામ ધનજી સેંઘાણી મંત્રીશ્રી
(૧૦) પરસોતમ નારણ વેલાણી ''
(૧૧) શાન્તિલાલ પેથા [illegible] ખજાનચી
(૧૨) નારણ અરજણ [illegible] સહખજાનચી
(૧૩) દામજી દેવશી વેલાણી સહમંત્રી
(૧૪) ગોવિંદ કાનજી સેંઘાણી ''
(૧૫) નારણ રતનશી ધોળકીયા ''
(૧૬) ધનજી [illegible] [illegible] ''
(૧૭) શિવદાસ ગોવિંદ ધોળકીયા ''
(૧૮) ઈશ્વર દેવજી ધોળુ ''
(૧૯) [illegible] વાલજી વેલાણી ''
(૨૦) રતનશી ભાણજી વેલાણી ''
(૨૧) રવજી ભાણજી રામજીયાણી ''
(૨૨) શાન્તિલાલ લાલજી [illegible] ''
(૨૩) શાન્તિલાલ મોહન દિવાણી ''
(૨૪) રતનશી નારણ [illegible] ''
(૨૫) શામજી નારણ [illegible] ''

(૨૬) નારણ ખીમજી ચૌહાણ
(૨૭) અરજણ [illegible] ધોળુ
(૨૮) હરીલાલ નારણ ધોળુ
(૨૯) હીરાલાલ માધવ સેંઘાણી
(૩૦) રમીલાલ [illegible] રામજીયાણી
(૩૧) ધનજી [illegible] રૂડાણી
(૩૨) બાબુલાલ કરસન ચૌહાણ
(૩૩) શામજી ખીમજી [illegible]
(૩૪) દામજી મોહન ધોળુ
(૩૫) લખમણ નારણ સેંઘાણી
(૩૬) સુરેશ નારણ ચૌહાણ
(૩૭) શાન્તિલાલ રામજી ધોળુ
(૩૮) હીરાલાલ રામજી ધોળુ

[illegible] હોસ્ટેલ સંચાલન સમીતી ના સદસ્યો
૧ [illegible]
૨ [illegible]
૩ [illegible]
૪ [illegible]
૫ [illegible] પટેલ
૬ [illegible] ડી. પટેલ
૭ [illegible] પટેલ

માંડવી હોસ્ટેલની મીલકત ટ્રસ્ટમાં ફેરવવાની મીટીંગ

તા. ૧૮/૮/૯૧

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી હોસ્ટેલ. પાટીદાર સમાજ
માંડવી હોસ્ટેલ - [illegible] [illegible] [illegible] [illegible] વીરજી [illegible]
[illegible] [illegible] ૧૮/૮/૯૧ ને ગુરૂવારના સવારના ૯-૩૦ કલાકે
નિર્માણ સમાજના [illegible] [illegible] [illegible] ગોવિંદ [illegible]
અધ્યક્ષ સ્થાને [illegible] મળેલ હતી

નારણભાઈ [illegible] [illegible] [illegible] [illegible] ની જગ્યા
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

નારણભાઈ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
સર્વે સભ્યોના સર્વાનુમતે નિર્ણય [illegible] [illegible] [illegible] [illegible]
નિર્માણ સમાજના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]

સર્વે સભ્યોની [illegible] [illegible] [illegible] [illegible] સર્વાનુમતે [illegible]
કરવામાં આવી

[illegible] [illegible] [illegible] [illegible]
નારણભાઈ [illegible] [illegible] [illegible] હોસ્ટેલ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માંડવી હોસ્ટેલ
નિર્માણ સમાજના [illegible] [illegible] [illegible] [illegible] ટ્રસ્ટના [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] નારણભાઈના [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]

[illegible] [illegible] [illegible] નિર્માણ સમાજના [illegible] [illegible] [illegible] [illegible]
આ નિર્માણ સમાજનું ટ્રસ્ટ [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] શ્રી પાટીદાર [illegible] ટ્રસ્ટ - રજીસ્ટર
[illegible] સર્વાનુમતે [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] માંડવી - નિર્માણ સમાજના [illegible]
[illegible] [illegible] સ્થાવર [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] ટ્રસ્ટના [illegible] [illegible]
સર્વાનુમતે મંજૂર

સહીઓ

તા. ૧૯/૮/૧૨

આજ રોજ તા. ૧૬-૮-૨૦૧૨ ને ગુરૂવારના સવારે [illegible] જે મીટીંગમાં હાજર રહેલ સભ્યશ્રીઓએ હાજરી બુકમાં સહી કરેલ.

(૧) [illegible]
(૨) [illegible]
(૩) [illegible]
(૪) [illegible]
(૫) [illegible]
(૬) [illegible]
(૭) [illegible]
(૮) [illegible]
(૯) [illegible]
(૧૦) [illegible] માંડવી [illegible]
(૧૧) [illegible] માંડવી [illegible]
(૧૨) [illegible]
(૧૩) [illegible]
(૧૪) [illegible]
(૧૫) [illegible]
(૧૬) [illegible]
(૧૭) [illegible]
(૧૮) [illegible]
(૧૯) [illegible]
(૨૦) [illegible]
(૨૧) [illegible]
(૨૨) [illegible]
(૨૩) [illegible]
(૨૪) [illegible] માંડવી [illegible]
(૨૫) [illegible] માંડવી [illegible]
(૨૬) [illegible] માંડવી [illegible]

ક્રમાંક જાવક ૩૮૮
માંડવી પોલીસ સ્ટેશન
તારીખ ૨૦/૨/૨૦૧૫

પ્રતિ,
ડા શ્રી શાંતિલાલ મેઘજીભાઈ સેંગાણી
નખત્રાણા કચ્છ.

વિષય : આપશ્રી ની તા.૧૩/૧૦/૧૪ ના રોજ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના જવાબદારો વિરૂધ્ધ આઈ.પી.સી.કલમ ૪૦૬,૪૦૯,૪૨૦,૪૬૫,૪૬૭,૧૨૦બી.મુજબ ગુનો દાખલ કરવા બાબતે ની અરજી સબંધે થયેલ કાર્યવાહી ની નામદાર ગુજરાત હાઈકોર્ટ ના આદેશ મુજબ આપશ્રી ને જાણકારી થવા બાબત.

જય ભારત સાથે કે.એચ.સુર્યવંશી , પોલીસ ઈન્સપેક્ટર માંડવી પોલીસ સ્ટેશન નો વિનંતી રિપોર્ટ કે,

આપશ્રી એ તા.૧૩/૧૦/૧૪ ના રોજ માંડવી પોલીસ સ્ટેશન મા એક લેખીત અરજી આપેલ કે, તમો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના કાર્યકારી સભ્ય છો અને તા.૯/૮/૧૪ ના મળેલ અધિકાર મુજબ તમો એ માંડવી ખાતે આવેલ લખુ વિરજી ધોળુ વિધાર્થી છાત્રાલય ની મિલ્કત શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ ની છે અને આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના શીવદાસભાઈ ગોવિંદભાઈ છાભૈયા તેમજ અન્ય સાત ઈશમો આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના નામે ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરાવી ગુનો આચરેલ છે. વિગેરે મતલબ ની વિગતવાળી અરજી માંડવી પો.સ્ટે.માં આવેલ છે અને આ અરજી સબંધે કાર્યવાહી થવા અને ગુનો રજી.કરાવવા સબંધે આપ શ્રી નામદાર ગુજરાત હાઈકોર્ટ માં સ્પે.ક્રિ.એપ્લીકેશન નં.૫૨૮૧/૧૪ વાળી દાખલ કરાવેલ જેથી આ આપની અરજી સબંધે કાર્યવાહી અમો એ હાથ ધરેલ અને નામદાર કોર્ટ ની નોટીસ અમો ને મળતાં જ અમો એ તુરત કાર્યવાહી હાથ ધરતાં આપશ્રી નુ તા.૨૫/૧૨/૧૪ ના રોજ માંડવી પો.સ્ટે. આવેલ અને આપનુ વિગતવાર નુ નિવેદન લેવામાં આવેલ છે જે નિવેદન ની નકલ આપશ્રી ને આપવામાં આવેલ છે.તેમજ આ કામે જણાવેલ સામાવાળાઓ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના શ્રી શાંતિલાલ પેથાભાઈ પટેલ નુ પણ તા.૨૯/૧૨/૧૪ ના રોજ માંડવી પોલીસ સ્ટેશન માં બોલાવી વિગતવાર નુ નિવેદન લેવામાં આવેલ તથા જરૂરી પુરાવા ના કાગળો મેળવવામાં આવેલ છે.

આ કામે આપશ્રી તથા શાંતિલાલ પેથાભાઈ ના લેવામાં આવેલ નિવેદન પરથી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી નીચે મુજબ ની હકીકત ફલીત થયેલ છે.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ જે રજીસ્ટર્ડટ્રસ્ટ છે અને માંડવી વિભાગ ના રહીશો ની માગણી મુજબ માંડવી મધ્યે વિધાર્થી હોસ્ટેલ બનાવવા અને તેના વહીવટ કરવા કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિમાર્ણ સમિતી બનાવવામાં આવેલ અને આ કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિમાર્ણ સમિતી એ માંડવી મધ્યે આઝાદચોક માં શ્રી નાનજી વિરજી ધોળુ છાત્રાલય નિમાર્ણ કરેલ અને બાદ માંડવી સર્વે નં.૨૨૯ વાળી મા જમીન ની ખરીદી આ સમિતી ના પ્રમુખ તથા મંત્રી ના નામે કરેલ અને આ જમીન ખરીદ્યા અંગે માંડવી તલાટી ના રેકર્ડ માં હકક પત્રક માં નોંધ નં.૧૫૭૨ વાળી પડાવવામાં આવેલ અને સને.૨૦૦૭ માં આ જમીન પર અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલીત શ્રી લખુ વિરજી ધોળુ છાત્રાલય બનાવવામાં આવેલ અને આ બિલ્ડીગ માં છાત્રાલય શરૂ થયેલ અને તેનો વહીવટ માંડવી હોસ્ટેલ નિમાર્ણ સમિતી સને.૨૦૧૨ સુધી કરતી હતી.બાદ આ હોસ્ટેલ નિમાર્ણ સમિતી એ ટ્રસ્ટ બનાવવા ઠરાવ કરી સને.૨૦૧૨ માં બોમ્બે પબ્લીક ટ્રસ્ટ હેઠળ નાયબ ચેરીટી કમિશ્નર શ્રી પાસે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ રજી.કરાવેલ અને આ માંડવી જલારામ નગર માં આવેલ સર્વે. નં.૨૨૯ વાળી માં બનાવેલ શ્રી લખુ વિરજી ધોળુ છાત્રાલય ની મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના નામે ચડાવવપાં આવેલ અને આ અંગે માંડવી તલાટી ના હકકપત્રંક નોધ નં.૩૫૮૨ વાળી પડાવવામાં આવેલ અને આમ આ નોધ નં.૧૫૭૨ તથા ૩૫૮૨ વાળી સામે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના મહામંત્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત એ નાયબ કલેકટર માં અપિલ દાખલ કરાવેલ જે અપિલ નાયબ કલેકટર શ્રી એ ના મંજુર કરેલ અને બાદ આ નાયબ કલેકટર શ્રી ના હુકમ સામે તેઓ એ કલેકટર સા.ભુજ નાઓ સમક્ષ અપિલ કરેલ જે અપિલ પણ કલેકટર સા.એ ના મંજુર કરેલ અને બાદ તેઓ આ હુકમ ની સામે વિવાદ સચિવ અમદાવાદ નાઓ સમક્ષ અપિલ કરેલ જે અપિલ કેશ ચાલુ માં હોવાનુ તમો બંન્ને પક્ષકારો તરફ થી જણાવવામાં આવેલ છે.

આ ઉપરાંત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના નામે મિલ્કત નાયબ ચેરીટી કમિશ્નર કચેરી ના ફેરફાર રિપોર્ટ નં.૧૨૨ /૧૨ થી નોધ પાડવામાં આવેલ જે સામે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના શ્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત એ સંયુકત ચેરીટી કમિશ્નર શ્રી રાજકોટ માં અપિલ

દાખલ કરાવતા જેમાં સંયુક્ત ચેરીટી કમિશ્નર શ્રી એ આ ફે.ફા.નોધ નં.૧૨૨/૧૨ વાળી રદ કર કરેલ જે હુકમ ની પણ માંડવી તલાટી ના રેકર્ડમાં નોધ પડાવવામાં આવેલ છે.અને આ હુકમ સામે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ના શ્રી શીવદાસભાઇ ગોવિંદભાઈ છાભૈયા એ નામદાર ડીસ્ટ્રીક કોર્ટ માં કેશ દાખલ કરાવેલ છે જે કેશ ચાલુ માં હોવાનુ તમો તથા સામાપક્ષ વાળા એ જણાવેલ છે.

આ ઉપરાંત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વતી દામજીભાઈ હીરજી ભાઈ પટેલ નામદાર શ્રી પ્રિન્સીપલ ડીસ્ટ્રીક સેસન્સ જજ સા.ની કોર્ટ માં કેશ નં.૧/૧૩ વાળા થી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નાઓ વિરૂધ્ધ દાખલ કરાવેલ જેની સામે દાવો રદ થવા પાટીદાર સર્વોદય ટ્રસ્ટ ની અરજી નામદાર કોર્ટ એ મંજુર રાખેલ છે.

આમ આ સમગ્ર પ્રકરણે જોતા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ તથા પાટીદાર સર્વોદય ટ્રસ્ટ વચ્ચે ઘણા સમય માંડવી મધ્યે આવેલ છાત્રાલય બાબતે વિવાદ ચાલે છે અને તે મિલ્કત પોતાના ટ્રસ્ટ ની હોવાનુ બંન્ને પક્ષકારો દાવો કરે છે તેમજ આ મિલ્કત ના કબ્જા બાબતે બંન્ને પક્ષો ના માણસો વચ્ચે ઘર્ષણ પણ થયેલ અને જે બાબતે માંડવી પો.સ્ટે. માં ગુન્હાઓ પણ દાખલ થયેલા છે.

આ પ્રકરણે બંન્ને પક્ષો વચ્ચે ન્યાય મેળવવા માટે ની પ્રક્રિયા પ્રકરણે બંન્ને પક્ષો વચ્ચે ન્યાય મેળવવા માટે ની પ્રક્રિયા પણ ચાલુ માં છે.આમ આ મેટર સબજ્યુડાઈસ છે.

આ ઉપરાંત આ સમગ્ર પ્રકરણે બંન્ને પક્ષકારો તરફ થી માંડવી પોલીસ સ્ટેશન માં ઘણી અરજી કરવામાં આવેલ છે તેમજ પોલીસ અધિ.સા.ભુજનાઓ ને પણ ઘણી અરજીઓ કરવામાં આવેલ છે જે તમામ અરજીઓની પોલીસ તપાસ કરવામાં આવેલ છે તેમજ અરજી કામે તપાસ કરી રિપોર્ટો પણ કરવામાં આવેલ છે.

આપશ્રી ની તા.૧૩/૧૦/૧૪ વાળી અરજી કામે વિગતવાર નો રિપોર્ટ માંડવી પો.સ્ટે.જાવક નં.૨૨૮૪/૧૪ તા.૨૭/૧૦/૧૪ વાળાથી પોલીસ અધિ.સા.ભુજ નાઓને કરવામાં આવેલ છે તેમજ અગાઉ આવી હકીક્ત વાળી અરજી માવજી કેશરા પટેલ એ કરેલ જે અંગે પણ જે તે વખતે તપાસ કરી પોલીસ અધિ.સા.ભુજ નાઓને રિપોર્ટ કરવામાં આવેલ છે તેમજ આ બાબતે વખતો વખત આ હકીકત સબંધે ની અરજીઓ કરવામાં આવેલ જે તમામ અરજીઓ કામે જે તે વખત ના તપાસ કરનારાઓએ આ બાબતે મેટર સબ જ્યુડાઈસ હોઈ આ કામે અરજીઓ ફાઈલે થવા વખતો વખત રિપોર્ટો કરવામાં આવેલ છે.

આ કામે આપશ્રી અરજી કામે અત્રે થી નાયબ ચેરીટી કમિશ્નરશ્રી ભુજ નો અભિપ્રાય માગવામાં આવતા તેઓ એ આ કામે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ના માવજીભાઈ કેશરાભાઈ ભગત એ સંયુકત ચેરીટી કમિશ્નર શ્રી રાજકોટ સમક્ષ અપિલ દાખલ કરાવેલ જે સંયુકત ચેરીટી કમિશ્નર શ્રી રાજકોટ એ તા.૨૯/૬/૧૩ ના હુકમ થી રીમાન્ડ થયેલ છે. જે હાલ આ કચેરીએ ન્યાયી રીતે પડતર છે.જેની સુનવણી હાથ ધરવાની બાકી છે તેમ લખીત માં જણાવલ છે. આ ઉપરાંત આ કામે આપશ્રી ની અરજી માં જણાવેલ બાબતે ગુન્હો દાખલ કરવા સબંધે જીલ્લા સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીક્યુટર શ્રી કચ્છ ભુજ નાઓનો અભિપ્રાય માગવામાં આવતા તેઓ શ્રી એ પણ લેખીત માં જણાવેલ છે કે, હાલ ના તબબકે આ કામે સદર મિલ્કત સબંધે સક્ષમ ઓથોરીટી વિવાદ સચિવ તથા નામદાર કોર્ટ માં કેશ ચાલુ માં છે. તેવા સંજોગો માં હાલ આ સબંધે ગુનો દાખલ કરવામાં આવે તો ઉક્ત જણાવેલ બંન્ને પક્ષકારો તરફ થી ઉપર મુબજ ની સક્ષમ ઓથોરીટી સમક્ષ ન્યાય મેળવવા માટે ની પ્રક્રિયા ચાલુ માં છે તેવા સંજોગો માં નામદાર ડીસ્ટીક કોર્ટ અને વિવાદ સચિવ શ્રી સમક્ષ સબજ્યુડાઈસ મેટર પેન્ડીગ છે અને તેનો નિકાલ આવવાનો બાકી છે. તેવા સંજોગો માં હાલ ના તબ્બકે અરજદાર ની અરજી ના તત્વો જોતા ન્યાયીક પ્રક્રિયા બાકી હોઈ હાલ ના તબ્બકે ગુન્હો નોધવા સરખુ જણાતુ નથી.તેવુ લેખીત માં અભિપ્રાય આપેલ છે.

આમ સમગ્ર પ્રકરણે જોતાં તથા અગાઉ થયેલ અરજીઓ તથા તે કામે થયેલ તપાસબાદ ના થયેલ રીપોર્ટો તથા સબંધીત તંત્રો ના અહેવાલ અભિપ્રાય વિગેરે પરથી જોતા આપશ્રી ની પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નાઓ જણાવેલ નામોવાળા વિરૂધ્ધ હાલ ના તબ્બકે ગુન્હો દાખલ કરી શકાય તેમ નથી.અને આપશ્રી એ નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કરાવેલ સ્પે.ક્રિ.એપ્લી.નં.૫૨૮૧/૧૪ તથા પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નાઓ એ નામદાર ગુજરાત હાઈકોર્ટ માં દાખલ કરાવેલ સ્પે.ક્રિ.એપ્લી.નં.૫૮૮૭/૧૪ વાળી કામે નામદાર કોર્ટ ના આદેશ મુજબ આ કામે આપશ્રી ને આથી લેખીત માં જાણ કરવામાં આવે છે.

જે વિદીત થાય.

તા.૧૯/૨/૧૫

([illegible].એમ.સુર્યવંશી)
પોલીસ ઈન્સપેકટર
માંડવી પો.સ્ટે.

Received (one copy)
Date 20/2/15
[illegible]

This is a closed matter. Damubhai had raised the finances for building the hostel. But ABKKP Samaj became uninterested and hence allowed Damubhai to go ahead in the way he finds fit. Property was not of ABKKP Samaj

અમદાવાદ હોસ્ટેલ દામુભાઈ

આપણી સમાજના પ્રમુખશ્રી રામજીભાઈના સત્રની પ્રથમ કારોબારીની બેઠક નરોડા બોલાવવામાં આવેલ. તે મીટીંગમાં અમદાવાદ ઝોન પ્રમુખના વક્તવ્યમાં અમદાવાદ ખાતે જે છોકરાં ભણાવવામાં આવે છે તેની રજુઆત સારી રીતે કરી અને અમદાવાદમાં હોસ્ટેલની ખાસ જરૂર છે કેન્દ્રીય સમાજ તરફથી અમોને મંજુરી જોઈએ છે. તમામ ખર્ચ તેમજ અન્ય જવાબદારી અમો લઈશું મીલકત કેન્દ્રીય સમાજના નામે કરશું એવી રજુઆત સાંભળી અને પ્રમુખશ્રીએ કારોબારીની મિટીંગમાં પોતાના ઉદ્‌બોધનમાં મૌખીક મંજુરી આપેલ હતી.

તા. ૬-૮-૨૦૦૮ની કારોબારીનો ઠરાવ જમીન ખરીદવી અન્ય તમામ કાર્યવાહી કરવા માટેનો ઠરાવ કરી આપેલ છે. જે ઠરાવ નં. ૮ માં જમીન ખરીદવા મકાન બનાવવું, હોસ્ટલ નિર્માણ રોજીંદા માટે મંજુરી આપેલ છે.

તા. ૧૩-૨-૨૦૧૦ સમાજની કારોબારી નં. ૬નો ઠરાવ અમદાવાદ ઝોનના કાર્યકર્તાને આપેલ છે. તેમાં ડોનેસન, બેંક ખાતા, અન્ય ટ્રસ્ટ સાથે સહયોગ લેવા માટેની સંપુર્ણ સત્તા કરતો ઠરાવ કરી આપેલ છે.

૨૫-૩-૨૦૧૦ કેન્દ્રીય સમાજની કારોબારી ઠરાવ નં. ૩ જે સમાજની કારોબારીની મંજુરીની અપેક્ષાએ ઠરાવ જે તે જમીન નાની થાય છે માટે વહેચી નાખવી એવો ઠરાવ કરી આપેલ છે. ઉપરોક્ત ૨૫-૩-૨૦૧૦ ઠરાવ પછી દામુકાકાએ ઘણો બધો વિચાર કરવા પછી વિચાર્યુ કે જે હેતુ માટે લીધું છે તે જ હેતુ માટે રાખવી છે માટે બીજું ટ્રસ્ટ બનાવ્યું અને તેમાં ફેરવ્યું તમામ બાબત પૂર્ણ થઈ ત્યારે કેન્દ્રીય સમાજની જનરલ સભામાં એમના વિરોધીઓએ એવી વાત ચલાવી કે સમાજની જમીન વહેચી નાખી પૈસા ખાઈ ગયા છે. બહું ધમાલ કરી સમાજને નીચું જોવાનો વારો આવ્યો અને સમાજના હોદ્દેદારો સ્ટેજથી નીચે બેસી ગયા ત્યારે દામુકાકાએ કીધું તમોને જેમ કરવું હશે તેમ બને પક્ષોને યોગ્ય રીતે કરશું ત્યારે સભા ચલાવી તે દિવસે દામુકાકાની ખુબ બેઈજ્જત આ સભામાં કરવામાં આવી કોઈ કાંઈ વાંક નહી તમામ પૈસાઓની એની જવાબદારીથી રોકેલ હતા છતાં આ પરિસ્થિતી કરવામાં આવેલ. ત્યારબાદ હોદ્દેદારોએ અમદાવાદ મીટીંગ બોલાવેલ અને આ જમીન પાછી લેવી એવું નક્કી કરવામાં આવેલ એ તે માટે સમિતી રચવામાં આવેલ.

તા. ૪-૯-૨૦૧૦ના રોજ નિમેલ સમીતીના તમામ સભ્યો મનસુખભાઈને ત્યાં ભેગા થયા અને આ જમીન જનરલ સભાના કહેવા મુજબ પાછી લેવી તો તેના તમામ લખાણ કરવામાં આવ્યું છે પણ સમાજ આ લખાણ ઉપર પણ ન ચાલી શકી ત્યારે તા. ૧૯-૧-૨૦૧૧ના દામુકાકાએ સમાજને ટપાલ લખેલ કે આપણે લખાણ કરેલ છે તે બાબત તરફથી હજી આ બાબતે કાંઈ કરવામાં નથી આવ્યું. તો શું બાબત છે જણાવશો ત્યારબાદ સમાજથી પૈસા થાય તેમ નથી એવું કહેવાયું પછી નવી સમીતીની રચના કરવામાં આવી અને તે જ જમીન જેતે સંસ્થાને કાયદેસર કેમ ફેરવી આપવી તે માટે ત્રણ ચાર્ટડ એકાઉન્ટન્ટની સલાહ લઈ અને તે જમીન પાછી તે જ ટ્રસ્ટમાં રાખી અને આ જમીન હોસ્ટેલ બાબતનો આછો પાતળો અહેવાલ આમાં કેન્દ્રીય સમાજની અસમજણ કહો કે ગેર વહીવટ કહો આવું કરવાનું શું કારણ હજી મલ્યું નથી, આ તમામ રિપોર્ટ તારીખ વાર આમાં આગળના પાના પર સામેલ છે.

સૂર્ય પૂર્વમાંજ ઉગે કોઈના કહેવાથી
પશ્ચિમમાં ના ઉગાડાય એટલું તો મુર્ખાઓ પણ સમજે.

॥ શ્રી ઉમિયાયે નમઃ ॥

(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan, NAKHATRANA - Kutch. PIN : 370615. Phone : (02835) 222149, 292700 Fax : 221049

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ, પીન : ૩૭૦ ૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦ ફેક્સ : ૨૨૧૦૪૯

પત્ર ક્રમાંક : તારીખ :

તા. ૬/૮/૨૦૦૯ ની કારોબારી સભાના ઠરાવ નં.૮ ની નકલ

ઠરાવ નં. ૮

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે અમદાવાદ મુકામે શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલનું નિર્માણ કરવું અને તે માટે જરૂરી જમીન સમાજના નામે સંપાદન કરી યોગ્ય સગવળતાવાળુ બાંધકામ કરવું અને આ અંગેની કાર્યવાહી કરવા માટે અમદાવાદ ઝોનને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વતી સતા આપવામાં આવે છે. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ હોસ્ટેલ નિર્માણ માટે રોજીંદા વહીવટ કરવાની સતા અમદાવાદ ઝોનની હોસ્ટેલના વહીવટદારોને સોપવામાં આવે છે. રોજબરોજના વહીવટ કરવા માટે "શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ" ના નામે કોઈ પણ બેંકમાં ખાતુ ખોલાવવું અને સદરહુ ખાતાની લેવડ–દેવડ કરવા માટે અમદાવાદ ઝોનના જેતે વખતના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રી એમ ત્રણ પૈકી કોઈ પણ બે વ્યકિતની સંયુકત સહીથી કરવાની સતા આપવામાં આવે છે. આ ઉપરાંત એવું પણ ઠરાવવામાં આવે છે કે હોસ્ટેલ માટેની જમીન ખરીદી તે બાબતની અન્ય કોઈ કાર્યવાહી માટે તેમજ પ્લાન મંજુર કરાવવા, આર્કીટેક, એન્જીનીયર, કોન્ટ્રાકટરની નિમણુંક કરવા તથા યોગ્ય ભંડોળ માટે દાન ભેટ સ્વીકારવા જરૂર પડે તો લોન લેવા વગેરે કામ કરવાની પણ સતા આપવામાં આવે છે.

(મોહનભાઈ શીવજીભાઈ ધોળુ)
મહા મંત્રી
શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ

ઠરાવ નં. - ૬

॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan, NAKHATRANA - Kutch. PIN : 370615. Phone : (02835) 222149, 292700 Fax : 221049

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ, પીન : ૩૭૦ ૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦ ફેક્સ : ૨૨૧૦૪૯

પત્ર ક્રમાંક :   તારીખ :

તા. ૧૩/૨/૨૦૧૦ ના રોજ મળેલ કારોબારી સભાના ઠરાવ નં.૬ ની નકલ

ઠરાવ :૬

આપણા સમાજે અમદાવાદ ખાતે શૈક્ષણિક હેતુ/હોસ્ટેલનું નિર્માણ કરવા માટે જમીન સંપાદન કરેલ છે, તે જમીન ઉપર શૈક્ષણિક સંકુલ ઉભુ કરવા માટે અમદાવાદ અને તેની આજુબાજુના સ્થાનિક ટ્રસ્ટ/સમાજોનો સહયોગ મળી શકે એમ છે, તેથી તેવું ઠરાવવામાં આવે છે કે આ સંકુલને વિકસાવવા માટે અન્ય ટ્રસ્ટ/ સમાજોનો સહયોગ લેવો અને આવા ટ્રસ્ટ/સમાજો આપણા સમાજમાં ઉભા કરાતા સંકુલ માટે સહભાગીદાર બનાવવા અને તે સમાજે આ સંકુલ માટે તેમના ટ્રસ્ટમાં ડોનેશન/સખાવત ઉઘરાવી શકે તેવી સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે. પરંતુ સમાજના આવા ટ્રસ્ટના નામે ઉઘરાવેલ જે કાંઈ ફાળો કે ડોનેશન આવે તે સમાજોએ પુરેપુરૂં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં ટ્રાન્સફર કરવાનો રહેશે અને આવી રકમ અમદાવાદ ખાતેના શૈક્ષણિક હેતુ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે તેવું ઠરાવવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કાર્ય માટે અન્ય ટ્રસ્ટો/સમાજો સાથે જે સમજુતીઓ કરવી પડે તેવી સમજુતીઓનું લખાણ કરવાની સત્તા આપણા સમાજના મહામંત્રીશ્રીને આપવામાં આવે છે.

વધુમાં એવી પણ છણાવટ કરવામાં આવે છે કે આ સંકુલની સંપૂર્ણ માલીકી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની જ રહેશે, અને તેના વહીવટ/સંચાલન માટે અમદાવાદ ઝોન અને/ અથવા સ્થાનિક સમાજોનો અથવા સમજુતી પ્રમાણે જે કોઈ ટ્રસ્ટ સામેલ થશે તેની સ્થાનિક વહીવટી કમીટી રચવામાં આવશે.

(મોહનભાઈ શીવજીભાઈ ધોળુ)
મહા મંત્રી
શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ

ઠરાવ નં. - 3

॥ શ્રી ઉમિયાયે નમઃ ॥ (Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan, NAKHATRANA - Kutch. PIN : 370615. Phone : (02835) 222149, 292700. Fax : 221049
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ, પીન : ૩૭૦૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦, ફેકસ : ૨૨૧૦૪૯
Web. : www.kkpsamaj.org ⁕ E-mail : kkpsamaj@in.com

પ્રત્ર ક્રમાંક : તારીખ :

<u>તા. ૨૫/૩/૨૦૧૦ ના રોજ મળેલ કારોબારી સભાના ઠરાવ નં.૩ ની નકલ</u>

ઠરાવ:૩

અમદાવાદ મુકામે સમાજની હોસ્ટેલ શરૂ કરવા માટે અમદાવાદ ઝોન મારફત કાર્યવાહી થઈ રહી છે અને હાલ નવરંગપુરામાં હોસ્ટેલ માટે જમીન સંપાદન કરવાની કાર્યવાહી કરેલ છે તે સ્થળે જગ્યા ઓચ્છી હોઈ તે જમીનમાં ભવિષ્યની જરૂરિયાત ધ્યાને રાખતાં આ જગ્યા ન રાખવી જોઈએ અથવા અને જો ખરીદીની કાર્યવાહી કરેલ હોય તો સ્થગીત કરવી અને જો ખરીદ થઈ ગઈ હોય તો તેની વેચાણની કાર્યવાહી કરી અન્ય જગ્યાએ વેચાણ કે ભાડા પટટે રાખવી, ગુજરાત સરકારશ્રી મારફતે કોઈ મોટી જગ્યા મેળવી શકાય તો તે અંગેની કાર્યવાહી પણ કરવાની સતા અમદાવાદ ઝોનના પ્રમુખશ્રી દામુભાઈ દેવશીભાઈ પટેલને આપવામાં આવે છે.

મોહનભાઇ શીવજીભાઇ ધોળુ
મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

2015-08 -Samaj Bhaktini Sachchai (758)

અમદાવાદ DATE ૭/૯/૧૦ PAGE
MY NOTE BOOKS

આજ રોજ તા. ૦૭/૦૯/૨૦૧૦ ના રોજ
અમદાવાદ મુકામે ઉપ પ્રમુખ શ્રી નવીનભાઈ રૂડાણી
ના નિવાસ સ્થાને શ્રી અ.ભા.ક.ક.પા. સનાતન સમાજ
ના પ્રમુખ શ્રી રામજીભાઈ દિવાણી ની સભા ની
ઉપસ્થિતિમાં નીચે સહી કરનાર મુજબ
આગેવાનો ની હાજરીમાં સમાજ હિરાપુરા
ના હિત સમાજ ની અમદાવાદ મુકામે
નવરંગપુરા ખાતે હોસ્ટેલ ભવન બાબત
અંગે જે વિદ્યાર્થીઓ ત્યાંથી રહેલ છે
તે નીચે મુજબ છે.

૧. હોસ્ટેલ ભવન બાબત ના ખીમજી દામજીભાઈએ
હિસાબ આપેલ તે આંકડા મુજબ - 3,50,43,536
- આજ તારીખ સુધી લાખ ખર્ચ ... [illegible] રકમ છે
છે જે રકમ દામજીભાઈ દેવશી ગોગારી તથા
રામજી દેવશી પોકાર ને સુપ્રત છે. જે રકમ
ખર્ચ સમાજ નીચે મુજબ ની શરતે ખર્ચવા ની
થાય છે. તેના હિસાબ નીચે મુજબ છે.

2. ઉપર ની રકમ પૈકી દસ્તાવેજ ની રકમ
C.A ની સલાહ મુજબ સમાજ ના નામે કરી
આપવાની છે.

3. ભાગ રહેલ રકમ આંકડામાં 2,29,00,000/-
બે કરોડ ઓગણત્રીસ લાખ, જેમાં 36,00,000/-
છત્રીસ લાખ ની રકમ શ્રી દામજીભાઈ ગોગારી તથા
રામજીભાઈ પોકાર ની પાસે આવે [illegible]
... ની મુદતમાં સુપ્રત કરવાની છે.

૪ બાકી રહેલ રકમ 9,44,000/- નવ લાખ ચુમાળીસ હજાર
સમાજ ના ખાતામાં તા. ૩૦/૧૦/૨૦૧૦ સુધી

DATE / /
MY NOTE BOOKS

માં જે વધુમાં વધુ રકમ સમાજે આપવાની
છે. જે રકમનું વ્યાજ આપવાનું રહેશે
નહિ.
૪. બાકી રહેતી રકમ રૂ.૯ ચાર હપ્તામાં
દર છ મહિને આપવાની રહેશે.
જેનું વ્યાજ ૧૨ % પ્રમાણે ગણવાનું રહેશે.

૫. એગ્રીમેન્ટ ખર્ચ તથા દસ્તાવેજ અંગે
નો ખર્ચ C.A ના કહ્યા પ્રમાણે વહેંચીને
ભરવાના રહેશે. ~~[illegible]~~

ઉપર મુજબના લખેલ દરેક મુદ્દાઓ અંગે
અમે કરી ચર્ચાઓ કરી સંમતિ આપેલ
છે. અને સંમત થયેલ છે.

૧	પ્રમુખશ્રી રામજી ડાયાભાઈ નાકરાણી -	[signature]
૨	ટ્રસ્ટી ગંગારામ શીવજી સેંઘાણી	[signature]
૩	ઉ.પ્રમુખશ્રી દેવજીભાઈ રામજીભાઈ ભાવાણી	[signature]
૪	મનસુખભાઈ વશરામભાઈ પટેલ	[signature]
૫	નિર્મળ રામજી પટેલ	[signature]
૬	દામજીભાઈ ડી. પટેલ	[signature]
૭	નાનજીભાઈ આર. છાભૈયા.	[signature]
૮	રાજાભાઈ કરમશીભાઈ પોકાર	[signature]
૯	ડાહ્યાભાઈ પરબતભાઈ દિવાણી	[signature]
૧૦	મોહનભાઈ શિવજી પટેલ	[signature]
૧૧	નરસિંહભાઈ નાથાભાઈ લીંબાણી	[signature]
૧૨	કરસનદાસ પચાણભાઈ લીંબાણી.	[signature]

નોંધ : ઉપરોક્ત લખાણ બાદ સમાજના આગેવાનો કોઈકના કહેવાથી રૂપિયા આપીને આ જમીન લેવાય નહિ તેમ કહેલ હોતાં સમાજના આગેવાનો ઉપરોક્ત લખાણ કર્યા છતાં પાછળથી ફરી ગયા હતા.

તા. ૨૯-૨-૨૦૧૨.

પ્રતિ,
ટ્રસ્ટી શ્રી / પ્રમુખશ્રી / મહા.મંત્રીશ્રી / મંત્રીશ્રી,
શ્રી અખિલભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજ , નખત્રાણા.

વિષયઃ- અમદાવાદ મુકામે હોસ્ટેલ માટેની જમીનના પ્લોટનો તા.૦૪/૦૯/૨૦૧૦ ના રોજ ઉપ પ્રમુખશ્રી મનસુખભાઇ રૂડાણીના નિવાસ સ્થાને ૮ હોદેદારો સાથે લેવાયેલ નિર્ણયનો અમલ કરવા બાબત.0

સવિનય જણાવવાનું કે તા.૨૫/૦૮/૨૦૧૦ ની શ્રી અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજ ની જનરલ સભામાં અશોભનિય ભાષામાં આક્ષેપબાજી સાંભળ્યા પછી એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે અમદાવાદ હોસ્ટેલની જમીન અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજમાં રાખવી.(જેના માટે અખિલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજે કે કોઇપણ વ્યકિતએ એકપણ રૂપિયો દાનભેટ આપેલ નથી.) જેની કિંમત પુરેપુરી રામજીભાઇ પોકાર અને દામુભાઇ ગોગારી એ ચુકવેલ છે.તેનો હિસાબ જોઇ તેમને રકમ ચુક્તે આપી દેવી તેના માટે એક પ્રતિનિધિ મંડળની રચના કરેલ.જેના અનુસંધાને તા. ૦૪/૦૯/૨૦૧૦ ના રોજ મીટિંગ મળેલ તેમાં જે નિર્ણય લેવાયા છે. તેમુજબ સમય પુરા થયા પછી લગભગ ૨!! મહિના જેવો સમય જતો રહ્યો છે તેમ છતાં હજી સુધી મને તેના અવેજ પેટે એક પણ રકમ આપવામાં આવી નથી તો વહેલામાં વહેલી તકે નક્કી થયા મુજબનો અમલ કરવા વિનંતી.

તા.ક. મારી જાણમાં આવ્યું છે કે આ નિર્ણય બદલવામાં આવ્યો છે.જો તેમ હોય તો મને જે નિર્ણય લેવાયો હોય તેની લેખિતમાં જાણ કરવા વિનંતી.

	પ્રતિનિધિ મંડળના હોદેદારોના નામ		શ્રી અખિલ ભારતિય ક.ક.પા. સમાજમાંહોદો
૧	ગંગારામભાઇ હીરાલાલ સાંખલા	ન્યુ દીલ્હી	ટ્રસ્ટીશ્રી.
૨	લાલજીભાઇ શીવજીભાઇ ભાવાણી	સુરત	ટ્રસ્ટીશ્રી.
૩	રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી	રાયપુર	પ્રમુખશ્રી.
૪	મનસુખભાઇ વિશ્રામભાઇ રૂડાણી	નરોડા	ઉપ-પ્રમુખશ્રી.
૫	દેવજીભાઇ રામજીભાઇ ભાવાણી	સુરત	ઉપ-પ્રમુખશ્રી.
૬	મોહનભાઇ શીવજીભાઇ ધોળુ	નાગલપર	મહા મંત્રીશ્રી
૭	નરસિંહભાઇ નારણભાઇ સાંખલા	અમદાવાદ	મંત્રીશ્રી.
૮	વાલજીભાઇ હીરજીભાઇ ચૌહાણ	દહાણુ	મંત્રીશ્રી.

આ સાથે તા.૦૪/૦૯/૨૦૧૦ ની મીટિંગમાં લેવાયેલ નિર્ણયની કોપી સામેલ છે.

લી. આપનો
દામુભાઇ ગોગારી ,નરોડા

મોટા કરે તે લીલા, નાના કરે તે નાટક...


Wrong heading. But the fact is that with the help of Mavals, people did attend each others functions due to lack of awareness and its implication arisen due to forgotten history.

This situation is address by Vishesh Sabha Resolutions dated 26-08-2018 - See Satpanth Chhodo book


- તા. ૨૫-૪-૨૦૧૩ : દુર્ગાપુર નવાવાસના વેલાણી પરિવારવાળાએ કથા વંચાવી તેમાં તમામ સતપંથી અને સનાતની ભાઈઓ ભેગા હતા. જેમાં મણીલાલ ભગત ઉપપ્રમુખ અને ઝોન પ્રમુખ વાસાણી હાજર હતા.
- તા. ૦૫-૦૫-૨૦૧૩ મોમાયમોરામાં કથાનું આયોજન કરેલ હતું જેમાં આખું ગામ સતપંથ અને સનાતન ભેગા રહી આયોજન કરેલ હતું જમણવાર સાથે લીધેલ હતું.
- તા. ૧૧-૦૫-૨૦૧૩ : નારાણ રામજી પોકારને ૭૫ વર્ષની ઉજવણીમાં ઘણાં બધા સતપંથીઓને આમંત્રણ આપી બોલાવેલ હતા અને તેઓ આવ્યા હતા. તેમાં રતનશી લાલજી વેલાણી અને પચાણભાઈનો છોકરો અને અન્ય ઘણા બધા હાજર હતા. આ પ્રોગ્રામમાં હિમંત ખેતાણી, ગંગારામભાઈ, રામજી કરમશી, હંસરાજભાઈ, જેઠાબાપા સર્વે હાજર હતા અને મળતા હતા.
- તા. ૧૮-૦૫-૨૦૧૩ બાબુલાલ રૂડાણીની છોકરીના લગ્નમાં તમામ સતપંથી ઉમાનગર ભુજમાં અને અન્યોમાં જયતિભાઈ જબુઆણી અને નવાવાસના સતપંથના ભાઈઓની હાજરી હતી.
- તા. ૦૬-૧૦-૨૦૧૩ : નવરાત્રી દરમયાન કુરબઈમાં ૯ દિવસનો પ્રોગ્રામ અને દસમના લક્ષ્મીનારાયણ મંદિરનો પ્રોગ્રામમાં આખા ગામનાં સનાતન-સતપંથના બંને ભાઈઓએ સાથે મળીને ઉજવેલ છે. જેમાં આખા ગામે નક્કી કર્યું આપણે કોઈ મોટી સમાજનું કહ્યું માની ઝગડા કરવા નથી આવું નક્કી કરી એકવાયકાથી ઉજવેલ.
- ૨૦૦૮-૨૦૦૯ : મોડાસાના માતાજીના મંદિરનો ઝગડો જે છે તે જમીન સતપંથીએ આપેલ છે. ત્યારબાદ બાંધકામ પૂર્ણ થઈ ગયા પછી જે પ્રાણપ્રતિષ્ઠા કરવા વખતે નાનકદાસજીને આમંત્રણ આપવા માટે ટાઈમ લઈને પત્રીકાઓ છપાવેલ હતી. પાછળથી વહીવટનો વાંધો પડ્યો છે અને ખપાવે છે સંપ્રદાયમાં આવું સમાજમાં કેમ ચાલે.
- તા. ૦૬-૧૧-૨૦૧૩ : મોમાઈમોરા ગામ સતપંથની સમાજવાડીના વાસ્તુમાં આખું ગામ સતપંથી સનાતનીઓ અને સહીઓવાળા ભેળા બેસી જમ્યા હતાં. ગામના બાબુલાલ અને મહેન્દ્ર બંને બહાર ફરતા હતા.
- ૯ થી ૧૬-૧૧-૨૦૧૩ : ના દુર્ગાપુર નવાવાસમાં ભાગવત કથા ગામના મહાજનોએ વંચાવેલ હતી. તેમાં સતપંથી અને સનાતની ભેગા મળી કામ કરતા હતા જમણનો ખર્ચ સતપંથીઓએ આપ્યો હતો.
- ૧૧,૨૦૧૩ : ના મહિનામાં ઉમાનગર ભુજમાં જેઠાબાપાના ૭૫ વર્ષ ઉજવ્યો જેમાં સવારના હવન હતું બપોર પછી શોભાયાત્રા અને સાંજે પ્રોગ્રામ હતો તેમાં સતપંથીઓ ને પણ બોલાવ્યા હતા. અને ઉમાનગર સગરી હતું.
- ૨૪-૧૨-૨૦૧૩ : ના લક્ષ્મણભાઈ-ભુજને ત્યાં દિકરીના લગ્ન હતા તેમાં તેઓએ તમામને પત્રીકા આપી તેડાવેલાં હતાં. જેમાં ખાંટી સતપંથીઓ હતાં. આ પ્રોગ્રામમાં હંસરાજભાઈ અને ગંગારામભાઈ પણ હાજર હતા.
- ૨૭-૦૪-૧૩ : નારણ માવજીની પૌત્રીને હળવદ ખાતે પરણાવી ત્યારે ત્રણ લગ્નમાં દેવજી માધવજી નાકરાણી જોરાવરનગર, ચંદુલાલ મનજી પોકાર - મોરબીની હાજરી જેમાં બન્ને સમાજના ભાઈઓ જમવામાં સઘરી હતાં જેમાં પિરાણાના ટ્રસ્ટી જેઠાલાલ નાકરાણી હતા.
- ૨૫-૦૫-૨૦૧૪ : ગત અખાત્રીજના અરજણ કેસરા પારસીયા સતપંથી અગિયાના તેમને ઘેર લગ્નમાં સમાજના ન્યાય સમિતીના પ્રમુખ ડૉ. પ્રેજીભાઈ ઘોઘારીની હાજરી હતી.
- ૦૨-૦૧-૨૦૧૫ : રોજ દુર્ગાપુર માંડવી ગામે શંકર મંદિરની પ્રાણપ્રતિષ્ઠામાં આખું ગામ સઘરી ત્રણ દિવસ સૌએ સાથે જમણવાર કરેલ.
- દામજીભાઈ વાસાણી માંડવી ઝોનના પ્રમુખ છે અને વાસાણી પરિવારના ગૌત્રની સ્થાપના કરેલ છે. તેમાં તેઓ મંત્રી છે અને આ પરિવારમાં બંન્ને સંપ્રદાયના પરિવારો સામેલ છે.
- ૨૦૧૫ના મુંબઈ ઝોન ખાતે વડીલ વ્યક્તિઓના સન્માન કાર્યક્રમ રાખેલ જેમાં તમામ સંપ્રદાયના ભાઈઓ હતાં તેમા સમાજના પ્રમુખશ્રીના કહેવાથી ઉપપ્રમુખ હાજર રહેલ હતાં. આવા કાર્યક્રમમાં તમને જવા માટે છૂટ અને બીજાને મનાઈ કરવી એ બીલકુલ યોગ્ય નથી.

નોંધ : ઉપર મુજબ મારી યાદદાસ મુજબ સમાજની મોટા માણસોના મોટા દિલ રાખ્યાના અને બિનસંપ્રદાયીક વલણ રાખ્યાનાં પ્રસંગો ટાંક્યા છે, જ્યારે અમુક જગ્યાએ સનાતની ભાઈઓ એવા નાના માણસોને તમારે ઘેર સતપંથીઓમાં મામા કે માસીઓમાં મામેરૂ નહિ લઈ આવી શકે આવી રીતે સગીબહેનોને ત્યાં મુશ્કેલીઓ પહોંચાડતા હોય છે, આ ક્યાંનો ન્યાય કહેવાય માટે મોટા કરે તે લીલા નાના કરે તે છિનાળું.

આનું નામજ બિનસંપ્રદાયિક



નાનકદાસજીના આશીર્વાદ લેતા સમાજના મહામંત્રી ઈશ્વરભાઈ ભગત




નાનકદાસજીના આશીર્વાદ લેતા ડો. શાંતિભાઈ સેંઘાણી

આ શું સ્વેતપત્રના આગ્રહિને શોભાય માન છે.

કોડટા (જ) ગામના સામાજીક અગ્રણીઓ જે સમાજ તેમજ પાટીદારોને સાચી રાહ બતાવે તેવાઓ આજે સંપ્રદાયક વાંધા લઈ સમાજને ઉશ્કેરે છે. તે પોતે જયારે કોટડા ગામમાં સતપંથ સમાજના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વખતે નાનકદાસજીને પાય લાગે છે. પ્રજા સમક્ષ આવી બે ધારી નીતી અપનાવાથી પ્રજાને કઈ તરફ જવું તેની ખબર પડતી નથી કે તમો શું કરવા માગો છો સ્પષ્ટ કરો.

આનું નામ જ બિનસંપ્રદાયિક



અબડાસા મત વિસ્તારમાં વિજયબાદ પિરાણે પેંડાથી તોળાતા છબીલભાઈ પટેલ



નાનકદાસજીના આશીર્વાદ લેતા છબીલભાઈ પટેલ

આખી સમાજ સંપ્રદાય વાદના ગોટાડે ચડી છે ત્યારે ધારાસભાની ટીકીટ લઈ આવેલભાઈને ધામધુમથી ચુટાવ્યા અને સનમાન કર્યા કરાવ્યા અને લક્ષ્મીનારાયણમાં સનમાન કર્યુ ત્યારપછી ૪થીપમાં દિવસે પીરાણામાં જઈ સાકરથી તોલાણા અને નાનકદાસજીને પગે લાગતા બન્ને ફોટો સહીત છે તો કટ્ટર સનાતની ભાઈઓને સમાજે સમજવું શું?

રમેશભાઈ વાગડિયાની સમાજમાં એન્ટ્રી..

રમેશભાઈ વાગડિયા :- ખોંભડીવાળા ઉપર કેસ કરવામાં આવ્યો તે શા માટે કરવામાં આવ્યો તે દરેક પાટીદારો જાણવા સમજવાની કોશીશ કરો. રમેશભાઈ તા. ૧૩-૧૦-૨૦૦૫ના રોજ એક ૧૦ પેજની પુસ્તીકા બિભત્સ ભાષામાં છપાવી. બીજા સંપ્રદાયના ભાઈઓની લાગણી દુભાવી ત્યારે કોઈ એક વ્યક્તિ દ્વારા કેસ કરેલ, તે કેસ પાંચથી છ વર્ષ ચાલેલ. કોર્ટમાં હાજર ન થતાં તેનું વોરંટ નિકળેલ તો તેમાં પોતે કાર્યવાહી જે કરેલ તેમાં સમાજની મંજૂરી લીધી નહોતી. તેમાં પોતે જ જવાબદાર છે. તકલીફ પડી ત્યારે ભાઈને ખબર પડી અને સમાજ પાસે આવ્યા.

રમેશભાઈ કેન્દ્રીય સમાજમાં આથી અગાઉ ક્યારે એમની સેવા આપેલ હોય કે એમની હાજરી ક્યારેય જોઈ નથી. એમને સમાજની પ્રજાની સેવા માટે ફુરસદ નહોતી. કેસ થયો ત્યારે સમાજના દ્વારે ચડ્યા. કેન્દ્રીય સમાજ દ્વારા તા. ૨૭-૨-૨૦૧૦ સભ્યપદ બનાવવાનું બંધ કરેલ હતું, છતાં પાછળના દરવાજેથી બે નંબરમાં ૨૭-૪-૨૦૧૦ના કેન્દ્રીય સમાજના સભ્ય બન્યા છે. આજે આ ભાઈ હજી ખોંભડીમાં બીજે ક્યાંય સામાજિક કોઈ જવાબદારી નિભાવતા હોય તેવું અમને જણાયું નથી.

આજે આ બીન જવાબદાર ભાઈ આખી સમાજ તેમજ એમના જૂના વડિલો તેમજ વર્તમાન સભ્યોને ભાંડવામાં કોઈ કસર રાખતાં નથી. અને આપણે તે સાંભળી તાળીઓ વગાડીએ અને જે ઠરાવો કરે તેને બહાલી આપીએ તે કેટલે અંશે સમજુ અને જવાબદાર હોદ્દેદારો માટે યોગ્ય કહેવાય જાગો ભાઈઓ જાગો.

રમેશભાઈએ હાલે પંચ સુત્રી કાર્યક્રમ સમાજને આપ્યો છે અને તે સમાજમાં પાસ કરાવવા માગે છે તે એક વ્યક્તિને સપનામાં આવે અને તેને છપાવી અને પ્રજાને એક સુત્રી કાર્યક્રમથી ઉશ્કેરી અને પાસ કરાવે, અને સમાજના હોદ્દેદારો પર પ્રેસર કરાવી મંજૂર કરાવે અને ત્યારબાદ અમલવારી કરાવવા મંજૂરી માંગે તે કેટલે અંશે યોગ્ય છે.

વિનંતી કરું છું.

શ્રી બાબુલાલ વાલજી ભગત (કારોબારી સભ્ય, મૈસુર રોડ) :

વિષયોક્ત પત્રનું વાંચન કેન્દ્રીય સમાજની તા. ૭-૮-૨૦૦૯ના નખત્રાણા ખાતે યોજાયેલ સામાન્ય સભામાં થયેલ. ત્યારે મારી હાજરી હતી. આ સનાતની ભાઈઓમાં ફક્ત પાંચ જણાએ જ વિવેચન કરેલ. કેન્દ્રીય સમાજે આ પત્ર ઉપર ખાસ ધ્યાન આપેલ ન હતું. હું પણ કેન્દ્રીય સમાજની કારોબારીનો સભ્ય છું અને મને ખબર છે કે આ પત્રવાળા પ્રશ્નોનો ઉકેલ માટે એક સમિતિની નિમણુંક થઈ ગયેલ છે. હું પણ માનું છું કે, આ પત્રના પ્રશ્નો સાચા છે પણ આગામી સ્વર્ણિમ મહોત્સવ હોવાથી સમય ખોટો છે. કોર્ટ કેસો બાબતમાં તેમના વિચારો આપતા બાબુભાઈએ જણાવેલ કે રસ્તે ચાલતા માણસો ઉપર કોઈ કોર્ટ કેસો કરતું નથી તેની પાછળ કાંઈક તો કારણો હોવાં જ જોઈએ. તે કારણોનો આપણે અભ્યાસ કરવો જોઈએ. ભાઈશ્રી રમેશ માવજી વાગડીયાએ અમારા ખોંભડી ગામમાં એક પત્ર લખેલ. જેના કારણે તેના ઉપર કોર્ટ કેસ થયેલ છે. હા, હું માનું છું કે, તેમના પિતાશ્રી માવજીભાઈ રતનશી અને દાદાશ્રી રતનશી નારણ ઉપર જે કેસો કરવામાં આવેલ છે તે સદંતર ખોટા છે. કેન્દ્રીય સમાજે કલમ ૧૮ અને ૧૯નું પાલન કરાવવું જોઈએ. તેની સાથે અન્ય કલમોનું પણ પાલન થવું જોઈએ. આપણા સનાતન ધર્મના ધર્મગુરુ હોવા જોઈએ. વિષયોક્ત પત્રને અનુમોદન આપવામાં આપણે બંધાઈ ન જઈએ તેનો ખ્યાલ રાખીને પત્રનું અનુમોદન આપવું જોઈએ.

નોંધ : રમેશ વાગડીયા વિશે,
બેંગ્લોર નિવાસી બાબુભાઈ ભગતે તેમની
કારોબારીમાં આપેલ માહિતી.
પાટીદાર સંદેશના અહેવાલમાંથી.

હેકડા ખંધાને બ્યા ખોણસીલા ત્રયા થધાને થોભી ,
કવી તે જ ચે ઈ સમાજ કી સુધરે જેંજા મોથા જ વે મોભી.

પાટીદાર સંદેશ. ૧૦મી નવેમ્બર, ૨૦૦૯ (૪૩)

(૧)

ધનસુરા ખાતે યોજાઈ ગયેલ સનાતન ધર્મ સમૂહ ચિંતન સભાનો અહેવાલ

ધનસુરા : (અમારા પ્રતિનિધિઓ સર્વ શ્રી અમૃતભાઈ આર. પટેલ, રાજપુરકંપા તથા અશોકભાઈ જે. પટેલ, ધનસુરા દ્વારા)

ગઈ તા. ૪થી ઓકટોબર, ૨૦૦૯ને રવિવારે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મજાગૃતિ સમિતિ આયોજિત "સનાતન ધર્મ સમૂહ ચિંતન સભા" સવારે ૯-૦૦થી બપોરના ૨-૦૦ વાગ્યા સુધી શ્રી શિવદાસભાઈ રત્ના માવાણીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સમગ્ર સાબરકાંઠા વિસ્તારની સનાતન સમાજોના અગ્રણી ભાઈ-બહેનો ઉપરાંત કચ્છ, અમદાવાદ, ખેડા, મુંબઈ તથા બેંગ્લોરથી પણ ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

શરૂઆતમાં ધનસુરા સમાજના મંત્રી શ્રી અમૃતભાઈ આર. પટેલે સૌનું સ્વાગત કર્યા બાદ સભાનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

આ સભામાં મુખ્યત્વે આપણી સમાજના જ સતપંથી ભાઈઓ દ્વારા ભારતભરમાં સનાતની ભાઈઓ ઉપર કરવામાં આવેલ પોલીસ તેમજ કોર્ટ કેસો અંગે વિગતે ચર્ચા કરવામાં આવી હતી અને સમૂહ ચિંતનને અંતે સભાએ કેટલાક ઠરાવો પસાર કરીને કેન્દ્રિય સમાજને ગર્ભિત ચેતવણી આપી હતી અને ભવિષ્યમાં આવી સભાઓ દેશના અન્ય શહેરોમાં યોજીને સનાતન ધર્મની જાગૃતિ અને રક્ષા કરવામાં આવશે તેવી સભામાં જાહેરાત કરવામાં આવી હતી.

સભામાં બેંગ્લોર (મૈસૂર રોડ) સમાજના મંત્રી શ્રી રમેશભાઈ માવજીભાઈ વાઘડીયા, કેન્દ્રિય યુવાસંઘના પૂર્વ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેસરાણી તથા પૂર્વ પ્રમુખ શ્રી (ડૉ.) પ્રેમજીભાઈ ઘોઘારી (ગાંધીધામ), શ્રી મણીભાઈ ગોવિંદભાઈ ઘોઘારી, નિવૃત્ત પ્રિ. શ્રી રતીભાઈ પટેલ (તલોદ), શ્રી હિંમતભાઈ રતનશીભાઈ ખેતાણી (ઘાટકોપર-મુંબઈ, કચ્છમાં મોટી વિરાણી), શ્રી રમણભાઈ શામજીભાઈ વાસાણી તથા જગદીશભાઈ વાસાણી (બંને વડાગામ), શ્રી અબજીભાઈ વી. કાનાણી (મોટી વિરાણી), શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામના ઉપપ્રમુખશ્રીઓ રામજીભાઈ ડાયાણી (જોરાવરનગર) તથા કરસન પ્રેમજી મેઘાણી (ગાંધીધામ), ધનસુરા સમાજના પ્રમુખ શ્રી ધનસુખભાઈ માવજીભાઈ રંગાણી ઉપરાંત ઘણાં ભાઈ-બહેનોએ પોતાના ચિંતન મંતવ્યો રજૂ કરેલ. તેમાં ખાસ કરીને પરબતભાઈ સાંખલા (બેંગ્લોર), નરસીભાઈ ડી. રામાણી - ચોટાસણકંપા (પૂર્વપ્રમુખશ્રી, સનાતન સમાજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, તારંગા વિભાગ), અરવિંદભાઈ કરસનભાઈ લીંબાણી (પ્રમુખશ્રી, કોટડા જ. કચ્છ કડવા પાટીદાર સમાજ), નર્મદાબેન ડી. પટેલ - બદામકંપા (ઉપપ્રમુખશ્રી, અખિલ ભારતીય સમાજ મહિલા મંડળ), ડાહ્યાભાઈ જે. ગોરાણી - મોડાસા (મંત્રીશ્રી, ઉમિયા માતાજી ટ્રસ્ટ, મોડાસા), એ.સી. પટેલ (મોડાસા), નાનજીભાઈ વાલજીભાઈ ભીમાણી - દહેગામ (પ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દહેગામ વિભાગ), ચીમનભાઈ મનજીભાઈ ધોળુ - હરિપુરાકંપા (પ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ હિંમતનગર વિભાગ), કેશવલાલ જે. વાડીયા (માધવકંપા), હંસરાજભાઈ વાલજીભાઈ વેલાણી (મગોડીલાટ), નટવર કે. પટેલ - રૂપાલકંપા (પત્રકાર તેમજ "પાટીદાર સંદેશ"ના પ્રતિનિધિ) વિગેરેએ મુક્તપણે પોતાના વિચારો સભા સમક્ષ રજૂ કર્યા હતા. મુક્ત વિચારો/મંતવ્યો બાદ સભાએ પસાર કરેલ ઠરાવોનું ધનસુરા સમાજના મંત્રી શ્રી અમૃતભાઈ રામાણી (રાજપુરકંપા)એ વાંચન કર્યું હતું, જેને સભાએ બહાલી આપી હતી.

પ્રમુખસ્થાનેથી સંબોધન કરતાં પૂ. શિવદાસભાઈ રત્નાભાઈ માવાણી - દહેગામ (પૂર્વપ્રમુખશ્રી, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરા)એ આજની સભાને સનાતન સમાજનું બીજી અધિવેશન ગણાવેલ. તેમણે જણાવેલ કે આપણને પૂ. નારણબાપાએ અજ્ઞાનતામાંથી, ગરીબાઈમાંથી, અભણતામાંથી બહાર લાવીને નવો રાહ બતાવ્યો છે. તે ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

સભાને અંતે ૨૧ સભ્યોની અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મજાગૃતિ સમિતિની એડહોક રચના કરવામાં આવી હતી. સભાના અંતે વસંતભાઈ રાજાભાઈ લીંબાણી (મોડાસા)એ સમૂહ ચિંતન સભામાં ભાગ લેનાર કચ્છ, બેંગ્લોર, મુંબઈ, ખેડા તેમજ સાબરકાંઠા વિસ્તાર તેમજ વિવિધ સ્થળોએથી ઉપસ્થિત સૌ કોઈનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સભાનું સફળ આયોજન ધનસુરા તથા મોડાસા વિભાગની સનાતન સમાજના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ. સભાનું સંચાલન અશોકભાઈ જે. ભાવાણી (હિરાપુરકંપા)એ સુંદર રીતે કરેલ.

(૩)

ચમકારા

- સભામાં ઉપસ્થિત સૌ ચિંતક ભાઈ-બહેનોએ ચિંતનની એક પણ પળ ગુમાવ્યા વિના શિસ્તબદ્ધ સભાની લાંબી કાર્યવાહીમાં ભાગ લીધો.
- સાબરકાંઠા વિસ્તારની તમામ સનાતન સમાજોના અગ્રણીઓની ઉપસ્થિતિ.
- કચ્છ કડવા પાટીદાર સમાજના હિત માટે નવી ક્રાંતિનું થયેલ પ્રસ્થાન.
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના કર્ણધારોને અપાયેલી ગર્ભિત ચેતવણી.
- સભામાં ઉપસ્થિત તમામ સભ્યોની વૈચારિક એકતાનાં થયેલ દર્શન.
- આગામી સમયમાં વિવિધ સ્થળોએ આવી ચિંતન સભાઓ યોજવાની કરાયેલી જોરદાર માંગ.
- નવી પેઢીને સમાજના સાચા ઈતિહાસની જાણકારી આપવાનો નિર્ધાર.
- સમૂહ ચિંતન સભાખંડમાં નિર્ધારિત ૪૦૦ સભ્યોએ મુક્તમને ભાગ લીધો.

(૨)

સભાએ પસાર કરેલ ઠરાવો :

(૧) સતપંથીઓ દ્વારા ભારતભરમાં સનાતનીઓ ઉપર કરવામાં આવેલ પોલીસ તેમજ કોર્ટ કેસો કે હજી સુધી ચાલી રહ્યા છે તે કેસો પાછા ખેંચ્યા પછી જ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સાથે વાટાઘાટો કરવામાં આવશે.

(૨) આજની સભાએ પણ ઠરાવ કરે છે કે સતપંથીઓ દ્વારા કરેલા તમામ કોર્ટ કેસો અગર સ્વર્ણિમ મહોત્સવ પહેલાં પાછા ખેંચવામાં નહિ આવે તો તે સ્વર્ણિમ મહોત્સવમાં અમો સનાતનીઓને ભાગ લેવા માટે ફેર-વિચારણા કરવા મજબૂર થવું પડશે.

(૩) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સ્થાપના તત્કાલિન સનાતની વડીલો દ્વારા ફક્ત અને ફક્ત પીરાણા સતપંથ ધર્મને ત્યજીને આવેલ સનાતની ભાઈઓના હિતોની રક્ષા માટે કરવામાં આવેલ. તેથી આજના હોદ્દેદારોએ સનાતનીઓના હિતોની રક્ષા કરવી એ તેમનું પ્રાથમિક કર્તવ્ય બને છે અને આવી ફરજ અદા કરવામાં જો સમાજના હોદ્દેદારો ઉણા ઉતરશે તો તે જરાયે ચલાવી લેવામાં આવશે નહિ.

(૪) આપણા બંધારણ હેઠળ બનાવેલા જ્ઞાતિના રીત-રિવાજોની કલમ ૧૮ અને ૧૯ જે ઠરાવના રૂપમાં સમાજના ભૂતકાળના અધિવેશનમાં સર્વસંમતિથી પસાર કરવામાં આવેલ છે. આવી કલમોનું ઉલ્લંઘન કરનાર સમાજની કોઈપણ વ્યક્તિને સમાજના આજીવન સભ્ય બનવાના અને નૈતિક રીતે સમાજની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર રહેશે નહિ.

(૫) 'સમાજ' શબ્દની વ્યાખ્યા પ્રમાણે સમાજ એને જ કહેવાય જ્યાં લોકોનો જન સમુદાય એક જ આચાર-વિચારને વરેલો હોય, એક જ ધર્મને પાળતો હોય અને એક જ રીત-રિવાજોને વરેલો હોય તે મુજબ આપણી કેન્દ્રિય સમાજ ફક્ત અને ફક્ત હિન્દુ સનાતનીઓનો જ હોવો જોઈએ, જેમાં અન્ય ધર્મ પાળવાવાળાઓને પ્રવેશ કોઈપણ સંજોગોમાં આપવો ન જોઈએ.

રમેશભાઈના પાંચ મુદ્દા સમાજ સામે.

શ્રી અખીલભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પૂર્વ ઝોન-ભુજની શ્રી કેન્દ્રીય સમાજમાં આવેલ પત્રના અનુસંધાને હોદ્દેદારો ટ્રસ્ટીની મિટીંગમાં ટ્રસ્ટીશ્રી ગંગારામભાઈએ જયંતિ લાકડાવાળાના અપહરણની કહેલી કહાણી

Tactfully molding the facts to suit his narrative

ભુજ ઝોનની ટપાલ અંગે ગંગારામભાઈએ ખુલાસો કરતાં જણાવેલ કે જયંતિભાઈ લાકડાવાળા ગાયબ છે. તે અંગે મને દિલ્હીમાં જાણકારી ગૌરાંગભાઈ ધનાણીએ આપેલ હતી. આણંદથી જયંતિભાઈ ગાયબ થયા છે. અને પછી કોઈ માહિતી નથી. તો તે અંગે આપણે જાણકારી મેળવવી જોઈએ. આ વાત ગૌરાંગભાઈએ અપહરણનાં બીજે દિવસે મને કરી હતી. તો આ અંગે અમો અમદાવાદ જઈ ને પોલીસ કમ્પ્લેઈન કરવી જોઈએ, અને દેવજીભાઈ ભાવાણી સાથે મારે વાત થઈ હતી. અમો દિલ્હીથી ફ્લાઈટમાં હું તથા ગૌરાંગભાઈ, અમદાવાદ આવવા માટે ટીકીટ લઈ લીધી હતી. પણ સમયસર ના પહોંચતા ફ્લાઈટ મીસ થઈ ગઈ હતી. ત્યારબાદ ગૌરાંગભાઈ પર જયંતિભાઈ લાકડાવાળાનું અપહરણ કર્તાનો ફોન આવ્યો હતો. મને કોન્ફરન્સમાં તેની વાત સંભળાવી હતી. ફોન ઉપર વાત કરનારે મને બાપા તરીકે સંબોધન કરેલ અને તેમને કહેલું હતું કે જયાં સુધી સોપારી આપેલ છે તેમની રકમ હજુ આવવાની બાકી છે. તો મેં કહેલું કે રૂપિયાની અમો વ્યવસ્થા કરીશું. અમોએ કહ્યું કે જયંતિભાઈ અમારે હવાલે કરી દે, પછી અમો રૂપિયા આપી દેશું.

વિચાર કરતાં હતા શું કરવું ત્યાં ફરીથી અપહરણકરતાનો ફરીથી ફોન આવ્યો કે અમોને તમારા પર પુરો ભરોશો છે માટે અમો જયંતિભાઈ લાકડાવાળાને છોડી મુકીશું અમોને સોપારી આપેલ છે તેમના તરફથી હજુ પેમેન્ટ આવેલ નથી માટે અમો બે દિવસ બાદ જયંતિભાઈને મુક્ત કરીશું, ત્યારબાદ ગૌરાંગભાઈના વેવાઈ વાલજીભાઈને ફોન કરી બોલાવ્યા તરત જ અપહરણ કર્તાનો અમારા પર ફોન આવ્યો કે તમો આ ઠેકાણે આવો, મેં કહ્યું કે આ ઠેકાણું દિલ્હીનું છે, જયંતિભાઈએ કહ્યું કે એ મને ખબર નથી. ફોન કટ થઈ ગયો.

ત્યારબાદ ફરીવાર જયંતિભાઈ લાકડાવાળાનો ફોન આવ્યો કે તમો ફલાણી ફલાણી જગ્યા પર આવો. એટલે હું અને ગૌરાંગ તેમને આપેલ એડ્રેસ પર જવા રવાના થયા. એ સ્થળ અમો જયાં ઉભા હતા એ એરપોર્ટથી નજીક હતું. હું અને ગૌરાંગ તેમને બતાવેલ સરનામે પહોંચ્યા તો ત્યાં તેઓ હાજર ન હોતા. ફરીથી તેમનો ફોન આવ્યો કે હવે તમો હું કહું છું તે સ્થળ પર આવો એટલે હું અને ગૌરાંગ ધનાણી તે સ્થળે પહોંચ્યા. ત્યાં અમેને જયંતિભાઈ લાકડાવાળા મળ્યા. ત્યારે તેમણે કહ્યું તમો પીઠ ફેરવીને ઉભા રહો. એટલે તેઓ અપહરણ કર્તા તમોને જોઈલે. તેમને વિશ્વાસ બેસશે તો મને મુક્ત કરશે. અમો પીઠ ફેરવીને ઊભા રહ્યાં. એટલે તેમની તરફથી સંકેત આવ્યા કે અમો જયંતિભાઈને તમારા ભરોશે છોડી મુકીએ છીએ. પણ શરત કે જયાં સુધી બાકીનું પેમેન્ટ અમોને ના મળી જાય ત્યાં સુધી તમારે જયંતિભાઈ લાકડાવાળા અંગે જાણકારી આપવાની નથી. જો જાણકારી આપવામાં આવશે તો બાકીના રૂ. ૫૦ લાખ તમારે આપવા પડશે. આવી શરત સાથે જયંતિભાઈને અમારી સાથે મુક્ત કરી દીધા. જયંતિભાઈને લઈ અમો એરપોર્ટ તરફ રવાના થયા. ત્યારે જયંતિભાઈને અમોએ પૂછ્યું કે, કઈ રીતે બીના બનાવ બન્યો ત્યારે તેમણે કહ્યું કે આણંદ પાસે સ્વામિનારાયણના પ્રસંગમાં ગયો હતો. અને ત્યાંથી કડોદરા જવાનો હતો. સ્વમિનારાયણના પ્રસંગ પછી જયારે હું સભા મંડપમાંથી બહાર આવ્યો ત્યારે કાળી ગાડીમાં ચાર જણાએ મને જબરદસ્તિથી પકડી ગાડીમાં ખેંચી લઈ મને પાછલી સીટની નીચે સુવડાવી દીધો અને તેઓએ મને પગથી દબાવી દીધો. ત્યારબાદ શું બન્યું મને કોઈ જાણકારી નથી. સવાર થઈ ત્યારે એક ગૌદામમાં હું હતો. અને તે ગૌદામ દિલ્હીમાં હતું તેની મને પાછળથી જાણકારી મળી. મને તેઓએ પહેલે દિવસે નોન વેજ ખાવાનું આપ્યું તું મેં ખાધું નહી અને તેઓ હિંદી અને ગુજરાતીમાં વાતો કરતાં હતાં. મેં મારું અપહરણ કરવાનું કારણ પુંછ્યું તો તેમનું કહેવું એમ હતું કે અમોને તમોને ખતમ કરવાના રૂ. ૫૦ લાખમાં સોપારી મળી છે. માટે અપહરણ કર્યું છે. પછી મેં તેમને મારા લેપટોપમાં મારો બાયોડેટા તથા હું યુવા સંઘ તથા ઘણી બધી સંસ્થાઓ સાથે સંકળાયેલો છું, તમો મારી ફક્ત

૫૦ લાખમાં સોપારી લીધી, મારી સોપારી કમસેકમ ૧ કરોડની હોવી જોઈએ. અપહરણ કર્તાને લાગ્યું કે આપણે સસ્તામાં કામ કર્યું છે. એટલે તેમણે સોપારી આપનાર (સતપંથ)વાળાને ફોન કરી જાણ કરી કે, તમોએ જે અમોને કામ સોંપ્યું છે. તે એટલા રૂપિયામાં નહિં પતે. માટે તમો બીજા રૂ. ૫૦ લાખ આપો. તો અમો તમારૂં કામ તમામ કરી નાખી શું.

એમની તેમના જોડે થયેલી વાત મુજબ સોપારી આપનાર બીજા ૫૦ લાખની વ્યવસ્થા કરવામાં સમય લાગશે એવું જણાવ્યું. તેથી તેઓ મને ત્યારબાદ સારી રીતે જમવાનું તથા સારી રીતે રાખ્યો હતો. ત્યારબાદ અમો સાંજે અમદાવાદ આવવાની પ્લેનની ટીકીટ લઈ લીધેલ હોવાથી અમો એર પોર્ટ તરફ આવવા માટે રવાના થયા.

લાકડાવાળા જોડે હતા. અમોએ જયંતિભાઈને કહ્યું કે તમો મારે ઘેર કે ગૌરાંગભાઈના વેવાઈ વાલજીભાઈના ઘરે અથવા અમો કહીએ ત્યાં હોટલમાં તમારી વ્યવસ્થા કરીશું. અને જયાં સુધી સોપારી આપનાર બાકીના રૂ. ૫૦ લાખ ના ચુકવી દે ત્યાં સુધી તને ગુપ્ત રાખીશું. પણ જયંતિભાઈએ અમારી વાત માની નહોતી, અને કહ્યું હતું કે હું બે દિવસ મારી રીતે રહીશ, તમારે વ્યવસ્થા કરવાની જરૂર નથી. આવી વાતો કરતાં અમે એરપોર્ટ પર પહોંચ્યા. અને ત્યાં અમોએ વાલજીભાઈને બોલાવી લીધેલા હતા. અમો અમદાવાદ આવવા રવાના થયા અને જયંતિભાઈ જયાં કહે ત્યાં મુકવા માટે વાલજીભાઈને ભલામણ કરી. અમો અમદાવાદ પ્લેન દ્વારા આવવા નીકળ્યા. રાત્રે અમદાવાદ આવી નરોડા સમાજ વાડીમાં આપણી સમાજના ભાઈઓને મળ્યા ત્યાં નરોડા સમાજના આગેવાનો તથા દેવજીભાઈ સુરતવાળા, તથા મનસુખભાઈને મળ્યા. સૌને એ જાણકારી આપી કે ચિંતાનું કોઈ કારણ નથી. જયંતિભાઈ ક્ષેમકુશળ છે. અને આપણે અત્યારે પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ ગુમ થવાની, કરાવી દઈએ. રાત્રે નંદનબાગ આર. એન. પટેલને ત્યાં રોકાયા, સવારના મનસુખભાઈને ઘેર જઈશું કરવું જોઈએ તે અંગે વિચારણા કરવી જોઈએ. અને જયંતિભાઈ સાથે થયેલી વાત મુજબ અમોએ સૌને એવું કહ્યું કે જયંતિભાઈ સાથે મોબાઈલ પર વાત થઈ છે. અને અમોએ જયંતિભાઈને દુરથી જોયા છે. અને જયંતિભાઈ દિલ્હીમાં છે. અને હજુ જેમણે સોપારી આપી છે. તેમના તરફથી પુરે પુરૂં પેમેન્ટ થયેલ નથી, ત્યાં સુધી જયંતિભાઈને છોડશે નહીં. ત્યારબાદ બપોરના સમયે અમો એટલે કે ગૌરાંગભાઈ, દેવજીભાઈ, આર.એન. પટેલ અને હું (ગંગારામભાઈ સાંખલા) જયંતિભાઈનાં ઘરે ગયા. ત્યાં જયંતિભાઈના મા વલોપાત કરતાં હતાં. પણ ઘરવાળાને જયંતિભાઈના અપહરણનું ટેન્શન હોય એવું એમોને જણાયું નહીં. અને જયંતિભાઈના મિસિસે અમોને ઠંડું પાયું. ત્યાં આશ્વાસન આપી, ચિંતા કરતા નહીં, જયંતિભાઈ ક્ષેમકુશળ છે. તેવા સમાચાર આપી નરોડા સમાજના મહામંત્રી નાનજીભાઈ અને તેમના હોદ્દેદારો મળી તેમને માહિતગાર કર્યા ચિંતા કરતા નહીં તેવું જણાવ્યું. અમો જયંતિભાઈના નાના ભાઈ હરેશને મળી તેમને આશ્વાસન આપી અમો મનસુખભાઈના ઘેર નંદનવન પહોંચ્યા. ત્યાં મનસુખભઆઈની સાથે નરસિંહભાઈ તથા કૌશલભાઈ મળ્યા અને તરત જ દામોદરભાઈ સુરતવાળા તથા રમેશભાઈ પારસિયા તથા ભાણજીભાઈ કડોદરાવાળા આવ્યા અને દામોદરભાઈએ ગૌરાંગભાઈને કહ્યું કે તું એવું ક્યાંય જાહેર ન કરતો કે આ કાવતરું સતપંથવાળાએ કર્યું છે. આ જયંતિભાઈની અંગત મેટર છે એવી જ આપણે વાત કરવાની છે. અને બીજી વાતને બાજુએ મુકી જયંતિભાઈને કઈ રીતે આપણે ક્ષેમકુશળ મુક્ત કરાવી શકીએ એટલું જ વિચારવાનું છે. મનસુખભાઈનો આગ્રહ હતો કે આપણે સૌથી પહેલાં પોલીસ કમ્પલેન કરાવવી જોઈએ. એફઆઈઆર કરાવવી જોઈએ. નહીંતર આપણી જવાબદારી વધી જશે. પણ આ વાતને અમો ખાસ કરીને ગૌરાંગભાઈએ ના પાડી તેથી મનસુખભાઈ સમજી ગયેલાં કે આમાં કાંઈક ભેદ છે. અને ગૌરાંગભાઈ કે મેં અપહરણકર્તા તથા સોપારી આપનારના ફોન મોબાઈલ ટેપ કર્યા છે. આંવી વાત ગૌરાંગભાઈએ કરી. અને તેમણે કહ્યું કે બાકીનું પેમેન્ટ સોપારી આપનારે અપહરણકર્તાઓને આપી દીધેલ છે. તે મેં મારી નજરે જોયું છે. માટે જયંતિભાઈને આપણે મુક્ત કરાવી શકીશું. આ મુજબની વાત કરી અને તે દિલ્હી જવાની પ્લેનની ટીકીટની વ્યવસ્થા ગૌરાંગભાઈ કરશે તેવી થયેલી વાત મુજબ બીજે દિવસે અમો એટલે કે હું. (ગંગારામભાઈ સાંખલા) તથા દામોદરભાઈ ગૌરાંગભાઈ તથા રમેશભાઈ પારસિયા પ્લેન દ્વારા ચંદિગઢ જવા રવાના થયા. ત્યારે મેં ગૌરાંગને કહ્યું કે આપણે દિલ્હી જવાને બદલે ચંદિગઢની ટીકીટ કેમ લીધી. તો તેમનું કહેવું એમ હતું કે દિલ્હીની પ્લેન ફુલ હતી અને ઈન્ડીયન એર લાઈન્સની ટીકીટ મોંઘી હતી. તેથી આપણે વાયા ચંદિગઢ થઈને દિલ્હી જઈશું. ગૌરાંગભાઈના કહેવા મુજબ અમો અમદાવાદથી ચંદિગઢ જવા

રવાના થયા. અમો ચંદિગઢ એરપોર્ટ પરથી બહાર નિકળ્યા ત્યાં પોર્ટ બહાર જયંતિભાઈ લાકડાવાળા તથા વાલજીભાઈ સામે મળ્યા. તેઓ સ્કોપિયો ગાડી લઈને આવ્યાં હતાં. અમો તે ગાડીમાં બેસી જિલ્હી જવા રવાના થયા. અમો જયંતિભાઈને પુછ્યું કે તમો બે દિવસ ક્યાં રોકાયા હતા. તો તેમણે કહ્યું કે હું અને વાલજીભાઈ સિમલા રોકાયા હતાં. ત્યાંથી ચંદિગઢ આવ્યા છીએ.

રસ્તામાં દામોદર ભાઈએ જયંતિભાઈને વેધક પ્રશ્નો પુછ્યા અને કહ્યું કે તમે વેવાઈ થાવ છો પણ તમો જે વાત કરો છો કો અપહરણ કેમ થાય શા માટે થાય એની મને ખબર છે. મારું અપહરણ થયેલું તમોને તો લાફોએ નથી માર્યો અને સોપારી લઈને તમોને સોપારી લેનાર તમોને રાજીખુશીથી છોડી મુકે, એમ તમો કહો એટલે પછી ૫૦ લાખ વધારે માગે. એમ તમો કહો છો આણંદ અપહરણ કરી દિલ્હી લઈ આવ્યા એ વાતમાં દમ જ નથી. જે ઘટના ઘટી છે તે અમોને સાવ સાચી જણાવી દીયો તમો જે વાત કરો છો તે ટકી શકે તેમ નથી. આવી દામોદરભાઈની વાત પછી જયંતિભાઈ ચિડાઈ ગયા હતાં. અને અમારા ઉપર ગુસ્સે થયા હતા. દામોદરભાઈએ કહ્યું કે તમારી વાતમાં અમોને બિલકુલ ભરોશો બેસતો નથી. અને તમો સતપંથના ભાઈઓએ અપહરણ કરાવ્યું છે. ત્યારે આપણે અમદાવાદ જઈ ત્યાં પોલીસ કંપલેન જયંતિભાઈ તમારે કરાવવાની છે. અને પોલીસની તપાસમાં જે સામે આવે તે આપણે સાચું માનવું. આવું નક્કી કરી અમો દિલ્હી પહોંચી દિલ્હીથી રાત્રીની ફલાઈટની ટીકીટ લઈ અમો અમદાવાદ આવવાના હતા. પણ મારા ભાભીનાં દેહાંતના સમાચાર મળતાં. મારું અમદાવાદ આવવાનું કેન્સલ કરી જયંતિભાઈ, દામોદરભાઈ, ગૌરાંગભાઈ, રમેશભાઈ પારસિયા અમદાવાદ આવવા રવાના થયા. બીજા દિવસે અમદાવાદ આવી જયંતિભાઈને કહેવામાં આવ્યું હતું કે આપણે તમો ફરિયાદી બની એફઆરઆઈ નોંધાવી દઈએ. ત્યારે જયંતિભાઈ તૈયાર ના થયા તેમણે કહ્યું કે જે મિડીયેટર હતો જેમણે આપણા તરફ હમદર્દી બતાવી એ માણસ ફસાઈ જાય તેમ છે. ઉપરોક્ત વાત સમાજના હોદ્દેદાર ટ્રસ્ટીની મિટીંગમાં ગંગારામભાઈએ કરેલ હતી.

આ સંપ્રદાયનો બોજ કાયમ માટે ઉચકીને પાટીદારના ફરી શકે તે ઘટના સારી હોય કે ખોટી હોય તેને બાજુમાં મુકવી પડે અને ભૂલવી જ પડે ઈતિહાસ ગવાહ છે કે જે લોકો ખરાબ ઘટનાઓમાંથી બહાર નથી આવી શક્તા તે સમાજ પાછળ તેમ જ પછાત રહી જાય છે. અને જે લોકો ખરાબ ઘટનાઓના આઘાતમાંથી કે પછી તેને કારણે પેદા થયેલા ઝનુનમાંથી ક્યારેય બહાર નથી આવતા તે પણ પછાત રહી જાય અને નવા અસંતોષ ઉભા થાય.

હાલના તબક્કે આપણી કેન્દ્રીય સમાજની સંસ્થામાં નિયમો અને મુલ્યો વિનાનું સંચાલન એટલે લગામ વગરનો નિરઅંકુશ દોડતો ઘોડો તેના પર સવારી કરનારની દિશા અને દશાની પાછળથી કલ્પના જ કરવાની રહેશે.

જૂન ૨૦૧૫
પાટીદાર સૌરભ

તંત્રીલેખ

જુન ૨૦૧૫

This is applicable to Devjibhai. He was unable to bear that he is removed from the position of Trustee of ABKKP Samaj. Hence as a vindictive step he has come out with this book with vengeance.

હોદ્દાઓ સિવાય શું સમાજ સેવા ન થઈ શકે?

સંગઠન માટે દાખલારૂપ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં હજુ હમણાં સુધ કાર્યકર્તાઓની સીનીયોરીટી મુજબ તેમને જ્ઞાતિ સેવા કરવાની તક આપવામાં આવતી. તેમના પ સર્વાનુમતે કળશ ઢોળવામાં આવતો. ગાંઠના ખર્ચીને પણ કાર્યકર્તાઓ પૂરી નિષ્ઠા સાથે સમાજ સેવામાં જોડાતા.

આજે પરિસ્થિતિ ધરમૂળથી બદલાઈ ગઈ છે. સમાજમાં હોદ્દાઓ લેવા માટે આજે હોડ જામી છે. હોદ્દાઓ મેળવવા પાછળની ભાવના અને ઈરાદા પણ બદલાઈ ગયા છે. જ્ઞાતિનું હિત એક બાજુ રહી ગયું છે અને આપસી હિસાબ-કિતાબ પુરા કરવા સમાજના પ્લેટફોર્મનો ઉપયોગ થઈ રહ્યો છે.

સ્વ. ખીમજી માસ્તર અને મનજી બાપાના આદર્શોને આજે યાદ કરવાનું આપણે સગવડતાપૂર્વક ભૂલી ગયા છીએ. સમાજમાં હોદ્દાઓ મેળવ્યા સિવાય સેવા થઈ જ ન શકે તેવી વિચિત્ર માન્યતાનું નિર્માણ હાલના ધુરાવાહકો કરી રહ્યા છે તે એક ગંભીર બાબત છે.

સમાજની સંસ્થાઓની મિટિંગોમાં બોલકા અને વગવાળા માણસો હાવી થઈ જાય છે અને ખરેખર સમાજ માટે કામ કરી શકે તેવા લોકો લોબીંગ કરવાનું જાણતા ન હોઈ, હાંસિયામાં ધકેલાઈ ગયા છે ! આપણી સીસ્ટમ જ એવી છે કે પ્રતિભાવંત અને નિષ્ઠાવાન કાર્યકરો સમાજ સુધી પહોંચે જ નહીં.

સમાજમાં પૈસાનું મહત્વ વધી ગયું છે તે એટલી હદ સુધી કે તેની આડમાં વ્યક્તિના ગમે તેવા દોષ હોય તો પણ છૂપાઈ જાય છે ! સમાજની ટોચની વ્યક્તિઓ સાથે તમે સારો ઘરોબો કેળવો તો બધું બરાબર નહીં તો તમે ફેંકાઈ જ ગયા સમજો !

નિવૃત્ત થવાનું તો આપણે શીખ્યા જ નથી ! આજીવન સેવા કરવાનું વ્રત લીધું હોય તેમ કેટલાક આગેવાનો નવા કાર્યકરોને જગ્યા કરી આપવાનું નામ જ લેતા નથી... પરિણામે સમાજની સંસ્થાઓમાં નવા વિચારો, કાર્યક્રમોનો દુકાળ પડી ગયો છે...

યુવા સંઘે આ બાબતમાં પ્રમાણમાં ઘણો ઉજળો હિસાબ આપ્યો છે. નો રીપીટ થીયરી જેવી બાબતો ખરેખર ઉદાહરણરૂપ છે અને યુવાનો તેનો અમલ પણ નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે તે માટે સમાજનું યુવાધન અભિનંદનને પાત્ર છે. સમાજ સેવાના ક્ષેત્રમાં યુવાનો વધારે પ્રમાણિક અને નિખાલસ છે તે દેખાઈ રહ્યું છે.

સમાજમાં સેવા કરવાની કોઈનેય ના નથી પણ ટોચની સંસ્થાઓમાં પ્રમુખ હોદ્દાઓ માટે વયમર્યાદા નક્કી કરવાનો સમય હવે પાકી ગયો છે. સ્વયંભૂ પરિવર્તન ન થતું હોય ત્યાં બંધારણ દ્વારા પણ આમ કરવાની હવે તાતી જરૂર છે.

કેન્દ્રીય સમાજના વર્તમાન પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલા રસલીયા ગામની સમાજના પણ પ્રમુખ છે તે ઉપરાંત દિલ્હી સમાજ અને સાંખલા પરિવારના પણ પ્રમુખ છે તે બાબત જ સૂચવે છે કે આપણને હોદ્દાઓ કેટલા બધા ગમે છે ! આમાં ક્યા હોદ્દાનું ગૌરવ વધે છે તે જ સમજાતું નથી ! જ્ઞાતીની નવી પેઢી વડીલોમાંથી કંઈક પ્રેરણા લે તેવું કંઈક તો હાલની નેતાગીરી કરે?

■

જેન્તીલાલ લાકડાવાળા

See Page 66 of this book

જેન્તી લાકડાવાળાને સારૂ બોલવાની આવડતના કારણે ગમે ત્યાં સંસ્થામાં હોદ્દો ધારણ કરી સંસ્થાના સારા કાર્યકરને પ્રજા સમક્ષ ગમતી વાત મુકી બદનામ કરવાની એમની સારામાં સારી આવડત છે.

પહેલા ભાઈ લાયન્સ કલબમાં આગેવાની ધરાવતાં હતાં. અને ત્યાં તેમનાં નામનો વીવાદ થતાં લાયન્સ કલબમાંથી પડતા મુકવામાં આવ્યાં.

યુવક સંઘે ગાંધીનગરમાં કરેલા યુવા મહોત્સવમાં જેન્તીભાઈ મેઈન હોદ્દા પર હતા. હિસાબો ન મળતાં ઘણો વિવાદ થયેલો. જેમ તેમ કરી મનસુખભાઈએ સાંધા દીધા.

ત્યારબાદ યુવક સંઘમાં રહેવા માટે પોતાના ખૂબ હઠાગ્રહથી પ્રમુખ બન્યા પોતાની ઉમર બંધારણના નીયમથી વધારે હોવાથી બંધારણમાં ફેરફાર કરાવી ૪૫ વર્ષને બદલે ૪૭ વર્ષ કરાવ્યા. સંસ્થા યુવક સંઘ હતી તેમજ સમાજમાં મહિલા મંડળ હોવા છતાં તેમને યુવાસંઘ બનાવ્યો જેથી હોંશીયાર મહિલાઓ યુવા સંઘમાં જોડાઈ અને મહિલા સંઘને કમજોર બનાવી. આ એના વિચારોની ઓળખ છે.

તેમણે પર્યાવરણ સુધારવાની વાત કરી કચ્છમાં મીશન ૨૦-૨૦ સુધીમાં ૧ કરોડ વૃક્ષો વાવવાની જાહેરાત કરી અને તેના કાર્યક્રમનાં ફોટા પોતાના તરૂ નામની સંસ્થામાં લઈ કેસટ ઉતારી તે મોટી કંપનીઓને બતાવી. કંપનીઓ પાસેથી રોયલ્ટી મેળવવા માટે તેમના વિચારો હશે.

તેમને યુવા સંઘમાં વાય. એસ. કે. વિમા યોજના બનાવી આ યોજનામાં પોતે કાયમી બની રહે તેવા નીયમો બનાવ્યાં છે. ભવિષ્યની અત્યારથી ગોઠવણ કરી લીધી હોય તેવું લાગે છે.

યુવા સંઘ કેન્દ્રીય સમાજનું અંગ છે તેને પહેલા સંસ્થા ઉભી કરી યુવા સંઘનું રજીસ્ટેશન ટ્રસ્ટ બનાવ્યું તે સરાહર ખોટું કરેલ છે. એક સમાજમાં બે પેરેબલ સંસ્થા ના હોવી જોઈએ.

યુવા સંઘનો માજી પ્રમુખ માત્ર કોમ્પ્યુટરની રમત રમવાવાળા આ ભાઈ પીરાણા જાય સંસ્કારધામના હવનપુરા કરી કાદિયા જાય ત્યાં પીરાણા સત્ય છે તે વિશે પત્રકાર પાસે બોલે અને પેપર આઉટ થાય. પીરાણાવાળા ભાઈઓ સાથે સારા સંબંધો રાખે એમને સમજાવે હું તમારો છું. પણ હાલે મોટી સમાજ સાથે રહેવું પડશે, આપ ચિંતા ના કરો હું સહુને સમજાવવામાં પડયો છું. આવી બધી વાતો ટેલીફોનમાં કરે. આપ કોઈને વાત ના કરતાં બાજી બગડી જશે એવું બધું ટેલીફોન કરેલ છે. જે ટેપ થયેલ છે. જયંતિભાઈ લાકડાવાળાનું અપહરણ થયું હતું ત્યારે સમાજ ચિંતિત હતો. આપણાં સમાજના ટ્રસ્ટીઓ, ઉપપ્રમુખો અપહરણની પોલીસ ફરીયાદ કરવાની સલાહ આપે છતાં મારે ફરિયાદ નથી કરવી એવો જવાબ આપે. આનો અર્થ પૂર્વયોજિત આયોજનપૂર્વક કાવતરૂં હોય તેવું લાગે છે અને આવ્યા પછી ભાઈ સભાઓમાં હાજરી આપે અને સભાને સંબોધે છે. શરમાવ ભાઈઓ શરમાઓ ક્યાં સુધી અને કેટલી હદ સુધી સમાજને ગેર માર્ગે દોરવાશે.

દીઠી નતી ભુખ અને ભુખ ઉપર બોલે,
અનિતી ભર્યુ જીવન નિતી ઉપર બોલે,
પાછા સભા મંડપમાં જઈ વૈદીક ધર્મ બોલે.

સતપંથ ધાર્મિક કાર્યક્રમમાં યુવા અગ્રણીની હાજરીથી ચર્ચાનો દોર

6 ભુજ. ગુરુવાર
૪ ઓગસ્ટ, ૨૦૧૧

સતપંથ ધાર્મિક કાર્યક્રમમાં યુવા અગ્રણીની હાજરીથી ચર્ચાનો દોર

ભાસ્કર ન્યૂઝ. નખત્રાણા

પાટીદાર સમાજમાં છેલ્લા પાંચ દાયકાઓથી સતપંથ અને સનાતન સંપ્રદાયો વચ્ચે મોટી દીવાલો વર્ષોથી ઉભી છે. ત્યારે તાજેતરમાં આ મામલે બન્ને સંપ્રદાયોમાં વારંવાર વિવાદી મુદાઓ ઉભા થતા રહે છે, ...ાથી બન્નો વચ્ચે અત્યારે ...ાપાયે ધરમૂળથી ફેરફારો સમાજ લેવલે થઈ રહ્યા છે.

કાદિયા મોટા ગામે અર્થવેદી આશ્રમખાતે તાજેતરમાં એક ધાર્મિક કાર્યક્રમમાં અ.ભા.ક.ક.પાટીદાર યુવા સંઘના પૂર્વ પ્રમુખ અને જેમણે સમાજ સુધારકનો ઝંડો હાથમાં ...ધો હતો એવા જયંતીભાઈ ...ડાવાળાએ અહીંની હાજરીથી બન્ને સંપ્રદાયોમાં ચર્ચાઓનો દોર ચાલુ થઈ ગયોં છે. નજીકના લોકોએ જણાવ્યું હતું કે, આ ધાર્મિક કાર્યક્રમમાં કચ્છભરમાંથી સતપંથીઓ હાજર હતા ત્યારે અહીં યુવા પ્રમુખનું આવવા પાછળનું કારણ સમજાતું નથી. એક બાજુ ભારતભરમાં બન્ને સમાજો વચ્ચે બેટીથી માંડીને રોટી સુધીના ...હારોમાં તિરાડો ઉભી થઈ રહી છે. જો કચ્છના નખત્રાણા તાલુકાના અનેક ગામોમાં બન્ને સંપ્રદાયોમાં ફાટા પડી રહ્યા છે.. પાટીદાર સમાજની બન્ને સંપ્રદાયો સનાતન અને સતપંથ વચ્ચે ધાર્મિક, સામાજિક જેવા મુદાને લઈને ભારે કશમકસ ચાલી રહી છે ત્યારે કાદિયા આશ્રમમાં લાકડાવાળાની હાજરી પાછળ સમાધાનનો અણસાર આવે છે કે, અન્ય તે હજુ કોઈ કહેવા તૈયાર નથી. હજુ આઠ માસ અગાઉ જયંતીભાઈ લાકડાવાળા આંઠ દિવસ ગુમ હતા ત્યાર આ સમાજમાં વાયુવેગે લાકડાવાળાનું અપહરણ થયું છે તેવા સમાચારો પણ વહેતા થયા હતા. અત્યારે ફરી સતપંથમાં હાજરી પાછળ રહસ્ય તો જયંતીભાઈ જ જાણે તેમ છે. સૂત્રોમાંથી વાત એવી પણ વહેતી થઈ રહી છે કે, અહીં હાજરી આપવા પાછળ મોટા પાયે દબાણ થઈ રહ્યુ છે.

યુવા અગ્રણી શુ કહે છે?

આ અંગે જયંતીભાઇ સ્પષ્ટપણે કહે છે કે આપણી જ્ઞાતિ સનાતન ધર્મ જ છે અને હોવા જોઇએ એવું પણ વિચારી રહ્યા છે કે, સતપંથીઓનું આસ્થા શ્રદ્ધા પણ તૂટવી જોઇએ નહીં અને 'પીરાણા'નો વહીવટ હક્ક પણ આપણી સમાજ પાસે છે તે રહેવું જોઇએ તેમણે આ મિલકત સાચવી રહેલા સતપંથીઓને અભિનંદન આપ્યા હતા. આપણા પૂર્વજોએ કઇ ગયા છે કે, આપણો મુખ્ય ધર્મ સનાતન છે, જેમાં ભલે ફાંટા હોય પણ નીતિ, નિયમ, એક હોવો જોઇએ જોતે બન્ને સંપ્રદાયો વચ્ચે સમાધાન થાય તેના માટે પોતે ઇચ્છી રહ્યા છે.

ધાર્મિક એકતા મુખ્ય કારણ

બીજી બાજુ આ અંગે જયંતીભાઇ લાકડાવાળાએ 'દિવ્યભાસ્કર'ને ટેલિફોન ઉપર જણાવ્યું હતું કે, અમુક સતપંથીઓના આગ્રહના કારણે ત્યાં ગયો હતો. સતપંથની ધાર્મિક વિધિ કેવી રીતે થાય છે તે મને બતાવવા માગતા હતા જે આ વાત મારા સનાતન અગ્રણીઓ ભાઇઓ પણ જાણતા હતા સતપંથીઓની આસ્થા તૂટવી જોઇએ નહીં અને પીરાણાના વહીવટ પણ ચાલવો જોઇએ સાથે સનાતન ધર્મ આપણો ધર્મ છે તેમાં ભળવું જોઇએ.

પાટીદાર સંદેશ

ALL INDIA KUTCHH KADVA PATIDAR YOUTH SOCIETY

ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી

(REGISTERED UNDER PUBLIC ACT AND INDIAN SOCIETIES ACT.)

સવિનય અંગત ધ્યાન માટે. તારીખ : 21-10-2010.

પ્રતિ,
શ્રી રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી,
માન. પ્રમુખશ્રી,
અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા, કચ્છ.

વિષય: **સમાજની સાંપ્રત પરિસ્થિતિ અંગે.**

આદરણીયશ્રી,

અમદાવાદ ખાતે તાઃ ૨૬-૧૦-૧૦ના રોજ અમદાવાદની વિદ્યાર્થી હોસ્ટેલની જમીનના વિવાદ બાબતે ચર્ચા વિચારણા કરીને તેનો ઉકેલ લાવવા માટે આપના અધ્યક્ષપદે કેન્દ્રીય સમાજની કારોબારીની બેઠક મળી રહેલ છે ત્યારે તે બાબતની ચર્ચા વિચારણા થઇ ગયા બાદ કેન્દ્રીય સમાજની કારોબારી સમિતિના સીનીયર અગ્રણીઓ આ બેઠકમાં હાજર છે ત્યારે અમારા માટે **એક મહત્વની બાબતની ચર્ચા થાય** તેવા આશયથી આ પત્ર લખીને અમદાવાદ ખાતે આપને પહોંચાડવામાં આવી રહયો છે.

૨. "પાટીદાર સંદેશ"ના ગયા માસના તંત્રીલેખમાં અમે સાંપ્રત સમાજની સ્થિતિની વિગતે ચર્ચા કરેલ છે. જો કે આ બાબતે થોડા સમય અગાઉ આપશ્રી જયારે અમદાવાદ પધાર્યા ત્યારે નરોડા ખાતે કેન્દ્રીય સમાજના ઉપ પ્રમુખ શ્રી મનસુખભાઈ રૂડાણી અને મહામંત્રી શ્રી મોહનભાઈ ધોળુની ઉપસ્થિતિમાં **અમે અમારા મનના વિચારો** અને વેદના આપશ્રી સમક્ષ વ્યકત કરી હતી.

દરમિયાન, આપશ્રી અને સમગ્ર સમાજ એ વાતથી સુવિદિત છે કે છેલ્લા કેટલાક મહીનાઓથી આપણી સમાજના **સનાતન અને સતપંથ** વિચારસરણી ધરાવતા કેટલાક મિત્રો ઈ-મેઈલ ધ્વારા **તદ્દન હલકી, નીમ્નકક્ષાની અને આપણી જ્ઞાતિની સંસ્કૃતિને શોભે નહીં તેવી** ભાષામાં લખાણો લખીને સહન ન કરી શકાય તેવી ગંદકી ફેલાવી રહયા છે. અમને દરરોજ આ પ્રકારના ઈ-મેઈલ બંને પક્ષો તરફથી મળતા રહે છે. તેમાંના પસંદ કરેલા **ત્રણ ઈ-મેઈલ આપશ્રી અને કેન્દ્રીય સમાજના વરિષ્ઠ અગ્રણીઓની જાણ સારુ આ સાથે બીડેલ છે.**

..૨..

209, ગોકુલ સેન્ટર, કાગડાપીઠ, જૂના લાટી બજાર, એસ.ટી. સેન્ટ્રલ બસ સ્ટેશન પાસે, અમદાવાદ-380 022 (ગુજરાત)
Phone : (079) 25464394 Fax : (079) 25463691
Email : info@patidarsandesh.org ● Website : www.patidarsandesh.org

.. ૨..

(૧) **પ્રથમ ઈ-મેઈલ** તાઃ ૦૭-૧૦-૧૦ના રોજ કરવામાં આવેલ છે. **જેમાં કેન્દ્રીય સમાજની કારોબારી તાઃ ૨૬-૧૦-૧૦ના રોજ આપશ્રીએ અમદાવાદ ખાતે રાખેલ છે, તેના સંદર્ભમાં જે લખાણ લખેલ છે તે કૃપયા વાંચી જવા વિનંતી છે.** કદાચ આ ભાઈઓ હવે એવું માનવા લાગ્યા છે કે કેન્દ્રીય સમાજે તેની કારોબારી સભા ક્યાં રાખવી તે પણ તેમને પુછીને આપશ્રીએ નક્કી કરવું પડશે.

(૨) **બીજો ઈ-મેઈલ** તાઃ ૧૫-૧૦-૧૦ના રોજ પ્રાપ્ત થયેલ છે. જેમાં પણ તાઃ ૨૬-૧૦-૧૦ના રોજ અમદાવાદ ખાતે મળનારી મીટીંગમાં **આપ સૌ વડીલોએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે અંગેની ચિંતા તેઓ સેવે છે.** આપ સૌ વડીલો અમુક પ્રકારનો નિર્ણય ન લો તે માટે અમદાવાદના સમાજના ભાઈઓને તેઓ મીટીંગમાં હાજર રહીને ધ્યાન આપે તેવો અનુરોધ કર્યો છે.

(૩) **ત્રીજો ઈ-મેઈલ** અમને તાઃ ૧૮-૧૦-૧૦ ના રોજ મળેલ છે, જે છ પાનાંનો છે. જેમાં **પ્રથમ બે પાના સાથે અમારે કોઈ સંબંધ નથી,** (પરંતુ જો સમય હોય તો તેની ભાષા જરા વાંચી લેશો) બાકીનાં ચાર પાનાઓમાં **પાટીદાર સંદેશના તંત્રીલેખના સંદર્ભમાં તેમણે પાટીદાર સંદેશનો બહિષ્કાર કરવા તથા જાહેર ખબર અને લવાજમો ન આપવાનો અનુરોધ કર્યો છે.** અને કેન્દ્રીય સમાજને તંત્રીઓની સલાહની જરૂર નથી. તેમજ **મીડીયાએ** શું કરવું તે અંગે ઉલ્લેખ કર્યો છે. આ ઈ-મેઈલ શ્રી ઉમેશ નાથાણી નામના એક યુવાન ભાઈ, કે જેઓ મુંબઈ યુવક મંડળના હોદ્દેદાર છે, તેમણે લખેલ છે.

છેલ્લો ઈ-મેઈલ **પાટીદાર સંદેશ/મીડીયાને સંબંધ છે.** તે વાતનો જવાબ અમે અમારી રીતે આગામી અંકોમાં જરૂરથી આપીશું. પરંતુ આપ સૌ વડીલોના ધ્યાન અને વિચારણા માટે કેટલીક **વાતો આપના ધ્યાને મુકવી જરૂરી લાગે છે. તેથી આ પત્ર લખેલ છે.**

(૧) કેન્દ્રીય સમાજે છેલ્લા અધિવેશનમાં જે ઠરાવો કર્યા છે અને તેમાં **સનાતન હિન્દુ વિચારધારાને સ્વીકારવામાં આવી છે. આ માન્યતાને માત્ર અમારુ જ નહી, સૌ કોઈનું સમર્થન હોય જ.** એટલે કે આપણી સમાજ સનાતન હિન્દુ વિચારધારાને વરેલી પણ છે. આ વાતમાં કોઈ બેમત હોઈ શકે જ નહીં. આપણી ગૌરવવંતી સમાજનો છેલ્લા ૫૦-૫૦ વર્ષોના ઇતિહાસ ગવાહ છે કે આપણા વડીલોએ સનાતન હિન્દુ વિચારધારાના જે બીજ રોપ્યાં છે તે બીજ આજે વટવૃક્ષની જેમ ફુલ્યાં ફાલ્યાં છે, તેના પુરાવાની જરૂર ન હોઈ શકે.

(૨) સાથોસાથ અમે આપશ્રીનું એ બાબતે પણ ધ્યાન દોરવા માંગીએ છીએ કે આ સમાજમાં નાની મોટી અનેક પ્રકારની ધાર્મિક વિચારસરણી ધરાવતા સંપ્રદાયો અસ્તિત્વમાં છે. તેમાંથી ક્યો ચોક્કસ સંપ્રદાય હિન્દુ વિચારસરણી પાળતો નથી? તે બાબતના વિવાદમાં અમે પડવા માંગતા નથી. કારણ કે આ પ્રકારના અકારણ અને અયોગ્ય સમયે

.. ૩ ..

.. ૩ ..

ઉચ્ચારણ કરીને કે ઉપલક પ્રકારનું આછકલું મંતવ્ય આપીને, બીનજરૂરી વિવાદ ઉભો કરીને અમે છેલ્લાં ૫૦-૫૦ વર્ષથી ચાલતી **આ રાષ્ટ્રીય સમાજની એકતા અને અસ્તિત્વ જોખમાય તેમ ઇચ્છતા નથી.**

(૩) અમારી દૃષ્ટિએ **સનાતન હિન્દુ વિચારધારાને છેલ્લાં વર્ષોમાં** જેટ ગતિએ વેગ મળ્યો **છે.** આપણે સૌ તે માર્ગે જ ચાલતા રહયા છીએ, આગળ વધતા રહયા છીએ. હવે જયારે આવડી મોટી વિશાળ સમાજનો કોઇ એક નાનકડો વર્ગ જો આ વિચારધારા સાથે સંમત ન હોય, તો તેને ઉચિત માર્ગ ધ્વારા સમજાવટથી હિન્દુ વિચારધારામાં ભેળવવાના પ્રયાસ, કે જે આપણે કેટલાય વર્ષોથી કરતાં આવ્યા છીએ અને તેમાં આપણને નોંધપાત્ર સફળતા મળી છે, તેવું જાહેરમાં સ્વીકારીએ છીએ. ત્યારે અચાનક **મધદરિયે માત્ર મુઠ્ઠીભર માણસો** ધ્વારા આવી કટ્ટર ઉગ્રતા ઉભી કરીને સમગ્ર સમાજની ગરિમા જોખમાય અને તે નીચા સ્તરે ઉતરી જાય તેટલી હદે જે હોબાળો મચાવ્યો છે તે કેટલા અંશે વાજબી છે તે અમે સમજી શકતા નથી. પરંતુ આપ સૌ અગ્રણીઓએ આ બાબતે વિચારવાનો સમય આવી ગયો છે. હવે તેમાં આપ સૌ જેટલો વિલંબ કરશો તેટલું સમાજનું અહિત થવાનું છે.

(૪) અમે આપ સૌ સમાજ સમક્ષ એ વાત સવિનય રજુ કરવા માંગીએ છીએ કે કોઇપણ પરિવાર, સ્થાનિક સમાજ કે રાષ્ટ્રીય સમાજ કોઇપણ નવો નિર્ણય વિચારે, વાત રજુ કરે કે મંતવ્ય રજુ કરે પણ તેમ કરવાની પણ એક રીતે હોઇ શકે. આ પ્રકારે ઉગ્રતાપુર્વક કરાયેલી રજુઆત ગમે તેટલા સારા કે સાચા હોય તો પણ તે આમજનતામાં કોઇ કાળે સ્વીકાર્ય બનતી નથી. તેમાંય ખાસ કરીને કેન્દ્રીય સમાજ જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા કે જેમાં વર્ષો જુના અનુભવીઓ અને પીઢ પરિપકવ વિચારધારા અને અનુભવોનું ભાથું ધરાવતા હોદ્દેદારો હોય ત્યારે તેમણે આવા **મુઠ્ઠીભર** સમાજજનો ધ્વારા જે પ્રકારે **કટ્ટરતાથી** આ વાતનો હોબાળો મચાવવામાં આવ્યો છે, અને સમગ્ર સમાજને દુઃખી કરે તેવી પરિસ્થિતિ ઉભી કરી છે. તેવા સંજોગોમાં **હવે કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીશ્રીઓ/ માજી પ્રમુખશ્રીઓ અને વર્તમાન હોદ્દેદારોએ સબળ નેતૃત્વ પુરુ પાડવા અને પોતાના સ્પષ્ટ વિચારો રજુ કરીને ઉચિત માર્ગ શોધવાનો છે.** કે જેથી કરીને આપણા વડીલો તથા પુર્વજોએ જે ગૌરવશાળી સમાજની રચના કરી છે અને કચ્છમાં તેમજ કચ્છ બહાર જયાં આપણા ભાઇઓ વસે છે તે ગૌરવવંતુ સ્થાન ઉભું કર્યુ છે ત્યાં આપણી અસ્મિતા અને તેજસ્વીતા જોખમાય નહીં, બલ્કે ઉજજવળ બનીને જળવાઇ રહે.

ઉપરની પુર્વ ભૂમિકા બાદ અમારી આપ સૌ સમક્ષ રજુઆત છે કે........

(૧) આ સાથે જે ત્રણ ઇ-મેઇલ મોકલ્યા છે તે મોકલનાર કોણ છે, કોણ લખે છે અને કોણ લખાવે છે તેની ચર્ચા કરવાની જરૂર જણાતી નથી. કારણ કે આપણે સૌ તેમને જાણીએ છીએ, પરંતુ આ લખનારાઓને આપે મુક રીતે સમર્થન આપ્યું હોય તેવો આભાશ

.. ૪ ..

.. ૪ ..

થાય છે. આથી કૃપા કરીને એ જણાવશો કે આ યુવાન મિત્રો તેમની યુવાની, સંપત્તિ તેમજ કેન્દ્રીય સમાજ ધ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળેલ મુક સંમતિના જોરે બેફામપણે આગળ વધી રહયા છે, તેમને આપની સંમતિ અને સમર્થન છે કે નહીં ?

(૨) જો આપના ધ્વારા આવા યુવાન મિત્રોને આ પ્રકારે આગળ વધવાની સહમતિ આપવામાં આવી હોય તો અમારે કઇ વિશેષ બાબત પુછવાની કે કહેવાની રહેતી નથી. પરંતુ કૃપયા કેન્દ્રીય સમાજ આ બાબતમાં એટલે કે યુવાન મિત્રો ઈ-મેઈલ ધ્વારા, પત્ર વ્યવહાર ધ્વારા અને ભારતભરમાં સભાઓનું આયોજન કરીને જે રીતે વર્તી રહયા છે તેને કેન્દ્રીય સમાજનો ટેકો છે કે કેમ, તે બાબત સ્પષ્ટ કરે તે જરૂરી છે. જેથી અમો પાટીદાર સંદેશના માધ્યમ ધ્વારા આ બાબત સમાજ સમક્ષ રજુ કરી શકીએ.

આ પત્રની નકલ કેન્દ્રીય સમાજના તમામ કારોબારી સભ્યશ્રીઓને પણ મોકલવામાં આવી રહી છે. તે આપની સવિનય જાણ સારુ રજુ કરીએ છીએ. આ પત્રનો કેન્દ્રીય સમાજ ધ્વારા શક્ય તેટલા વહેલાસર અમોને સ્પષ્ટ જવાબ મળશે તેવી આશા/અપેક્ષા રાખીએ છીએ.

(ડાહયાભાઈ પટેલ)
પ્રમુખ.

(શામજીભાઈ પટેલ)
તંત્રી

નકલ સવિનય આદર સાથે રવાના :-

શ્રી મનસુખભાઈ રૂડાણી.

હોદો માનનીય ઉપપ્રમુખશ્રી, કેન્દ્રીય સમાજ

મુકામ ઓઝલ.

ઉપરની વિગતે આપશ્રીના અંગત મંતવ્યો પાટીદાર સંદેશ કાર્યાલયને મોકલી આપશો તો આપના ખૂબ જ આભારી થઈશું.

(ડાહયાભાઈ પટેલ)
પ્રમુખ.

(શામજીભાઈ પટેલ)
તંત્રી

* * *

તા. ૦૧-૦૧-૨૦૧૧

પ્રતિશ્રી
પ્રમુખશ્રી / મહામંત્રીશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
પાટીદાર વિધાર્થી ભવન,
નખત્રાણા – કચ્છ.

વિષય : આપણા સમાજના કેટલાક ભાઈઓ દવારા સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતઓને ઉતારી પાડતા ઈ – મેઈલ પત્ર વ્યવહાર અંગે...

By such emails duplicity, hypocrisy, double standards were exposed. The author of this book was one of the main targets who got exposed by such emails.

માનનીય સાહેબશ્રી

જય ઉમિયા સહ જણાવવાનું કે આપણી સમાજની ગત તા. ૨૬ / ૧૦ / ૨૦૧૦ ના રોજ ગીતા મંદિર અમદાવાદ ખાતે મળેલ કારોબારી સભામાં આપણા સમાજના કેટલાક ભાઈઓ દવારા અભદ્ર ભાષામાં ચલાવાતા ઈ – મેઈલ પત્ર વ્યવહાર અંગે ચર્ચા થયેલ જે સંદર્ભે આવા પત્ર વ્યવહાર બંધ કરવા આપશ્રીએ જાહેર સુચના આપેલ. આમ છતાં હજી સુધી આ પત્ર વ્યવહાર બંધ થયેલ નથી. જે દુ:ખદ બાબત છે. એટલુ જ નહી પણ ઈરાદા પુર્વક સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતઓને બદનામ કરી માનહાનિ કરવાનો પ્રયાસ ચાલી રહયો છે. તે વખોડવાને પાત્ર છે. અમો નીચે સહી કરનારાઓ વિશે પણ અશ્લીલ ભાષાનો ઉપયોગ કરી માનહાનિ કરેલ છે. આ ઈ –મેઈલની નકલ આપની જાણ માટે સામેલ રાખેલ છે.

આવા અશ્લીલ પત્ર વ્યવહાર કરી સમાજની ગરિમાને નુકશાનકર્તા તત્વો સામે તાત્કાલિક સજાત્મક કાર્યવાહી કરવા વિનંતી કરીએ છીએ તથા તેની અમોને જાણ કરવા નમ્ર અનુરોધ કરીએ છીએ. આવા અનિષ્ઠો સામે આપના દવારા ઉચિત કાર્યવાહી કરવામાં નહી આવે તો ના છુટકે અમારે કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે. આ સંજોગોમાં સમાજ ના બંધારણના ૧૯મા નિયમનું ઉલ્લંઘન થયુ નહી ગણી શકાય તે સાથે આપશ્રી પણ સંમત હશો એવુ અમારૂ માનવું છે.

આપના સહકારની અપેક્ષા સહ.

(પાછળ...)

લિ. આપના વિશ્વાસું

૧.શ્રી જયેશ એસ. છાભૈયા (મંત્રીશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય)

૨.શ્રી કેશુભાઈ ડી. પારસીયા (કારોબારી સભ્યશ્રી, ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તથા ચેરમેનશ્રી, જિલ્લા શિક્ષણ સમિતી)

૩. શ્રી નારાણભાઈ ચૌહાણ (પ્રમુખશ્રી, માંડવી ઝોન તથા કારોબારી સભ્ય શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તથા ચેરમેનશ્રી એ.પી.એમ.સી. માંડવી – કચ્છ)

૪. શ્રી દેવજીભાઈ એમ.લીંબાણી (ટ્રસ્ટીશ્રી, કેન્દ્રીય સમાજ, કારોબારી સભ્યશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તથા ઉપાધ્યક્ષ, કચ્છ જિલ્લા ભાજપ)

૫. શ્રી ગંગારામભાઈ એસ.રામાણી (પ્રમુખશ્રી, ભુજ પાટીદાર સમાજ, ઉપપ્રમુખશ્રી, લક્ષ્મીનારાયણ સંસ્થાન, કારોબારી સભ્યશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય,તથા પ્રમુખશ્રી દેશલપર સનાતન પાટીદાર સમાજ)

૬. શ્રી સુરેશ એમ. ચૌહાણ (મહામંત્રીશ્રી ભુજ ઝોન તથા કારોબારી સભ્ય શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય સભ્યશ્રી, હોસ્ટેલ સમિતિ, માંડવી– કચ્છ)

ઉપરની અરજી મુજબ સંબંધિતો સામેઉચિત કાર્યવાહી કરવાની અમારી પણ માંગણી છે.

૧. શિવજી નાનજી કાનાણી — ટ્રસ્ટીશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

૨. ડો. પ્રેમજી રામજી ઘોઘારી — મંત્રીશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

૩. રેવાલાલ કરમશી પાટીદાર — કારોબારી સભ્યશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય,તથા મહામંત્રીશ્રી મુન્દ્રા તાલુકા ભાજપ.

નોંધ : આ પત્ર સંદર્ભે અમો આપશ્રીને તા. ૧૦–૦૧–૨૦૧૧ના રોજ સમાજના ટ્રસ્ટીઓ તથા હોદેદારોની મિટીંગ વખતે રૂબરૂ મળવા માંગીએ છીએ, તો સમય ફાળવવા નમ્ર વિનંતી છે.

આ દિવસે પ્રમુખશ્રીએ બોલાવી ચર્ચા કરી અને અમોને આશ્વાસન આપેલ હવે પછી આવું નહીં બને.

કચ્છ કડવા પાટીદાર સમાજમાં ૫૦ વર્ષની અંદર સામાજિક અને સાંપ્રદાયિક લાભો - નુકશાનનું ઘટના ક્રમ

Selective propaganda to suit his narrative

સંતોના આશીર્વાદ

કડવા પાટીદારોની સમાજમાં અંદાજે ૪૦૦ વર્ષ પહેલાં જે વડીલો તરફથી સતપંથ સંપ્રદાય સ્વીકારવામાં આવ્યો ત્યારે વડિલોની મજબુરી હશે કે એમની ભોળપાઈ હશે અથવા અતિ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા હોય કે પછી અજ્ઞાનતા જે કહો તે પણ સામાજિક કે ધાર્મિક રીતે બીલકુલ દિશાહીન થઈ ગયેલ સમાજમાં વખત જતાં વડીલોની સુઝબુઝ કહો કે પછી નારણ રામજી લીંબાણીની દીર્ઘદૃષ્ટિ અથવા ઓધવરામજી જેવા સંતોના ખૂબ અંતરના આશીર્વાદ કહો પણ ઘણી બધી મુશ્કેલીઓ વચ્ચે પરિવર્તનનો એક માર્ગ શોધી સમાજને સાચા માર્ગ પર વાળેલ અને સમાજના સંગઠનને જ્ઞાનના અજવાળા કરી એકતાના દર્શન કરાવેલ. જેથી સમાજ એક સંગઠિત થવા માટેના માર્ગો પર આવવાની લાઈન ઉપર ગોઠવણીની તૈયારી થઈ.

વડીલોની સુઝબુઝ અને ઉદારતા

૧૯૫૭માં સમાજને એક સંગઠનની રચના કરવી એવા વિચારો આવ્યાં અને કઈ રીતે સંગઠન ઊભું કરવું એ પાંચ જણાં એડહોક કમિટીની રચના કરી અને ત્યારબાદ આ ટ્રસ્ટીઓએ એક ટ્રસ્ટ બનાવવું જોઈએ. એવું નક્કી કરેલ ત્યારબાદ તે ટ્રસ્ટનું નામ શું રાખવું તે વાત ઘણી બધી ચર્ચાઓ થઈ તેમાં નાના મોટા વિઘ્નો પણ આવેલ હશે. પણ સમાજ એક કરવા અને સાચે માર્ગે લઈ આવવાની ભાવનાએ આખરે બધાની સહમતીથી ઓધવરામજી સંતના વચનોને આધારે સમાજના વિકાસ માટે શિક્ષણની ખાસ જરૂર છે અને સમાજના દરેક ભાઈઓ જો શિક્ષિત થશે ત્યારે જુનાં સંપ્રદાયને છોડી દેશે. અને સમાજની વિકાસની વાતો કરતા થઈ જશે. આવા સંતોના ઉદ્દગારને વળગી રહેલા વડિલો ત્યારબાદ શિક્ષણનું એક સંકૂલ તૈયાર કરવું જોઈએ તે માટે એક ટ્રસ્ટની રચના કરવી તેવું વિચારેલ અને નક્કી થયું એને એમનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ રાખવામાં આવ્યું. અને તમામ ભાઈઓએ ઉદાર નિતી રાખવી અને વાદ વિવાદ ભુલી તમામનો સમાવેશ કરી લેવો અને શિક્ષણ આપવાથી સમજણ આવશે અને ધીરે ધીરે જે વડીલો ભુલેલો માર્ગ છોડી અને સાચા માર્ગે આવી જશે અને દરેક પાટીદારો મોડા વહેલા એક થઈ સંગઠીત થશે અને વિકાસ કરી એક દિવસ સમાજને ગૌરવ અપાવશે. જ્યારે ૧૯૬૦નું કચ્છનું કચ્છ કડવા પાટીદાર સમાજનું બંધારણ નક્કી થયું ત્યારે સમાજની બીનસાંપ્રદાયીકની રચના કરવામાં આવી. વડીલો ઉદાર નિતીને કારણે, જ્યારે સમાજ રચના કરી ત્યારે ૧૯૬૦માં સતપંથી ૫૫% અને સનાતની ૪૫% અંદાજે હતા છતાં સંતોના આશીર્વાદ અને વડિલોની દીર્ઘદૃષ્ટિ અને ઉદારતાના કારણે આજે આ પાટીદાર સમાજને ૫૦ વર્ષના વહાણાં વહી ગયાં તેમાં ઘણાં બધા ઉતાર ચઢાવ આવ્યાં હશે. સમાજવાડીઓ અને મિલકતોની વહેંચણી બારામાં બંને સંપ્રદાયો વચ્ચે નાના મોટા ઝગડાઓ થયા હશે, અસંતોષ થયા હશે તેમજ દરેક અધિવેશનમાં સામાજિક વહેવારોના નિયમો બનાવવામાં ઘણી જગ્યાએ અસમજણથી ગુંચવાડાઓ ઉભા થતાં રહ્યાં હશે. પણ ધન્યવાદ છે એ વડિલો ત્યારે અભણ હોવા છતાં પણ પોતાની કોઠા સુઝથી આજ દીવસ સુધી સંપ્રદાયીક કે બીજા મોટા ભાગના તમામ વિવાદો સંપ, સલાહ અને શાંતિથી પરીપૂર્ણ કરી અને પરીણામ લાવ્યા હતા, જેનો જીવતો જાગતો પુરાવો એ છે કે આ વડીલોની દરેક સમાજોમાં એક અલાયદી શાંખ ઉભી થઈ છે તેમાં કચ્છી લેવા પટેલ હોય કે સૌરાષ્ટ્રના પાટીદારો હોય કે ઉત્તર/ગુજરાતના પાટીદારો હોય કે કોઈ અન્ય સમાજો હોય દરેકમાં એટલી બધી જોરદાર શાખ ઉભી કરી આપણા કચ્છી પટેલોનું સંગઠનનું સંચાલન ભારતભરમાં થાય તે સમાજની એક અજાયબી છે તેની નોંધ દરેક પાટીદારો તેમજ ઘણી બીજી સમાજોએ લીધી છે.

વડીલોની ઉદારતાને લીધે સફળતા

આ બધો જે વિકાસ થયો તેનો જો ઉપકાર માનીએ તો વડિલોનો છે. વડિલો અભણ હતા આર્થિક રીતે પછાત હતા. પણ સર્વે આગેવાનોની કોઠા સુઝ અને સમજ શક્તિને દાદ આપવો જોઈએ. વડીલોની જાદુ કહીએ કે પછી સંતોનો આશીર્વાદનો ચમત્કાર કહીએ. અહીં સૈધાંતિક આંખે દેખ્યો અહેવાલ છે. આ સમાજમાં ૫૦ વર્ષ પહેલાં જુના સંપ્રદાયમાં ૫૫% હતાં તે સંપ્રદાયના ભાઈઓ ધીરે ધીરે હાલે સમાજના બહોળા પ્રવાહમાં ભળી જતાં હાલે ૧૦%થી ૧૨% જેવા રહેવા પામ્યા છે. જે આ વડિલોની વિવેક બુદ્ધિનો આ જીવતો જાગતો પૂરાવો છે. અને તે આપણે સૌને માટે આનંદની વાત છે. વડીલોએ કીધું છે કે ધીરજના ફળ મીઠાં હોય તો આ એક વડિલોની મોટામાં મોટી ૫૦ વર્ષની સફળતા અને સિધ્ધી આને કહેવાય.

સુવર્ણજયંતિ મહોત્સવ ૫૦ વર્ષ પહેલા વડિલોની ઉદારતાથી આ સંગઠનનો વિકાસ અને સંપ્રદાયના પરિવર્તનની સફળતાને કારણે આ સમાજના ભારતભરમાં વસતા ભાઈઓને આ મહોત્સવ ધામધૂમથી આનંદમય અને શાંતીથી સૌ સાથે મળીને ઉજવાય તેવા માહોલ આખા ભારતમાં સંર્પક યાત્રા વખતે તમામ લોકોને જોવા મળેલ હતો. ત્યારે સંર્પક યાત્રામાં રામજી નાકરાણી, વાલજીભાઈ વાડિયા – ગંગારામભાઈ સાંખલા આમ ત્રણ ટીમો ઉત્તર ભારત મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાં ૧૫ થી ૨૦ દિવસની સર્પક યાત્રા એટલે કે સુવર્ણજયંતિ ઉજવવા માટે સૌને હાથો હાથ આમંત્રણ આપવા ભારતની નાની મોટી સમાજ તેમજ ઝોનમાં ફરી વળ્યાં હતાં. તે તા. ૨૭-૦૩-૨૦૦૯થી સ્ટાર્ટ થઈ હતી. તે દરમિયાન ભારતભરમાંથી કોઈ બુદ્ધિજીવી ભાઈએ એક પણ પ્રશ્ન સંપ્રદાય વિશે નહોતો કર્યો. ત્યારે સંપ્રદાયનું કોઈને ભૂત નહોતું? અને સંપ્રદાયનું દુઃખ પણ નહોતું જેથી કરીને તે વખતે સારામાં સારો આનંદ ઉલ્લાસનો માહોલ હતો.

સંગઠન અને એકતાને નબળા પાડવાની પેરવી

જયાં સમાજ સંગઠન હોય ત્યાં નાના મોટા પ્રશ્નો હોય અને પ્રશ્નોને કારણે અસંતોષ પણ ઉભા થાય પણ વડિલો – આગેવાનો – બુધ્ધિજીવી થકી દરેક પ્રશ્નોનો ઉકેલ હોય જ કરવો જ પડે અને થાય. જે હોય તે હાલમાં કોઈ પ્રશ્નનું નિરાકરણ થાય તેવું નજરે જોવાનું આવતું નથી કે પછી આપણે આ સાંપ્રદાયિક સમસ્યાને છોડવા માંગતા નથી. તેવું લાગે છે. વર્તમાન સમયમાં પાટીદાર સમાજમાં કરમની કઠણાઈ બેઠી છે. કે પછી વડીલોની છત્રછાયા ગુમાવ્યા પછી અનુભવની અથવા વિવેક બુધ્ધીની ખામી દેખાય છે એવું લાગે છે. એક પછી એક સાંપ્રદાયીક સમસ્યા આ સમાજ પીછો છોડતી નથી. રામ જાણે આ સમાજનું શું થવા બેઠું છે.

સમાજની વિધિની વક્રતા, ત્યારબાદ જ બેઠી છે. અમુક ઘમંડી અહમી લોકોને પોતાની વગર પુચ્છાએ સંપ્રદાયનું સમાધાન થાય અથવા સમાજનો આવડો મોટો પ્રોગ્રામ સુવર્ણજયંતિ ઉજવાઈ જાય તે એમના આત્માને કબુલ મંજુર કદાચ નહીં હોય તો પછી શું કરવું જોઈએ તે લોકોને એવો વિચાર આવ્યો હશે ત્યારે સમાજ કે પ્રજાને કઈ રીતે ગેરમાર્ગે દોરી અને ભડકાવી શકાય એવું કદાચ વિચાર્યું હશે પ્રજાને જલદી ઉશ્કેરવા માટે આખી દૂનિયામાં મોટામાં મોટો કોઈ મુદ્દા હોય તો તે સંપ્રદાય અથવા ધર્મ છે. માટે પાટીદાર સમાજની દુઃખતી નશ આ લોકોએ પકડી પાડી અને ત્યારબાદ આ લોકો પ્રજા પાસેથી પ્રશ્નોને શોધવા નિકળ્યા અને આવડી મોટી સમાજમાં આવા ૨ થી ૪ મુદ્દા મળી પણ જાય જેમાં બે પ્રશ્નો મળ્યાં અને બે પ્રશ્નો ઉભા કરવામાં આવ્યાં.

પ્રશ્ન : ૧. મોડાસામાં જે માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું તે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વખતે ટ્રસ્ટના ટ્રસ્ટીઓના અંગત વાંધા વૃષ્ટીને કારણે કોઈકે ચેરીટીમાંથી મનાઈ હુકમ લીધો હતો.

પ્રશ્ન : ૨. બેંગ્લોરના રમેશભાઈ વાગડિયા ઉપર થયેલ કેસ બાબતે.

બેંગ્લોરના રમેશભાઈ વાગડિયા ઉપર આજથી ૫ થી ૬ વર્ષ પહેલાં કોઈ સાંપ્રદાય વિશે બિભત્સ લખાણ લખેલ હશે ત્યારે કોઈ વ્યક્તિએ કેસ કરેલ તે આ બંને પ્રશ્નો આ લોકોને મલ્યા અને બીજા બે પ્રશ્નો ઉભા કર્યા જેમાં (૧) જુની પુરાણી વાતો લઈ રામજીભાઈ કરમશી પ્રમુખ - નિષ્કલંકીધામના પ્રોગ્રામમા કેમ ગયા એવી વાતો પ્રજા પાસે વહેતી કરી (૨) વાલજી વાડિયા માજી પ્રમુખ સંપર્ક યાત્રામાં મોડાસાની સભામાં સતપંથના પ્રશ્નના જવાબમાં સમાજના શૈક્ષણિક હેતુમાં સનાતન નામ ના લગાવવું જોઈએ અને હશે તો કાઢી નાખીશું એવી ખોટી પ્રજામાં વાતો વહેતી કરી અને પછી તો અંદોરો અંદર ભરપુર અસંતોષ ઉભા કરાવી ઝગડાવવાની ખૂબ જબરજસ્ત કોશિષ ચાલુ કરી દીધેલ.

<u>સંપ્રદાયની વાતો કરી પ્રજાને ભડકાવી, વડીલોને બદનામ કરેલ</u>

તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ ધનસુરા મુકામે એક સનાતનીઓની મિટીંગ રાખેલ જેમાં ખૂબ ખરાબ રીતે કટરવાદીઓએ ભાષણ કરેલ. આખા સાબરકાંઠામાં વેરઝેર ભરવાનું કામ કર્યું જેમાં ઉપરોક્ત ચાર મુદ્દાઓ ઉછાળ્યા અને ૩૦૦ વર્ષ પહેલાં વડિલોના સમય વખતે જે સંપ્રદાયને પાળતાં હતાં તેને પ્રજા સમક્ષ યાદ કરાવી ઝેર ઓકી વડિલોને વગોવ્યાની વાતો કરી અને સનાતનીઓ ઉપર સતપંથીઓએ સેંકડો કેસ કરેલ છે. હજારો કેસ કરેલ છે. સતત આવું જ સમજાવ્યા કરે છે. હવે આપણે કેટલા દિવસો ચલાવી લેવાનું હવે નહીં ચલાવી લેવાય. હવે આપણે જાગૃત થઈ ગયાં છીએ. આ બધી બાબતોમાં સમાજના વડિલોની ઉદાર નીતિ ખોટી છે. હાલના હોદ્દેદારો દૂધ દહીંવાળા છે. આ લોકો હવે સમાજમાં ચાલે જ નહીં. આવા વડિલોને દૂર કરવા જોઈએ. આવું સમજાવી પ્રજામાં કટરતાવાદનું ઝેર ઓકવાનું આ પ્રથમ મિટીંગમાં જોરદાર રજૂઆતો કરી ઉપરોક્ત ચાર મુદ્દા સિવાય આ મિટીંગમાં બીજા કોઈ મુદ્દા હતા જ નહીં. સમાજમાં એક એવો ભ્રમ ઊભો કર્યો અને પ્રજાના મગજમાં બેસાડવા માટે ગામે ગામ દરેક ઝોનમાં પ્રચાર કર્યો. દૂધ દહીંવાળા લોકો સમાજમાં ચાલે જ નહીં. આવા લોકોને સમાજમાંથી કાઢી નાખવા જોઈએ. એવી પ્રજાપાસે ઠરાવ કરી સહીઓ લઈ એક પક્ષી સમજાવી પ્રજાને ગેર માર્ગે દોરી હાવી થતાં રહ્યાં. સહીવાળી ટપાલો લઈ પછી સમાજની કારોબારીને હાઈજેક કરી પછી હોદ્દેદારોને બાનમાં લાવવાનું કામ કર્યું. હોદ્દેદારોનું કાંઈ ચાલ્યું નહીં. ત્યારબાદ જનરલ સભાને હાઈજેક કરી, કાબુ રાખી સમાજના આગેવાનોએ ખૂબ ખૂબ સમજાવ્યાની કોશિષો કરી સમાધાન કરાવવા મિટીંગો કરી પણ આ ઘમંડી અને અહમી લોકોએ પ્રજામાં ધાર્મિકતાનું એટલું ઝેર ભર્યું હતું જે પ્રજાનો એક તરફી ઉમંગ અને જોશ જોઈ આ હરખાયેલા બીનજવાબદાર લોકો સામે કોઈ પરિણામ લાવી શકાયું નહીં. ત્યારબાદ સુવર્ણજયંતિને ઉજવવાની ફુલ તૈયારીમાં આગેવાનો લાગેલા રહ્યાં હતા. દરેક થીમોને ઝોન વાઈસ પ્રસ્તુત કરવાની હતી. આ પ્રોગ્રામ બગાડવાવાળા અમુક ગણ્યાં ગાંઠ્યા લોકો પ્રજાને ઉશ્કેરવા માટે ગામો ગામ મિટીંગો કર્યે જતાં હતાં. ઈ-મેઈલ દ્વારા વડિલોને ઉતારી હલકા પાડવાનું કામ તેઓએ ચાલું રાખેલ હતું. અને જુવાનિયાઓની મિટીંગો ભરી ખોટી રીતે ઉશ્કેરી આગેવાનોને ઉતારી પાડવા બદનામ કરવા અને દબાવવાનું કામ સતત ચાલુ જ રાખવામાં આવેલ.

<u>સમાજમાં કેસો દ્વારા સંગઠનનું નુકશાન</u>

તા. ૨૫-૦૩-૨૦૧૦ના રોજ કારોબારીમાં શ્વેતપત્ર પાસ કરવામાં આવ્યો, ત્યાર પછી સતપંથના લોકો રેલી દ્વારા આવેદન પત્ર આપવા વિદ્યાર્થી હોસ્ટેલમાં આવ્યાં ત્યાં અંદર આવવા ના પાડતાં તેઓ સર્વે શ્વેતપત્રની હોળી કરેલ, ત્યારબાદ અમુક લોકો દ્વારા સમાજના હોદ્દેદારો ઉપર દબાણ કરાવી તેઓ દ્વારા તેઓના ૮ થી ૧૦ જણાને સસ્પેન્ડ કરાવ્યા. ત્યારથી આ સમાજ ઉપર કાળી ટીલી લાગવાનું શરૂ થયું. અને કાયદાની આંટી ઘૂંટીમાં સમાજ ફસાતો રહ્યો. સભ્ય પદ કરવાની બાબતમાં ચેરીટીમાં કેસ કરવામાં આવ્યાં. ત્યારબાદ આ ટ્રસ્ટનું જે બંધારણ હતું તેમાં ફેરફાર કરીને અને નવું બંધારણ પાસ કરવાની આ લોકોની ગતિ વિધિ ચાલુ થઈ. ત્યારે સમાજમાં હોદ્દેદારોની એક મિટીંગ મળેલ. આ સુવર્ણજયંતિ મહોત્સવમાં આ સંપ્રદાયના મુદ્દા

આધારિત અડચણોને દૂર કરવા માટે ખૂબ ચર્ચાઓ થઈ. બહુમતીમાં એવી વાતો આવી કે કાંતો આ પ્રોગ્રામને બાર મહિના મુલત્વી રાખો. અથવા ચોથો દિવસ અધિવેશનને રદ કરો. ત્યારે આ મિટીંગમાં માજી પ્રમુખ ખીમજી લખમશી પ્રખર સનાતની અને સ્પષ્ટ વક્તા હાજર હતા. એમણે એવી વાત કરી કે હું આથી અગાઉ મેં સમાજના ચારે અધિવેશનોમાં હું જોતો આવ્યો છું કે જ્ઞાતિના રીત રીવાજો અને બંધારણ કરતી વખતે નાની મોટી અડચણો સતપંથ સમાજના માણસોનો વાંધો આવે જ છે. અને વિવેક બુધ્ધીપૂર્વક શાંતીથી આથી પહેલાં વડિલોએ પાર પાડેલ છે. અને આ ૫૦ વર્ષનો સુવર્ણજયંતિ મહોત્સવ જેવો મોટો પ્રોગ્રામ છે માટે સારી રીતે ઉજવાય તો સ્વર્ગવાસી વડિલોના આત્માને આનંદ થશે. મારા અનુભવ પ્રમાણે વાંધા ના થાય તેવા માર્ગો કાઢો આપણે બંધારણ સુધારવું છે. તો કોઈ વાંધો નહીં પણ આ પ્રોગ્રામ કર્યા પછી ચાર-પાંચ મહીનામાં બંધારણ સુધારી પાસ કરવાનું રાખો. આવું કરવામાં આવશે તો મને નથી લાગતું કે કોઈ મોટો વાંધો આવે. પછી સૌ હોદ્દેદારોમાં આ વાત નક્કી કરવામાં આવી. ત્યારબાદ બપોર પછી આ પ્રસંગના ચેરમેન પોતાના મળતિયાઓની કોર કમિટિ બોલાવી અને આ બંધારણ પાસ કરાવવું જ છે તેવું નક્કી કરેલ. તા. ૭-૦૫-૨૦૧૦ના રોજ બંધારણની તારીખ નક્કી હતી તે જ નક્કી રાખી ત્યારબાદ સતપંથવાળા મનાઈ હુકમ લઈ આવેલ. મનાઈ હુકમ હોવા છતાં હોદ્દેદારો ઉપર જબરજસ્તી કરી બહુમતીથી નવું બંધારણ પાસ કરાવ્યું. આ પ્રોગ્રામમાં સરકારી મામલતદાર અને પોલીસની હાજરીમાં અને આવા સંજોગોમાં આટલી બધી હલકટાઈ કે બે જવાબદાર લોકો તરફથી સમાજના દરેક હોદ્દેદારો ઉપર અમુક લોકોની ચારે તરફથી એવી જો હુકમી ચલાવી કે દરેક મિટીંગમાં ઊભા થઈ સ્પિકર લઈ અને વડિલો પ્રત્યે દાદાગીરી અને પોતાની જબાન પર કોઈ કાબુ નહીં રાખતા અસભ્યતાનું વર્તન કરવામાં આવ્યું. મેગેઝીનોમાં એમને યોગ્ય લાગે તેવું લખાવતા, મિટીંગ સભાઓ આ લોકોની મનમાની કરીને એક તરફી ચલાવવામાં આવતી. પરિસ્થિતિ એ આવીને ઉભી રહી કે પચાસ વર્ષમાં આ સમાજ ઉપર કયારે કોઈ કેસ થયો ન હતો. તે સત્ય હકીકત છે. ત્યારબાદ આવા એક તરફી વાતાવરણ વચ્ચે પ્રમુખશ્રીની ઘણી બધી નબળાઈઓ છતી થઈ અને ચેરમેનશ્રીની બે જવાબદાર તત્વો સાથે મિલી ભગતના કારણે બંધારણના નિયમોને નેવે મુકી મનસ્વી રીતે કામ કરવાની પધ્ધતિ કરતાં રહ્યા એટલે આ સમાજ ઉપર કેસ ઉપર કેસ થવા લાગ્યા. પાટીદાર સામજનો વિકાસ અને સંગઠનના બદલે કેસોની તારીખોમાં અને પોતાના બચાવ માટે પુરાવાઓ ભેગા કરવામાં સમય અને પૈસાનું પાણી કરતાં રહ્યાં છે. જે નિયમો બનાવે તે જ નિયમો તોડી કેસ કરવા બેઠા, ત્યારે રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવું દેખાય છે.

<u>હોદ્દેદારોના પ્રયત્નો સમજાવવામાં નાકામિયાબ</u>

આ પ્રસંગને વગર વિધ્ને પાર પડે તે માટે સુવર્ણજયંતિ મહોત્સવ પહેલાં અથવા પછી આ સંપ્રદાયી વિવાદનું સમાધાન કરવા માટે ૬ થી ૭ વખત સમીતીઓની સમાજ તરફથી રચના કરવામાં આવી અને તેમાં ઓછામાં ઓછી ૧૫ થી ૨૦ વખત મિટીંગો કરવામાં આવી અને વડિલો તરફથી ખૂબ જ સમજાવવાની કોશીષ કરવામાં આવી પરંતુ અમુક લોકો પોતાના ઘમંડને કારણે સમાધાન થાય તે રીતે સમજવાની કોઈ કોશિષ કરી જ નહીં. આવા સંજોગોમાં સમાજમાં કોઈ હિતેચ્છુ બુદ્ધિજીવી કોઈ વ્યક્તિ અથવા સમૂહમાં લોકો ઘમંડી લોકોને રોકવામાં બહાર આવ્યા જ નહીં. વિકાસ અને સંગઠનની ભાવના અથવા આ સમાજના પચાસ વર્ષને આનંદથી ઉજવવાની કોઈ વાત જ નહીં. એક તરફી સંપ્રદાયની વાત લઈ સમાજના શૈક્ષણિક ટ્રસ્ટને જ્ઞાતિ ટ્રસ્ટમાં ફેરવી નાંખવા જેવું વાતાવરણ ઉભું કરેલ અને આ સમાજના ટ્રસ્ટમાં સંગઠન અને વિકાસમાં એટલું નુકસાન કરવામાં આવ્યું કે જે કોઈ દિવસે ભરપાઈ કરી શકાય તેમ નથી.

<u>સાંપ્રદાયીક વાદથી આર્થીક મોટું નુકશાન</u>

સુવર્ણજયંતિ મહોત્સવમાં જો સંપ અને શાંતિના માહોલમાં ઉજવવામાં આવ્યો હોય તો ઓછામાં ઓછા ૧૦ થી ૧૨ કરોડ રૂપિયાનું ભંડોળ ભેગું કરી શક્યા હોત. સંપ્રદાયના વાદથી દુઃખની વાત છે કે આખા ભારતમાંથી આ પ્રોગ્રામની અંદર બે થી

અઢી કરોડ રૂપિયાનું ભંડોળ માંડ ઊભું કરી શક્યા છીએ. પણ ઉદાર નીતિ રાખી હોત તો પ્રજામાંથી એક એક જણ પચાસ લાખ પચાસ લાખ દેવા તૈયાર હતા. પણ દુઃખની વાત તો એ છે કે આપણાં ચેરમેન લેવાની ના પાડતા હતા. અને હજાર રૂપિયાની સહયોગ નીધિનું વેચાણ ફક્ત૩૫ ટકા થયું સભાઓમાં વિવાદોને કારણે દાન આપનાર દાતાઓ નીરાશ થયાં હોય એવું લાગતું હતું.

સંપ્રદાયનોવાદ ના કરવામાં આવ્યો હોત તો અમદાવાદ ઝોન વાળી જ જમીન દામુભાઈએ હોસ્ટેલ માટે લીધી હતી તે કેન્દ્રીય સમાજના નામે હતી પણ તેમાં એક પણ રૂપિયાનું રોકાણ સમાજે કર્યું ન હતું. પણ આ જમીન વિવાદમાં કેન્સલ કરી પાછી દીધી ન હોત. તો આજે અંદાજે ૧૫ થી ૨૦ કરોડ રૂપિયાની હોસ્ટેલ અમદાવાદ ઝોન તરફથી તૈયાર થઈ ગઈ હોત. અને તે જમીન અથવા હોસ્ટેલ કેન્દ્રીય સમાજના નામે હોત. આ એક માત્રને માત્ર વ્યક્તિગત અહમને કારણે સંપ્રદાયને વચ્ચે લઈ વાંધા-વચકા ઉભા કરાવ્યા હતા. જે આ મિલકત પાછી આપી ગુમાવવાનો વારો આવ્યો. સમાજહિતના માણસને ઉપરથી બદનામ કરવામાં આવ્યાં.

ત્યારબાદ સંપ્રદાયના વિવાદમાં માંડવીના અમુક જવાબદાર માણસોને કિન્નાકોરી કરી દૂધ દહીંવાળા અને મવાળવાદી ઈ-મેઈલથી બદનામ કરી ઉતારી પાડવામાં આવ્યાં. જેથી પરિણામ એ આવ્યું કે માંડવી હોસ્ટેલની ૩૦ કરોડની પ્રોપર્ટી કહેવાતી કેન્દ્રીય ટ્રસ્ટની જે બે વ્યક્તિના નામ પર હતી. તે બીજા ટ્રસ્ટમાં ફેરવાઈ ગઈ. આ બધું વ્યક્તિગત અહમ્ અને કિન્નાખોરીને કારણે અમુક વ્યક્તિના કહેવાથી કેન્દ્રીય સમાજના હોદ્દેદારોએ પોતાની જોહુકમી કરી કંઠી વિભાગમાં સારામાં સારા ચાલતા સમૂહ લગ્નની સમિતિને વિસર્જન કરાવી નિર્માણ સમિતિને વિસર્જન કરાવી અને રહી જતું હતુ અધુરામાં પુરું ઝોનને પણ વિસર્જન કરી નવી નિમણુંક કરી અને ઝોનની આ સતા પર કેન્દ્રએ તરાપ મારી અને આજે આવું કરવાથી કેસ કબાલા પૈસા અને સમયનો બગાડ કરી પ્રોપર્ટીનું ખૂબ જ નુકશાન કરેલ. અને સંગઠનનું જબરજસ્ત નુકશાન કરેલ છે. તે ભરપાઈ કોઈ રીતે થઈ શકે તેમ નથી. આવું થવા છતાં કેન્દ્રના હોદ્દેદારોને કેમ ખબર પડતી નથી. અત્યારે આ સમાજને જબરજસ્ત મિલકતો અને સંગઠનમાં નુકશાન થઈ રહ્યું છે.

જે શૈક્ષણિક હેતું માટે સમાજ રચના થઈ છે તેને ૫૦ વર્ષ પછી સંપ્રદાયનું ગ્રહણ નડ્યું છે.

કેન્દ્રીય સમાજમાં સુવર્ણજયંતિ વખતથી જ વિદ્યાર્થી ભવનમાં કારોબારી, સામાન્ય સભા કે પછી અન્ય મિટીંગોમાં જે ઝગડા કરવામાં આવ્યા હતા. ત્યારથી આજ રોજે નખત્રાણા હોસ્ટેલમાં રહીને એક છોકરો સમ ખાવા પુરતો ભણતો નથી આ આપણી સમાજની કમનસીબી છે.

અધુરામાં પુરૂં માંડવી હોસ્ટેલ બરાબર ચાલતી હતી શિક્ષણ પણ સારૂ હતું અને ૧૫૦ જેવા છોકરા ભણતા હતા પણ હાલના હોદ્દેદારો એ હોસ્ટેલના બળજબરીથી કબજો લઈ વિવાદ થવાથી હાલે હોસ્ટેલનાં ઝગડા જોઈ ૫૦% થઈ ગયા છે. આ સમાજનો વિકાસ છે શું સમજવું. આ ટ્રસ્ટ શૈક્ષણીકનું બનાવેલ છે કે સનાતન સમાજનું છે કોઈ ખબર હાલના હોદ્દેદારોને પડતી નથી કે પછી ઈરાદા પૂર્વક કરવામાં આવે છે કાંઈ સમજાતું નથી.

ભાગવતમાં જેનું વિસ્તૃત વર્ણન છે કે,
કળયુગમાં જેની પાસે ધન હશે તે સદાચારી કહેવાશે,
સારૂ અને નરસું શું છે તે શારિરીક, બળવાન/પરાક્રમી લોકો નક્કી કરશે.
શાસકો લોભી અને નિર્દયી હશે, ગપ્પા મારનાર વ્યક્તિ વિદ્વાન કહેવાશે.
અપ શબ્દ બોલનાર વ્યક્તિ ચારિત્રવાન કહેવાશે.

સમાજના પત્રો કે નિયમોને ખોટી રીતે રજૂ કરી સંગઠનમાં અડચણો ઊભી કરવી અને તોડવા

હાલના તબક્કે આગેવાનોમાં હુંસાં તુંસી અને એક બીજાને બદનામ કરવામાં હવે પરાકાષ્ટાએ વાતાવરણ પહોંચેલ છે. આગેવાનોના અહંમોના ભોગ નિર્દોષ પ્રજા બને છે. જેનો કોઈ માપ નથી. આ ઝગડાઓને કારણે દરેક સંસ્થાઓમાં દાતાઓએ દાન દેવામાં હાથ ઉંચા કરી લીધા હોય તેવું લાગે છે. જેમાં ઉમા એજયુકેશન ટ્રસ્ટ હોય, સંસ્કારધામ હોય, કેન્દ્રીય સમાજ હોય, કે આણંદ હોસ્ટેલ હોય, ઉપરાંત તમામ સંસ્થાઓમાં વિકાસ નામનું પૂર્ણવિરામ હોય તેવું લાગે છે. ગામે ગામની દરેક સમાજોમાં આ પરિવારોમાં પ્રોપર્ટીના અસંતોષ, સગપણ, સાંતરામાં અડચણો, લગ્નમાં રૂકાવટ, ધંધા તોડવા, મામેરા રોકાવવા, જેવી પ્રવૃત્તી કરવામાં આવે છે. જયારે જયારે ભેગા મળે ત્યારે એકબીજાને અભાવની દષ્ટિથી બોલાવવામાં આવે છે. અને કોઈપણ પ્રસંગો આનંદથી ઉજવાયો હોય તેવા પ્રસંગો શોધવા પડે, આવો ત્રાસ અને અતિરેક ક્યારેય પ્રજાપર જોયો નથી. સમાજ જે સરક્યુલર બહાર પાડે અને તેની અમલવારી અમુક લોકો બીજી રીતે કરે અને પ્રજાને ત્રાસ આપીને કરાવડાવે આવું કામ આ સમાજમાં ક્યારેય જોયું નથી. અને માણસ આવું કરે પણ નહીં. અને ધર્મ આવું શીખવાડે પણ નહીં. અને કોઈ વ્યક્તિને પરેશાન કરવાનું કહે પણ નહીં. જે આપણે સંગઠન મારફતે કરાવીએ છીએ. આવા ત્રાસ તો આતંકવાદી પણ ના આપે, આ તો સંસ્કારો અને વેદના ભાષણ કરવાવાળા આપે છે.

સમાજના હિતમાં

ઉપરોક્ત લખાણ સમાજ સંગઠનના હિતમાં કરેલ છે, જો કોઈ સમજુ માણસને ધ્યાને આવે કે આ શું થઈ રહ્યું છે? શા માટે આવું થાય છે? એને પાછળ હેતુ શું? એકને એક વાત વારંવાર અલગ અલગ એંગલથી ઉછાળી સમાજ આગળ ધરવી અને સંગઠન અને વિકાસને ખૂબ મોટી અડચણ ઊભી કરવી આ બધું શા માટે? બીન જવાબદાર વ્યક્તિઓ અને સત્તા લાલચુઓનું આ કામ છે. માટે પ્રજા જાગૃત થાય અને ભય મુક્ત બને તો જ બીન જવાબદાર લોક સામે બહાર આવી સમાજને તૂટતા બચાવીએ. માટે જાગો, નહીં જાગો તો પછી ઘણું મોડું થઈ જશે. એવી અમારી ભાવના છે. માટે સમાજ હિતમાં આ સત્ય હકીકત છે તે લખાણ દ્વારા બહાર પાડવાની ફરજ પડી છે, આ લખાણમાં કોઈ કાંઈ વ્યક્તિ પ્રત્યે વધારે લખાણું હોય તો સમાજના હીતમાં મન દુઃખ રાખશો નહીં. તેમ છતાં મને વ્યક્તિગત ક્ષમા કરશો પણ વારે ઘડીએ સમજુ પ્રજા ને જાગૃત કરવાનો પ્રયત્ન કરેલ છે. આ લખાણ કડવું લાગશે પણ સત્ય છે. તે હકીકત છે.

સમાજના કયા અને કેટલા નિયમો પાળવા લોકો મુઝવણમાં છે

(૧) સૌ પ્રથમ જ્ઞાતિના નિયમો ૧ થી ૧૯ જે બંધારણમાં સુધારીને બનાવેલ છે. જે ચાલુમાં છે.

(૨) તા. ૨૫-૦૩-૨૦૧૦ના રોજ સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ કારોબારી સભામાં શ્વેતપત્ર.

(૩) ૩૦-૦૧-૨૦૧૧ના હિંમતનગર મુકામે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ નાકરાણીના અધ્યક્ષ સ્થાને મળેલી ઝોનની સભાના ૧૦ ઠરાવો જે દરેક સમાજના સભ્યોએ પાળવા ફરજીયાત છે તેવું કચ્છમિત્રમાં આપેલ જાહેરાત મુજબ

(૪) ૨૧-૦૭-૨૦૧૩ના અમદાવાદ મુકામે કેન્દ્રીય સમાજમાં પ્રમુખ ગંગારામભાઈ સાંખલાની અધ્યક્ષ સ્થાને મળેલ કારોબારીની મિટીંગમાં કરવામાં આવેલ ૧ થી ૧૧ ઠરાવો પાળવા જરૂરી છે.

નોંધ :- ઉપરોક્ત ૪ વખત બહાર પાડવામાં આવેલ ઠરાવો પૈકી કયા ઠરાવો પાળવા કયા ઠરાવો ના પાળવામાં સમાજના સભ્યો મુઝવણમાં છે અને જે નથી પાળતા એના માટે સમાજ તરફથી કોઈ કાર્યવાહી ન કરી શકાતી હોય તો તેનો શો અર્થ?

આટઆટલા અવાર નવાર બંધારણમાં હોવા છતાં ઠરાવો બહાર પાડવા પડે તે તો સમાજના આગેવાનોની અક્કલનું પ્રદર્શન ના કહેવાય તો શું?

ઠરાવો એવા હોવા જોઈ જે સર્વે જ્ઞાતિજનો પાળી શકે. અને જેની અમલવારી થઈ શકે.

સ્વેતપત્ર : ૨૫-૩-૨૦૧૦

કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને સમાધાન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રીયા દરમ્યાન ખુબજ ઉંડાણ પુર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહીત્યોમાંથી ઉભરેલા સત્યો, પુવર્જોની ચીંધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદ્દેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લા કેટલા સમયથી ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના તારણો કરતાં આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા. ૨૭-૨-૨૦૧૦ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નીચે મુજબનો શ્વેત પત્ર જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો.તેથી નિઃશંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મુળભુત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચારધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શક્યા છે પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શક્યા નથી તે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણો, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવારનવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ મુજબ બાહ્ય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન કરાવવા જણાવવામાં આવેલ છે. તેમ છતા કેટલીક વ્યક્તિઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી.તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ આપણો સમગ્ર સમાજ હેરાન થાય તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે જેથી સમાજનું બંધારણ, ધારાધોરણ તેમજ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ અને ૧૯નું ચુસ્તપણે પાલન કરાવવું આ તબક્કે ખુબજ જરૂરી બને છે. સમાજમાં એક જ આચાંર અને વિચાર કાયમ રહે, એક જ રિતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્ત પણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોક્ત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યક્તિ તેમજ વ્યક્તિ સમુહનું સભ્યપદ રદ કરવાનું રહે છે અને "સ્વર્ણિમ મહોત્સવ" તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારત ભરના તમામ ઝોન અને ઝોનમાં આવતા સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવવા માટે આ શ્વેત પત્રમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઈ સભ્ય જન્મથી મરણોતર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારાધોરણો તથા જ્ઞાતિના રિતરિવાજોનું પાલન કરનારને નિયમ અરજી પત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે તેનું સ્વરૂપ સ્પષ્ટ કરતું શ્વેતપત્ર તા. ૨૫-૩-૨૦૧૦ના રોજ બહાર પાડયું છે. કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિય અરજી પત્રક ભરીને સમાજને સોપવાનું રહેશે.

પ્રમુખશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા (કચ્છ)

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ઉત્તર સાબરકાંઠા જોન (ગુજરાત)
શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પટીદાર સમાજ દક્ષિણ સાબરકાંઠા જોન (ગુજરાત)
શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ સાબર રિજિયન (ગુજરાત)

કેન્દ્રીય સમાજના આ આદેશોને અનુસરીને અને આજની આ 'સમજે પાટીદાર' સભામાં થયેલ ચર્ચા-વિચારણાના અંતે આજની સભા નિષ્કર્ષ પર આવી નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરે છે.

મંજૂર થયેલા ઠરાવો :

ઠરાવ : ૧. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉત્તર અને દક્ષિણ સાબરકાંઠા ઝોન, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ, સાબર રિજિયનના સભ્યો સનાતન વૈદિક હિન્દુ ધર્મને માનતા અને પાળતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વંશજો જ રહી શકશે યા બની શકશે.

ઠરાવ : ૨. આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોના બાહ્ય આચરણો જન્મથી મરણોત્તર સુધી શુદ્ધ વૈદિક સનાતન હિન્દુ તરીકેના હોવા જોઈએ અને પાળવાના રહેશે. તેમ ન કરનાર વ્યક્તિ આ સમાજ ઝોનના સભ્ય રહી શકશે નહીં.

ઠરાવ : ૩. આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોએ પીરાણા સતપંથ ધર્મમાં કરવામાં આવતી મરણોત્તર દફન ક્રિયાઓમાં ભાગ લેવો નહીં તેમજ તેને લગતી કોઈપણ ધાર્મિક ક્રિયા કર્મમાં ભાગ લેવો નહીં તેમજ તેમના જમણમાં હાજરી આપવી નહીં અને આવા કાર્યોનો સદંતર બહિષ્કાર કરવો.

ઠરાવ : ૪. આ સમાજ ઝોનોની કોઈપણ વ્યક્તિએ પીરાણા સતપંથ ધર્મની સમાજોના ધાર્મિક ઉત્સવો તેમજ ધાર્મિક સભાઓમાં ભાગ લેવો નહીં તથા તે અંગેના જમણવારના આમંત્રણનો સ્વીકાર કરવો નહીં, આપણી સમાજના ધાર્મિક હિન્દુ ઉત્સવો જેવા કે રામનવમી, જન્માષ્ટમી, નવરાત્રિ, ધાર્મિક સતસંગ, ધાર્મિક પ્રતિષ્ઠા મહોત્સવ કે તેને લગતા સમૂહ ભોજનના કાર્યક્રમોમાં પીરાણા સતપંથને માનતી કે અનુસરતી વ્યક્તિ યા પરિવાર તેમજ વ્યક્તિસમૂહને કોઈપણ પ્રકારનું આમંત્રણ આપવું નહીં.

ઠરાવ : ૫. (ક) આ સમાજ ઝોનોના કોઈપણ સભ્યે તેમજ તેમના પરિવારે આજ દિવસ પછી દીકરા-દીકરીઓના સગપણ બાબત દીકરી આપવાનું તથા દીકરી લેવાનું સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળનારા પરિવારો સાથે કરવાનું રહેશે. પીરાણા સતપંથ ધર્મને માનનારા કોઈપણ ગામના કોઈપણ પરિવારો સાથે નવા સગપણ કે સંબંધો કરવા નહીં.

(ખ) આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જૂના સંબંધોમાં આવતા સામાજિક વ્યવહારો જેવા કે લગ્ન, મામેરું તથા ખોળામણું વગેરે પ્રસંગોમાં જઈ આવી શકાશે, પરંતુ તેવા પ્રસંગોના જમણવારમાં ભાગ લેવો નહીં.

ઠરાવ : ૬. આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારોમાં જૂના સંબંધોમાં (ફઈ, બહેન, દીકરી, સાસરિયું) મરણ વખતે દફન વિધિ તેમજ તેને લગતી કોઈપણ પ્રકારની અંતિમ ક્રિયાઓમાં ભાગ લઈ શકાશે નહીં, પણ સામાજિક નીતિ-નિયમો પ્રમાણે થતો વ્યવહાર કરી અથવા ચૂકવીને પાછું આવવાનું રહેશે તેમજ હિન્દુ ધર્મને ન છાજતી ઉત્તરક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહીં.

ઠરાવ : ૭. આ સમાજ ઝોનો દ્વારા યોજાતા સમૂહલગ્નમાં સનાતન વૈદિક હિન્દુ ધર્મને અનુસરનાર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પરિવારોના સંતાનોનો જ સમાવેશ કરવામાં આવશે.

ઠરાવ : ૮. આ સમાજ ઝોનોનો કોઈપણ વ્યક્તિ અથવા સભ્ય તેમજ તેમનો પરિવાર સતપંથ ધર્મને ત્યજી સનાતન વૈદિક હિન્દુ ધર્મમાં પાછો આવવા ચાહે તો તેમને આવકારવામાં આવશે. પણ તેઓએ સનાતન ધર્મને અનુસરનાર સમાજ પાસેથી બાંહેધરી પત્ર લખાવી લાવવાનો રહેશે.

ઠરાવ : ૯. આ સમાજ ઝોનોમાં કોઈપણ પીરાણા સતપંથ ધર્મને માનનાર વ્યક્તિ આ સમાજ ઝોનોનો સભ્ય હશે યા કારોબારી સભ્ય હશે, હોદ્દેદાર હશે તો તેનું સભ્યપદ રદ થઈ જતાં કારોબારી સભ્ય તેમજ હોદ્દો આપોઆપ રદ થઈ ગયો ગણાશે. સભ્ય તરીકે રદ થઈ ગયેલ કોઈપણ સભ્યએ સમાજમાં ભરેલ કોઈપણ રકમ કે લવાજમ પાછું આપવામાં આવશે નહીં અને તેવા સભ્યનો કોઈપણ પ્રકારનો સમાજ પર હક્ક-દાવો રહેશે નહીં.

ઠરાવ : ૧૦. આ સમાજ ઝોન એક સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળતા લોકોની છે તેના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજી છે. સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય એક જ ધર્મ (સનાતન વૈદિક હિન્દુ ધર્મ)ને પાળતો હોય, એક જ રીત-રિવાજને અનુસરતો હોય તેમજ એક જ આચાર-વિચારને વરેલો હોય. આ સમાજ ઝોનમાં એકતા જળવાય એ હેતુને ધ્યાનમાં લેતા સમાજ ઝોનના દરેક સભ્યો તેમજ તેમના પરિવારોને ચુસ્તપણે મૂળ સનાતન વૈદિક હિન્દુ ધર્મ પાળવા આ સમાજ ઝોન આદેશ કરે છે.

ઉપરોક્ત ઠરાવોનું પાલન આ સમાજ ઝોનના દરેક સભ્યોએ તેમજ તેમના પરિવારે કરવું ફરજિયાત રહેશે. તેમાં કોઈપણ પ્રકારની ઢીલાશ, ચૂક તેમજ બાંધછોડ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં, ઉપરોક્ત નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અને કરાવવું એ આ સમાજ ઝોનના દરેક સભ્ય તેમજ તેમના પરિવારની નૈતિક ફરજ બને છે.

આ સમાજ ઝોનનો કોઈપણ સભ્ય તેમજ તેમનો પરિવાર જો ઉપરોક્ત ઠરાવોનું ઉલ્લંઘન કરશે તો તે સમાજ ઝોનનો ગુનેગાર ગણાશે અને તેવા સભ્યનું સભ્યપદ રદ કરવામાં આવશે તેમજ તેવા સભ્યને ભવિષ્યમાં આ સમાજ ઝોનનું સભ્ય પદ આપવામાં આવશે નહીં તેમજ તેના પરિવારને આ સમાજ ઝોન દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમો તેમજ પ્રસંગોમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. આ બાબતે બીજી કોઈપણ અન્ય ચર્ચાઓ હાથ ધરવામાં આવશે નહીં.

આજ તારીખ ૩૦-૦૧-૨૦૧૧ના રોજ મળેલ સમાજ ઝોનો તથા યુવા સંઘની મળેલ સભામાં ઉપરોક્ત ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે તે તારીખ ૩૦-૧-૨૦૧૧થી લાગુ પાડવામાં આવે છે.

આ ઠરાવોની નકલો બંને સમાજ ઝોનોના ગામ-ગામ અને ભારતભરની સમાજોમાં મોકલવાનું પણ નક્કી કરવામાં આવે છે.

શ્રી સત્ય સનાતન ધર્મની જય, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જય, શ્રી ઉમિયા માતાજીની જય

શ્રી નરસિંહભાઈ ધનજીભાઈ રામાણી	શ્રી પૂનમભાઈ ખીમજીભાઈ ધોળુ	શ્રી સૌરભ અમૃતભાઈ રામાણી	સભા પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પ્રમુખ, શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ, ઉત્તર સાબરકાંઠા ઝોન (ગુજરાત)	પ્રમુખ, શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ, દક્ષિણ સાબરકાંઠા ઝોન (ગુજરાત)	પ્રમુખ શ્રી અ. ભા. ક. ક. પા. યુવા સંઘ, સાબર રિજિયન (ગુજરાત)	પ્રમુખ, શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ, અમદાવાદ

૩૦-૧૧-૨૦૧૧. સાંબરકાંઠાના બન્ને ઝોન હિંમતનગર મધ્યે સભામાં થયેલ ૧૦ ઠરાવો જેમાં પ્રમુખશ્રીની સહી છે.

ઝોનોમાં આવતી ઘટક સમાજોએ પાળવાના નીતિ નિયમો

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે મળેલ પંચમ જ્ઞાતિ અધિવેશનમાં જ્ઞાતિની સનાતની સ્પષ્ટ નીતિની જાહેરાત થયા બાદ ઝોન તથા ઘટક સમાજોએ બનાવેલ ધારાધોરણ અને રીતરિવાજો ભિન્ન ભિન્ન હોવાથી ઉભી થતી મુશ્કેલીઓને ધ્યાને લઈ સમાજોમાં એકવાયતા રહે તે માટે તા. ૨૧-૭-૧૩ના અમદાવાદ મુકામે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાના અધ્યક્ષસ્થાને કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, ઝોન પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ઝોન પ્રતિનિધિશ્રીઓ તથા યુવાસંઘના હોદ્દેદારોની સાથે એક સંયુક્ત મીટીંગ મળેલ. આ મીટીંગમાં દરેક ઝોનના બનાવેલ ધારાધોરણ ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ જુના સંબંધો જાળવી રાખવા અને નવા સંબંધો ફક્ત સનાતની સમાજમાંજ કરવા બાબતે સર્વેની સહમતી થયા બાદ નીચે લખ્યા મુજબના ઠરાવ પાસ કરવામાં આવ્યા. આ ઠરાવોની બે વર્ષ બાદ ફરીથી સમીક્ષા કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું.

ઠરાવ નં.૧ : આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મૂળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિ:શક પણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની વિચાર ધરાવતી સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

ઠરાવ નં.૨ : શ્રી સમાજની સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજ મૂળભૂત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે. શ્રી સમાજનો હિન્દુ પરંપરાએ જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતનં હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

ઠરાવ નં.૩ : અત્યાર સુધી કેન્દ્રીય સમાજ દ્વારા જ્ઞાતિના પાંચ અધિવેશનો બોલાવવામાં આવ્યા છે. તેમાં જ્ઞાતિના રીતરિવાજોને લગતા ૧૭ ઠરાવો અને બાહ્ય આચરણ અંગેનો ઠરાવ ૧૮મો અને સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નોના નિવારણ માટે ઠરાવ ૧૯મો એમ કુલ ૧૯ ઠરાવો પસાર કરેલા છે તે બધા ઠરાવો પાળવા અત્યંત જરૂરી છે. તેમાં ઠરાવ ૧૮ અને ૧૯ વધારે અગત્યના લાગતા તેનું દરેક જ્ઞાતિજનોએ ચુસ્તપણે પાલન કરવું અને કરાવવું ખૂબ જ જરૂરી બને છે. સમાજમાં એક જ આચાર અને વિચાર કાયમ રહે એક જ રીતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે.

ઉપરોક્ત નિયમોનો ભંગ અથવા બહિષ્કાર કરનાર વ્યક્તિનું સભ્યપદ દરેક સમાજોએ પોતાના બંધારણને આધીન રહીને રદ કરવાનું રહેશે અને સામાજિક અથવા ધાર્મિક કે વ્યવહારિક પ્રસંગે તેમને આમંત્રિત કરવાના રહેશે નહી. આ અંગેની જવાબદારી ભારતભરના તમામ ઝોન અને તેની ઘટક સમાજોને સોંપવામાં આવે છે.

ઠરાવ નં.૪ : જ્ઞાતિના અધિવેશનમાં બહુમતે કે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ જ્ઞાતિના નીતિનિયમોનો વિરોધ કરવાવાળાને જ્ઞાતિજન તરીકે ક્યારે પણ સ્વીકારવામાં આવશે નહીં. અત્યાર સુધીના પાંચ અધિવેશનમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મમાં ન માનવાવાળા લોકો જ્ઞાતિના નીતિનિમયોને નહી પાળવાની જાહેરાત સાથે દંગાફસાદ કરતા આવ્યા છે તેવા લોકોને હવે આપણી કેન્દ્રીય સમાજમાં સમાવેશ કરવો કે નહીં તેનો નિર્ણય કેન્દ્રીય સમાજને કરવો પડશે.

ઠરાવ નં.૫ : સમાજના શૈક્ષણિક સંકુલો તથા હોસ્ટેલોમાં ક્યારે પણ સંપ્રદાય આધારીત ભેદભાવ રાખવામાં આવતો નથી. પરંતુ સંકુલોમાં કોઈ પણ વિદ્યાર્થીને એડમીશન આપવાનો અધિકાર કેન્દ્રીય સમાજનો રહેશે અને તે મુજબ સમાજના દરેક સંકુલોની સંચાલન સમિતિને કાર્ય કરવાનું રહેશે.

ઠરાવ નં.૬ : સભ્ય પદ : જ્ઞાતિ રચિત ઝોન તથા ઝોનોમાં આવતી સમાજોમાં સભ્ય બનવું હોય તેમણે કેન્દ્રીય સમાજ અથવા ઝોન દ્વારા બહાર પાડવામાં આવેલ સભ્ય બનવાનું ફોર્મ ભરવાનું રહેશે. કેન્દ્રીય સમાજના સભ્ય બનાવ માટે જે તે કચ્છના ગામના સનાતની પ્રમુખ - મંત્રીશ્રીના ભલામણ પત્રકની જરૂરત છે તેજ રીતે ઝોનમાં આવતી ઘટક સમાજના સભ્ય બનવા જે તે કચ્છના ગામની સનાતની સમાજના પ્રમુખ-મંત્રીશ્રીના ભલામણ પત્રકની જરૂરત રહેશે.

ઠરાવ નં.૭ : જ્ઞાતિ રચિત ઝોન તથા ઘટક સમાજના દરેક સભ્યોનું બાહ્ય આચરણ હિન્દુ સનાતન વૈદિક ધર્મને અનુરૂપ હોવું જોઈએ. કેન્દ્રીય સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ જ્ઞાતિના રીતરિવાજોનું દરેક જ્ઞાતિજનોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ નં.૮ : જ્ઞાતિ રચિત ઝોનો તથા ઝોનમાં આવતી સમાજના દરેક સભ્યોએ પોતાના દિકરા દિકરીના સગપણ કડવા પાટીદાર જ્ઞાતિમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મને પાળતા હોય તથા ભારતભરમાં ઝોનમાં આવતી ઘટક સમાજોના સભ્યો હોય તેવા કુટુંબ પરિવાર સાથે સગપણ

તા. ૨૧-૭-૧૩ના અમદાવાદ ખાતે ૧૧ ઠરાવો.

રવા. અન્યથા સગપણ કરવા નહી. જેથી સમાજમાં એકવાયતા જળવાય અને સમાજોમાં મતભેદ ઉભા ન થાય.

ઠરાવ નં.૯ : આપણી જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સનાતનની સ્પષ્ટ નીતિ જાહેર કર્યા પહેલા દિકરા દિકરીના સગપણ હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા ન હોય તેવા પરિવારમાં થયેલ હોય તો તેવા સંબંધો વિવેક બુદ્ધિથી જાળવી રાખવાના રહેશે. દિકરા કે દિકરીને ત્યાં લગ્ન વૈવાહિક પ્રસંગ હોય તો મામેરા વિગેરે પ્રસંગે સિમિત સંખ્યામાં જવું. વધારેમાં વધારે દિકરીના દાદા કુટુંબના લોકોને જવાનું રહેશે. દિકરીને ત્યાં મરણ પ્રસંગ હોય ત્યારે મરણ બાદની વિધિ સનાતન હિન્દુ વૈદિક ધર્મ મુજબ થયેલ હોય તો જ જવાનું રહેશે અન્યથા જવાનું રહેશે નહીં.

ઠરાવ નં.૧૦ : જ્ઞાતિ રચિત ઝોન તથા ઝોનમાં આવતી સમાજો દ્વારા ધાર્મિક તથા સામાજિક પ્રસંગો જેવા કે નવરાત્રી, જન્માષ્ટમી, સમૂહ લગ્ન, સાતમ આઠમ વેગેરે કરવાના થાય તેવા પ્રસંગોમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા હોય તેવા સભ્યો જ ભાગ લઈ શકશે. અન્યથા કોઈ પણ સભ્ય ભાગ લઈ શકશે નહીં. જે સભ્યો હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા ન હોય તેવા સભ્યોને લગ્ન સહિતના કોઈ પણ પ્રસંગે સગાં ભાઈને પણ આમંત્રણ આપવું નહી તેમજ સ્વીકારવું પણ નહીં.

ઠરાવ નં.૧૧ : આપણી જ્ઞાતિના બધા ગોત્રી પરિવારો હિન્દુ વૈદિક સનાતની વિચારધારાને માનતા થાય તે માટે બધા ગોત્રી પરિવારોના પ્રમુખશ્રીઓ તથા જવાબદાર સભ્યો સાથે એક ચિંતન બેઠકનું આયોજન કરી તેમાં ચર્ચા વિચારણા કરીને આખરી નિર્ણય લેવામાં આવશે.

ઉપરોક્ત લખ્યા મુજબ ૧૧ ઠરાવોનું જ્ઞાતિના દરેક ઝોનો તથા ઝોનોમાં આવતી દરેક સમાજોએ એકસરખા પાળવાના રહેશે જેનો તથા ઘટક સમાજોમાં નીતિ નિયમો બાબતે એકવાતા જળવાઈ રહે.

હે યુવાનો સમાજ સંસ્કૃતિના સપના સાકાર કરતાં શીખજો.
જીંદગીને સમાજપર કુરબાન કરતાં શીખજો.
સ્થિર રાખી મનને માતાના દુધને દિપાવજો.
અડધા મનના પથ્થર બની સમાજની અમર કિર્તી રાખજો.

સમાજ કાર્ય કરતાં કદી કોઈથી ડરશો નહીં.
કરતો હોઈ કોઈ સમાજ કાર્ય કૃપા કરી નડસો નહીં.
આમ કર્યું તેમ કર્યું કહી કદી આપસમાં કદી જગડશો નહીં.
બસ રટો ઉમિયા માતને પાછા કદી પડશો નહીં.

તંત્રીલેખ

હવે બહુ થયું ! સાથે બેસી સમાધાન કરો

માંડવીની વિદ્યાર્થી હૉસ્ટેલ અને જમીન મુદ્દે સમાજમાં છેલ્લા એક વર્ષથી વકરેલો વિવાદ શમવાનું નામ લેતો નથી. પોલીસ ફરિયાદ, કાનૂની નોટિસો, અખબારી નિવેદન, ઇ-મેલ અને પત્રો દ્વારા એકબીજા પર આરોપ-પ્રત્યારોપો કરાતા સૌ પોતપોતાને સાચા ઠરાવવાનો પ્રયાસ કરે છે અને એકબીજા પર કાદવ ઉછાળે છે, પરિણામે સમાજનું વાતાવરણ દિવસે-દિવસે વધુ ને વધુ કલુષિત થતું જાય છે અને જ્ઞાતિની છબી પણ ખરડાય છે.

મુંબઇ સહિત સમગ્ર દેશમાં આ વિવાદના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને જે સામાજિક આગેવાનો વર્ષોથી એક જ મંચ પર બેસીને નિર્ણયો લેતા અને સંપ અને સહકારથી સમાજ વિકાસના કાર્યો કરતા એ આગેવાનો વચ્ચે આ વિવાદને કારણે ખાઈ વધવા લાગી છે અને પરસ્પર માટે વૈમનસ્ય ઊભા થઇ ગયા છે. સમાજમાં ઊભી થયેલી અપ્રત્યાશિત સ્થિતિ સમાજના હિતમાં નથી એટલે સામાન્ય જ્ઞાતિજનો સમાજના સર્જાયેલા આ વિવાદ-વંટોળથી નારાજ છે અને મોટાભાગના લોકો એવું ઇચ્છે છે કે, આ વિવાદનું વહેલીતકે નિરાકરણ આવી જવું જોઇએ.

પોલીસ કે કોર્ટ કાર્યવાહીથી વર્ષો સુધી આ વિવાદનો નિવેડો આવવાનો નથી. તેના કરતાં આગેવાનો સાથે બેસીને સમાધાન કરી આ પ્રશ્નને હલ કરે એમાં જ સમાજનું ભલું છે.

તા. ૧૭/૨/૨૦૧૩ની શ્રી ઉમિયા માતાજી ઇશ્વરરામજી ટ્રસ્ટ, વાંઢાયની કારોબારીની મિટિંગમાં પણ આ વિવાદ ને મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. આ મિટિંગમાં ટોચની સંસ્થાઓ, કેન્દ્રીય સમાજના પ્રમુખ, ઉમિયા માતાજી ટ્રસ્ટના પ્રમુખ, અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજના પ્રમુખ, કેન્દ્રીય યુવાસંઘના પ્રમુખ અને પાટીદાર સર્વોદયના અગ્રણીઓ ઉપસ્થિત હતા. સૌએ નિખાલસપણે આ બાબતે ચર્ચા કરી હતી. બધાનું કહેવું એ જ હતું કે, માંડવી ખાતેની મિલકતોને નખત્રાણાવાળા લઈ જવાના નથી અને માંડવીવાળા ખાઈ જવાના નથી એ જ્ઞાતિના બાળકો જ ઉપયોગ કરવાના છે, તો શા માટે વિખવાદ કરવા જોઇએ ?

આ મિટિંગમાં બંને પક્ષના આગેવાનો હાજર હતા અને એ સૌએ એ વાતનો તો સ્વીકાર કર્યો હતો કે, આ વિવાદ લાંબો ખેંચાય એમાં મજા નથી અને સાથે બેસીને સમાધાન કરવું એ જ આનો સારામાં સારો રસ્તો છે. કારોબારી સભ્યોનો પણ એવો જ સૂર હતો કે, આગેવાનો પોતાનો અહમ્ છોડી, ગઈગુજરી ભૂલી જઇને સમાજના હિતમાં સાથે બેસીને આ વિવાદનો નિવેડો લાવે.

આ અખબારના પ્રતિનિધિઓ, ભારતભરમાં વસતા જ્ઞાતિજનોના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવ્યા છે ને સૌની ભાવના એવી જ છે કે, સમાજમાં ચાલતા નાના-મોટા વિવાદો શમી જાય અને સમાજમાં સંપ અને સંગઠન રહે તો જ સમાજના વિકાસના કામો થઇ શકશે. સમાજની બધી જ મુખ્ય સંસ્થાઓ એકના એક આગેવાનો છે. તેઓ અંદરોઅંદર ઝઘડશે તો સામાન્ય લોકો સમાજથી વિમુખ થઇ જશે અને દાન મેળવવામાં પણ મુશ્કેલી પડશે અને આર્થિક સદ્ધરતા વિના વિકાસના કે લોકકલ્યાણના કામો શી રીતે થશે ? આપણે ઇચ્છીએ કે આગેવાનો સામાન્યજનની લાગણીને સમજે અને સામાજિક પરિપક્વતાનો પરિચય આપે.

સબ કો સન્મતિ દે ભગવાન.

-રતિલાલ મ. પટેલ

તંત્રીલેખ

સમાજને વહારે આવવાનો સમય આવ્યો છે ત્યારે...

સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવી ગયેલ કચ્છ કડવા પાટીદાર સમાજના વડીલોએ છેલ્લા ૫૦ વર્ષમાં ઉભી કરેલ સમાજની પ્રતિષ્ઠા માત્ર છેલ્લા ૩-૪ વરસમાં આપણા અણઘડ વહીવટના કારણે ધૂળમાં ખરડાયેલ છે. સમાજની વર્તમાન હાલત જોઈ કોઈ પણ જ્ઞાતિજનનું દિલ દ્રવી ઉઠે તેમ છે.

જ્ઞાતિની આન-બાન અને શાનના ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યા હોવા છતાં તેનો કોઈ પણ પ્રકારનો અપરાધભાવ હાલના ધુરાવાહકોને હોય તેવું જણાતું નથી. કોર્ટ-કચેરીના કેસો હવે કોઠે પડી ગયા છે. સમય અને નાણાંની આવી બરબાદી ૫૦ વર્ષમાં નથી થઈ તે છેલ્લા ૫૦ મહિનામાં થઈ છે.

અમદાવાદ હોસ્ટેલ પ્રકરણથી શરૂ થયેલ કેન્દ્રીય સમાજના વહીવટી છબરડાનો સીલસીલો માંડવી હોસ્ટેલ સુધી પહોંચ્યો છતાં હજુ અટકવાનું નામ નથી લેતો ! ભૂતકાળમાં આવું ક્યારેય બન્યું નથી અને હમણાં ઉપરાઉપરી આવા કિસ્સા બની રહ્યા છે તેનું કારણ શું? શું ઘરના જ કોઈ ઘાતકી બની રહ્યા છે?

વરસમાં બે વખત કારોબારી અને એક વખત સામાન્ય સભા સમક્ષ જવાબ દેવાનો સમય આવે ત્યારે તે વખતે ચતુરાઈપૂર્વક છટકી જતા શાસકોને ખબર છે કે બાકીના ૩૬૨ દિવસ આપણો ખુલાસો પૂછવાવાળું કોઈ નથી ! આ કળામાં હવેના શાસકો પારંગત બની ગયા છે જેના કારણે સમાજની સાચી હકીકત કે ચિત્ર ક્યારેય બહાર આવતું નથી અને બધું અંદરોઅંદર ઘૂંટાયા કરે છે.

કૂલડીમાં ગોળ ભાંગવાની આ પ્રવૃત્તિને કારણે સમાજને અત્યાર સુધી ઘણું મોટું નુકસાન વેઠવું પડ્યું છે. સમાજની પ્રતિષ્ઠા અને જ્ઞાતિના સ્વમાનનો પ્રશ્ન હોય ત્યારે ખર્ચ બાબતે જ્ઞાતિજનોએ ક્યારેય સવાલ ઉઠાવ્યા નથી પણ વરસો સુધી કોઈ પરિણામ ન આવે તે બાબત અકળાવનારી છે. છાણના પોદળા પર ધૂળ નાખી દેવા જેવી સમસ્યાનો ઢાંક-પીછોડો કરવાની મનોવૃત્તિએ સમાજને ઘણું નુકસાન પહોંચાડ્યું છે.

કેન્દ્રીય સમાજની વર્તમાન નિષ્ફળતા માટે જવાબદાર કોણ તે પ્રશ્ન આજે ચારેકોર ઘૂમરાઈ રહ્યો છે ત્યારે એકલા પ્રમુખને દોષ દેવો એ પણ વ્યાજબી નથી. ટ્રસ્ટીઓ અને અન્ય હોદ્દેદારોની પણ એટલી જ જવાબદારી છે. કારોબારી સતત જાગૃત રહી હોત તો થોડું ઘણું નુકસાન અટકાવી શકાયું હોત પણ આ કામગીરી પણ થઈ નથી તે નરી વાસ્તવિકતા છે.

હવે સમય આવી ગયો છે સમાજની વહારે આવવાનો. સમાજ પ્રત્યે જરાક પણ લાગણી હોય તેવા કાર્યશીલ લોકોએ કેન્દ્રીય સમાજના વહીવટમાં પ્રમુખ ભૂમિકા ભજવવા આગળ આવવું જોઈએ. સમાજે અત્યાર સુધી આભાર મંત્રીઓ ઘણા જોયા... હવે સમય છે સમાજ માટે ફુલટાઈમ આપી શકે તેવા કર્મયોગી કાર્યકરોની...

આજે સમય આવી પહોંચ્યો છે જાગૃત રહેવાનો, સક્રિય થવાનો અને સમાજ માટે કંઈક કરી છૂટવાનો... દશેરાના જો ઘોડા નહીં દોડે તો પછી વસવસો કરવાનો પણ કોઈ જ અર્થ નહીં સરે...

❖

- પાટીદાર સૌરભ -

તંત્રીલેખ

લોકપ્રિયતા નહીં, માત્ર સમાજની લાચારી...

૧૧મી ઓગસ્ટે મળી ગયેલ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની વાર્ષિક સામાન્ય સભા આ વખતે તદ્દન નિરસ અને બીબાઢાળ જેવી જ બની રહી. દર ત્રણ વર્ષે કેન્દ્રીય સમાજની કારોબારીની મુદ્દત પૂરી થતી હોય એટલે નવા સુકાનીઓ કોણ આવે છે એટલા પૂરતી ઈંતેજારી જ્ઞાતિજનોને ખરી, બાકી આ વર્ષે આનાથી વિશેષ કોઈ જ મહત્ત્વ આ સભાનું નહોતું.

કેન્દ્રીય સમાજના મોવડીઓનો પ્રભાવ અને આણ ઓસરી રહ્યા હોય તેમ દર વખતે એ જ સમાજ વિકાસ દાન કે દિવાળી બોણી ઉઘરાવવા જેવા મુદ્દાઓ હવે એટલા શુષ્ક લાગે છે કે સભામાં આ બાબતે કોઈને કંઈ રસ જ ન હોય તેવું લાગે. આ પરિસ્થિતિ છેલ્લા લાંબા સમયથી ચાલી રહી છે.

માંડવી હોસ્ટેલ પ્રકરણ સહિતની વિવાદી બાબતોમાં ખરી હકીકતથી આજે પણ જ્ઞાતિજનો અજાણ છે. પરસ્પર અવિશ્વાસનો માહોલ એટલી હદે છવાયેલો છે કે સમાજમાં દરેક માણસ એકબીજાને શંકાની નજરથી જોઈ રહ્યો છે. કાર્યકરોમાં નિખાલસપણે આપસી સંવાદ થતો નથી તેનું આ પરિણામ છે. છૂપાછૂપીથી વહીવટ ચલાવવાનો આ ખેલ સમાજને મોટું નુકશાન પહોંચાડી રહ્યો છે.

આ વખતે કોઈ નવો જુગાર ખેલવા કરતાં વર્તમાન પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલાના શિરે પ્રમુખપદની પુનઃ જવાબદારી સુપ્રત કરવામાં આવી છે તેમાં સમગ્ર સમાજની લાચારી અને વેદના પણ દેખાઈ આવે છે. આવી પરિસ્થિતિ ભૂતકાળમાં ક્યારેય પણ ઉદ્‌ભવી નથી.

નવા કરિશ્માવાળા કાર્યકરોને હોદ્દેદારો તરીકે લેવાને બદલે રીટાયર્ડ થયેલા કે પછી ટ્રસ્ટીમાંથી કેટલાકને ઉપપ્રમુખ જેવા પદ પર બેસાડવામાં આવ્યા છે. તેમને વહીવટી કુશળતા કે અન્ય કોઈ વિશેષ ગુણને કારણે લેવાયા હોય તેવું દેખાતું નથી. જો આ ગુણને કારણે જ તેમને લેવામાં આવ્યા હોય તો અત્યાર સુધી તેમની સેવાથી સમાજને કેમ વંચિત રાખવામાં આવ્યા તે પણ પ્રશ્ન છે.

કેન્દ્રીય સમાજનો યુવા સંઘ તરફનો પૂર્વગ્રહ પણ દેખાઈ રહ્યો છે. યુવા સંઘમાંથી બહાર આવતા પ્રતિભાશાળી સભ્યોને કેન્દ્રીય સમાજની કારોબારી અને હોદ્દેદારોમાં પણ પૂરતું પ્રતિનિધિત્વ આપવાની લાગણી સમગ્ર સમાજની હોવા છતાં આ ક્ષેત્રમાં અપવાદ સિવાય મોવડી મંડળને ખાસ દિલચસ્પી હોય તેવું દેખાતું નથી.

સમાજે નિમેલી વિવિધ ૧૫ સમિતિઓના કાર્યને લઈ સભામાં જે કંઈ તથ્ય બહાર આવ્યું તે જોતાં હાલના સ્વરૂપમાં આવી સમિતિઓ ચાલુ રાખવાનો કોઈ જ અર્થ નથી. સમિતિના ગઠન અને કામગીરી અંગે નવેસરથી સમિક્ષા કરી પછી કાર્યાન્વિત કરવામાં આવે તો જ કંઈક પરિણામ આવે. બાકી વારાફરતી ઉભા થઈ 'નીલ' રીપોર્ટ રજૂ કરાવવા કરતાં સમિતિઓને વિખેરી નાખવી જોઈએ.

ગંગારામભાઈ સાંખલાના નેતૃત્વ હેઠળની ટીમને એ સતત યાદ રાખવું પડશે કે તેમની ટીમ લોકપ્રિયતાના શિખરો સર કરીને પુનઃ સત્તા પર આવેલી ટીમ નથી. આગામી ત્રણ વર્ષમાં નેત્રદીપક કામગીરી દ્વારા સમાજે મુકેલ વિશ્વાને સાર્થક કરવાની એક તક જરૂર આ ટીમને મળી છે. તેમાં તેઓ સફળ નિવડે તેવી કુળદેવી મા ઉમિયા પાસે પ્રાર્થના.

સપ્ટેમ્બર ૨૦૧૪ ❖ પાટીદાર સૌરભ.

તંત્રીલેખ

હવે દોષનો ટોપલો મિડિયા પર ઢોળવાથી શું વળે ?!

શું રાજકારણ કે સમાજકારણ... આજે દરેક જગ્યાએ એક શિરસ્તા જેવું થઈ ગયું છે કે કોઈ સમસ્યા ઉકેલાતી ન હોય ત્યારે દોષ મિડિયાવાળા પર ઢોળી દેવો કે ભાઈ, મિડિયાને કારણે આ બધું થઈ રહ્યું છે?!

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ઘરેલુ સમસ્યાઓથી ઘેરાયેલા કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલા પણ સમાજનું ધ્યાન અન્યત્ર વાળવા હવે મિડિયા પર નિશાન સાધી રહ્યા છે. સમસ્યા ઉકેલવા માટે સમાજે તેમને બીજી ટર્મ પણ આપી છે પણ ચારેકોર ઉંડા કળણમાં ફસાયેલા પ્રમુખશ્રીને મિડિયા હાથવગું થઈ પડ્યું છે !

કેન્દ્રીય સમાજની કારોબારી બેઠક કે અન્ય બેઠકોમાં હાજરી આપવા માટે અત્યાર સુધી કેન્દ્રીય સમાજના કાર્યાલયમાંથી મિડિયાને સત્તાવાર પત્ર મોકલવામાં આવતો હતો. જે છેલ્લી બે-ત્રણ કારોબારી બેઠકથી બંધ કરવામાં આવ્યો છે. જેને લઈ આ બેઠકોના વિગતવાર સમાચારો ભાગ્યે જ બહાર આવ્યા છે.

કેન્દ્રીય સમાજના મહામંત્રી માવજી કેશરા ભગતના જણાવ્યા મુજબ પ્રમુખશ્રીની સીધી સૂચનાથી આ પગલું ભરવામાં આવ્યું છે. કારણ બાબતે મહામંત્રીના કહેવા મુજબ સમાજના સમાચારો જ્ઞાતિના મેગેઝીનો બરાબર છાપતા ન હોઈ, આ પગલું લેવામાં આવ્યું છે !

જ્ઞાતિના જ મિડિયા સાથે આવો 'અછૂત' જેવો વહેવાર રાખવા માટે કેન્દ્રીય સમાજની કારોબારીએ અગાઉ કોઈ નિર્ણય લીધો હોય તો તે કોઈની જાણમાં નથી. ગંગારામભાઈ સાંખલાનો આગ્રહ છે કે અમે કહીએ તે જ છપાવવું જોઈએ... પ્રમુખશ્રીના આ આગ્રહમાં સરમુખત્યારશાહીની બૂ આવી રહી છે.

પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલા મિડિયા સામે મોઘમ આક્ષેપ કરવાને બદલે તેમનામાં હિંમત હોય તો જાહેરમાં કહેવું જોઈએ કે ક્યા મિડિયાવાળા સમાજના સમાચારો બરાબર છાપતા નથી કે ખોટા સમાચારો પ્રસિદ્ધ કરે છે? પણ બધા મિડિયાવાળાને એક લાકડીએ હાંકવા તે ક્યાંનો ન્યાય છે?

સચ્ચાઈ એ છે કે મિડિયાને કારણે સમાજમાં ક્યારેય કોઈ સમસ્યા કે પ્રશ્નો વકર્યા જ નથી. પરંતુ આ સમસ્યાના ઉકેલમાં સમાજના સૂત્રધારોની નિષ્ફળતાના અહેવાલો મિડિયામાં નિયમિત રીતે આવતા હોઈ, કેટલાક લોકોની અકળામણ વધી રહી છે. આ મૂંઝારામાંથી છૂટવા હવે તેઓ મિડિયાને દૂર રાખી રહ્યા છે જેથી સાચી વિગતો જ્ઞાતિજનો સુધી પહોંચી જ ન શકે.

જ્ઞાતિજનોને જાગૃત કરવામાં મિડિયાનો ફાળો ખૂબ મોટો છે. સમાજનો હર સંદેશો છેવાડાના જ્ઞાતિજન સુધી પહોંચાડવા મિડિયા તત્પર હોય ત્યારે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીનું મિડિયા તરફનું આ પ્રકારનું વલણ શોભાસ્પદ નથી, પ્રમુખની ગરીમાને પણ છાજે તેવું નથી. આ પ્રકારનું સામંતશાહી વલણ કઈ રીતે ચલાવી લેવાય?

કેન્દ્રીય સમાજના છેલ્લા દિવાળી શુભેચ્છા પત્રમાં યુવક સંઘવાળા હવે સુધરી ગયા છે તેવા સૂચિતાર્થવાળું 'પ્રમાણપત્ર' આપવામાં આવ્યું હતું તેવા પ્રમાણપત્રની મિડિયાને જરૂર નથી. જ્ઞાતિના હજ્જારો વાંચકો અમારું મૂલ્યાંકન દર મહિને કરે છે તે જ અમારું સાચું મૂલ્યાંકન છે.

દિલ્હીની સલ્તનત પર બાદશાહ અકબર અને મહમદ તઘલખ પણ રાજ કરી ગયા છે અને બંનેના વહીવટને ઈતિહાસ જુદી જુદી રીતે યાદ કરે છે ! આપણને લોકો કઈ રીતે યાદ કરે તે આપણા પર નિર્ભર રાખે છે. બાજી, હજી સરી ગઈ નથી... આપણા હાથમાં જ છે !

જાન્યુઆરી - ૨૦૧૫. ■ પાટીદાર સૌરભ

પ્રેરણાપીઠ પીરાણાના આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ બ્રહ્મલીન થયા

પીરાણાના અધ્યક્ષ આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજનો તા. ૧૯-૧૦-૦૨ના રોજ સ્વર્ગવાસ થયો એ સમાચાર મળતાં સતપંથ સમાજમાં શોકની લાગણી ફેલાઈ હતી. બીજા દિવસે તા. ૨૦-૧૦-૦૨ના રોજ પીરાણા ખાતે તેમની પાલખી યાત્રા નીકળી હતી, જેમાં કચ્છમાંથી તેમજ ગુજરાત અને અન્ય વિસ્તારોમાંથી તેમના અનુયાયીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સદ્દગતની પાલખી યાત્રામાં રાજ્યના ઉદ્યોગમંત્રી સુરેશચંદ્ર મહેતા, બજરંગદળના પ્રમુખ હરેશ ભટ્ટ, ગૌ રક્ષા સમિતિના ઉપાધ્યક્ષ ચીનુભાઈ પટેલ રાજ્ય સરકારના આરોગ્ય મંત્રી અશોક ભટ્ટ ઉર્જા મંત્રી કૌશિક પટેલ, સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી, પૂર્વ સાંસદ જયસિંહ ચૌહાણ, દશકોઈના ધારા સભ્ય વિજયભાઈ પટેલ, કચ્છના ધારાશાસ્ત્રી કિશોરભાઈ બૂચ તેમજ પૂર્વ ગૃહમંત્રી મણીભાઈ પટેલ મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પાલખીયાત્રામાં અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ સ્વામી જ્ઞાનદેવસિંગજી મહારાજ, નિર્મળ અખાડા હરિદ્વારના સ્વામી અલખગિરિજી, અધ્યક્ષ ગુજરાત સંત સમિતિ, દંતાલી આશ્રમના સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ, શ્રી સ્વામિનારાયણ મંદિરના ઘનશ્યામ દાસજી સ્વામી, મહામંડલેશ્વર સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતી-ઈડર, અખિલ ભારતીય સંત સમિતિના ઉપાધ્યક્ષ આચાર્ય અવિચલદાસજી સારસાપૂરી, સંતરામ મંદિર કરમસદના મહંત રામદાસજી જૂના અખાડા હરિદ્વારના આચાર્ય અધિરાનંદનજી પણ જોડાયા હતા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દિવંગત આચાર્ય શ્રી કરસનદાસજીને શ્રદ્ધાંજલિ અર્પવા નિષ્કલંકી ધામ નખત્રાણા ખાતે તા. ૨૬-૧૦-૦૨ના રોજ સતપંથ સેવા સમિતિ દ્વારા એક પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં દિવંગત આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરવામાં આવી હતી. સતપંથ સેવા સમિતિના પ્રમુખ અને સભાના અધ્યક્ષ શ્રી પચાણભાઈ કરસન જબુવાણી તેમજ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયાએ આચાર્યશ્રીએ ધર્મની સાથે સાથે શિક્ષણને ઉત્તેજન આપવા બતાવેલી જાગૃતિને બિરદાવી હતી. ભાણદાસજી (અંગીયા) અને શિવગણદાસજી (કાદિયા)એ પણ સર્જન વિસર્જનની જીવનની ઘટમાળ સમજાવીને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

આ સભામાં ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાયના પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુ, લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિના પ્રમુખ જેઠાભાઈ ચોપડા, નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી દેવજીભાઈ લીંબાણી, સમાજના ટ્રસ્ટીઓ શ્રી નારાણભાઈ પોકાર અને નારાણભાઈ ધોળુ, યુવક સંઘના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેશરાણી, મહિલા સમાજનાં પ્રમુખ શ્રીમતી રતનબેન ભગત, નખત્રાણા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી ઓધવજીભાઈ પલણ, શ્રી હેમેન્દ્ર કંસારા, શ્રી છબીલભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ વગેરે આગેવાનોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ સભામાં કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી વાલજીભાઈ ભગત, મહામંત્રી શ્રી ઈશ્વરભાઈ ભગત, મંત્રી શ્રી માવજીભાઈ ભગત, લક્ષ્મીનારાયણ ધર્મપ્રચાર સમિતિના મંત્રી શ્રી વાલજીભાઈ નાકરાણી, ડો. શાંતિલાલ સેંઘાણી, લાલજીભાઈ રામાણી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ રતનશી લાલજી પટેલે કરી હતી. જ્યારે સભા સંચાલન જેન્તીભાઈ પટેલે કર્યું હતું.

તા. ૨૬-૧૦-૨૦૦૨ના રોજ કરસમદાસ પીરાણાવાળાની એક પ્રાર્થના સભા નખત્રાણા મધ્યે રાખેલ તેમાં ટોટલ સમાજના આગેવાનો ગયા છો તેનો પુરાવા સહીત છે. તો તે દિવસે આપને કેમ સુજતું નહોતું કે આ લોકો સાથે રહેવાય નહિં. ત્યારે તમારા બુધ્ધિ ને ઉધ્ધઈ ખાઈ ગઈ હતી કે પછી આગેવાનોને બધી જગ્યાએ સારૂ લગાડવું અને પ્રજાને ઉધીરીતે ઉસકેરવી તે નીતી સ્પષ્ટ છે.

પાટીદાર સંદેશ ૧૦ જુલાઈ ૨૦૧૫

જ્ઞાતિ માટે "અચ્છે દિન"ના આગમનનાં વરતાતાં એંધાણ...

જ્ઞાતિની સંસ્થા અને સંગઠનો સમાધાન તરફ વળ્યા...

સુમેળ સધાય તો ભયો ભયો... મિશ્ર પ્રતિભાવો...

(અમારા પ્રતિનિધિઓ શ્રી ઈશ્વરભાઈ ભગત, નખત્રાણા અને શ્રી શાંતિલાલ એ. લીંબાણી, વિથોણ દ્વારા)

કડવા પાટીદાર જ્ઞાતિના સંગઠનો વચ્ચે સમાધાન થયું છે તેવા કચ્છ મિત્રના અહેવાલથી ચાર વર્ષથી ચાલતા વિવાદનો અંત આવ્યો હોય તેવું જણાયું. માહિતીગારો પાસેથી સમાધાન બાબતે જે વિગતો મળી છે તે નીચે મુજબ છે.

તા. ૨૭-૬-૧૫ના બપોરે ૪ થી રાત્રે ૯ વાગ્યા સુધી સમાધાન બાબતે મીટીંગ ભૂજ ખાતે રાખવામાં આવી હતી, જેનું અધ્યક્ષસ્થાન પાટીદાર અગ્રણી અને કચ્છ કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલે સંભાળ્યું હતું. અન્ય સરકારી ઓફિસરોમાં સરહદ રેન્જના વડા આઈ.કે. જાડેજા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક ડી.એન. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સી.જે. પટેલ સમાધાન બેઠકમાં હાજર રહેલ. કેન્દ્રિય સમાજ તરફથી પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલા, મહામંત્રી શ્રી માવજીભાઈ ભગત, ટ્રસ્ટીશ્રીઓ રામજીભાઈ નાકરાણી, વાલજીભાઈ ભગત, પન્નાલાલભાઈ, ઉપપ્રમુખ મણીલાલ ભગત, કારોબારી સભ્યો ડૉ. શાંતિલાલ સેંઘાણી, દામોદરભાઈ કચ્છી (સુરત) અને તુષાર પટેલ ઉપસ્થિત રહેલ. સર્વોદય ટ્રસ્ટ તરફથી પ્રમુખ શ્રી મેઘજીભાઈ જેઠા, રવિલાલભાઈ કેસરાભાઈ અને કેશુભાઈ પારસીયાની ઉપસ્થિતિ રહી હતી. સતપંથ સમાજ વતી રતનશીભાઈ લાલજીની આગેવાની હેઠળ અરજણભાઈ શામજી અને તેમની ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

સમાધાન બાબતે રજૂ થયેલ મુદ્દાઓ ઉપર આગેવાનોના સ્પષ્ટ પ્રતિભાવો કેન્દ્રિય સમાજના મહામંત્રી શ્રી માવજીભાઈ ભગત, ટ્રસ્ટી શ્રી વાલજીભાઈ ભગત, પન્નાલાલ કે. નાયાણી અને કારોબારી સભ્ય ડૉ. શાંતિલાલ સેંઘાણીએ સ્પસ્ટીકરણમાં જણાવેલ કે (૧) માંડવી હોસ્ટેલની મિલકત કેન્દ્રિય સમાજના નામે પરત કરવામાં આવે. (૨) હોસ્ટેલ સંચાલનની સત્તા ઠરાવ સાથે સર્વોદય ટ્રસ્ટને સોંપવામાં આવે (૩) માંડવી હોસ્ટેલ તેમજ સતપંથ સાથેના કોર્ટ કેસો સ્વખર્ચે પાછા ખેચવામાં આવે (બંને પક્ષે) કેન્દ્રિય સમાજની કારોબારીમાં કો.ઓપ્ટ તરીકે ૨ થી ૫ સભ્યોને સામેલ કરવા જેવી સમાધાન બાબતે થયેલ નિર્ણયોની જાણકારી આપેલ છે.

ડૉ. શાંતિલાલ સેંઘાણીએ જણાવેલ કે નિષ્કલંકીધામ, નખત્રાણા ખાતે ઉમિયા માતાજી મંદિર બનાવવું. સમાજમાં ૩ થી ૫ સભ્યો સભ્યો કો-ઓપ્ટ. તરીકે લેવા અને ૧ થી ૧૯ કલમનું પાલન કરવું. તમામ કોર્ટ કેસો સ્વખર્ચે પાછા ખેંચી લેવા. સર્વોદય ટ્રસ્ટની મિલકત સમાજના નામે કરી આપવી. કોપ્ટ સભ્યો લેવા માટે કારોબારીની સર્વસહમતી લેવાની, જેમાં ૩ થી ૫ સભ્યો સામેલ કરવાના રહેશે. કેશુભાઈ પારસીયા (સર્વોદય ટ્રસ્ટના આગેવાન)એ જણાવેલ કે વર્તમાન મિલકત કેન્દ્રિય સમાજના નામે ટ્રાન્સફર કરી આપવી. સંચાલન માટે કેન્દ્રિય સમાજમાં ઠરાવ કરી સર્વોદય ટ્રસ્ટને સોંપવું અને ભવિષ્યમાં હાઈસ્કૂલનું નિર્માણ કરવું જેવી બાબતનો ખુલાસો કર્યો હતો/સતપંથના આગેવાન રતનશી લાલજીએ ખુલાસો કરતાં જણાવેલ કે સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સહમત થશે તો સમાધાનનો અમલ થશે અને સંપ્રદાયની વાત ન કરવી. કોર્ટ કેસો પાછા ખેંચાય પછી સમાજમાં કો-ઓપ્ટ. તરીકે પાંચ સભ્યોને સામેલ કરવા. નખત્રાણા ખાતે નિષ્કલંકીધામમાં ઉમિયા માતાજીની પાંચ ફુટની મૂતિ સ્થાપન કરેલ છે. પાંચ સભ્યો લેવા અને કજીયો ન થાય તે રીતે વર્તન કરવું જેવી બાબતે ખુલાસો આપ્યો હતો.

કેન્દ્રિય સમાજના મહામંત્રી માવજીભાઈ ભગતે સમાધાન બાબતે થયેલ ઠરાવોની વિગતો આપતાં જણાવેલ કે (૧) માંડવી હોસ્ટેલ પ્રકારણે મિલક્ત સમાજના નામે દાખલ થાય. (૨) નિર્માણ સમિતિની સત્તા ટ્રસ્ટ સંભાળે, વાર્ષિક હિસાબો નખત્રાણા કાર્યાલયમાં મોકલવા. (૩) તમામ કોર્ટ કેસો સ્વખર્ચે પાછા ખેંચી લેવા. (૪) કેન્દ્રિય સમાજની કારોબારીમાં કો.ઓપ્ટ તરીકે ૩ થી ૫ સભ્યો સતપંથના લેવા અને અન્ય ચર્ચામાં જ્યોતિધામનાં મંદિરોમાં ઉમિયા માતાજીની મૂર્તિની સ્થાપના કરવી જેવી ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્ઞાતિના ત્રણે સંગઠનો દ્વારા સમાધાન પ્રક્રિયાને ચોમેરથી મિશ્ર પ્રતિસાદો મળી રહ્યા છે. ઘણા જ્ઞાતિજનો કહે છે કે હાશ સમાધાન તો થયું, તો ઘણાં જ્ઞાતિજનો કહે છે કે આવું સમાધાન તો ચાર વર્ષે પણ થઈ શકતું હતું તો આમાં વિલંબ કેમ કર્યો ? બૌદ્ધિક વર્ગ સમાધાનને સુખદ ગણાવે છે. આગેવાનોના નિર્ણયને સર્વસહમતી આપવી જોઈએ જેવાં નિવેદનો આવે છે.

ચાલો, જાગ્યા ત્યારથી સવાર. આવો સંપ અને સંગઠીત જ્ઞાતિની બુનિયાદની બેમિસાલ જગત સમક્ષ મુકીએ. જય ઉમિયાજી.

તા. ૨૪-૦૬-૧૫ના સોલા અમદાવાદમાં નારણભાઈ પ્રમુખ, ઉંઝા, મમી સાહેબ, વિક્રમભાઈ જેરામભાઈ, બાબુભાઈ, સૌરાષ્ટ્રવાળા અને ગંગારામભાઈ પ્રમુખ, દેવજીભાઈ, કરશનભાઈ તથા મનસુખભાઈ ભેગા મળી, ચર્ચા વિચારણા કરી અને તા. ૪-૭-૧૫નાં ઉંઝા મિટીંગ કરવી તેવું નક્કી કરેલ.

તા. ૪-૭-૧૫ના ઉંઝામાં ગંગારામભાઈ સાથે ૨૫ જણા હંસરાજભાઈ, જેઠાબાપા અને સતપંથના પ્રમુખ રામજીભાઈ, જીવરાજભાઈ, મણીભાઈ અન્ય બે જણા હાજર રહેલ તેમાં ઉંઝાના પ્રમુખ નારણભાઈ, મમી સાહેબ, વિક્રમભાઈ, જેરામભાઈ અને બાબુભાઈ ગોડાસરા હાજર રહેલ અને ત્રણ કલાક બધાને સાંભળ્યા બાદ બન્ને પક્ષો વાળા તમારા સમાજવાળાને પુછપરછ કરીને ૧૧-૧૧ જણા પંચો આવજો, અમે જે કરશું તે કબુલ મંજુર કરવું પડશે તે માટે તા. ૧૫-૯-૧૫ના મિટીંગ રાખવી એવું નક્કી કરવામાં આવેલ.

॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

પાલનપુર કડવા પાટીદાર સમાજ

મુ. પાલનપુર (બાડી), પો. નિરોણા, તા. નખત્રાણા (કચ્છ). - ૩૭૦ ૦૬૧

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,
અ.ભા.ક.ક.પાટીદાર કેન્દ્રીય સમાજ
નખત્રાણા (કચ્છ).

તા. ૧૪-૮-૧૨

વિષય : કેન્દ્રીય સમાજમાં હાલે અમુક વ્યકિતઓ દ્વારા વ્યકિતગત, ઈરાદાપૂર્વક પૂર્વગ્રહ રાખી બદનામ કરી વડિલોને ઉતારી પાડવામાં આવે છે. તે બાબતે...

સ. વિનય સાથે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી તેમજ કારોબારી અને સામાન્ય સભાને જણાવવાનું કે અમારા ગામ પાલનપુરની પાટીદાર સમાજની એક સામાન્ય સભા તા.૯/૦૮/૧૨ના મળેલ. જેમાં કેન્દ્રીય સમાજની તમામ ગતી વિધીની ચર્ચા વિચારણાઓ થઈ અને ઠરાવો કરવામાં આવ્ય જેમાં એક વિષય પર આપશ્રીઓને ધ્યાન દોરીએ છીએ.

ગામ પાલનપુરના વંદનિય વડીલ એવા દેવજીભાઈ માવજીભાઈ પટેલ જે ઘણા વર્ષાથી કેન્દ્રીય સમાજમાં એકધારી સેવાઓ આપતા આવેલ છે જે આપ વિદીત હશો અને પાલનપુર ગામ તેમજ પાવરપટ્ટીના દરેક પાટીદાર સમાજની વસ્તી ધરાવતા ગામોમાં વર્ષોથી એકધારી સૌની સાથે હળીમળી અને પ્રમાણીકતાથી સેવાકાર્યો કરે છે. અને મુશ્કેલીના સમયમાં ઉપયોગી પણ થતા આવેલ છે.

અમારા ગામોને સતત મોટી સમાજની દરેક પ્રવૃતિમાં જોડતા રાખેલ છે. અને સમાજોની દરેક વિકાસની પ્રવૃતિમાં સેવા તેમજ સહયોગ આપતા અને અપાવતા રહેલ છે. આવા નિષ્ઠાવાન પ્રમાણીક અને નીડર અમારા વડીલશ્રીને છેલ્લા કેટલાક સમયથી લગભગ ૨ થી ૩ વર્ષથી સમાજની સામાન્ય સભા હોય કે કારોબારી હોય તેમ ઓછું હોય તેમ ઈમેલ દ્વારા સતત બદનામ કરતા આવે છે. આમ કેન્દ્રીય સમાજમાં જેનું નામ શેષ નથી એવા લોકો દ્વારા વ્યવસ્થિત ષડયંત્ર હોય તેવી રીતે બદનામ કરવામાં આવે છે. તેવું અમારી ગ્રામની સમાજને ધ્યાને આવે છે. માટે કેન્દ્રીય સમાજના હોદેદારો પાસેથી અમારી સમાજના સભ્યોને જાણવું છે કે કેન્દ્રીય સમાજમાં આજીવન સભ્ય બનવુ હોય તો સ્થાનીક સમાજ તેમજ ઝોન પાસેથી તે વ્યકિતનું સનાતન ધર્મનું પ્રમાણપત્ર લેવું પડે છે. તેવો સમાજનો નિયમ છે.

તો અમારા ગામના વડીલ સભ્યની સનાતન ધર્મની પ્રમાણીકતા અંગેની માહીતી આપણા શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન દેશલપર મધ્યે સ્થાપના સમયથી આજ દિવસ સુધી દિવસ રાત જોયા વગર તેમની સેવા આપતા રહ્યા છે. તેમજ સૌ ગામોને અપાવતા રહેલ છે. તે એક મોટું ઉદાહરણ છે. તેમ છતાં તેમની પ્રમાણીકતા સજ્જનતા અને સનાતન ધર્મની માહીતી અમારી પાસેથી લેવી અથવા મેળવવી જોઈએ કે પછી કેન્દ્રીય સમાજના આગેવાનોએ કોઈના કહેવાથી કોઈ પ્રતિષ્ઠીત વ્યકિતને ઉતારી પાડી, માનસીક ત્રાસ આપી અને સમાજની અંદર બેઈજ્જત કરી આગઉની ઈર્ષાભાવ રાખી સમાજમાંથી ગેરકાયદેસર રીતે કાઢી નાખવામાં આવેલ છે. તે બાબતે અમારા ગામના દરેક પાટીદાર સભ્યોને આ બાબતે બીલકુલ યોગ્ય લાગેલ નથી અને અમારા ગામની સમાજને સખત વાંધો છે અને અસંતોષ પણ છે.

આજ રોજ તા.૯/૮/૧૨ના પાલનપુર પાટીદાર સમાજની એક સામાન્ય સભામાં ઉપરોક્ત મુદ્દે કેન્દ્રીય સમાજના આવા એક તરફી વલણને લઈ સૌના વાંધા સાથે સખત શબ્દોમાં વખોડતો ઠરાવ પસાર કરવામાં આવેલ છે. અને તેની જાણ કેન્દ્રીય સમાજમાં કરવી તેવું ઠરાવવામાં આવ્યું. આ બાબતે આપ સૌ યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી નમ્ર વિનંતી છે.

હરસુખભાઈ
મંત્રી.

નકલ રવાના :
સમાજના દરેક ઝોનને.

નોંધ : ઉપરોક્ત ટપાલનો જવાબ સમાજે આજ દિવસ સુધી આપેલ નથી. એટલું જ નહિ પરંતુ આ ટપાલને કારોબારી સભામાં વંચાણે લવામાં આવી નથી.

શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મપ્રચાર સમિતિ

ફોન : ૬૨૩૨ (દેશલપર અેક્સ)

કેન્દ્ર સ્થાન : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
મુ. ઈશ્વરનગર, (વાંઢાય), પો. દેશલપર, તા. ભુજ–કચ્છ. ૩૭૦ ૦૪૦.

તા:- ૨૮-૦૯-૦૬

પ્રતિ
શ્રી દેવજીભાઈ માવજીભાઈ પટેલ
ભુજ - કચ્છ

આપ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં, આજ થી ૨૩ વર્ષ અગાઉ સ્થપાયેલ આ સંસ્થાના પાયાના પથ્થર સમાન કાર્યકર બની નોંધપાત્ર જવાબદારી અદા કરવાની સાથે સંસ્થાને યોગ્ય દિશા સૂચન કરતા રહ્યા છો.

શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાય ની પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસારમાં આપની સ્વાધ્યાય પ્રવૃત્તિનો અનુભવ કામે લગાડી જ્ઞાતિમાં ધાર્મિક જાગૃતિ આણી, સંસ્થાના વિકાસમાં આપની આગવી સૂઝની સંસ્થા નોંધ લે છે.

ઓછું ભણેલ હોવા છતાં અનુભવ અને નેતૃત્વના ગુણ હોવાથી, તાજેતરમાં પૂ. રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠે યોજાયેલ કથા દરમ્યાન આપે આયોજનમાં મુખ્ય ભૂમિકા ભજવી, અન્ય જ્ઞાતિના અગ્રણીઓનો આ સંસ્થાને પરિચય કરાવેલ જે અનેરૂ યોગદાન ગણાય.
ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન આપની કાળજી રાખે અને આપના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો.

મહામંત્રી

સમાજના લીડરમાં નીચેના તમામ ગુણો હોવા જરૂરી છે

સાચા નેતૃત્ત્વ માટે કઈ કઈ લાયકાતો હોવી જોઈએ.

- જેમ કે કોઈપણ કાર્ય કર્યા પછી પાંચ પચ્ચીસ વર્ષ પછી તેનુ શું અને કેવું પરિણામ આવશે તેનો ખ્યાલ હોવો જોઈએ.
- સાચો આગેવાન બધાને સાથે લઈને ચાલે તેવો હોવા જોઈએ.
- કોઈપણ વ્યક્તિ તરફ પૂર્વગ્રહ ન હોવો જોઈએ.
- તેમનામાં જતું કરવાની તેમજ ક્ષમા કરવાની ભાવના હોવી જોઈએ.
- કોઈપણ સંસ્થાના આગેવાને નિર્ણય લેતા પહેલાં પોતાના અંતરાત્માને પૂછવું જોઈએ કે આ નિર્ણયથી સમાજનું કે લોકોનું કલ્યાણ છે નહિ કે પોતાનો અહમ અથવા વ્યક્તિ ગત સ્વાર્થ છે.
- આગેવાનો સંપૂર્ણ પણે તમામ જવાબદારી લેતા હોવા જોઈએ.
- કોઈપણ વ્યક્તિને કામ આપવાની સાથે તે વ્યક્તિની યોગ્યતા પ્રમાણે સત્તા પણ આપવી જોઈએ.
- સમાજમાં દરેક પ્રકારના લોકો હોય છે. ''સચ્ચે, કચ્ચે, લુચ્ચે, ઓર અચ્છે'' તો દરેક વ્યક્તિ સમાજનું એક અંગ છે. તેમની સાથે કેવી રીતે કામ પાર પાડી શકાય તેની આગેવાનમાં આવડતની કળા હોવી જોઈએ.
- સંસ્થાના પ્રમુખે લોકોની ટીકા ટીપ્પણીથી ડરવું ન જોઈએ તેઓમાં સહન કરવા માટેની તમામ તૈયારી હોવી જોઈએ.
- જરૂર પડે ત્યાં સમાજના ભલા માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરી લોકહિતાર્થ કોઈ બે કડવા વહેણ કહેવા પડે તો જરૂર કહેવા જોઈએ.
- સમાજમાં સારા બધાને થવું છે પણ જરૂર પડે ત્યા સત્ય કહેવા માટે ખારા થવું જરૂરી છે.
- આજે દરેક પ્રજા જો ખરાબ દુષણોથી ત્રાસ પામી રહી તો તેનું કારણ દુષ્ટોની તાકાત નથી. પણ સજ્જનોની નબળાઈ છે. આજે જે નબળાઈ છે તે મોટે ભાગે ઈચ્છા શક્તિનો અભાવ. સાચું કહેવામાં ભય કારણભૂત છે.
- કોઈપણ સંસ્થામાં પ્રજાની જાગૃત્તિ હોવી ખાસ જરૂરી છે જો તે નહિ હોય તો અનિષ્ટ તત્ત્વો દાખલ થશે અને સજ્જન માણસો વિદાય લેશે. સજ્જન માણસની નિષ્ક્રીયતા સમાજ માટે હાની રૂપ છે.
- કોઈ સમાજ કે સંસ્થા મંત્રીઓના વહીવટથી ચાલતો હોય છે. જો તે પદો ઉપર અતિ કુશળ વ્યક્તિઓને સ્થાપિત કરવામાં આવે તો કોઈપણ સંસ્થામાં બહું સરળતાથી સારો વહિવટ થઈ શકે. જો અકુશળ માણસોને તે પદો ઉપર ગોઠવી દેવાય તો સમાજનો વહીવટ સારો હોવા છતા કથળી જાય છે.
- મોભી કે પ્રમુખે કુશળ માણસોને પદો ઉપર નિયુક્ત કરવા જોઈએ. સગાવાદ, લાગવગ કે લાંચરૂશ્વતનાં આધારે બીનકાર્યક્ષમ માણસોની પદો ઉપર નિયુક્તિ કરવામાં આવે તો જે તે સંસ્થાના પ્રમુખની ઊંઘ હરામ થાય છે માટે આગેવાન પણ વ્યક્તિ પારખું હોવો જોઈએ.
- કદાચ કોઈએ ક્યાંએ વાત કહી હોય તો તરત જ તેને સાચી માની લેવી નહીં
- સમાજ કે સંસ્થાના હોદેદારોમાં કોઈ નાનાં મોટાં કાર્યો કરવા પહેલાં મોટી મોટી વાતો ના કરવી જોઈએ અને ના કરવા દેવી જોઈએ, જયારે ધારેલ કોઈ કાર્ય સફળતાએ પહોંચે ત્યારે જ લોકોને જે કાંઈ કહેવાનું હોય તે કહેવું જોઈએ પ્રથમથી કોઈ કાર્ય જયાં સુધી સિધ્ધના થાય ત્યાં સુધી ગંભીરતાથી રાહ જોવી જોઈએ. તે પ્રકારનું આગેવાનમાં ઉડાણ હોવું જોઈએ. છીછરા પણું ના હોવું જોઈએ જેથી કાર્ય અધ્ધવચ્ચે રહી જવાની શક્યતા રહે.

- જયારે કોઈ કાર્ય નિષ્ફળ જાય અથવા તેમાં વિઘ્નો આવે ત્યારે આગેવાનો એક બીજા પર દોષારોપણ કરતા હોય છે અને ઓછી બુધ્ધિ વાળા આગેવાનો જયારે કોઈ કાર્યની સફળતા મળે ત્યારે મે કર્યુ મે કર્યુ એવું બોલીને યશની પાઘડી પોતે પહેરી લેતા હોય છે. પણ આજ માણસો જયારે કાર્ય નિષ્ફળ જાય ત્યારે બીજાના દોષો કાઢતા હોય છે. પીઢ નેતા કોઈના પર દોષ કાઢતા નથી પોતેજ દોષનો ટોપલો ઓઢી લે છે અને ભૂલો થઈ હોય તેને સુધારવાના કાર્યમાં લાગી જાય છે.
- આગેવાનોએ તેના સાથી કાર્યકરોનો ઉદેશ સારો હોય પણ ભુલથી કોઈ કામ બગડી ગયું હોય તો તેને માફ કરીને મૌન સેવવું જોઈએ. અને જો દાનત ખરાબ હોય અને ભુલ કરીને કાર્ય બગાડ્યું હોય તેને માફ ન કરાય નહિંતર આવા તત્ત્વોનો વધારો થાય માટે તેને દંડ દેવોજ જોઈએ પણ ખરીવાત છે દાનતની.
- આગેવાનને કાચા કાનના થવું નહીં.
- સંસ્થાના વડિલે ખાસ ધ્યાન રાખવાનું કે ક્યારેક સામાન્ય માણસથી પણ મહત્ત્વનું સારૂ કામ થઈ જતું હોય છે આવા સમયે તેને બહું મહત્ત્વ આપવું ન જોઈએ કારણ કે તે મહત્ત્વને પચાવી શકવાની તાકાત ધરાવતો નથી, જેથી તે પચાવી શકશે નહિ. જ્યાં સુધી તે પીઢતાથી કે ગંભીરતાથી બીજા બે ચાર મહત્ત્વના સારાં કાર્યો ના કરે ત્યાં સુધી તેને એક સીમા સુધી જ મહત્ત્વ આપવું જોઈએ.
- ખુશામત ખોરને દુર રાખવા.
- સમાજના નેતૃત્ત્વ કરતા કે સંસ્થાના આગેવાને ચાડીખોર, ખુશામતખોર અને ચુગલખોરોથી બચવું જોઈએ તેવા લોકો આગેવાનને વારે ઘડીએ કાન ભંભેરણી કરતા હોય છે આવા આવા ચુગલખોરથી બચવું જોઈએ. આવા લોકો સારા સબંધોને પણ બગાડી નાખે છે. વર્ષો જુના સબંધો હોય અને એક ખુશામતખોર જો લિડરને પીન મારી જાય અને આગેવાન કાચા કાનનો હોય તો સબંધ બગડી શકે છે. માટે આવા ખુશામતખોર માણસોથી બચવા માટે ત્રણ વસ્તુ યાદ રાખવી.
- અને કદાચ આવી વાત હોય તો ધીરજ રાખી પુરી તપાસ કર્યા પછી જ નિર્ણય કરવો અને બીજા પક્ષને પણ પોતાની વાત મુકવાનો મોકો આપવો જેથી સાચી વાતની પરિસ્થિતિ જાણી શકાય બાદ જ આગેવાને નિર્ણય લેવાનો. એક તરફી નિર્ણય લેવાથી ક્યારેક અનર્થ થઈ શકે છે. જો સ્પષ્ટ થઈ જાય તો તેવા ખુશામત ખોર તરફથી ખોટી વાત ઉભી કરેલ છે તેમ જણાય તો શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ.
- મોટા માણસોમાં પણ દોષ હોય છે.
- આગેવાનોએ કોઈપણ વ્યક્તિની ગુપ્ત વાતો સાંભળવી નહિ.
- દરેક સંસ્થાની પ્રજા એમ માનતી હોય છે કે સંસ્થાના આગેવાનોમાં તો દોષો હોય જ નહિ આ ધારણા સાચી નથી, કોઈ માણસ સંપુર્ણ દોષ મુક્ત નથી હોતો થોડા ઘણા અંશે દોષો તો રહેતા જ હોય છે, આગેવાનોમાં દોષો હોય એ પ્રજા ઈચ્છતી નથી. તેથી આગેવાનો પોતાના દોષો ઢાંકતા હોય છે. અહિથી પાખંડશરૂ થાય છે. આગેવાન સમજુ અને સારો હોય તો તેના થોડાક અવગુણ કે દોષના કરાણે આગેવાનને ત્યજી દેવાય નહીં. આગેવાન હંમેશા રત્ન જેવા હોય છે. રત્ન પણ કયારેક ખંડિત થઈ શકે છે તેથી તેને ફેંકી દેવાય નહીં.ગમે તેવા માણસોની ગુપ્ત વાતો જાણવાથી જાતજાતની ખટપટો થતી રહે છે. જેના કારણે તે પોતે આગેવાન અશાંત રહે છે અને બીજાને અશાંત કરે છે અને સબંધો બગડે છે. ખાસ કરીને રાજકીય જીવનમાં ઘણું છુરાવવાનું હોય છે. બીજી તરફ સામાજીક જીવનમાં પણ કેટલીક બાબતો ગુપ્ત રાખવી જરૂરી હોય છે. સમાજમાં ઘણા લોકો કાગડા જેવા હોય છે જે તમારૂ ખાઈને તમને દગો દે છે તેવાઓને ચંડાળની જેમ દૂર રાખવા. આવા કાગડા પોતે સુખી થતા નથી. તેવી નીચવૃતિવાળા અંતે ચારે તરફથી ફેકાઈ જાય છે. ચાણક્ય કહે છે કે આવા ન થવું. અર્થાત પારકા છિદ્રો જોવાની વૃત્તિ ના રાખવી જોઈએ અને જોવું તો સારૂં હોય તો જ જોવું જોઈએ.

ઉપસંહાર

સમાજ ભક્તિની સચ્ચાઈમાં છાપવામાં આવેલ માહિતી મારા સમાજ સેવાના અનુભવોના જે પુરાવાઓ છે, જેમકે વિડીયો, ક્લીપ, ઈ-મેઈલ તેમજ પત્રોની કોપીઓના આધારે છાપવામાં આવેલ છે અને બીજી ઘણી બધી વ્યક્તિઓની સમાજને ગેર માર્ગે દોરેલ છે તેવી માહિતી પણ છે જરૂર પડશે ત્યારે છાપવામાં આવશે. સમાજ ભક્તિની સચ્ચાઈમાં છાપવામાં આવેલ માહિતી આપે વાંચી હશે અને તેનો અભ્યાસ પણ કર્યો હશે.

મારી આપને વિનંતી છે કે, આપને માહિતીમાં સચ્ચાઈ શું લાગે છે આપને માહિતી સાચી લાગતી હોય તો જેમને પણ જે ભુલો કરેલ છે તેમની પાસેથી જાહેર જનતા વચ્ચે ખુલ્લાસાઓ માંગવા જોઈએ એવી મારી વિનંતી છે.

અત્યારની પરિસ્થિતિમાં કેટલીક બાબતોમાં શંકા-કુશંકા અને ખોટીવાતો કરી સાચી બાબતને દબાવી દઈને પ્રજાને ગેર માર્ગે દોરવામાં આવે છે અને એસ.એમ.એસ. ઈ-મેઈલ, ફોન મારફતે અફવાઓ ફેલાવવામાં આવે છે, જેથી સાચી માહિતી શું છે તે પ્રજાને ખ્યાલ આવતો નથી. માટે આપને મારી નમ્ર વિનંતી છે કે આપને જે પણ ખુલાસાની જરૂર જણાયતો તે ફોનથી નહિં પણ પત્ર દ્વારા અથવા જાત તપાસ કરવી જોઈએ જેથી અફવા ફેલાવનારને પ્રોત્સાહન ન મળે.

આપણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સંતાનો છીએ અને આપણે હોદ્દેદારોને ચૂંટીએ છીએ ચૂંટાયેલા હોદ્દેદારોને સ્ટેજ આપીએ છીએ જ્યારે આપણે હોદ્દેદારોને સમાજની રખેવાળી કરવાની જવાબદારી આપેલ છે જ્યારે તેઓ રખેવાળી ન કરતાં સમાજમાં ગેરસમજ ફેલાવતા હોય સાચી દીશા ન બતાવી શક્તા હોય ત્યારે પ્રજા ઘણી બધી સામાજીક સમસ્યાની મુશ્કેલીમાં મુકાતી હોય છે ત્યારે વિકાસ કાર્યો રૂંધાતા હોય અને અલગ-અલગ ચોકાઓમાં અલગ અલગ સંસ્થાઓ ઉભી થતી જાય તો આ સંસ્થાની ગરીમા અને ભવિષ્ય જોખમાય ત્યારે સાચું શું અને ખોટું શું તે આપણે જાગીરદારોએ ચૂંટી કાઢેલ હોદ્દેદારોને પોતાની ફરજથી સભાન કરાવવા જોઈએ, તે પ્રજાજનોની સાચી જાગૃત્તિની નિશાની છે.

કેટલીક સાચી માહિતી મેળવવા માટે જાગૃત કાર્યકર્તાઓએ સમાજને પત્રો દ્વારા માહિતી મેળવવાની કોશીષો કરેલ પણ સમાજના હોદ્દેદારો તરફથી આવા પત્રોને કારોબારીમાં વંચાણે લેવામાં આવતા નથી તેમજ તેઓને જવાબ પણ આપવામાં આવતા નથી જેથી કરીને મારે આ પુસ્તીકા બહાર પાડવા મજબુર થવું પડેલ છે. જેથી કરી આમ જનતાને પુરે પુરી સાચી માહિતીનો ખ્યાલ આવે અને આપણા હોદ્દેદારોની એકતરફી જો હુકમી અથવા મનમાની કેટલા દિવસ ચલાવવી જોઈએ તે આપણે વિચારવાનો સમય આવી ગયો છે.

આ પુસ્તીકા વ્યક્તિગત વાંચવાથી કોઈ મનદુઃખ રાખી બંદબેસતી પાઘડી ન પહેરે એવી મારી નમ્ર વિનંતી છે, મારો આશય માત્ર સમાજના હિતમાં છે, સમાજને માત્રને માત્ર સાચીવાત પહોંચાડવાથી પ્રજા જાગૃત થાય અને સમાજમાં ચાલતા અસંતોષથી વાદવિવાદ અને આગેવાનોના અહમને જો પ્રજા બંધ કરાવી શકે તો સમાજની ઉદભવેલી તમામ વ્યવહારિક સમસ્યા દૂર કરી શકાય જેથી કરીને સમાજનો વિકાસ સાથે પ્રગતી થાય, એક વાક્યતા જળવાય. શાંતિ સદ્ભાવના પ્રસરે એવા મારા આશય અને શુદ્ધ ભાવના સાથે આ પુસ્તિકા બહાર પાડેલ છે, મા ઉમીયા સૌને સદ્બુદ્ધી શાંતિ અને સુખ આપે એવી મારી નમ્ર પ્રાર્થના.

હું આશા રાખું છું કે મારી આમાં ક્યાંય ભુલ હોયતો આપ મને ચોક્કસ માર્ગદર્શન આપશો, કોઈના પ્રત્યે વધારે લખાઈ ગયું હોય તો વ્યક્તિગત હું ક્ષમા માંગુ છું... અસ્તુ...

- દેવજી માવજી લીંબાણી

સજ્જનો પર જો હુકમી

કડવા પાટીદાર સમાજ બંધારણના નિયમોથી સતત ચાલ્યા રાખતી હતી પણ સમય અનુસાર દેશ-પરદેશમાં પાટીદારોની વસ્તી જયારે બહોળી સંખ્યામાં વધતી રહી છે ત્યારે જેતે વખતના કેન્દ્રીય સમાજના હોદેદારોને એવો વિચાર આવ્યો કે આપણી સમાજને આપણા બંધારણના નિયમો નીચે સૌ ભારતભરની સમાજોને જાગૃત કરવી જોઈએ. જેથી કરી સમાજના તમામ વહીવટથી પ્રજા વાકેફ હોવી જોઈએ તે હોદેદારોની ફરજમાં આવે છે.

સમાજની તે વખતની કારોબારીએ આ વિચારોને મંજુરી આપી અને ત્યાર પછી સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી અને મંત્રી આ હોદ્દેદારોએ દરેક પ્રજાને ભારતભરના પ્રવાસ દ્વારા કેન્દ્રીય સમાજના વહીવટની તમામ જાણકારી આપી અને સ્થાનીક સમાજોના સુચનો લીધા દરેક સમાજના જાગૃતિના સુચનોમાંથી ઝોન રચનાઓ અને સહભંડોળ માટે રૂા. ૨૦ વ્યક્તિગત લેવા માટે સર્વાનુંમતે નક્કી કરવામાં આવ્યું હતું.

ભારત ભરના પ્રવાસથી પ્રજામાં જાગૃતિ આવી એટલે જનરલ સભાઓમાં બહોળી સંખ્યામાં પ્રજાજનો આવવા લાગ્યા આવી જાગૃતિથી ત્યારના આગેવાનોને પ્રજાએ ખુબ આદર કર્યા જેને લઈને આવૃત્તિ ચુંટણીઓમાં પ્રમુખશ્રીને - ટ્રસ્ટી બનાવ્યા, ઉપપ્રમુખને - પ્રમુખ બનાવ્યા / મહામંત્રીને પોતાની શારીરિક કારણોથી તેમના નિવૃત્તિના આગૃહને માન્ય રાખ્યાં અને મંત્રીને મંત્રી જ બનાવ્યા આ હતો જનરલ સભાનો સર્વાનુંમતે નિર્ણય આને કહેવાય. લોકપ્રિયતાનો જીવતો જાગતો પુરાવો અને તે વખતે પાટીદાર સમાજનો સારામાં સારો અને સુંદરમાં સુંદર સમાજનો હતો સુપર સમય. રામજીભાઈ પ્રમુખ થયા તે વખતે જે સભામાં હાજર હશે તેઓ બધા સાક્ષીઓ છે. બાકી તો અમુક લોકો સમયનો તકાજો લઈ અને ગમે તે કહેતા હોય આ છે સાચી વાસ્તવિક્તા.

ત્યારબાદ સમાજની જનરલ સભાઓમાં પ્રજાને ભેગી થતી જોઈ અને સુવર્ણ જયંતિ વખતે અમુક વ્યક્તિઓ દ્વારા સંપ્રદાયનું નામ કાદવની જેમ ઉછાળાયું સાથે સમાજના હોદેદારો કે વડીલોને બદનામ કર્યા અને પછી તો સમાજની જે દશા થઈ છે અને બદનામ થયેલા અનુભવી વડીલો પણ જુવે છે અને ચિંતા પણ કરે છે. આ શું થઈ રહ્યું છે.

તે વખતેના જે બદનામ થયેલ સમાજના વડીલો એ જે જે પરિશ્રમ કરીને આપણી સમાજને જાગૃત કરી છે તે પ્રજાના હીત માટે નિયમો અને સિદ્ધાંતને પકડીને બેઠા છે. તેઓ આજે ધન્યવાદને પાત્ર છે તેઓને પાછળને પાને ઈતિહાસમાં લખેલ વિભુતિઓની હરોળમાં નથી મુકવા માગતો પણ અમુક પોતાના અલગ-અલગ હિત ખાતર સમાજ દ્વારા પ્રજા પાસે જે સંપ્રદાયના નામથી બદનામ કરાવી એના જેવી દશા તો જરૂર કરવામાં આવી છે. ત્યારે બદનામી અને જો હુકમીના ફારસ જોઈ અમુક આગેવાનો પીઢ વડીલો કે દાતાઓ ઘરજાલી બેસી ગયા છે. ત્યારબાદ હોદેદારોને કોઈ પૂછા કરવાવાળા પણ નથી. ત્યાર પછી તો સમાજના પ્રમુખનો વટહુકમ અને એક તરફી વહીવટના કારણે સમાજપર કેસો ઉપર કેસો / પ્રજામાં વૈમનસ્ય / સમાજોમાં અસંતોષ અને પ્રજામાં અંદરો-અંદર સમસ્યાઓની હારમાળાએ સમાજની જે અધોગતિ થઈ રહી છે તેવી કયારેય કોઈ દિવસ નિહાળી નહિ હોય જે આજે આપ જોઈ રહ્યા છો.

બદનામ કરવામાં જેનું નામ રીયલ પાટીદાર કરે છે એમને જે પણ સલાહ આપતા હોય અથવા કરાવતા હોય તે સમાજનો **સ.**, સનાતનનો **સ.** અને ધર્મનો **ધ,**ની પણ ખબર હોય તેવું લાગતું નથી. એ વાત ચોક્કસ છે બાકી તો જે ઈ-મેલથી લખીને આ બે-ત્રણ વર્ષમાં વડીલો-દાતાઓને ઉતારી પાડવામાં તેમજ સમાજને તોડી પાડવામાં જે ભાગ ભજવ્યો છે તેની કોઈ સીમા નથી. સમાજના અંકુશ વગર જે તે ઠીક લાગે તેમ લખીને જે સમાજને બદનામ કરી અને બીજાઓની સમાજોમાં ગરીમા ઘટાડી છે તેનો કોઈ માપ કાઢી શકાય તેમ નથી. હમણા છેલ્લે તા. ૨૫-૧-૨૦૧૫ના રિયલ પાટીદારે પાટીદાર સંદેશ વિષે અને હોદેદારો તેમજ અમુક ભાઈઓ વીસે જે લખેલ છે તેવુ તો અસામાજીક તત્વો જ લખે સારા - સજ્જનો અથવા સનાતનીઓતો નાજ લખે માટે આવું કરવાવાળા કે કરાવવા વાળા ને આવું અવળું કરવાનું જેમને સુજતું હોય તેઓને ભગવાન કોઈ દિવસ માફ કરવાનો નથી... નથી... ને નથી. શિક્ષા આપવા નોજ ઈશ્વરને ઘેર દેર છે અંધેર નથી અત્યારે એમના કુટુમ્બોની અડખે પડખે જે રહેતા હોય તેઓ નજર ફેરવી જો જો તમોને તરત ખબર પડશે કે ભગવાન એમનાથી નારાજ તો છે જ માનસીક કે શારીરિક રીતે તેઓ દુઃખી તો હશે જ.

જે સમાજને તોડવાનું કામ કરતા તમામને પ્રજા જયારે ભય મુકીને આંખ બતાવશો ત્યારે જે સમાજમાં રહેલા અસમાજીક વ્યક્તિઓ તરત સુધરી જશે અથવા ઘર જાલીને બેસી જશે વાત છે માત્રને માત્ર ખોટું કરવાવાળાને લાલ આંખ બતાવવાની.

મિત્રો મારી વિનંતી છે કે સજ્જનોને ભય રાખવાની કોઈ જરૂર નથી પાપ ધીરે ધીરે માથે આવી પુકારશે થોડા જાગૃત થાવ સમાજ બચાવવા માટે સાચુ જાણવાની કોશીશ કરી અને બહાર આવો અને સાચું કહેતા શીખો.

સત્ય, સિદ્ધાંત અને નિયમો પાળનારને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

હિન્દુ પ્રજાની નબળાઈ કહો કે ખાસિયત કહો ઉપરોક્ત ત્રણ વાતોને સમજવામાં પ્રજા ઘણુ બધુ મોડું કરી નાખે છે અને કરી નાખીએ છીએ. ભારતના લોકો સાચા વિચારોવાળી વ્યક્તિને સમજયા વગર પ્રથમ દ્રષ્ટીએ તો જે તે વ્યક્તિને તરછોડી પ્રજામાં બદનામ કરી સમાજ બહાર ફેંકી દેતા હોય છે આવા ઘણા ઈતિહાસોમાં દાખલા જોયા છે. સમય વિત્યા બાદ એજ વ્યક્તિઓની વાહવાહ કરી અને પુજવા લાગે છે આ દુનિયાનો આ વાસ્તવિક ચહેરો છે તે જોઈએ.

સત્ય માટે - હરીશચંદ્ર રાજાને ભરી બજારમાં વહેચાવું પડ્યું અને પછી તારામતી અને રોહીતે જે સહન કર્યુ છે તે ઈતિહાસ અને શાસ્ત્ર સાક્ષી છે.

વચન માટે - બલીરાજાને પાતાળમાં જવું પડ્યું એમ શાસ્ત્ર કહે છે.

દાનવીર માટે - સીબી રાજાએ પોતાના અંગોના ટુકડા કરાવ્યા.

અતિથી માટે - શેઠ સગાળશા/ ચંગાવતી / ચેલૈયાએ જે પણ કષ્ટ દીઠુ એતો ભગવાન જાણે છે.

ભક્તિ માટે - નરસિંહ મહેતાને પોતાની સમાજે નાત બહાર કરેલ જે આજે ગવાય છે અને પુજાય પણ છે.

રાષ્ટ્ર માટે - સુભાષચંદ્ર બોઝ IPS અધિકારી જેવા માણસને પોતાનું જીવન કાયમ માટે દેશને અર્પણ કરેલ.

સિદ્ધાંત માટે - ભગતસિંહ પોતાનું જીવન રાષ્ટ્રની લોકશાહી માટે અર્પણ કરેલ.

સિદ્ધાંત માટે - મહાત્મા ગાંધીને પોતાની સમાજે બહિસ્કાર કરેલ હતા અને છેલ્લે .... ખાવી પડી.

રાષ્ટ્ર માટે - વલ્લભભાઈ પટેલે બહુમતિ હોવા છતાં નિયમને બાજુએ મુકી મહાત્માનું માની પદ ત્યાગ કર્યો હતો.

સંપ્રદાયના સત્ય માટે - કેસરા પરમેશ્વરા સમાજે જયારે સત્ય છોડી દેવા માટે આગ્રહ તેમજ હઠાગ્રહ કર્યો તેમ છતાં સત્ય માટે સમાજની વાતને માન્ય ન રાખી ત્યારે સમાજના આગેવાનોએ તેમને અસહકાર કરેલ તેમજ એમની સાથે જે કોઈ સાથ સહકાર આપતા તે સૌ સાથે પણ ખતરનાક વ્યવહાર કરી દુ:ખી કર્યા છે જે વ્યક્તિઓએ ઈતિહાસને વાંચયા હશે તેમને જ ખબર પડશે. એમના લેખમાં શબ્દો છે એક ઘરમાં ૪ (ચાર) સંપ્રદાય હોઈ શકે પણ સમાજ તો એકજ હોય.

સમાજ સુધારક - નારણ રામજી લિમ્બાણી પાટીદાર સમાજમાં એક ધાર્મિક અજ્ઞાનતાનો અંધાકારમય યુગ ધર્મના નિયમો માટે - ચાલીરહ્યો હતો તેમાંથી બહાર કાઢવા માટે સમાજમાં જાગૃતિની ઝુંબેશ ચલાવી તેમાં એમને ખુબ તકલીફો-અડચણો જે આવી છે તે એમનો આત્મા જાણતો હશે અને છેલ્લે તો એમને પણ પોતાના ગામમાંથી અમુક લોકોએ કીન્નાખોરી રાખી ઈરાદાપૂર્વક બદનામ કરાવ્યા હતા. ઈતિહાસ કહે છે બાકી તો બધા એમના નામ અને કરેલા કામના તૈયાર રસ્તા પર બેસી ગયા છે અને પ્રજા સમક્ષ સસ્તી પ્રસિદ્ધી માટે સારી સારી વાતો સમજાવી એમના નામનો ઉપયોગ કરી પ્રજાને ઘેર માર્ગે દોરીએ છીએ.

ઉપરોક્ત નામો વાળા તમામના ઈતિહાસ જોતાં આપણને સ્હેજ સમજાય કે સાચી વાતો ને સમજાવવામાં પ્રજા બહુ ઘણું બધું મોડું કરી નાખે છે. મોડું સમજવામાં સમાજ તેમજ દેશને ભોગવવાનો વારો આવે છે. આવી આવી તકલીફો આવવા છતાં સત્ય / સિદ્ધાંત / નિયમોમાં ઉપરોક્ત મહાનુભાવોએ બાંધ છોડ નથી કરેલ એ જ એમની સજ્જન / સમજું / વિવેકબુદ્ધિઓની સાચી પરખની નિશાની છે.

ઓધવરામજી મહારાજ - ની પ્રજા સમક્ષ આપણે ઘણીબધી સારી સારી વાતો કરીએ છીએ એમનો આપણી સમાજ પ્રત્યે ભાવ અને પ્રેમ જે હતો તેથી તેની વાણીના જે ઉદ્ગારો હતા તે આપણી સમાજના નવા ઈતિહાસમાં આપણે છાપેલ છે. એમના શબ્દોનું વડીલોએ પાલન કરી શિક્ષણ ક્ષેત્ર શરૂ કરેલ અને તેનું જીવતું જાગતું પરિણામ આજે આપણે જોઈ રહ્યા છીએ.

ઓધવરામ મહારાજની વાણીના ઉદ્ગારોને આજની તારિખે જો પાલન કરવામાં આવે તો આપણી સમાજ સુંદર / સારી અને શાંતીમય બની જાય અને વિકાસની પ્રગતિ થાય અને ત્યારે જ દુષણો પણ દૂર થાય.

આપણી સંસ્થા દ્વારા જે કરવાનું છે તે નથી કરી શકતા. સંસ્થાના હોદ્દાઓ લઈને દરેક બાબતે દુર ઉપયોગ કરી રહ્યા છીએ. સમાજમાં ક્રાંતીવીર સમાજ સેવક થવાની પાઘડી પહેરવા જઈ રહ્યા છીએ. આવી રીતે સમાજને તીતર વીતર તેમજ ઝગડાવીને મોટપની પાઘડી ના પહેરાય. સમાજ સેવાની પાઘડી પહેરવી જ હોય તો જે તે વ્યક્તિમાં પ્રજાની સેવાના ગુણ હોવા જોઈએ. સમાજ-પ્રજાની વચ્ચે રહી સૌની સેવા કરવી પડે ત્યાર પછી જ સમાજના આગેવાન કે સુધારક થઈ શકાય.